
दत्ता



સારાભાઈ ચોકસી

માનવી જ્ઞાનનો કાચો મસાલો પ્રવાસવર્ણનોમાં જ મળે છે. તેથી વિવિધ રંગે રંગાયેલાં પ્રવાસવર્ણનો લોકો માટે સારામાં સારો પૌષ્ટિક ખોરાક પૂરો પાડે છે.

●

આજનો જમાનો ચિકિત્સક દૃષ્ટિનો, રાષ્ટ્રીય લાભહાનિનો વિચાર કરવાનો અને કાંઈક શંકાશીલતાનો છે. આજના જમાનાની આ વિશેષતાનો સ્વાભાવિક પડઘો આ 'ભારતદર્શન' માં જોઈ વાંચકો રાજી જ થશે કેમકે તેઓ પણ આજના જમાનામાં જ ઊછરેલા છે.

●

આવાં પ્રવચનો આ જમાનાને અનુકૂળ છે અને એક એક પ્રવચન લાંબી જગ્યા રોકતું નથી. અને આજના જમાનાનો વિચાર કરતાં ઘણી ઊંડી સહાનુભૂતિથી ભરેલું છે.

●

સારાભાઈ હજી અનેકગણી યાત્રા કરીને પોતાના સંસ્કારો વ્યાપક અને ઊંડા કરવાની હોંશ તેમજ યોગ્યતા ધરાવે છે.

काका कालेलकर

ભારત દર્શન

લેખક : સારાભાઈ ભોગીલાલ ચોકસી

★

પોણા બે રૂપિયા

ચિત્રો સાથે

ઉપરાંત

કાકા સાહેબની પ્રસ્તાવના

ઠક્કર બાપાના બે બોલ

સ્વામી આનંદનો અભિપ્રાય.

એન. એમ. ત્રિપાઠી એન્ડ કુંપની

બુક સેલર્સ : પબ્લીશર્સ

પ્રિન્સેસ સ્ટ્રીટ,

મુંબઈ—૨

પ્રકાશક: પ્રાપ્તિસ્થાન.

સારાભાઇ ભોગીલાલ ચોકસી

વૉર્ડન હાઉસ, ફિરોજશાહ મહેતા રોડ,

ચોથે માળે,

ફોર્ટ, મુંબઈ.

ઈ. સ. ૧૯૪૧

સંવત ૧૯૯૭

પ્રથમવાર

★

મુદ્રક:-

ચંદ્રકાન્ત ચીમનલાલ મહેતા

: અનિલ પ્રિન્ટરી :

૨૫૭૪, ભદ્ર,

અ મ દા વા દ.



પરીખ ભોગીલાલ ત્રીભોવનદાસ
સોના ચાંદીના વહેપારી મંડળના ધર્મના કાંટાના પ્રમુખ
મુ. હરિહર નિવાસ
વિલેપાર્લે.

હાલ ઉંમર ૬૯

અ ર્પ ણ

પૂજ્ય કાકા શ્રી. ભોગીલાલ ત્રીભોવનદાસ પરીખ, વ્યાપારમાં પ્રામાણિકતા, સત્યતા જાળવી સ્વપ્રયત્નથી આપ શ્રીમાન બન્યા છો; ધર્મમાં સંપૂર્ણ શ્રદ્ધા રાખી સદ્‌ગુણોથી આપે જીવન દીપાવ્યું છે. ઉપરાંત વિદ્યા અને દેશાભિમાન રાખી પરોપકારી કાર્યો કર્યાં છે. આપના ઉપરોક્ત ગુણોથી આકર્ષાઈ આ પુસ્તક આપને અર્પણ કરવાની જે તક મળી છે તે બદલ ધન્યતા અનુભવું છું. આપના પિતાશ્રીએ બે લાખ રૂપિયા ઉપરની સખાવતો કરી, જે પરોપકારનાં કાર્યો કર્યાં છે તેવી જ રીતે આપ પણ પિતાને પગલે ચાલી આવાં અનેક શુભ કાર્યો કરી દીર્ઘાયુષી થાવ એવી અભ્યર્થના અને પ્રભુ પ્રાર્થના....

ભારત દર્શન
માન અને ઉપકારવશ થઈને
આપને અર્પણ કરૂં છું.

સારાભાઈ ભોગીલાલ ચોકસી

સ્નાતકની યાત્રા

"આજથી ત્રણ ચાર માસ પર આપ મુંબઈ આવ્યા હતા ત્યારે હું આપને મુરબ્બી શ્રી. પરમાનંદભાઇને ત્યાં મારા પ્રવાસની વાતો કરવા મળેલો. આપની સાથેની વાતો પછી મને ઉત્તેજન મળ્યું અને મારે પ્રવાસનું પુસ્તક લખવું એમ મેં નક્કી કર્યું.

હું માનું છું કે વીશ વર્ષની ઉંમરે કરેલો આ મારો પ્રવાસ કાચી વયને કારણે અમુક જ લઘુ દૃષ્ટિબિન્દુવાળો બન્યો હોય. તેવા પ્રવાસની આપના જેવાની પ્રસ્તાવના મેળવવા ભાગ્યશાળી થાઉં તો મને સારું ઉત્તેજન મળશે.

ચડ્ડી પહેરીને વિદ્યાપીઠમાં ફરતો અને તોફાન કરતો સારાભાઈ જ આપને યાદ હશે. એવા આપના વિદ્યાર્થીના પ્રવાસવર્ણનની આપ પ્રસ્તાવના લખશો તેથી આપને પણ એક રીતે આનંદ નહિ થાય ? પ્રવાસે આપના જીવનમાં મહત્વનું સ્થાન ભજવ્યું છે."

આવા કાગળ સાથે શ્રી. સારાભાઈ ભોગીલાલ ચોકસીએ 'ભારતદર્શન'ના છપાયેલાં પાનાં વાંચવા માટે મારા પર મોકલ્યાં. વિદ્યાર્થીઓની કાલીકાલી વાતો ધીરજપૂર્વક સાંભળવાને ટેવાયેલો હું એક વખતના મારા વિદ્યાર્થીના પ્રવાસવર્ણનના આ પાનાં હોંશભેર વાંચવાનો હતો પણ નવરાશના અભાવે તરત તેમ ન કરી શક્યો. અને અમુક કારણસર પ્રસ્તાવના બનતી ઉતાવળે લખી આપવાની જરૂર હોવાથી ચોપડી ઉપર ઉપરથી જોઈને જ મેં સંતોષ

માન્યો અને જેટલું વાંચ્યું તેટલાથી સંતોષ થવાથી આ પ્રસ્તાવના-રૂપે આશીર્વાદ મોકલું છું.

લેખકને ભાન છે કે કાચી ઉંમરમાં કરેલા આ ઉતાવળા પ્રવાસમાં દૃષ્ટિબિન્દુ વિશાળ હોવાનો સંભવ ઓછો છે અને એ ભાન જ વાંચકને ખાત્રી આપે છે કે સારાભાઈ હજી અનેકગણી યાત્રા કરીને પોતાના સંસ્કારો વ્યાપક અને ઊંડા કરવાને હોંશ તેમ જ યોગ્યતા ધરાવે છે.

જૂના વખતમાં છઠ્ઠે કે આઠમે વર્ષે ગુરુગૃહમાં જઈ રહી બાર વર્ષની કેળવણી પામી વિદ્યાર્થીઓ યાત્રાએ ઊપડતા. મોટર અને રેલની સગવડ નહિ હોવાથી અને બળદગાડીમાં બેસી યાત્રાનું પુણ્ય ઓછું કરવાની દાનત નહિ હોવાથી તે વખતના વિદ્યાર્થીઓ મોટેભાગે પગપાળા જ મુસાફરી કરતા. તેમનું નિરીક્ષણ મોટર વેગનું નહિ હોવાથી તેમને દેશની પ્રાકૃતિક ભવ્યતા અને વિશાળતા, સમાજની સંસ્કારિતા અને વિવિધતા જોવાની ઉત્તમ તક મળતી અને દેશના ભિન્ન ભિન્ન ક્ષેત્રના આગેવાનોનો સત્સંગ કેળવવાનો પણ એમને અવકાશ મળતો. તે વખતના વિદ્યાર્થીઓએ જો પ્રવાસવર્ણનો લખી રાખ્યાં હોત તો કેવું સારું થાત! આપણા તીર્થમાહાત્મ્યો અને રામાયણ મહાભારતમાં આવેલાં સ્થળવર્ણનો એ કાંઈ કાચા વિદ્યાર્થીઓની નોંધો નથી. છતાં કહેવું પડે છે કે એ બધાં વર્ણનોમાં વ્યાપક દૃષ્ટિ નથી. જ્યાં ત્યાં સાંપ્રદાયિક દૃષ્ટિની સંકુચિતતા જ છે. એ કોઈ વ્યક્તિઓનો દોષ નથી. તે જમાનો જ ધાર્મિક સંસ્થાઓના દૃઢીકરણનો હતો. અને આખી દુનિયામાં દરેક દેશના પરિવ્રાજકો એ ઢબે જ યાત્રાઓ કરતા અને સંસ્કારો મેળવતા. એ જમાનો અમુક ક્ષેત્રની બહાર જવા તૈયાર ન હતો એટલું ધ્યાનમાં લીધા પછી તે તે વર્ણનોમાં વ્યક્ત થતી કળાદૃષ્ટિ, પ્રગટ થતો

કુદરતપ્રેમ, સામાજિક ધર્મનિષ્ઠા અને એ બધાથી ચઢી જતી માનવ-નિષ્ઠા આપણને ચકિત કર્યા વિના રહેતાં નથી.

શ્રદ્ધા એ તે વખતનું મુખ્ય વાતાવરણ હતું. આજનો જમાનો ચિકિત્સક દૃષ્ટિનો, રાષ્ટ્રીય લાભ હાનિનો વિચાર કરવાનો અને કાંઇક શંકાશીલતાનો છે. આજના જમાનાની આ વિશેષતાનો સ્વાભાવિક પડઘો આ ભારતદર્શનમાં જોઈ વાંચકો રાજી જ થશે કેમકે તેઓ પણ આજના જમાનામાં જ ઊછરેલા છે.

જરાક તક મળી કે એક આખું પ્રવચન લખી કાઢવાની અને બોધ તારવી કાઢવાની લેખકની ટેવ કેટલાકને બહુ જ ગમશે જ્યારે કેટલાક કહેશે કે લેખક જરા વધારે તટસ્થ થયા હોત તો ભારત વર્ણન તરીકે ચોપડી વધારે આકર્ષક થઈ હોત. હું તો એટલું જ કહીશ કે આવાં પ્રવચનો આ જમાનાને અનુકૂળ છે અને એક એક પ્રવચન લાંબી જગ્યા રોકતું નથી. અને આજના જમાનાની ચિકિત્સક દૃષ્ટિનો વિચાર કરતાં ઘણી ઊંડી સહાનુભૂતિથી ભરેલું છે. અને લેખકના વિચારો સાવ કાચા છે એમ પણ વાંચકોને નહિ લાગે.

આપણી ભાષામાં અનેક દૃષ્ટિએ લખાયેલાં અનેક પ્રવાસવર્ણનોની જરૂર છે. પ્રવાસો અને પ્રવાસવર્ણનો અનેક શાસ્ત્રોને જન્મ દે છે. માનવી જ્ઞાનનો કાચો મસાલો પ્રવાસવર્ણનોમાં જ મળે છે. તેથી વિવિધ રંગે રંગાયેલાં પ્રવાસવર્ણનો લોકો માટે સારામાં સારો પૌષ્ટિક ખોરાક પૂરો પાડે છે. આપણી દેશભક્તિ કેવળ કાલ્પનિક ભાવનાપ્રધાન ગીતો દ્વારા વ્યક્ત થાય એ કરતાં પ્રવાસવર્ણનો દ્વારા વ્યક્ત થાય એ વિશેષ પોષક છે. અને જ્યારે લેખક વિશાળ સહાનુ-ભૂતિવાળો હોય છે ત્યારે તો વાંચકને એ પ્રવાસવર્ણન કેળવણીરુપ થઈ પડે છે.

આખી ચોપડી ધ્યાનપૂર્વક વાંચ્યા પછી પ્રસ્તાવના લખવાનો વિચાર હતો. તેમ ન કરી શક્યો તે માટે મારે સારાભાઈની અને વાંચકોની ક્ષમા જ માગવી રહી. વાંચકો જો આ ચોપડીને ઉત્સાહભેર આવકાર આપશે અને એ રીતે સારાભાઇની ઉત્સાહી મહેનતની કદર કરશે તો મારી લાચારીનું મારું દુઃખ ઓછું થશે.

ભારતદર્શનવાળી જીવતી ચોપડીઓ ગૂજરાતી ભાષાઓને ઘણી મળો એટલી જ મારી ઇચ્છા છે.

काका कालेलकर

બે શબ્દો

આ પુસ્તક મારા એક મિત્રના પુત્રે લખેલું છે. દસ અગિયાર વર્ષ પહેલાં ખેડામાં સત્યાગ્રહની લડતમાં મારે તેમની પિછાણ થઇ હતી તે વખતે તેઓ ઊગતા યુવક હતા, અને તરવરિયા જુવાન તરીકે જાણીતા હતા. આજે તેઓ દુનિયામાં દાખલ થઈ ગયા છે અને સ્વતંત્રરીતે પોતે પોતાનું કાર્ય કરે છે. તેમણે લખેલા આ પ્રથમ પુસ્તક માટે બે શબ્દો લખી મોકલતાં મને આનંદ થાય છે.

આ પુસ્તક પ્રવાસવર્ણનનું છે. કાશ્મીરમાં જમ્મુ, શ્રીનગર અને યાત્રાનું ધામ અમરનાથ, સરહદમાં પેશાવર અને ખૈબર, પંઝાબમાં લાહોર, અમૃતસર, નાનકાના તથા ગુરુકાબાગ અને હરદ્વાર, સંયુક્ત પ્રાંતમાં દિલ્હી, ફત્તેહપુરસિક્રી, આગ્રા, મથુરાં, વૃંદાવન, તથા બંગાળમાં ઝરિયા, ઉષાગ્રામ, શાંતિનિકેતન તથા કલકત્તા વગેરે સ્થળોએ મિત્રોની સાથે ભાઇ સારાભાઈ ગયા તેનું વર્ણન આપેલું છે.

દરેક માણસે શક્તિ હોય તો ધંધામાં કે નોકરીમાં પડતા પહેલાં થોડો ઘણો પણ પ્રવાસ, જ્ઞાન મેળવવા ખાતર કરવો જોઇએ. એ પ્રથા—આપણા દેશમાં ગરીબાઈને લીધે કહો કે કેળવણીની ખામીને લીધે પડી નથી—સારાભાઈએ આ પુસ્તક પ્રસિદ્ધ કરનારાઓને બતાવ્યું ત્યારે તેને જવાબ મળ્યો કે હવે તો લોકો પ્રવાસના પુસ્તકો માગતા નથી, વાર્તાના માગે છે, તેવું કોઈ હોય તો લાવો. પ્રજાનો શોખ આવો આજકલો હોય તેથી પ્રવાસનાં પુસ્તકોને ઉત્તેજન

પૂર્વક સાંભળી જઈ, ભાષાની ભૂલો સુધારવામાં મને સહાય કરી, જે ગુરુકાર્ય કર્યું છે તે બદલ તેમનો ઋણી છું.

પુસ્તકના છપાએલા ફરમા પૂ. શ્રી. ઠક્કર બાપાએ અને મારા એક મુરબ્બી શ્રી. સ્વામી આનંદે શ્રમ લઈ વાંચી જઇ મને ઉત્તેજન મળે તે માટે જે બે બોલ લખ્યા છે તે બદલ તેમનો તો શો આભાર માનું ?

પ્રસ્થાનવાળા શ્રી. રણછોડભાઇ મિસ્ત્રીનો કેટલાક બ્લોક આપવા બદલ અને મારા મિત્ર ભાઈ રામભાઇ પટેલનો ખંત અને કાળજીથી છાપકામ કરવા બદલ ઘણો આભારી છું.

અંતમાં આ પુસ્તકમાં જે જે ભાઇઓએ ઉદારભાવે મને જાહેરાત આપી છે તેમનો હું ઋણી છું. ગુજરાતી જનતા મારા આ પ્રથમ પુસ્તકને અને મારા ઉત્સાહને ઉત્તેજન આપી મને ફરી લખવા પ્રેરણા અને તક આપી ઉપકૃત કરશે એજ પ્રાર્થના.

શરફ મેન્શન, પ્રીન્સેસ સ્ટ્રીટ
મુંબઈ–૨
તા. ૩૦–૫–૪૧

સારાભાઈ ભોગીલાલ ચોકસી.

લેખકના બે બોલ

દરેક માણસને કેટલાક પ્રસંગો જીવનમાં એવા આવે છે કે જે ભુલાતા નથી. આવા પ્રસંગોમાં મારે એક પ્રસંગ જેલવાસનો બન્યો અને બીજો હિંદની મુસાફરીનો. જેલવાસનાં મીઠાં સંસ્મરણો નોટમાં લખેલ પડયાં છે, તેવી જ રીતે આ મુસાફરીના મીઠા પ્રસંગો નોટમાં લખી રાખ્યા હતા. એક વાર પૂ. કાકાસાહેબને મારા આ લેખો મેં વંચાવ્યા અને મુસાફરી વિષે બીજી કેટલીક વાતો કરી. મારા લેખો અને વાતો સાંભળ્યા પછી તેમણે પુસ્તકાકારે પ્રસિદ્ધ કરવા સલાહ આપી. આમ આ પુસ્તકનો જન્મ થયો.

જો મેં મુસાફરી ન કરી હોત તો જીવનના મહત્વના બનાવોમાં જેલવાસનું સ્થાન પ્રથમ હતું. ત્યાર બાદ મેં જે મુસાફરી કરી તેણે આપ મેળે જ આ પ્રથમ સ્થાન ઝૂંટવી લીધું. જેવી લ્હેર ૭ માસ સુધી મુસાફરીમાં ભોગવી તેવી કદી જીવનમાં ભોગવી નથી; બલ્કે એથી વિશેષ લ્હેર કયારે ભોગવીશ તે કલ્પી શકતો નથી.

પ્રવાસમાં મારી સાથે ત્રણ મિત્રો હતા. શ્રી. મનુભાઈ પંચોળી, શ્રી. જયમલ પરમાર અને નાનો બાબુ. કાશ્મીર સુધી અમે ચારે સાથે જ હતા એટલે ઘણી મઝા પડી હતી. પછી હું અને ભાઈ જયમલ બંને પેશાવર ગયા. ત્યાંથી ભાઈ જયમલ એકલા કરાંચી ગયા અને મારે એકલવાઈ મુસાફરી કરવાની હવે પછી થઇ.

આ પુસ્તક છપાવવાનું નક્કી કર્યા બાદ વિદ્યાપીઠના મારા જૂના અધ્યાપક મુરબ્બી શ્રી નગીનભાઈ પારેખે આખું પુસ્તક ધ્યાન-

ચિ. સારાભાઇ

તમે મોકલેલા ફરમા (૧૪૪ પાનાં) જોઇ ગયો. તમારી લેખન શૈલી તેમ જ વર્ણન શૈલી મને બહુ ગમી. તમારી ભાષામાં માત્ર ઝમક નથી પણ કુદરતી પ્રવાહ સામાન્ય માણસ, સ્ત્રી, બાળકને સમજાય તેવી સાદી ભાષામાં વહ્યે જાય છે. આપણી ભાષાઓમાં પ્રવાસવર્ણનો હવે લખાવા માંડયાં છે એ બહુ શુભ શુકન છે. એમાંથી લોકશિક્ષણ તેમ જ મનરંજન થવા ઉપરાંત અવલોકન, ગુણગ્રહણ, ઉદારતા, દિલસોજી અને નિર્દોષ વિનોદના સંસ્કાર લખનાર વાંચનાર બેઉમાં દઢ થાય છે.

જેટલું વાંચ્યું તેટલું બધુંયે મને ઘણું ગમ્યું. આવું રોચક, શિષ્ટ છતાં સાદી શૈલીનું ને સાદા વિષયનું, મૂકવું ન ગમે એવું પુસ્તક લખ્યા માટે તમને મુબારકબાદી આપું છું.

ગાંધીઆશ્રમ
આગ્રા–ભિવંડી રોડ, થાણા,
૧૫–૪–૪૧

એજ
સ્વામીના આશીર્વાદ.

મળે નહિ. પણ પ્રવાસથી પ્રવાસીને તેમ જ તેવાં પુસ્તકો વાંચનાર આલમને જે જ્ઞાન તથા અનુભવ મળે છે, તે બહુ ઉપયોગી હોય છે.

આપણા દેશમાં મુખ્ય ભાષાઓ દસબાર હોવા છતાં જો પ્રવાસીને હિન્દુસ્તાની અને અંગ્રેજી બોલતાં આવડતું હોય તો કશીએ અડચણ પડતી નથી. કમનસીબે ગુજરાતના લોકોને મહારાષ્ટ્રની કે સંયુક્ત પ્રાંતના લોકોને બિહાર કે બંગાળની ભૂગોળની કે મુખ્ય સ્થળોની પણ ભાગ્યે જ માહિતી હોય છે. તો પછી તેમના રીત-રિવાજોની કે પ્રગતિની, સામાજીક રચનાની કે ન્યાતજાતની તો માહિતી હોય જ ક્યાંથી ? આપણે પ્રાંતેપ્રાંતની, આપણા નજીકના જ પ્રાંતની નહિ પણ દૂરના પ્રાંતોની, આસામની તથા ઓડિસ્સાની, હિમાલયમાં વસેલાં શહેરોની, તેમ જ ત્રાવણકોરના પશ્ચિમ ઘાટોમાં રહેલા અસલી વતની કોમોની માહિતી રાખીએ તો આપણે બધા હિન્દીઓ વધારે સંગઠિત થઇએ. હિન્દુસ્તાનમાં આશરે ૨૭૫ જીલ્લાઓ છે તથા અનેક દેશી રાજ્યો છે. તે દરેકના વર્ણનનું એકેકું પુસ્તક—ગેઝીટીયર—અંગ્રેજોએ આ દેશનો કારભાર કરવામાં સગવડતા મળે, તેટલા માટે લખાવી પ્રસિદ્ધ કરેલ છે, તે બધા અભ્યાસકોને વાંચવા તથા મનન કરવા યોગ્ય છે. છતાં આપણા રાજકીય પુરુષો પણ તેનાથી અજ્ઞાન જોવામાં આવે છે.

સારાભાઈને આ પ્રથમ પ્રયત્નમાં સફળતા ઇચ્છુ છું અને આશા રાખું છું કે ભવિષ્યમાં વધારે બારીક અભ્યાસ કરીને હવે પછીનું પ્રવાસનું પુસ્તક લખે અને સમાજને ઉપયોગી થાય.

હરિજન નિવાસ
દિલ્હી તા. ૨૩-૪-૪૧ } અમૃતલાલ વિ. ઠક્કર.

૪	અનુક્રમાંક

ચિત્રો

ઉપરાંત હિન્દમાં ભરાતા મેળાઓ, જાત્રાનાં જોવાં જેવાં અને રહેવાનાં સ્થળોની માહિતી.

ભારત દર્શન

આબુ

આબુ જોયો હોય કે ન જોયો હોય પણ ગૂજરાતી ભણનાર દરેક નાના બાળકને આબુની હકીકતની બરાબર ખબર હોય છે. મનેય મારી ગૂજરાતી ચોપડીની કવિતા સાંભરે છે કે 'દીઠો આજ આબુ ગિરિરાજ એવો.' આબુ જોયા વગર જ હું આબુ વિષેની આ કવિતા ગાઈ ગયો છું. આ ક્ષેત્રપિંડીમાંથી છૂટવાનો વારો આવ્યો એથી મને આનંદ થયો.

અમદાવાદથી રાત્રે બેઠો અને સવારે પાંચ વાગે ખરેડી સ્ટેશન આવ્યું. વર્ષોથી ગોખી રાખેલી, અદ્દ્ભુત વસ્તુને મળવા બે ત્રણ કલાકની તપશ્ચર્યા કરવી એ કાંઈ વધુ ન હતું. ખરેડીથી અઢાર માઈલ દૂર મોટરમાં આબુ જવું પડે છે. આ મોટર પહાડમાં ઊંચી ચઢે છે. જેમ જેમ ઊંચા જઈએ તેમ તેમ હવા બદલાતી જાય છે અને મનને પ્રફુલ્લ કરી દે છે.

આબુ પહોંચ્યા પછી આટલે ઊંચે આવવાથી મનને ખૂબ સંતોષ થાય છે. આટલે ઊંચે સ્થળે રાજાઓના મોટા મોટા મહેલો, યુરોપિયનોની વસાહત અને પવનના ઝપાટાથી વળાઈને સાફ બનેલા રસ્તા જોયા પછી આ સ્થાન એક રમ્ય નગર જેવું લાગે છે.

આબુના નામ સાથે લગભગ ૯૦૦ વર્ષ પહેલાં બંધાવેલાં દેલવાડાનાં દેરાં જોવા મન એકદમ ઉતાવળું થઈ જાય છે; પણ આટલી ઉતાવળ અને હિન્દની આ જૂનામાં જૂની અદ્‌ભુત કારીગરી જોવા પર કાપ તો ત્યારે પડે છે કે જ્યારે તેમાં પ્રવેશવા હિન્દીનેય રૂ. ૧–૩–૯ કર આપવો પડે છે. આ કરમાંથી યુરોપિયનો મુક્ત છે. તેમનું પોતાનું રાજ્ય છે તે વિના આ કરમાફીનું બીજું કાંઈ કારણ નથી. વળી તેમના બૂટને કાઢવા માણસો રાખેલા હોય છે જે તેમને કપડાના બૂટ પહેરાવે છે. જ્યારે આપણે જાતે બૂટ કાઢીને જવું પડે છે. હિન્દુસ્તાનમાં દેલવાડાની કારીગરીને અને તેની કીંમતને પહોંચે એવી એક પણ કારીગરી નથી. આજે તાજમહાલને તેની સાથે સરખાવવા મન થાય છે. પણ તેમાં ફેર છે. તાજમહાલ જમીનની સપાટી પર છે. જ્યારે દેલવાડા પહાડોમાં ૫૦૦૦ ફીટ ઊંચે છે. કેટલા કારીગરોએ, કેટલે વર્ષે આ કાર્ય પૂરું કર્યું હશે ? જ્યારે એ જમાનામાં રેલ કે મોટર પણ ન હતી ત્યારે આટલે ઊંચે આ બાંધવું એના યોજક માટે કેટલું કઠિન બન્યું હશે ? તાજમહાલમાં એક સમ્રાટના વિરાટ પ્રેમની વેદનાનું પ્રતીક દેખાય છે; જ્યારે આ દેરાં ધર્મને ઉપલક્ષીને બંધાવેલાં હોઈ તેમાં ધાર્મિક વૃત્તિ રહેલી છે. ૧૮ કરોડ રૂપિયા આમાં ખર્ચાયા અને ચૌદ વર્ષે આ કાર્ય સમાપ્ત થયું. અહીં સોનારૂપા કે ઝવેરાતની વપરાશ નથી પણ અહીં તો છે બારીક નકશી કામ અને ભેજાંને કસીકસીને યોજી કાઢેલી અનેરી કળા અને કારીગરી. આજે હિન્દુસ્તાનમાં આવા નમૂના તૈયાર થતા સાંભળ્યા નથી. દરેક હિન્દીએ આ જોવું રહ્યું. નજીકમાં વસતા ગૂજરાતીએ તો ખાસ જોવું જોઈએ. દૂર દેશાવરથી આવેલ પરદેશી હિન્દમાં આવી પ્રશ્ન કરે કે અહીં શું જોવા જેવું છે, તો તેને આપણે દેલવાડાનાં દેરાં, તાજમહાલ, અમૃતસરનું સુવર્ણમંદિર, કુતુબમિનાર વગેરે એક સપાટે ગણાવી દઈશું. અને આપણા નજીકમાં

વસતા ગૂજરાતી ભાઈઓ કેટલાક એવા ય હશે કે જેમણે આબુનું આવું અનુપમ સૌંદર્ય અને દેલવાડાનાં દેરાં જોયાં યે ન હોય.

અહીં નખી સરોવર છે. કહે છે કે દેવોએ નખ વડે તે ખોદેલું તેથી એ નખી સરોવર કહેવાયું. પાણી સ્વચ્છ, મીઠું અને ઊંડું છે. ચારે બાજુએ ડુંગરોની હારમાળા આવેલી હોવાથી તે આ પ્રદેશના સૌંદર્યમાં વધારો કરે છે. સ્વચ્છતા સાચવી રાખવા અહીં કપડાં ધોવાની મનાઈ કરેલ છે.

મારે મુસાફરીમાં અહીં ઋતુની મુશ્કેલી હતી. આબુ હું શ્રાવણ મહિનામાં ગયેલો. જે વસ્તી, ધમાલ અને માણસોનો અવરજવર જોઈએ તે આ વખતે અહીં ન હતો. અહીં લીલીછમ કુદરત હતી. વરસાદ પણ હતો. સવારે ધૂમસમાં વસિષ્ઠાશ્રમ જવાનું રાખ્યું હતું. એક વાર તો અટકવાનું મન થયું પણ જાણીજોઈને ચોમાસું ખેડયું તો પછી અટકાય કેમ ?

આ મારા નિશ્ચયને કુદરતે જાણે આવકાર્યો. અને એક ક્ષણમાં જ વરસાદ અટકયો અને વસિષ્ઠાશ્રમ જવા માટે મેં પલળેલાં વ્યવસ્થિત પગથિયાં પર પગ મૂકવા માંડયો. આમાંનાં કેટલાંક પગથિયાં તો સામાન્ય બે પગથિયાં કરતાં પણ મોટાં હતાં. આ પગથિયાં ગમે તેમ ગોઠવાઈ ગયાં હતાં. નીચે લપસ્યા તો ઊંડી ખાઈમાં હાડકું ય ન જડે. અહીં બોલવાનું બંધ કરી, મનને સ્થિર કરી પગ અને પગથિયાં ઉપર જ ધ્યાન આપી ચાલવાનું હતું. આમ ઊતરતાં ઊતરતાં એક ગોમુખ આવ્યું. તેનું પાણી ખૂબ સ્વાદિષ્ઠ હતું. પહાડમાંથી નીચે ઊતરી નિસર્ગશ્રી જોતા જોતા અમે શાંત અને એકાંત સ્થળે આવી પહોંચ્યા. વસિષ્ઠાશ્રમના લોકો શી રીતે ખાતાપીતા હશે ? વસ્તુઓની કેટલી બધી તકલીફ અને અછતમાં જીવતા હશે ? અહીં વસતા પૂજારીઓ માટે શિરોહી રાજ્ય તરફથી સીધું સામાન મોકલવામાં આવે છે.

આ સ્થળે આવ્યા પછી અમારે શું ખાવું તે પ્રશ્ન હતો. આશ્રમમાં સાધુ–બાવાઓ માટે સીધું આવતું તેમાંથી કેમ ભાગ પડાવાય? એટલે આવા શાંત અને એકાંત સ્થળે રહેવાની ઇચ્છા છતાં ખાવાને હિસાબે અહીંથી જવું પડશે એમ લાગ્યું.

આ સ્થળે માખીઓ ન જ હોય એમ મને લાગ્યું. એટલે દૂર આવા ઓછા વસવાટવાળા મુલકમાં માખીઓ શું કામ આવવાનું પસંદ કરે? વળી આટલે દૂર આટલું બધું ઊડીને શી રીતે આવે? રસ્તાની તેને ક્યાંથી સમજ પડે? આવવા ધારે તો ય કેટલે દિવસે આવે? આવા અનેક પ્રકારના વિચારો આવવા લાગ્યા અને જ્યારે હું બેત્રણ માખીઓ જોવા પામ્યો ત્યારે જ આ વિચારો અટક્યા. મને તેને પૂછવાનું મન થયું કે તું શી રીતે આવી? કોઈ મુસાફરની ટોપી કે કોઈ મજૂરની ગોળ કે લોટની પોટલી પર સ્વાર બનીને ચાલી આવી? જેમ મનુષ્યોએ ગમે ત્યાં પોતાનો વસવાટ કર્યો છે તેમ જીવજંતુઓએ પણ તેમની સાથે સાથે જ નાનામોટા પ્રમાણમાં સ્થાન પ્રત્યેનો પ્રેમ અને મમતા બતાવેલ છે.

આવા પર્વતોમાં ગુફાઓ અનેક હોય છે. હું ગુફાઓની શોધમાં ફરતો હતો. જો કે કેટલીક ગુફાઓ તો પ્રસિદ્ધ છે. આમાંની એક હાથીગુફા જોઈ. નામ પ્રમાણે હાથી સમાય એટલી તે મોટી છે. એક ચપટા મોટા પથ્થર તળે આ ગુફાનું પ્રવેશદ્વાર છે. વચમાં કૂવો છે. એક નાની બારી ખોલી તો સ્વચ્છ ઘર. સામેની બારીમાંથી નખી સરોવર દેખાય છે. અનેક નાનાંમોટાં શિખરો અહીંથી સુંદર લાગે છે. આ ગુફામાં એક અવધૂત રહે છે. અમુક ઋતુમાં અહીં રહી બીજે ચાલ્યા જાય છે. આ ગુફા કલ્પના પણ ન આવે એવી સંતાયલી ગુફા છે. એ જોયા પછી તેને શોધી કાઢ્યા બદલ આશ્ચર્ય થયું. પહાડોમાં શોધાયલી કરતાં વણશોધાયલી ગુફાઓ વિશેષ છે.

આબુમાં સાંજે સૂર્ય આથમતો જોવાની મઝા પડે છે. આ સ્થળને સૂર્યાસ્તબિંદુ–Sun-set point–કહે છે. અહીં બેસવા માટે બાંકડા મૂકેલા છે. ૫૦૦૦ ફીટની ઊંચાઈ પરથી નીચે દૂર દૂર ખેતરો દેખા દે છે. આપણે કેટલે ઊંચે છીએ તેનો સ્પષ્ટ ખ્યાલ સામેનો આ સપાટ પ્રદેશ જોતાં આવે છે. સૂર્ય ડૂબવાની તૈયારીમાં હતો. જે સૂર્ય રોજ ઊંચે હતો, માથે હતો તેનાથી આ વખતે અમે ઘણે ઊંચે હતા. આ દૃશ્ય જોવા જેવું છે.

આબુમાં ઘણું ઘણું જોવાનું બાકી હતું. વિશેષ રહેવાનું મન હતું. પણ મુસાફરી ઝટ ઝટ પતાવવાની હતી કારણ કે વચ્ચે આવતાં સ્થળો જેવાં કે અજમેર, જયપુર, દિલ્હી તાકીદે પતાવી શ્રાવણ સુદિ પૂર્ણિમા પહેલાં કાશ્મીર પહોંચી ત્યાંથી પહાડોમાં થઈ અમરનાથ જવાનું હતું. એટલે સારું જોવાનું તો ઘણું ય આગળ મળી રહેશે એવી ભવિષ્યની આશાએ ટૂંક વખતમાં જ આબુની રજા લીધી.

★

અજમેરથી પુષ્કરજી

મંદિરના બંધ દ્વારના આ અંધારા ખૂણામાં એકલો અટૂલો તું કોને આરાધી રહ્યો છે? તું આંખ ઉઘાડીને જો તો ખરો કે તારો પ્રભુ તો ત્યાં ઊભો છે કે જ્યાં ખેડૂત ખેતી કરે છે, અને વરસાદના ઝાપટાંમાં પથ્થર ભાંગનાર રસ્તો બાંધે છે. તારો આ ભક્તિનો બુરખો ઉતારી તું પણ ત્યાં તેને મળવા ચાલ્યો જા.

—રવીન્દ્રનાથ

અજમેર વિષે મને કાંઈ જ ખબર ન હતી. ઇતિહાસમાં પૃથ્વીરાજ ચૌહાણના નામ સાથે જેનું નામ પણ ભણી ગએલો તે જ અજમેર એટલે રજપૂતાનાનું પ્રવેશદ્વાર. હિન્દુઓ વિશેષ કરીને પુષ્કરજી જવા માટે જ અજમેર જતા હોય છે.

અજમેરથી આઠ માઈલ દૂર પુષ્કરજી છે. કહેવાય છે કે અનેક તીર્થોની જાત્રા કર્યા પછી જાત્રા સંપૂર્ણ કરવા પુષ્કરજી આવવું પડે છે. બ્રહ્માએ અહીં અવતાર લીધેલો એમ મનાય છે. અને સારા હિન્દમાં અહીં જ સૌથી મોટું બ્રહ્માનું મંદિર છે. ત્યાં પહાડોમાં થઈને જવું પડે છે અને વાહન તરીકે ઘોડાગાડી વપરાય છે. ત્યાં અનેક દેરાં છે, પુષ્કરજીનું સરોવર છે, તેનો સારો એવો ઘાટ છે,

જ્યાં નાહવાનું મોટું માહાત્મ્ય છે. આવાં સુંદર જાત્રાનાં ધામો કે જ્યાં અનેક દેવદેવીઓનાં દેરાં છે, પહાડો છે, પાણી છે, નૈસર્ગિક દશ્યો છે ત્યાં વાતાવરણ પવિત્ર અને પ્રભુમય હોવું જોઈએ. ત્યાં જ્યારે જ્યારે અનૈતિક તત્ત્વો દાખલ થાય છે ત્યારે આખું સ્થાન ભ્રષ્ટ બની જાય છે. અહીં કેટલાક જુવાન છોકરાઓ સરોવરમાં નાહી રહ્યા હતા અને ગંદી ગાળો બોલતા હતા. કોણ જાણે કેટલાક એવા લોકો હોય છે કે જેમને ગંદી ભાષા વગર ચાલતું જ નથી. આટલી સમૃદ્ધ હિન્દી ભાષામાં શું ખોડખામી છે કે આવા અશ્લીલ શબ્દો વાપરી તેને બગાડી મૂકે છે! માલમલીદા ખાઈને તોફાને ચઢેલા આ જુવાનોને જો વારવામાં આવે તો તેમનો વેગ ઊલટો વધે એમ હતો. એ જુવાનોને તો ખબર પણ ન હતી કે તેઓ કેવું ગંદુ વાતાવરણ ખડું કરી રહ્યા હતા? ખાવું, પીવું અને મોજ મારવી એ જ એમના જીવનનું જાણે ધ્યેય થઈ ગયું હતું. આ કંઈ સાચી મોજ પણ ન હતી. એક વૃદ્ધ સાધુ આવ્યા, તેમણે આ ફાટેલા છોકરાઓને વાર્યા અને અમારી ગૂજરાતીઓની પ્રશંસા કરી. આવાં સ્થાનોમાંય સારા નરસા બધા માણસો રહે છે એમ મને લાગ્યું. પણ ટૂંક સમયમાં મારે મારો આ ખ્યાલ બદલવો પડ્યો. બીજાને શિખામણ દેનાર આ વૃદ્ધ સાધુને ય ગાળો તો સ્વાભાવિક જ થઈ પડી હતી. જેમ સામાન્ય વાતચીતમાં અમુક શબ્દો રૂઢ થઈ ગયા હોય છે તેમ તેમને પણ ગાળો વગરની ભાષા જાણે લૂખી લાગતી ન હોય એમ લાગ્યું. ગાળોથી જ જાણે ભાષા પર પ્રભુત્વ અને કળા જમાવાય છે એમ માની શું તેઓ સંતોષ લેતા હશે! દેવસ્થાનોમાં જો આવું કલુષિત વાતાવરણ હોય તો આજના જુવાનોની એ ફરજ છે કે તેમણે આવાં દેવસ્થાનોનો કબજો લઈ તેમાં રહેલાં દૂષણો અને ધતિંગો સાફ કરવાં જોઈએ. આપણાં દેવસ્થાનોનો રાષ્ટ્રની ઉન્નતિમાં આજે જરા ય ફાળો નથી, બલ્કે એ દંભ પોષી રાષ્ટ્રને આજે ખોટા ખર્ચા

કરાવી નુકસાન કરે છે. જે જુવાનો રાષ્ટ્રનું ઘડતર કરવા માંગે છે તેમને માટે આ પ્રશ્ન તુરત હાથ ધરવા જેવો છે.

મંદિરો અહીં પુષ્કળ છે. હું લગભગ દરેક મંદિરમાં ફરતો હતો. આઠ વર્ષનો એક છોકરો મંદિરમાં કાંઈ પણ કામ વિના બેસી રહ્યો હતો. ઘડીમાં સૂતો તો ઘડીમાં બેસતો. આ જ તેની પ્રવૃત્તિ હતી. મેં તેને પૂછ્યું, ' कुछ पढते हो? તેણે કહ્યું, कैसा पढना? हम तो लड्डु खाते पैंडा खाते. " મને થયું સાચી વાત છે. આજનું ભણતર તો પૂરું ખાવાનું ય આપતું નથી જ્યારે આને વગર ભણતરે ખાવાને મિષ્ટાન્ન મળે છે. માત્ર નોકરી માટે ભણવાવાળા આજના જુવાનો કરતાં આ છોકરો મને ડાહ્યો લાગ્યો. જો કે તેના શરીરની મોટી ખામી એ હતી કે તેના હાથ પગ દોરડી જેવા અને પેટ ગાગરડી જેવું હતું. મિષ્ટાન્ન ખાઈને પણ તેને પચાવવા હાથપગ હલાવી યોગ્ય મહેનત લેવી જોઈએ. નહિ તો મિષ્ટાન્ન તો શરીર સુધારવાને બદલે ઊલટું બગાડે છે. આળસ અને જડતા વાસો કરતાં આવા માણસો શરીરને પોતાના કાબૂમાં રાખી શકતા નથી.

પુષ્કરજીમાં વાર્ષિક લાખો રૂપિયાનો ખર્ચ થાય છે. આ લાખો રૂપિયાથી ધર્મને નામે ધતિંગ પોષાયાં, જુગાર જેવા હલકા રસો પોષાયા. કેટલી યે વ્યક્તિઓ આવાં દૂષણોથી બચવા રાતદિન જાગૃત રહી પરિશ્રમ વેઠે છે. ત્યારે દેવમંદિરોમાં આવું જોવા મળે તો જે માણસો દૂર દૂરથી કાંઈ જીવનસત્ય સમજવા અહીં દેવ-સ્થાનમાં આવે છે તેમનું શું ?

આજે તો આપણે સાચો ધર્મ ભૂલી ધર્મના વિખવાદમાં પડયા છીએ. ધર્મને નામે ઝગડીએ છીએ. ઝગડો એ ધર્મ નથી; ધર્મની આપણી દૃષ્ટિ જ મારી ગઈ છે. જે ધર્મમાં માનવતાનો નાશ છે, જે ધર્મને નામે આચરાતા એક પણ કાર્યથી માનવતા ઘવાતી હોય

તો તે ધર્મ અધર્મ છે. ધર્મ તો તેનું નામ કે જે માનવજીવનનાં મૂલ્ય સમજાવે! આજે તો ઝગડામાંથી પરવારવાનો જ આજના ધર્મના થઈ બેઠેલા આગેવાનોને વખત નથી. મેં ધર્મનાં ઘણાં સ્થાનો જોયાં પણ મને ક્યાંય તેનાથી મુદ્દલે આશ્વાસન મળ્યું નથી. મૂર્તિ આગળ મારું માથું નમ્યું નથી. મૂર્તિ એ તો એક માર્કો છે. મૂર્તિ એ ઇશ્વરપ્રાપ્તિનું પગથિયું કદાચ હશે પણ એની જરુર દરેકને છે જ એવું કાંઈ નથી. આજે તો વગર મહેનતે પૈસા કમાવાનું સાધન જો માણસે શોધ્યું હોય તો તે ઇશ્વરની મૂર્તિ છે. પુષ્કરજીમાં મને એક પૂજારી કોટ પાટલુન પહેરેલ જોઈ બપોરે ત્રણ વાગે ભગવાનને જગાડી, આરતિ ઉતારી, પ્રસાદ ધરાવી મને પ્રસાદ આપે છે. મેં પ્રસાદ ખાધો. તેણે મારી પાસે દાનની માગણી કરી કે ઇશ્વરને કાંઈ દાન તો કરો. મેં કહ્યું, હું કોણ ઇશ્વરને દાન આપનારો? જે સર્વનો કર્ત્તાહર્તા છે, તે મારા બેચાર આનાથી શું સંતોષાશે? જેણે સર્વને અમાપ આપેલ છે તેને આટલાનો શો હિસાબ? પૂજારીની બધી મહેનત ધૂળમાં મળી ગઈ. આમ ગમે ત્યારે શું ઇશ્વરને જગાડી શકાય? મારા જેવા મુસાફરો વારંવાર આવતા હશે. દરેક વખતે આમ ઘંટડી વગાડી, આરતિ ઉતારી પ્રસાદ કેમ ધરાવી શકાય? અહીં માણસે ઇશ્વરને પણ પૈસાપ્રાપ્તિ માટેનું એક સાધન બનાવ્યું. આવાં તો અસંખ્ય મંદિરોમાં ફર્યો છું. બધે આની આ જ દશા જોઈ છે.

એક મદ્રાસી બ્રાહ્મણ જોડે હું વાતોએ ચઢ્યો. દસ વર્ષથી તે અહીં રહે છે. રંગનાથના મંદિરનો તે પૂજારી છે. તે મને નિખાલસ લાગ્યો. તે કહે, "ધંધાના અભાવે ફરતાં ફરતાં આ સ્થળ હાથ લાગી ગયું એટલે કુટુંબ સાથે રહું છું. સવારસાંજ પ્રભુને ભોગ ધરાવ્યા પછી જ જમું છું." કહેવાની જરૂર નથી કે તેમને ભોજનમાં માત્ર મિષ્ટાન્નથી જ ચલાવી લેવું પડે છે.

દેશમાં જ્યાં જ્યાં મંદિરો છે ત્યાં ત્યાં ઉદ્યોગનાં કેન્દ્રો જો ખોલવામાં આવે તો નકામી વેડફાતી લક્ષ્મી દેશોદ્ધારના કાર્યમાં વપરાશે. અને આ તો આપણા જ હાથની વાત છે. કારણ કે સરકારે નક્કી કર્યું છે કે હિન્દુસ્તાનમાં રાજ્ય કરવું હોય તો કદી ધર્મમાં માથું ન મારવું. આ માટે વિશેષ વિગત અમૃતસરના વર્ણનમાં જોઈશું.

પુષ્કરજીથી સાંજે અજમેર આવ્યો. અગાશીમાંથી સાંજે અજમેર જોયું તો ખૂબ રળિયામણું લાગ્યું. બધા માણસો પોતપોતાની અગાશીમાં આવીને બેસે છે. ચારે બાજુ ઊંચા ઊંચા ડુંગરાઓ અને ઝાડની લીલીછમ ઘટાઓ. વળી આન્નાસાગરનું તળાવ પણ આ સૌંદર્યમાં વૃદ્ધિ કરે છે. પથ્થરનાં બાંધેલાં મકાનો ખુલ્લાં અને શોભીતાં લાગે છે.

અહીં પીરની દરગા છે. જેમાં કેટલાક હિન્દુઓ પણ બાધા માને છે. અને કારતક મહિનામાં પુષ્કરનો મોટો મેળો ભરાય છે ત્યારે આ સ્થળે પણ ઘણા હિન્દુઓ આવે છે.

અજમેરમાં ચા તથા બીડીનો પ્રચાર ખૂબ ઓછો છે. બીજા શહેરોની જેમ નાકે નાકે હોટલ મળવી મુશ્કેલ. ગૂજરાત કરતાં ચા ઓછી પિવાય છે. પણ સમય જતાં તેનું આ ગૌરવ પણ જોખમાશે. વર્ષો પહેલાં જે ગામડામાં ચા ન હતી તે આજે તેના ભોગ બની ગયાં છે તો આવા શહેરને તેમાં ફસાતાં કેટલી વાર ?

પૃથ્વીરાજ ચૌહાણના બાપ સોમેશ્વરે જે તારાગઢનો કિલ્લો બંધાવેલો તે પણ જોયો. આજે તો તે માત્ર પ્રાચીન કાળના અવશેષ તરીકે છે. ૩૦૦૦ ફીટ ઊંચે આવેલો આ કિલ્લો જોયા પછી હવે આશ્ચર્ય નથી થતું કે આટલે ઊંચે પહાડ પર તે કેવી રીતે બાંધ્યો હશે,

કારણ કે દેલવાડાનાં દહેરાં જેવી કારીગરી આગળ આવા કિલ્લાનાં ગુણગાન ગાવાની જરૂર નથી. ઐતિહાસિક દૃષ્ટિએ એક જમાનામાં આટલી ઊંચાઈને કારણે દુશ્મનોથી બચવા આવો કિલ્લો રાજાના વસવાટ માટે મહત્ત્વનો હશે, પણ આજે તો ત્યાં કોક મુસલમાનો જ રહે છે.

અહીં એક જૈનનું દેરું છે. તે ખાસ જોવા જેવું છે. સ્વર્ગ અને પૃથ્વીલોક વગેરેનો સ્પષ્ટ ખ્યાલ આપવા પ્રયત્ન કર્યો છે. કેટલાંય વર્ષોથી કામ ચાલ્યા કરે છે. નાના બાળકને રમકડાના આ સાચા સ્વર્ગમાં આનંદ પડે એવું છે. ઉપર મોર અને ઐરાવતને ઊડતા જોઈ આપણે પોતે પણ વિમાનમાં ઊડતા હોઈએ એવો ખ્યાલ આવે છે. આજુબાજુ આયના જડેલા છે. તેથી અનેક પ્રતિબિંબો દેખાય છે. જાણે આપણે જોયા જ કરીએ. લાખો રૂપિયા ખર્ચેલા છે.

જયપુર

કલકત્તામાં કેટલેક સ્થળે ફરતાં લાગે છે કે કલકત્તા તો અંગ્રેજોનું જ છે, બનારસમાં ફરતાં એમ લાગે છે કે અહીં તો આજે આ વીસમી સદીમાં પણ તેના તે પ્રાચીન જમાનાના બ્રાહ્મણોની જ આણ વર્તે છે, આગ્રામાં ફરતાં ડગલે ને પગલે મોગલ જમાનાની ભવ્ય સ્મૃતિ તાજી થાય છે, તેમ જયપુરમાં ફરતાં હિન્દના રજવાડાનાં દર્શન થાય છે. રામના આ જૂના વંશજો હોઈ હજી ય રાજા સૂર્યવંશી હોવાનો દાવો કરે છે, અને મનુ ભગવાનના નિયમોનું પાલન કરે છે. કાટખૂણે બાંધેલા આ શહેરના સો ફીટ પહોળા અને બે માઈલ સુધી લાંબા સીધા રસ્તા જોતાં આ શહેર કેટલી કાળજીથી બાંધ્યું હશે તેનો ખ્યાલ આવે છે. બારીઓ ખૂબ નાની અને ગુલાબી રંગની છે.

ફત્તેહપુરસિક્રી અને જયપુર જોતાં સોળમી સદી બાંધકામમાં કેવી સમાન હતી તેનો બંને સ્થળે લાલ પથ્થરનાં બાંધકામ જોતાં કંઈક ખ્યાલ આવે છે.

જયપુરમાં રામનિવાસ નામના બાગમાં સંગ્રહસ્થાન છે. તે જોવા જેવું છે અને સુંદર છે. અત્યાર સુધીના બધા મહારાજાઓના

આખા કદનાં ભાતભાતનાં ચિત્રો તેમાં છે. જયપુરનું હાથીદાંતનું તેમજ પિત્તળ પરનું ચિત્રકામ ખાસ જાણીતું છે. રાગનું સંગીતમાં શું મહત્ત્વ છે અને જુદા જુદા રાગોની માણસ પર શી શી અસર થાય છે તેનાં ચિત્રો ત્યાં સારાં છે. આ ઉપરાંત આખા હિન્દમાં જયપુરમાં જ મોટી વેધશાળા છે. દિલ્હીની વેધશાળા પણ જયપુરના રાજાએ જ બંધાવેલી છે. દિલ્હી કરતાં જયપુરની વેધશાળા મોટી છે અને ઘણા એ પરદેશી મુસાફરો જયપુરમાં વેધશાળા જોવા આવતા હોવાથી જયપુરની વેધશાળા એ વિષયતા નિષ્ણાતો માટે વધુ આધારભૂત છે. ગૂજરાતના કેટલા એ ઝવેરીઓ જયપુરમાં વસેલા છે અને ઝવેરાતનું સારામાં સારૂં કામ જયપુરનું આજે ય ગણાય છે. કઈ કમભાગ્ય ઘડીએ હું આટલા સુન્દર શહેરમાં પેઠો કે મને એક કડવો અનુભવ થયો. આ બાજુ લોકો લાજ–ઘૂમટો ખૂબ તાણે છે. આ લાજઘૂમટાનો કાંઈ જ અર્થ નથી પણ રિવાજ પડી ગયો છે એટલે થાય શું ? આટલા પહોળા રસ્તા છતાં લોકો સ્વચ્છતા રાખતા નથી. અમે ગયા તે દિવસે ત્યાં મેળો હતો. ગામેગામનાં ખૂબ માણસો મેળામાં આવ્યાં હતાં. આ લોકો ખૂબ ગંદા હતા. તેમની પાસેથી જતાં સૂગ ચઢતી હતી. આઠ દસ સ્ત્રીઓનું એક ટોળું જતું હોય તો તેમનો આખો દેહ બટાઈ ગએલી ખીચડી જેવો દુર્ગંધ મારતો હોય. ક્યાં આબુની સ્વચ્છ હવા અને ક્યાં આ અસ્વચ્છ લોકો. મનુષ્ય જાત પ્રત્યે મને કદી સૂગ ચઢી હોય તો આ પ્રથમ વખત જ. હરિજનો પણ આટલા અસ્વચ્છ નથી હોતા. જ્યારે આ લોકો પાસેથી જઈ રહ્યા હોય તો નાક દાબવું પડતું. જે 'ગલતો' જયપુરમાં જોવા જેવું સ્થળ ગણાય છે તેનું કુદરતી સૌંદર્ય આજે નષ્ટ થયું લાગતું હતું. મને થયું કે આ મેળાને દિવસે ક્યાં આવ્યો ? પહાડ ચઢી બીજી બાજુએ નીચે ઊતરી બે ખીણ વચ્ચે એક નાનું સૂર્યદેવનું મંદિર છે. ત્યાં જતાં વચમાં ગોમુખ-માંથી પડતા પાણીથી ભરેલા બે હોજ આવે છે. પાણી ખૂબ ઊંડું

છે. મેળાને દિવસે લોકો તેમાં નહાય છે. એ દિવસે તેમાં નહાવાનું માહાત્મ્ય મનાયું છે. પણ આજે તો અનેક જાતના માણસોના નહાઈ જવાથી આ પાણી કલુષિત અને ગંદુ થઈ ગયું હતું. હું તો કદી આ પાણીમાં ન્હાઈ શકાય એવી કલ્પના જ કરી શકતો નથી.

આ લોકો એમ માનતા હશે કે અમે નહાઈને સ્વચ્છ થઈએ છીએ. પવિત્ર બનીએ છીએ. પવિત્ર થવાનું તો કયાં રહ્યું ? પણ અનેક માણસોના ગંધાતા પરસેવાવાળા આવા પાણીમાં નહાનાર રોગને આમંત્રે છે. વધારે આશ્ચર્ય તો મને એ થયું કે આ સ્ત્રીઓ જે લાજ ઘૂમટો તાણતી હતી તે આજે તાંડવ સ્નાન કરી, લાજ શરમથી કંટાળી ગઈ, સર્વ કપડાં ફેંકી દઈ નગ્ન સ્નાન કરી રહી હતી. પાસે જ પુરૂષોનો નહાવાનો હોજ હતો છતાં પુરૂષોની હાજરીની પરવા કર્યા વગર આ સ્ત્રીઓ નગ્ન નહાવામાં નાનમ નહોતી માનતી. આવા આ સ્નાન તરફ મને ઘૃણા ઊપજી. દેવસ્થાનો પર તિરસ્કાર છૂટયો. પુરૂષો જે સામી નફટાઈ બતાવતા તે તરફ દુઃખ અને ક્રોધ ચઢયો. આટલું સારૂં સ્થાન આજના વાતાવરણને કારણે મલિન અને ભ્રષ્ટ થઈ ગયું હતું. આ પ્રસંગે મન પર એવી છાપ પાડી કે જયપુર છોડી ઝટ ભાગી જવું યોગ્ય માની અમે દિલ્હીને રસ્તે ઊપડયા.

■

દિલ્હીથી જમ્મુ જતાં ટ્રેનમાં

જયપુરથી દિલ્હી આવી, થોડો આરામ લઈ વળતાં નિરાંતે દિલ્હી જોવું એમ નક્કી કરી હાલ તુરત તો કાશ્મીર તરફ જ લક્ષ રાખી હિન્દનું પાટનગર દિલ્હી છોડયું.

પ્રવાસમાં કેટલીક વાર મઝા આવે છે અને કોઈ તકલીફ, જેવી કે માંદગી, કે બીજી હેરાનગતિ આવી પડતાં પ્રવાસ નિષ્ફળ પણ જાય છે. અત્યાર સુધી તો ખૂબ આનંદમાં પ્રવાસ કર્યો હતો. અને ધાર્યા કરતાં વિશેષ મજા માણી હતી.

ટ્રેનની અમારી મુસાફરી વારંવારની થઈ પડી હતી એટલે નક્કી કર્યું હતું કે વહેલા સ્ટેશને જઈ સારી જગા મેળવી લેવી. દિલ્હીથી શ્રીનગર માટે જમ્મુ જવું પડે છે. આ રસ્તો ઘણો લાંબો છે. વહેલા આવવાનું નકકી કર્યા પછી અમે સાડા દસે ઊપડતી ગાડી માટે નવ વાગે સ્ટેશને આવ્યા. પણ ત્યાર પહેલાં એક ટ્રેન જે નવ પાંચ મિનિટે ઉપડતી હતી તેમાં જવા માટે ઉતાવળા થયા. અમારા બેઠા પછી ટ્રેન એક જ મિનિટે ઊપડી. અમે ગમે તે ડબ્બામાં ઘૂસી ગયેલા એટલે જગા ખૂબ ખરાબ મળી હતી. મુસાફરી પણ લાંબી હતી. ચાલવાને રસ્તે પરાણે બિસ્ત્રો મૂકી તેના પર બેઠા. પછી

ઊંઘની તો આશા જ શી ? ગાડી ઊપડતાં, મુસાફરો કાંઈક થાળે પડતાં બેસવા જેટલી જગા દેખાવા છતાં આ મુસાફરો એવા પહેલવાન અને સશક્ત હતા કે તેમને ખસો એમ કહેવા હિંમત ન ચાલતી. મોટા કદવાળા આ પડાણો આગળ અમે બાળક જેવા લાગતા હતા. ભાષાની પણ મુશ્કેલી હતી. એટલે જ્યાં ગોઠવાઈ જવાય ત્યાં જ બેસવું સહીસલામત હતું; પણ આટલેથી પતે એમ ન હતું. ચોમાસાની ઋતુ હતી. અમારી મેલ ટ્રેન હતી. આજુબાજુ ઘાસ ખૂબ ઊગ્યું હતું. ટ્રેનની બત્તીનો પ્રકાશ ઘાસમાંના જીવડાંને આકર્ષી રહ્યો હતો. ઝડપી ટ્રેનમાં જીવડાં પણ ઝડપથી ઘૂસી જઈ અમારા પર ગમે ત્યાં અથડાતાં હતાં. આવાં તો સેંકડો જીવડાં દરેકની આસપાસ પથરાઈ ગયાં હતાં. બત્તી આ સમયે ડખલરૂપ હતી. આ જીવડાંઓએ આવી મુસાફરોમાં કૈંક રસમય વાતાવરણ જમાવ્યું અને આથી અમે એક બીજાના કૈંક પરિચયમાં આવવા લાગ્યા.

રાત્રિ એટલે દિવસના સતત શ્રમ પછી દરેકને માટે આરામ અને શાંતિનું સ્થાન. છતાં ગાડીની ભીડાભીડમાં કેટલાક અજ્ઞાન અને ગરીબ મુસાફરો વ્યવસ્થિત સૂવાનુ સ્થાન ન મળ્યું એટલે ઊભા ઊભા ઊંઘવા લાગ્યા. કેટલાક ટૂંટિયુંવાળી સૂતા હતા, કેટલાક પરસ્પર પગ અને માથાનો સહકાર સાધી સૂતા હતા. વર્ણાવર્ણી, નાતજાતના ભેદાભેદ છોડી જ્યારે બધા ઐક્ય સાધી ઊંઘતા હતા ત્યારે એ દૃશ્ય કોઈ અપૂર્વ બંધુતા દર્શાવતું હતું. ગમે તેવી વિકટ પરિસ્થિતિમાં ય મનુષ્ય પોતાનો માર્ગ શોધી લે છે. બેસવાનું પણ ઠેકાણું નહીં દેખાયલું ત્યાં મનુષ્યો ગજબરીતે ઊંઘ લઈ રહ્યાં હતાં,

રેલગાડી એ પણ ટૂંક મુદત માટે એક સંસ્થા જેવી છે. દરેક પ્રકારના માણસો ત્યાં મળે રહે છે. સંસ્થામાં સહવાસથી જે પરિચય કેળવાય છે તેવો જ કાંઈક ટ્રેનમાં પણ ટૂંક મુદતમાં કેળવાય છે. જો એક મુસાફર પોતાનો સામાન સરખી રીતે મૂકે તો મને સૂવાની

જગા મળે તેમ હતું. મેં તેમને તેમ કરવા વિનંતી કરી, પણ તેમણે પોતાનો સામાન જરાય ફેરવવા નામરજી દર્શાવી. મને જાજરૂ પાસે બત્તી નીચે જીવડાંના ઢગમાં સૂવા જણાવ્યું. મેં બધી રીતે વિચાર કરી તેમના ગમેતેમ પડેલા સામાનને મારી મદદ સ્વીકારી યોગ્ય રીતે ગોઠવવા અને મને ઊંઘવાની અનુકૂળતા કરી આપવા ફરી સમજાવ્યું. છતાં આ ભાઈ તેમના નિશ્ચયમાં અડગ રહ્યા. અમારો આ સંવાદ નજીકના એક ભાઈ સાંભળતા હતા. કોણ જાણે તેમને મારા તરફ શાથી સહાનુભૂતિ ઉત્પન્ન થઈ. આ ભાઈ થોડું ઊંઘ્યા હતા. તેમણે મને તેમની તૈયાર પથારીમાં સૂવા કહ્યું. મને તેમની ઊંઘને ભોગે ઊંઘવું ન ગમ્યું. આખરે તે અત્યાગ્રહી બન્યા અને મારે ઊંઘવું પડ્યું. એક ભાઈ સહેજ ફેરફારથી સગવડ આપી શકે તેમ હોવા છતાં આપવા તૈયાર ન હતા, જ્યારે બીજા ભાઈ પોતાની ઊંઘ ગુમાવી મને તૈયાર પથારીમાં ઊંઘવા આગ્રહ કરી રહ્યા હતા.

રાત્રિ પસાર થઈ ગઈ. સવારે આઠ વાગે લાહોર આવ્યું. લાહોર પણ પાછા ફરતાં જોવું એમ વિચારી જમ્મુ જવા ગાડી બદલી.

★

જમ્મુથી શ્રીનગરને રસ્તે—મોટરમાં

અમે ગાડીમાં બેસીબેસીને કંટાળી ગયા હતા અને ખાધાપીધાની મુશ્કેલી હતી જ, એટલે ક્યારે જમ્મુ પહોંચીએ એમ થયા કરતું હતું. બપોરના જમ્મુ પહોંચ્યા. અહીં દૂધ, ફળ વગેરે ખાઈ મોટરની ટિકિટ લીધી. સ્ટેટ તરફથી જવા માટે સવા રૂપિયો કર અહીંથી લેવામાં આવે છે. સામેના ઊંચા પહાડો પર અને તેના ઊંચામાં ઊંચા શિખરને ભેદી અમારે મોટરમાં જવાનું હતું. જમ્મુ કાશ્મીરમાં બીજું મોટું શહેર છે. રાજા ઉનાળામાં શ્રીનગર રહે છે અને શિયાળામાં જમ્મુ રહેવાનું રાખે છે. જમ્મુ દરિયાની સપાટીથી ૧૨૫૦ ફીટ ઊંચું છે. જમ્મુથી શ્રીનગર જવા અમારે મોટરમાં ૨૦૫ માઈલ જવાનું હતું. શ્રીનગર જવાના બે રસ્તા છે. એક જમ્મુનો અને બીજો રાવળપિંડીનો. સૃષ્ટિસૌંદર્ય અને ચઢઊતર વધારે જોવાં હોય તો જમ્મુના રસ્તાની જ પસંદગી કરવી. જવાઆવવાનું ભાડું સાડા દશ રૂપિયા છે અને બાર આના વધુ આપતાં આ રસ્તાનું જોવાઈ ગયેલું દશ્ય ન જોતાં રાવળપીંડીના રસ્તાનું નવું દશ્ય જોવા પણ જઈ શકાય છે.

આ બાજુ મોટરને પહાડોમાં ઊંચું નીચું ચઢવું પડે છે. ઘડીમાં ૭૦૦૦ ફીટ તો ઘડીમાં ૪૦૦૦ ફીટ આમ મોટર સડસડાટ

ઘરરર્ કરતી પહાડોમાં ગોળ ફરે છે. આજુબાજુ પહાડો અને નીચે મોટી ખાઈઓ. સામે જોતાં લાગે કે આગળ રસ્તો જ બંધ છે. ત્યાં મોટર સહેજ વળાંક લે અને મોટરને બીજો ઊંચો પહાડ ચઢવો પડવાનો એમ દેખાય. કેટલીક વાર જે નીચેને રસ્તે થઈને અમે ઉપર ચઢ્યા હોઈએ તે રસ્તો ઉપરથી જોતાં સાંકડો ફૂટપટ્ટી જેવો લાગતો અને ત્યાં ઊભેલો માણસ એક ટપકા જેટલો દેખાતો. પ્રથમ આબુ ગયેલો ત્યારે ૫૦૦૦ ફીટની ઊંચાઈએ મોટરને સડસડાટ લઈ જતા ડ્રાઈવર ઉપર હું ખુશ થઈ ગયો હતો. પણ અહીંનો પ્રવાસ કરતાં મને થયું કે આ ડ્રાઈવરો આગળ આબુનો ડ્રાઈવર કશી વિસાતમાં નથી. આબુના ડ્રાઈવરોને તો ફક્ત અઢાર માઈલનો રસ્તો અને તે પણ ફક્ત ૫૦૦૦ ફીટની ઊંચાઈ સુધી જ ચઢવાનો હતો. જ્યારે અહીં તો ૨૦૫ માઈલનો માર્ગ કાપવાનો હતો અને તે પણ ઘડીમાં ૭૦૦૦ ફીટ ઊંચો જાય તો ઘડીમાં ૪૦૦૦ ફીટ નીચો ઊતરી આવે અને ઘડીમાં પાછો ૯૦૦૦ ફીટની ઊંચાઈએ પહોંચી જાય એવો તરંગી. ડ્રાઈવર સહેજ ચૂકે તો અમારા તો રામ બોલો ભાઈ રામ. અમે તેને આશરે હતા.

કરોડો રૂપિયા ખર્ચવામાં આવે તો ય જમ્મુથી શ્રીનગરની રેલ્વે થવી શક્ય નથી. આ પહાડોમાં સીધી જગા જ નથી. વળી કેટલા ય મદમસ્ત હાથીઓ ખડકાયલા હોય એવા મોટા પથ્થરનાં ચોસલાં ઢેર ઢેર, આ પડ્યાં, હમણાં ગબડી પડશે, મારી નાંખશે, એવો ભય ઉત્પન્ન કરતાં કશા પણ આધાર કે ટેકા વગર ખીંણોમાં ટિંગાઈ રહ્યાં હોય છે. જ્યારે અહીં વાવાઝોડું, વરસાદ, તોફાન થાય છે, ત્યારે માણસને જીવનમરણના ખેલ સપાટામાં રમાડી નાંખે છે. આમાંથી ઝાડ તો શું પણ હિંસક પ્રાણી કે મોટર સુદ્ધાં બચી શકતાં નથી. પૈસાને જ કારણે આ જમાનામાં રેલ્વે ક્યાંય અટકે નહિ. પણ અહીં તો કુદરત રેલ્વેને રૂક જાવ સંભળાવે છે.

જમ્મુથી શ્રીનગર જતાં નીચેનાં સ્થળો આવે છે જ્યાં મોટર થોડું થોડું રોકાય છે અને મુસાફરો ચાપાણી અગર ખાવાનું ખરીદી ખાઈ લે છે. ખાવામાં તો ખાસ કરીને દૂધ, રોટી અને ફળ મળે છે. ૨૧ માઈલ પર ઝાંઝર, ૨૮ માઈલ પર ટીકરી, ૪૨ માઈલ પર ઉધામપુર, ૬૬ માઈલ પર ખાડ, ૭૯ માઈલ પર બટોટી, ૮૯ માઈલ પર તિરાહ, ૯૭ માઈલ પર રામબન, ૧૧૩ માઈલ પર રામસુ, ૧૨૩ માઈલ પર બનિહાલપાસ, ૧૫૩ માઈલ પર મપરમંડા, ૧૬૪ માઈલ પર કાઝીગંડ, ૧૭૫ માઈલ પર ખાનાબલ, ૧૮૯ માઈલે અવંતીપુર અને ૨૦૫ માઈલે શ્રીનગર આવે છે.

આ સ્થળોએ મોટરોનું ખાસ એ સાચવવાનું હોય છે કે એ અથડાઈ ન પડે. આથી સ્ટેટ તરફથી અમુક વખતે અમુક નક્કી કરેલ મોટરોએ નિયત સ્થળે આવી જવું પડે છે. કેટલાક રસ્તા એવા આવે છે કે એક જ મોટર પસાર થઈ શકે. બીજી જો આવે તો ન પાછી વળાય, ન આગળ લેવાય. નીચે ઊંડી ખાઈ.

એકવાર એક અનુભવીએ અમને આંગળી બતાવી કહ્યું કે જો આ રસ્તે ઊતરો તો સીધા પેલી સડક દેખાય છે ત્યાં પહોંચી જશો. અમે ઊતર્યા. અને મોટરને તો ગોળ ફરી ફરીને આવવાનું હતું. વધુમાં વધુ ચઢાવ બનિહાલપાસનો ૯૦૦૦ ફીટનો આવેલો. ઘડીમાં મોટર સરરર્ કરતી નીચે ઊતરતી તો ઘડીમાં ઊંચે ચઢતી. અહીં તો હજાર હજાર ફૂટની ચઢઊતર કરવાની હતી. આવે રસ્તે બે ત્રણ વખત બદબો આવેલી. આગળ અકસ્માતો વિષે લખ્યું તે પણ આ બદબોનું કારણ હોય. નાક દાબવું પડે એવી ભયંકર બદબો આવતી. જાણે કોઈ પ્રાણી મરી ગયાં ન હોય. પગ સરકે ને નીચે ગબડે તે ફરી ઉપર આવવા ન પામે.

અહીં સૌંદર્યમાં ખૂબ વિવિધતા હતી. સો સો ફીટ ઊંચાં ચિનાર અને દેવદારનાં, પાઈન અને સરોના ઊંચાં ઊંચાં ગગન ભેદતાં વૃક્ષો જોવા મળતાં હતાં. આટલા ઊંચા પહાડોમાં આ વૃક્ષો પણ ઘડીમાં દેખાતાં તો ઘડીમાં વાદળમાં ઢંકાઈ જતાં. ગૂજરાતમાં વાદળાં રોજ ઊંચે જોતા. અહીં તો વાદળાં ઝાડોમાં સંતાઈ રહેતાં, ઘડીમાં દોડતાં તો ઘડીમાં ડુંગરા પાછળ અદશ્ય થઈ જતાં, દેવોના વિમાન જેવાં ચોતરફ આમતેમ દોડતાં હતાં. મોટર ફરતી અને ઘડીમાં અમે વાદળાંને ઊંચે જોતા તો કેટલાંકને ચોરની જેમ બખોલમાં લપાઈ રહેલાં જોતાં. એક પછી એક દશ્ય બદલાતું જતું હતું. કુદરત તેના પ્રચંડ સ્વરૂપમાં અહીં જ દેખા દેતી હતી. છાપરાંની માફક પહાડ પર પહાડ ખડકાયલા લાગતા હતા. મોટર ગોળ ગોળ ફરતી હતી, ઊતરતી હતી, ચઢતી હતી. આગળ પહાડ, સામે પહાડ, પાછળ પહાડ. જાણે પહાડોની પરિષદ મળી હતી. અમે પહાડોમાં—મોટા દરિયામાં જેમ નાવડી ફરે તેમ—નાનકડાં ઢીંગલા ઢીંગલી જેવા લાગતા હતા.

આ પહાડોના સૌંદર્યમાં વધારો કરતી સરિતા ચિનાબ ઘૂ ઘૂ કરી રહી હતી. ગળે વીંટાયેલા સાપ વિના જેમ શંકરની મૂર્તિ અડવી લાગે છે તેમ નદી કે ઝરણાં વિનાનો પહાડ પણ અડવો લાગે છે. આ પહાડોમાં તો નાનાં મોટાં ઝરણાં, ખળખળિયાં, અને ધોધ સતત પડયા જ કરે છે અને તેની મોટી ભગિનીને મળવા ધસી જાય છે. અમારી મોટર અને નદીનો પ્રવાહ ઘણીવાર નજીક નજીક આવી જતાં. કેટલીક વાર મોટર અને નદીના પ્રવાહને હજારો ફીટનાં છેટાં પડતાં. મોટર ઊંચે જતી ત્યારે સામે ઊંડી ખાઈ અને નીચે હજાર ફીટ દૂર ચિનાબ સર્પ ચાલ્યો જતો હોય એવી આટલે દૂરથી લાગતી. કોણ ઝડપથી વહે છે તે શોધવાની અને જાણવાની મારી વૃત્તિ થઈ. દૂરથી લાગતું કે મોટર ઝડપથી આગળ જાય છે અને નજીકથી

જોતાં લાગતું કે નદી જોસમાં વહે છે. પણ આનો કશો ચોક્કસ નિર્ણય થઈ શકતો નહતો. આ મુશ્કેલીનો અંત એ રીતે આવ્યો કે એક મોટું લાકડું પાણીમાં તણાતું આવ્યું. મેં નક્કી કર્યું કે જો મોટર આ લાકડાને વટાવી જાય તો મોટરની ઝડપ વધુ એમ માનવું. કુદરત અને યંત્રની હરીફાઈ શરૂ થઈ ગઈ. મનુષ્યે પોતાની બુદ્ધિ અને વિજ્ઞાનનો સુમેળ સાધી કુદરત સામે હરીફ બનવા મોરચા માંડયા. બે માઈલ સુધી અમે લાકડાને જોતા રહ્યા. નદીને વેગે વહેતું લાકડું કહેતું હતું કે કુદરત સામે બાથ ભીડવી મુશ્કેલ છે. થોડી મિનિટ સુધી આ રસાકસી ચાલી ત્યાં તો મોટરને અટકવાનું આવ્યું. જલવાહન લાકડું અમારા તેલવાહનને આવજો આવજો કરતું ચાલ્યું ગયું.

વચમાં મોટરને ઘણે સ્થળે અટકવું પડતું. અમારી સાથે નાનાં બાળકો પણ હતાં. તેમની કુદરતી હાજતોને અંગે પણ મોટરને ખોટી થવું પડતું. કોઈ સ્ત્રીઓને આવી જગાએ ફેર આવતા અને ઊલટી પણ થતી. આથી ય મોટરને રોકાઈ જવું પડતું. અમારી મોટરમાં એક જાડો માણસ બેઠો હતો. તેનો અવાજ ભારે કર્કશ હતો. મોટરમાં એક બેનને ઊલટી થઈ એટલે મોટર સહેજ રોકાઈ હતી. પેલો માણસ જરા ઉતાવળિયો હતો. તેણે ડ્રાઈવરને મોટર હાંકવા સૂચના કરી. ડ્રાઈવરે કહ્યું કે 'પેલી બાઈને જરા કળ તો વળવા દો?' તો પેલો જાડો માણસ કહે, 'તમે બેસાડો છો ત્યારે જોતા કેમ નથી કે કોને બેસાડીએ છીએ?' મને થયું વાહ! શું ઊલટી થશે કે નહિ થાય તેની ડોકટરી તપાસ પહેલેથી કરાવીને મુસાફરોને બેસાડવા? મુસાફરીમાં આવા પ્રસંગોને લીધે સમય ઠીક રમૂજમાં પસાર થતો. રાત્રે અમે એક ગામમાં મોટર ખાલી કરી ઊતર્યા. આવાં સ્થળોએ વચમાં જ્યાં જ્યાં મોટર રોકાતી ત્યાં ખાવાનું મળતું અને ચાર જ પૈસા આપતાં સૂવા માટે ચારપાઈ (ખાટલા

જેવું) મળતી. બીજે દિવસે સવારે વહેલી મોટર ઊપડી. એ દિવસે પણ ઠેઠ પાછલા પહોર સુધી તો અમારે પહાડી રસ્તે જ જવાનું હતું. પણ ત્યાર પછી ૨૫ માઈલનો માર્ગ એવો આવ્યો જે બિલકુલ સપાટ હતો. એની વિશેષતા એ હતી કે આખે રસ્તે બંને બાજુએ ચિનાર અને પૉપલરનાં ઝાડ સિપાઈની જેમ ઊભેલાં હતાં. આ ઝાડોની ઘટા એવી પથરાયલી હતી કે આકાશ તો વચમાં ફાટ સમાન જ દેખાતું. સાંજે આ દશ્ય સુન્દર લાગતું હતું. સવારે ઊપડેલી મોટરે ઠેઠ રાત્રે અમને શ્રીનગર પહોંચાડયા.

મોટરમાં પણ અમારી બધાયની દશ્ય આટલું સુંદર હોવા છતાં ધીરજ ખૂટી હતી તો તે જમાનાનો વિચાર કરવો જોઈએ કે જ્યારે મોટર ન હતી અને ટટ્ટુના ગાડામાં મુસાફરી કરવી પડતી. ઢાળ ઊતરતાં મોટરમાં તો બ્રેક પણ હોય છે, પણ આ ટટ્ટુને કેમ બ્રેક લગાડતા હશે? તે જમાનામાં જરૂર સગવડ હશે પણ અકસ્માતો કે મુશ્કેલીઓ આથી પણ વિશેષ હશે. કાશ્મીરને પહેલાં લોકોએ દુર્ગમ માની તે જોવા માટે આટલો વખત અને શ્રમ તે સમયમાં નહિ આપ્યો હોય. હવે ઘણા ગૂજરાતીઓ પણ જાય છે. સ્વદેશમાં આટલો સુંદર પ્રદેશ છતાં ઘણા શા માટે પરદેશમાં જઈ ત્યાં પૈસા ખર્ચી આવતા હશે! ખરેખર, કાશ્મીર એ આ જમાનાનું એવું અદ્ભુત સ્થળ છે કે જેનો જોટો ભાગ્યે કયાંય મળે!

રાત્રે શ્રીનગર પહોંચ્યા. ગમે તે ધર્મશાળા ખોળી કાઢી અમે ઝટ સવારની રાહ જોતા, ગમે તે ખાઈ પરવારીને, ચારપાઈમાં પડયા. મુસાફરી સુંદર હતી છતાં એક ને એક સ્થળે બેઠેલા અને મોટરની ચઢઊતરમાં શરીરને ડોલાયમાન થવા દીધેલું અને હીલોળા ખવાડેલા તેનો થાક કાંઈ ઓછો ન હતો. આંખે તો ખૂબ જોયુ હતું એટલે તેણે શાંતિ મેળવવા કયારનીયે રસ્તામાંથી જ ઉઘરાણી શરૂ કરી દીધી હતી.

શ્રીનગરમાં

જેને રામ રાખે રે તેને કોણ મારી શકે !

શ્રીનગરમાં આવી બીજે દિવસે આર્યસમાજ મંદિરમાં જઈ ત્યાં રહેવાની વ્યવસ્થા કરી. ઉત્તર હિન્દમાં ઠેર ઠેર આર્યસમાજ મંદિર મુસાફરોને કામમાં આવે છે. જોકે મારી પાસે મારી ઊતરવા કરવાની વ્યવસ્થા કરવા શ્રીનગર ખાદીભંડારના વ્યવસ્થાપક ઉપર પૂ. ઠક્કર બાપાએ લખી આપેલો પત્ર પડયો હતો. તેનો ઉપયોગ જરૂર પડે તો જ કરવો એમ વિચારી હાલ તુરત તો આર્યસમાજ મંદિરમાં રહેવું અમે યોગ્ય માન્યું.

ગૂજરાતીને શ્રીનગરની કલ્પના આપવી મુશ્કેલ છે. શ્રીનગર પાંચ હજાર ફીટ ઊંચું છે છતાં ખીણમાં વસેલું છે; કારણ કે તેનાથી પણ ઊંચાઊંચા પહાડો ચારે દિશામાં પથરાયલા પડયા છે. અહીં જેલમ જ્યાં જઈએ ત્યાં જોવા મળે છે. કાશ્મીરમાં ફરવાના બે રસ્તા છે. એક તો ગાડી કે મોટરોની સડકનો સ્થલમાર્ગ અને બીજો જેલમ અને તેની નહેરોનો જલમાર્ગ.

અહીં મુખ્ય પેદાશ ફળની છે. તેમાં લીલી દ્રાક્ષ, લીલાં આલુ, નાસપતી, અખરોટ અને પીચ મુખ્ય છે. અહીં રેશમ અને ઊનનાં કારખાનાં છે. અહીંનાં ભરતકામ, શાલો, ગાલીચા, પશમીના વગેરે પ્રખ્યાત છે. કેસરનાં ખેતરો અહીં પ્રથમ જોયાં. મધપૂડા પણ પહાડોમાં ખૂબ હોય છે. રેશમ જ્યારે ફાટી જાય છે ત્યારે અહીંના લોકો તેને એવી સુંદર રીતે રફૂ કરે છે કે કયાં સાંધ્યું છે તેની ખબર ન પડે.


અહીં હિન્દુ ૬ લાખ છે, મુસલમાન ૨૬ લાખ છે. રાજા હિન્દુ છે. થોડીક જ પ્રજા ખાધેપીધે સુખી છે. સ્ટેટના કારભારમાં

અને બીજા કામકાજમાં જેઓ છે તેઓ જ કાંઈક સુખી છે. એટલે બાકીની પ્રજા રોજનું રોજ રળી લે છે. મુખ્ય ધંધો હોડીનો છે. વળી ફળફળાદિના ઢગ ખાવા મળી રહે છે અને નદી આંગણે હોવાથી મચ્છી ખાઈ આ લોકો પોતાનું જીવન નભાવે છે. અહીં શિયાળામાં એટલી સખ્ત ઠંડી પડે છે કે ઘરની બહાર નીકળવું ભારે પડી જાય. કાશ્મીરની ઠંડીનો અનુભવ લેવો હોય તો નવેમ્બર ડિસેમ્બરમાં ત્યાં જવું જોઈએ. ત્યાં ફરવા માટે વૈશાખથી ભાદરવા સુધીનો સમય અનુકૂળ છે. એ વખતે ત્યાં વધારે ઠંડી પણ નથી હોતી તેમ બીજી રીતે પણ હવા ખુશનુમા હોય છે. એટલે આપણે ત્યાં જેમને ભાદરવો મહિનો સદતો ન હોય તેમણે કાશ્મીરમાં આ સમય ગાળવા જવું જોઈએ.

પહેલી મુલાકાતે તો શ્રીનગર શહેર આપણને સારું લાગે છે. પણ શ્રીનગરથી આગળ આવેલાં ડાલસરોવર જેવાં રમણીય દૃશ્યો જોઈ આવ્યા પછી શ્રીનગરની શ્રી ઝાંખી લાગે છે. કારણ કે તેની ગંદી ગલીઓ અને સાંકડી નહેરો હવે નજરે પડે છે. તમે હિન્દુસ્તાનના કોઈ પણ શહેરમાં ફરો પણ હોડીથી આટલો બધો વ્યવહાર ચાલતો તમને ક્યાંય જોવા નહિ મળે. અહીં મજૂરી સસ્તી છે. આ લોકોનો ખોરાકનો ખર્ચ ચારપાંચ પૈસાથી વિશેષ નથી. શાકભાજી અને અનાજ ઘણાં સસ્તાં મળે છે. વળી તે ખૂબ સ્વાદિષ્ટ અને કદમાં પણ મોટાં હોય છે. કોળું અને તડબૂચ, દૂધી અને કાકડી ખૂબ મોટાં થાય છે. જેલમમાં તરતાં ઘરો હોય છે તેને શિકારા કહે છે. તેમાં બારીબારણાંવાળા અને ફરનીચરથી સુસજ્જિત ડ્રોઈંગ રૂમ, સૂવા બેસવાના ઓરડા, રસોડું, રવેશ અને ખુલ્લી ગૅલેરી હોય છે. આ શિકારા માળવાળા પણ હોય છે માળ વગરના પણ હોય છે. તેમાં સુંદર ગાલીચા બિછાવેલા હોય છે. શિકારાને દોરડાવડે કિનારે બાંધી રાખવામાં આવે છે. તેનું ભાડું મહિને રૂા. ૩૦ થી રૂા. ૧૦૦

સુધી હોય છે. આવો એક શિકારો ભાડે કર્યો એટલે રહેવાય પણ ખરું અને ફરવાનું મન થાય ત્યારે જેલમમાં ફરાય પણ ખરું. કુટુંબ-કબીલા સાથે આવેલા માટે આ સગવડભર્યું ખરું.

પરદેશીઓ કાશ્મીરને ગ્રીસ અને સ્વીટ્ઝરલેન્ડ સાથે સરખાવે છે અને જેલમને ટેમ્સની ઉપમા આપે છે. રવિવારે અમે જેલમમાં ફરવા નીકળ્યા. બે રૂપિયા આપી આખા દિવસ માટે એક શિકારો ભાડે કર્યો. આમાં એક ઓળખીતા કાશ્મીરીની દલાલી આઠ આના ચઢી ગઈ હતી. બીજા ગૂજરાતીએ દોઢ રૂપિયો આપ્યો હતો. આ માંજી (હોડી હાંકનાર) સ્વભાવે સારો અને કુશળ હતો એટલે આઠ આના ખટકતા ન હતા. સ્વભાવે આ લોકો ઢીલા અને ખુશામતિયા લાગ્યા. જાણે કાંઈ પડી જ ન હોય. આ લોકો કુદરતને ખોળે પડયા છે એટલે કુદરત પણ તેમની પ્રત્યે રહેમ રાખે છે. રવિવારે રજા હોવાથી શ્રીનગરના પંડિતો શિકારામાં સહેલ કરવા નીકળ્યા હતા. પંડિત કુટુંબની સ્ત્રીઓનું રૂપ અદ્દભુત હોય છે.—મજબૂત બાંધો છતાં સુકોમળ ભરાવદાર ગુલાબી ગાલોવાળી, લાંબા ગળાવાળી, પરવાળા જેવા ઓષ્ઠવાળી, રમણીયતાથી ભરપૂર, લાંબા અણિયાળા પોપટની ચાંચ જેવા નાકવાળી, દિવ્યાંગના સમ દીપતી અદ્દભુત સૌંદર્યથી પરિપૂર્ણ, લાંબા કાળા સર્પની ફેણ જેવા છૂટા ઝૂલતા વાળવાળી આ કાશ્મીરી સ્ત્રીઓ પોષાકની સજાવટથી રૂપમાં વધારો કરતી અમારી પાસેથી શિકારામાં પસાર થતી અને તેમના શિકારામાંથી જ્યારે ગ્રામોફોનની વાગતી રેકર્ડમાં સાંભળવા મળતું કે ‘ પ્રેમકી નૈયા ચલી જલમેં ’ ત્યારે એ કડી ખરેખર આ પ્રસંગ, સ્થળ અને આવા આ રમણીઓના રૂપને અનુકૂળ લાગતી. બલ્કે આ સ્થળ તરફ કાયમનું મમત્વ અને ખેંચાણ રહે તેવી ઊંડી અસર મૂકી ચાલી જતી.



કાશ્મીરમાં : નિશાત બાગ

હોડીમાં બેસીને શાલીમાર, નિશાત, નસીમ બાગ, ક્ષીરભવાની ડાલસરોવર વગેરે અનેક જોવા જેવાં સ્થળોએ જઈ શકાય છે. કાશ્મીરનાં બધાંય રમણીય સ્થાનોનો ઉપભોગ કરવો હોય તો ઓછામાં ઓછા ત્રણ મહિના તો જોઈએ. હું હોડીમાં પહેલાં કદી બેઠો ન હતો, એટલે અહીં આખો દિવસ હોડીમાં પસાર કરવાનો આવ્યો ત્યારે પહેલાં તો મને ભય લાગ્યો, પણ ચોપાસ માછલીની જેમ પોતાના ઘરમાં જ નિર્ભયપણે ફરતા હોય તેમ જતા આવતા શિકારાઓને જોઈ મારો એ ભય કયાંય ઊડી ગયો. આજે તો મુંબઈમાં જેમ રવિવારે ચોપાટી પર માનવસમુદાય ભેગો થાય છે તેમ જેલમમાં માનવસમુદાય હોડીમાં (શિકારામાં) ઊલટી પડયો હતો. પ્રાંતપ્રાંતનાં સ્ત્રીપુરૂષો અહીં આજે સહેલગાહે આવ્યાં હતાં. હોડી ફક્કડ હતી. કાશ્મીરી ભરતકામનાં દર્શન થતાં હતાં. આડા પડી મુસાફરી કરવાની પણ સવડ હતી. જેમ જેમ પાણીમાં ફરતા તેમ તેમ દશ્યો એટલાં સુન્દર આવતાં કે આ ન જોયું હોત તો પાણીના સૌંદર્યની આવી મઝા બીજે ન મળત. હૃદયના ભાવો જેવી અમારી નૌકા નદીના તરંગો પર વહી રહી હતી. કિનારે બાળકોના સ્મિત જેવી હરિયાળી ઝૂલી રહી હતી. ભાવભરી વાદળીઓ યોગી જેવા ભવ્ય પર્વતો સાથે રમત રમતી લાગતી હતી. સૂરજદેવ પહાડોના રંગોને સુવર્ણરંગી બનાવી રહ્યા હતા. રૂપ યૌવનથી ભરપૂર એવી યુવતીઓ ચાર તસુ નીચે વહી જતા સ્વચ્છ પાણીમાં હસ્તવડે હલેસાં મારી માંજીનું (હોડી ચલાવનાર) અનુકરણ કરતી ગેલ કરતી આગળ જવા હરીફાઈનો આનંદ અનુભવતી, કિલકિલાટ હસતી મોજ ભોગવતી હતી.

ડાલસરોવરમાં પ્રવેશ કરતા પહેલાં એક દરવાજામાંથી પસાર થવું પડે છે. અહીં પાણીનું વહેણ સામું હોવાથી સરોવરમાં પ્રવેશ કરતાં મુશ્કેલી પડે છે. પાણી એટલા જોસથી સામનો કરે છે કે હોડી સામા પ્રવાહમાં આગળ ન જતાં પાછી ધકેલાય છે. છેવટે

ભીંતમાં વાંસ ભરવી મહા મહેનતે માંજી લોકોએ હોડીને સરોવરમાં લીધી. અમારે નિશાત અને શાલીમાર જવા ડાલ સરોવરમાં થઈને પસાર થવાનું હતું. પાણીમાં તરતાં ખેતરો અહીં જોવા મળ્યાં. કમળ અને લૂઈ એટલાં ઘીચોઘીચ ઊગે છે કે તેના પર અહીં માટી નાંખી વાવણી થાય છે. અને તેના ઉપર ચીભડાં અને બીજી શાકભાજી કરવામાં આવે છે. અહીં જો કોઈ ભૂલેચૂકે જમીન છે એમ માની પગ મૂકે તો પછી તેનો પત્તો જ ન લાગે. વળી આ વેલાઓ એવા ભૂલભૂલામણી જેમ ગૂંચાયલા હોય છે કે તરતાં આવડતું હોય તો ય તેમાં ગૂંચવાઈ જવાય.

હોડીની આ મુસાફરી લહેર અને આનંદમાં પસાર કરી, શાલીમાર અને નિશાત જે કાશ્મીરના સુન્દર બાગ ગણાય છે ત્યાં આવી પહોંચ્યા. રવિવાર હતો એટલે લોકો સારી સંખ્યામાં અહીં આવ્યા હતા. બાગમાં રંગબેરંગી ફૂલો લચી રહ્યાં હતાં. ઝાડ પર ફળોનાં લૂમખાં હતાં. સંગીતના શાસ્ત્રીઓ સાજ અને તબલાના નાદ સાથે પોતાના મીઠા સ્વરો વહેવડાવી લોકોને રસમાં તળબોળ કરી રહ્યા હતા. વાતાવરણ મઝાનું હતું. કુદરતના આ સાન્નિધ્યમાં રસિક પ્રેમીઓનાં જોડલાંએ ઠઠ જમાવી હતી. અમારે કાશ્મીરમાં બીજે સ્થળે ય રખડવાનું હતું એટલે અહીંથી ઝટ ઊડયા.

અમારી હોડી કિનારે હતી. આવા આનંદ પછી કવિઓએ જેને વિષે ખૂબ ખૂબ વર્ણનો લખ્યાં છે, જેને કુદરત તરફ આકર્ષણ અહીંથી વિશેષ થયું છે એવા ડાલસરોવરમાં ફરીવાર આવ્યા. આ સરોવર પાંચ માઈલ લાંબું અને બે માઈલ પહોળું છે. કેટલીક જગાએ મખમલ જેવો દેખાતો લીસો ચળકાટભર્યો શેવાળ ઘડી ઘડીમાં સુશોભિત જલબિંદુઓથી ચમકી રહ્યો હતો. સાચાં મોતીનો થાળ ભર્યો હોય એમ પાણીના ટીપાં પાન પર પથરાયલાં હતાં ! આ સરોવર કે આયનો ! આટલા મોટા આ આયનામાં પહાડો, ઝાડ,



કાશ્મીર : શાલીમારનો જલ-બાગ.

અને કેટલાય શિકારાનાં પ્રતિબિંબો દેખાતાં હતાં. સરોવર એટલું મોટું હતું કે અમારો શિકારો તો બગીચાના એક નાના ફૂલ જેવો લાગતો હતો.


આવી લહેર અને મોજમાં અમે હતા. ત્યાં કોણ જાણે શું થયું ! પણ અમે જે ન સમજ્યા તે પંખીઓએ સમજાવ્યું. મોરલા ભયજનક ટેહૂં ટેહૂં બોલતા હતા. સૂર્ય પર વાદળાં ફરી વળ્યાં હતાં ઝાડો જે પહેલાં પ્રકાશિત લાગતાં તે હવે દૂરથી કાળાં લાગતાં હતાં. જાણે વર્ષા ઋતુ. બપોર હતી છતાં સાંજ દેખાઈ. ટપ ટપ, પાણીનાં ફોરાં પડ્યાં. પવન છૂટયો. સર્વત્ર સૂનકાર છાઈ રહ્યો. આકાશમાંથી મેઘગર્જના સંભળાવા લાગી. વીજળીના કડાકા થયા. ડુંગરમાંથી પાણી, ઝાડમાંથી પાણી, આકાશમાંથી પાણી, બધેથી પાણી પાણી પડી રહ્યું. જ્યાં પાણીનો પાર ન હતો એવા સરોવરમાં ઠેર ઠેરથી પાણી પડવા લાગ્યું. સરોવરમાં પડેલું પાણી દડો ઊછળે તેમ ઊછળતું હતું. આ દૃશ્ય ભયંકર છતાં સુંદર હતું. ધરતી કે આકાશ કાંઈ દેખાતું નહતું. જળ બંબાકાર. પાણીમાં અમારી નાવડી ડોલાં ખાતી હતી. પવન ઝપાટામાં વાતો હતો. અમારી હોડીનાં છાપરાં ડગમગી ગયાં હતાં. અને હોડીમાં ધરતીકંપ જેવા આંચકા લાગતા હતા. પાણી સાફ હતું, ઊંડાઈ અમાપ હતી. હું ગભરાયો. ઉપર આભ, સામે પહાડ અને નીચે પાણી. આ વરસાદના જોરમાં જાણે બધું એકાકાર થઈ ગયું લાગ્યું. મને તરતાં આવડતું નહતું. આથી મને એકલાને જ વધુ ગભરાટ હતો. મારા ત્રણે સાથીઓ અને ભાઈ જયમલ તરવૈયા હતા ગાયક પણ હતા. તેમને તો વરસાદમાં અને આ તોફાનમાં તાન ચઢ્યું. તેમણે ગાયું 'તું બરસે જા બરસે જા બાદરિયાં' અને આ પડકારને ઝીલતો વરસાદ વધુ જોરમાં તૂટી પડ્યો. મારી બીક વધતી હતી. મને મૃત્યુ ડાચું ફાડીને સામે ઊભેલું દેખાયું. આવા તોફાનમાં અમારી નાનકડી હોડકીનો શો હિસાબ ! એક જ ઝપાટે ઊંધી. અમે

ાબર સાચવીને સમતોલ બેસવાનો અહીં પ્રયત્ન કર્યો હતો. મહા-
ુનતે અમારી હોડીને એક નાળા પાસે રોકી પાડી. હોડીનું
પરૂ સમું કર્યું. ત્યાં ઇંદ્રધનુષ્ય દેખાયું. અંધકારમાંથી પ્રકાશ
ાવતો દેખાયો. સૂર્યનાં કિરણોએ આવી ઝટ બીનાને ચમકાવી મૂક્યું.
ને અસ્તાચળેથી સૂર્યે આખી પૃથ્વીને લાલરંગે રંગી નાખી.

આવા ભયંકર અને અદ્ભુત દૃશ્ય પછી સહીસલામત રહ્યા
ી આ સ્થાન વધુ સુંદર લાગ્યું. મને આ હોડીવાળા મારા કરતાં
સુખી લાગ્યા. આટલી સુંદર કુદરત, જગતનું સ્વર્ગ જેવું આ
ળ તેમને તો રોજ જોવાનું, રોજ મહાલવાનું. મને શ્રીનગરમાં
ુવાનું મન થયું. રહીને ધંધો શો કરવો, તો નક્કી કર્યું કે હોડી-
ળા બનવું. રોજ આઠ દસ કલાક મહેનત કરી શ્રમજીવી બનવું
ને કળાના ભૂસ્વર્ગ સમા આ ધામમાં રહી શરીર અને મન બંને
ુલ્લિત અને સશક્ત બનાવવાં. પણ આ વિચારો તો નવું જોયું
ટલે નવું નવ દહાડા જેવા હતા. જો કે આ વિચાર જ માત્ર
ીને હું બેસી ન રહ્યો પણ તેની પ્રાથમિક તૈયારીમાં હું પાસ
ઈશ કે નહિ તે જોવા મેં મારા હોડીવાળા પાસેથી હોડી લઈ તેને
સી રહેવા કહ્યું. શરૂઆતમાં હોડી સ્થિર બની ગઈ, મારી મશ્કરી
ઈ, પણ મેંય ઠબાક ઠબાક શરૂ કર્યું અને અર્ધો કલાક જેલમમાં
ડી હાંકી. વધારે મહાવરો થાય તો આવડે એમાં શંકા નથી.
જૂરીના કામમાં ત્યાં જ આટલું સખ્ત છતાં મને તે કામ કરવા
ાકર્ષણ થયું. શું આ હોડીવાળાને આ સ્થળ પ્રત્યે આકર્ષણ હશે?
ને આ ગાંડી બનેલી કુદરતમાં રસ હશે? આ હોડીવાળાને તો
જના બાર આના મળે તો જ આ સ્થળ—આ દૃશ્ય રસ ઉત્પન્ન
 રતું હશે. દસ કલાક બંને હાથે ઠબાક ઠબાક કરી આ હોડીવાળા
રાય અટક્યા વગર હોડી ચલાવે છે અને પરસેવે રેબઝેબ બની
ાય છે. તેમનું શરીર લાલ, કાંડું સખ્ત અને છાતી પહોળી હોય



તંબુજીવન. પહેલગામ.



કમળપર મોતીનાં બિંદુ.

છે. ગૂજરાતી સિવાય બીજા તો ભાગ્યે જ તેમને વધારે પૈસા આપતા હશે. ગૂજરાતીને આ બધી નવાઈ છે. કારણ કે તેમને નદીની સહેલગાહની ટેવ નથી, પર્વતોના પ્રદેશોનો અનુભવ નથી.

આ સ્થળે ભૂખ સારી લાગતી. જો કે અહીં વીશીઓમાં ખાવાનું મળતું છતાં તેમાં સ્વચ્છતા બિલકુલ ન મળતી. વીશીવાળા બધા શિખ લોકો, વિશીમાં પેસતાં જ ધુમાડો, તાપ અને રોટી કેમ પકાવાય છે તેનું દશ્ય, અસ્વચ્છ દેખાતાં ઊકળતી દાળ અને શાકનાં પહેલાં દર્શન. જાતે જોયા પછી આ ખાવું કોને ભાવે ! આ દુઃખ દૂર કરવા પૂ. ઠક્કર બાપાની હૂંડી (અમારી સગવડ માટે લખી આપેલ ભલામણની ચિઠ્ઠી) વટાવી. અહીં અમારો સારો સત્કાર થયો. અમરનાથ જવા જેટલું ગરમ ઓઢવાનું જોઈએ તેટલું અમારી પાસે ન હતું. અહીં ત્યાંની ઠંડી વિષેની માહિતી મળી અને બાર ઉંચીના કામળા મળ્યા. બાજુમાં પાકાં ટામેટાંનુ ખેતર હતું. જેને ન્યાયની જરૂર છતાં તે મળ્યો ન હતો. લચી પડતાં લખોટા જેવડાં પાકાં ટામેટાંને ન્યાય આવવાનું શુભ કાર્ય વારંવાર કરી અમે શ્રાવણ સુદ ૧૫ ના મેળામાં ઝટ જવા શ્રીનગર છોડયું. અમરનાથ જવા અમારે પહેલું પહેલગામ જવાનું હતું.

શ્રીનગરથી પહેલગામ થઈને અમરનાથ

શ્રીનગરથી અમરનાથ જવા માટે ૬૦ માઈલ મોટરમાં જવું પડે છે. ત્યાંથી પગપાળા ૨૯ માઈલ જવાનું હોય છે. પહાડોમાં એટલાં બધાં કુદરતી દશ્યો જોવા મળે છે કે જેટલાં બીજે ક્યાંય મળતાં નથી એમ હિમાલયથી વધુ પરિચિત યાત્રીઓનું કહેવું છે. વળી આ યાત્રા જોખમકારક પણ છે. શ્રીનગરથી ૫૦ માઈલ દૂર માર્તંડ (મટન) આવે છે. અહીંથી પંડાઓ પણ યાત્રીઓ સાથે અમરનાથ આવે છે. અહીં જરૂરી સામાન પણ મળે છે. કૂલીઓ

પણ અહીંથી મળે છે. ૨૫, ૩૦ પંડાઓ મોટરને ફરી વળ્યા અને અમે ક્યાંથી આવ્યા છીએ તેની પૂછપરછ શરૂ કરી. તેમની પૂંજી સમો મોટો ચોપડો જે દરેક પાસે હતો તે બતાવતા.

ચાર પાંચ પંડાઓ તો પોતાને ત્યાં ગૂજરાતના મોટા મોટા શહેરના ઘાંચી, દરજી, સોની, લુહાર, ડૉક્ટર, વકીલથી માંડીને ઠેઠ બ્રાહ્મણ સુદ્ધાં સર્વ આવી ગયા છે તેની યાદી વંચાવતા. એક પંડાએ તો શરૂ કર્યું કે ભાવનગરના મહારાજા મારે ત્યાં આવેલા, જોજો બીજે ન ઊતરતા. હું સરકારનો પંડો છું. જુઓ આ હસ્તાક્ષર સરકારના. મારું નામ અનંતરામ. બીજો પંડો પાછો પોતાનું ભાષણ ચાલુ રાખતો. આથી અનંતરામ ડગ ન ભરતો. રખેને તેની મહેનત કરેલી બીજો ખાઈ જાય. અમે તો ગમે તેનું સાંભળતા. વગર પંડાએ અમરનાથ જવું હતું છતાં આ અનુભવ લેવા જેવો હતો, એટલે હા ના જ્યાં કરવા જેવું લાગે ત્યાં કરતા. વખત આવે 'એમ, શું કહો છો ?' પણ કહેતા. તેને વાત સાંભળ્યાનો સંતોષ થતો. મોટર ઉપડી. મને અનંતરામે કહ્યું મેરા નામ યાદ રહા ? મેં કહ્યું અનંત-રામ. મને પાક્કા ગૂજરાતીનું વિશેષણ મળ્યું. વળી બીજો પંડો જે અમારી પાછળ મચ્યો હતો તેને લાગ્યું કે અનંતરામ કમાણી કરી જશે એટલે તેણે કહ્યું મારૂં નામ ગંગારામ, ગંગારામ, ગંગારામ. અનેકવાર પોતાના નામનું ઉચ્ચારણ કરતો તે મોટર પાછળ થોડું દોડતો આવ્યો. માનસશાસ્ત્રનો મને આ અભ્યાસી લાગ્યો. અનંતરામનું નામ હું ભૂલું માટે તેણે અનેકવાર ગંગારામ સંભળાવ્યું હશે !

પહેલગામ મોટર અટકી. ચારે બાજુ વિશાળ સ્થળે ઠેર ઠેર તંબૂ લાગી ગયા હતા. એક ભાઈની ભલામણથી રહેવા તંબૂ શોધી લીધો. શ્રીનગરમાં એક ગોવિંદજી નામનો પંડો મળેલો. તેણે અમારે તેને ત્યાં જવું એમ કહ્યું હતું. કારણ કે તે સૌથી પહેલો મળ્યો હતો. માટે ય અમારે તેને કમાવડાવવું જોઈતું હતું પણ અમે નહિ ગાંઠેલા.

અહીં અમને વ્યવસ્થિત ગોઠવાયેલા જોઈ તે કહે ' હું તમને શ્રીનગર મળ્યો હતો, એટલે જ આ ઉતારાની તમારે સગવડ થઈ ગઈ.' જાણે તેની કૃપા પર બધા નભે છે એમ કહી તેની પૈસા પડાવવાની ઇચ્છા હતી. પણ કંઈ ન મળતાં છેવટે કંટાળી તે ભાગી ગયો. આ પંડાઓને નવાઈ તો ત્યારે લાગી કે જ્યારે છેવટે કંટાળીને મેં સંભળાવી દીધું કે હું વગર પંડે અમરનાથ જનાર છું. તેમણે કહ્યું કે પંડા વગરની જાત્રા સફળ જ ન થાય. આ બધા પંડા બીડી પીતા હોય છે, ચા ઢીંચતા હોય છે, પાન ખાતા હોય છે, જુગાર રમતા હોય છે અને છતાં યાત્રાના પુણ્યમાં ભાગ અપાવવા ઈશ્વરના દલાલ થવા ફાંફાં મારતા હોય છે. પહેલગામ જોયા પછી ખૂબ આનંદ થયો. નૈસર્ગિક સુંદરતાની દષ્ટિએ આ સ્થાન અદ્‌ભુત છે. અમરનાથ ન જવાય તો કંઈ નહિ પણ પહેલગામ તો જોયું એવો સંતોષ થયો. હિમાલયમાંથી ઊતરતી, પછડાતી, છલકાતી, નદીઓ ઘણા જ જોસથી વહે છે. પાસે જ પૂર ઝડપે નદી વહી જતી હતી. ઝાડો એટલાં બધાં ઊંચાં હતાં કે પર્વતની હરીફાઈ કરતાં હોય અને ડુંગરો પર જાણે વનસ્પતિના ગાલીચા પાથર્યા હોય એમ લાગતું હતું. આ સ્થાન જોયા પછી મને થયું કે કુદરત કેમ પક્ષપાતી છે? એક જોઈએ અને બીજું ભૂલીએ એવાં આ દશ્યો હતાં. કુદરતે કેમ અહીં આટલું બધું સૌંદર્ય ઠાલવ્યું છે? અમદાવાદથી ઠેઠ વલસાડ સુધીમાં એક પણ ડુંગર જોવા મળતો નથી. વળી આ સ્થળે વસ્તી પણ જૂજ છે. અને જે છે તે પણ પોતાની કંગાળિયતને લીધે એ સૌંદર્યનો ઉપભોગ કરી નહિ શકતી હોય. ભાલનો પ્રદેશ ક્યાં અને આ ક્યાં! કુદરતે એકને છલોછલ આપ્યું છે બીજાને મુદ્દલે નથી આપ્યું.

એક નોંધવા જેવો પ્રસંગ અહીં બની ગયો. પાસેની નદીમાં એટલા જોરથી પાણી વહેતું હતું કે સામો કાંઠો પંદર જ ફીટ દૂર હતો અને પાણી કેવળ સાથળ સુધીનું હતું છતાં ત્યાં જવું શક્ય

ન હતું. પાણીમાં કંઈક તણાતું હતું. બધા ઊભેલાને લાગ્યું કે કોઈ ડોશીમાનો સાડલો તણાતો જાય છે. પણ તેને પકડવા કોઈએ હિંમત ન કરી. બીજી એક કલ્પના એવી પણ કરવામાં આવી કે એ કદાચ ડોશી જ હશે. જોયું તો એક ટટ્ટુ ઝપાટામાં તણાતું જતું હતું. આઠ દશ જણા પડયા, એને કાઢયું પણ આટલા જોસ અને ઘસારામાં તે ખલાસ થઈ ગયું હતું. આટલું બધું ઝડપી પાણીનું વહેણ અહીં જ જોયું.

અમરનાથ જવા માટે બધા યાત્રીઓ અહીં ભેગા મળી જતા હોય છે. વળી આ સમયે રાજ્ય તરફથી સારી સગવડ મળે છે. મોટો સંઘ આ જાત્રાએ જાય છે. આ સમય સિવાય અમરનાથ જનારને રાજ્યની પરવાનગી મેળવવી પડે છે. કારણકે મરણ કે અકસ્માતનું અહીં પૂછવું જ શું ?

સામાન માટે કૂલી કર્યા વગર છૂટકો જ ન હતો. આ મુસાફરીનો ભય એટલો બધો દેખાડવામાં આવેલો કે નબળા પોચાની તો જવાની હામ જ ન ચાલે. હું નીકળ્યો હતો જોવા અને ખૂંદવા. વળી મોટો સંઘ જોડે હતો. વૃદ્ધો હતા, સ્ત્રીઓ હતી, બાળકો હતાં, ભૂદેવો હતા, સાથે સાધુઓ પણ હતા, એટલે બીક ઓછી હતી. અહીં ભાષાની મુશ્કેલી હતી. બધે મુસાફરીમાં હિન્દી અને અંગ્રેજીથી ટટ્ટુ ચાલતું પણ અહીંના પહાડી કાશ્મીરી કૂલી હિન્દી પણ નહોતા જાણતા.

ટટ્ટુવાળા સાથે સામાન ઊંચકવાનું નકકી કર્યું. રાજ્ય તરફથી દરેક કૂલીનો નંબર નકકી કરેલો હોય છે. અમારે પૈસા રાજ્યમાં ભરવાના હતા. પાછા આવીને પહોંચ આપીએ એટલે કૂલીને તેની મહેનતના ૭-૮-૦ અમે જે ભરેલા તે રાજ્ય તેને આપી દે. આ સગવડ સારી હતી. કૂલી નાસી ન જાય અને અમારાથી નિરાંતે ફરી શકાય. અમારા કૂલીનું નામ હતું હબીબર્ટ. નામ હતું

અંગ્રેજ જેવું પણ તેને અંગ્રેજી કે હિન્દી આવડતું નહોતું. હું આ મુસાફરીમાં દરેક સાથે હિન્દીમાં વાત શરૂ કરી જો તે ન સમજે તો અંગ્રેજી બોલતો અને અંગ્રેજી ન સમજે તો માનવોની આદિ ભાષા અભિનયનો આશરો લેતો. મેં મારા એ રિવાજ મુજબ આ હબીબર્ટ સાથે હિન્દી અજમાવ્યું પણ તે કાંઈ સમજ્યો નહિ એટલે અંગ્રેજી શરૂ કર્યું. પણ તે પણ વ્યર્થ. મારે માટે ઉપાય ન હતો. અભણ ગરીબ કાશ્મીરી મારું હિન્દી કે અંગ્રેજી ક્યાંથી સમજે ? સવારે ચાર વાગે પહેલગામથી નીકળવા તેને ટટ્ટુ વહેલું લઈ આવવા જણાવવાનું કપરું કાર્ય મારે વગર ભાષાએ બજાવવાનું હતું. મેં ચાર આંગળી બતાવી, ગોટા ગબડાવી તેને સમજાવ્યું કે ચાર વાગે ઊપડવાનું છે. હું તેનો મુકામ પણ જોઈ આવ્યો. રાત્રે હું તંબૂમાં સૂતો હતો. ઠંડી સારી પડતી હતી. સવારે ત્રણ વાગે ઊઠી ચાર વાગે ઊપડવાનું હતું. મધરાત પછી હું જાગ્યો. બધાને જગાડી હબીબર્ટને બોલાવવા ઊપડયો. કંદોઈની દુકાને જોયું તો હજી દોઢ વાગ્યો હતો એટલે પાછો મુકામે આવીને ઊંઘી ગયો. આકાશમાં વીજળીના કડાકા થતા હતા. મને થયું કે હમણાં વરસાદ પડે અને નિરાંતે ઊંઘવાનું મળે તો સારું ! પણ પરોઢિયું થતાં તો આકાશ સ્વચ્છ થઈ ગયું હતું. 'અમરનાથબાબા કી જે' બોલતા, ધજા સાથે કેટલાક પૂજારીઓ દૂર દૂર પહોંચી ગયા હતા. આવી મુસાફરીમાં તંબૂ ન હોય તો સૂવાની ભારે મુશ્કેલી વેઠવી પડે છે. જો કે રાજ્ય તરફથી સાધુઓ અને મહેનત કરે તો પ્રવાસી માટે પણ તંબૂની વ્યવસ્થા થતી હોય છે. તંબૂ લેવો કે નહિ તેની લાંબી ચર્ચા પછી મારી હિંમત અને તંબૂ મેળવી લેવાની આવડત પર આધાર રાખી એવું નક્કી કર્યું કે તંબૂ ભાડે ન લેવો. આવી મુસાફરીમાં ઘણીવાર નવા નવા માણસોના પરિચય થતા. અહિં દેવરાજ નામે પંજાબી સાથે ઓળખાણ થઈ. તે અને હું ખૂબ ઝપાટામાં દોડતા, આગળ જઈ તુરત ઠોકાતા તંબૂએ પહોંચી તેના વ્યવસ્થાપકોને મળી, મંડી, સમજાવી તંબૂ મેળવી લેતા. આ

ભાઈ ચાલવામાં મને પ્રેરણારૂપ હતા. તંબૂની તપાસને માટે ચાલવાનું ઝપાટામાં રાખ્યું હતું. આથી લાભ એ થતો કે અમે પહોંચતા ત્યાર પછી ચાર કલાકે પણ છેલ્લો માણસ આવી ન રહેતો.

પહેલગામથી ચંદનવાડી આવતાં ખૂબ ઝપાટો લગાવ્યો. સેંકડો માણસોને પાછળ પાડી દીધા. જ્યારે ઊતરવાનું આવતું ત્યારે તો જાણે અમે ચાલતા જ ન હોઈએ એમ કોઈ પણ જાતના શ્રમ વગર ઊતરી પડતા, પણ ચઢતી વખતે કંઈક શ્રમ પડતો. પહેલગામથી ચંદનવાડી નવ માઈલ થાય છે. જેમાં ત્રણ માઈલનો ચઢાવ, બે માઈલનો ઉતાર અને ચાર માઈલ સીધું ચાલવાનું આવે છે. પર્વતની મુસાફરીમાં આ અમારું પહેલું આરામનું સ્થાન હતું. જો કે સાંધા છૂટા થઈ ગયા હોય એવો થાક લાગ્યો હતો છતાં ધારેલ સ્થળે પહોંચ્યા વગર ઉપાય ન હતો. આ થાક એટલો બધો હતો કે આરામ માટે ઊંઘની જરૂર હતી. અહીં ઊંઘ સ્થળ કે સમય ન જોતી. બસ પડયા કે ઘસઘસાટ. બે ત્રણ કલાક ગમે ત્યાં ઊંઘી લેતો. આથી જરા શાંતિ મળતી. પેલી કહેવત સાચી છે તેની અહીં પ્રતીતિ થઈ: ઊંઘ ન જુએ તૂટી ખાટ, ભૂખ ન જુએ લૂખો ભાત'

આ બાજુ આવતી વખતે કહેવામાં આવેલું કે નાહવાની પંચાતમાં ન પડતા; કારણકે ખુલ્લી હવામાં બરફના પાણીમાં નાહવું જોખમકારક છે. પહેલગામમાં મારી નાહવાની હિંમત ન ચાલી. ચંદનવાડીમાં આવતાં ત્રણ વાર બરફ જોયો. પહેલ વહેલો બરફ જોયો ત્યારે મને બહુ આનંદ થયો. સો મણનો એક ટુકડો એકલવાયો કોણ જાણે કયાંથી છટકી ભાગી આવેલો પડયો હતો! એ કયાંથી આવ્યો હશે તેની શોધખોળની પંચાતમાં હું ન પડયો. મેં પથ્થર વડે બરફ તોડી ખાવાનું શરૂ કર્યું. કહે છે કે આ બરફ ખાવાથી ઊલટી ભૂખ વધુ લાગતી હોય છે, અને મારો પણ તે જ અનુભવ થયો છે. અહીં પણ મારી નાહવાની હિંમત ન ચાલી. કારણકે ખૂબ ઊંચા

સ્થળે હતા તેથી ઠંડી વિશેષ હતી અને તંબૂથી ૨૫ ફીટ દૂર જ બરફનું મોટું ગરનાળું પડયું હતું. કપડાં મેલાં હતાં એટલે ધોવા જવાનું ત્રણ વાગે રાખ્યું હતું. કપડાંનું તો જેમ તેમ પતાવ્યું પણ નાહવું જોખમકારક હતું. એક શીખ ભાઈ પાસેથી થોડું તેલ લઈ શરીરે માલીસ કર્યું, થોડા દંડ કાઢયા, અને પ્રવાહમાં હું બેઠો. પગનો ભાગ જાણે લકવો થયો હોય એવો ઠંડો પડી ગયો હોય એમ લાગ્યું. હું પાણીમાંથી ઝટ બહાર નીકળી ગભરાટમાં ખૂબ કૂદવા લાગ્યો. મને લાગ્યું કે હવે હું સહીસલામત છું. મેં ધોયા પછી મેં તેલ નાંખેલા મારા માથામાં આ પાણી છાંટયું. તે ઠંડું તો લાગ્યું જ ઉપરાંત બીજી પણ એક ઉપાધિ થઈ; મારા લાંબા વાળ બાઝી ગયા અને એવા બરછટ બની ગયા કે કાંસકો કામ ન આપી શકયો. તે આજે મહાત બની ગયો. હજામને બોલાવી સફાચટ કરી નંખાવું એમ થયું. મને માથું ભારે ભારે લાગવા માંડયું. સાબુ વડે સાફ કરવા યત્ન કર્યો પણ ઠંડુ પાણી જેમ જેમ આવ્યું તેમ તેમ ઊલટું સાબુને લીધે માથું બરાબર જામતું જતું હતું. હું કંટાળ્યો ત્યાં મારા સાથીએ મશ્કરી કરી, "તમે ખરા માથાની પાછળ મંડયા છો!" મને ખૂબ તણાતું હતું. છેવટે એક ઉપાય સૂઝયો. ગરમ પાણી વડે સાફ કરવાથી ફેર પડયો અને ત્યાર પછી મેં એ મુસાફરીમાં કદી તેલ ન નાખ્યું. આ પછી શ્રીનગર પહોંચ્યા ત્યાં સુધી નાહવાની મારી વૃત્તિ ન જાગી.

અમરનાથની આ યાત્રામાં કેટલાંક નાનાં બાળકો ગજબ કરતાં. પંજાબની આઠ દસ વર્ષની કેટલીક છોકરીઓ તો સડસડાટ ચાલી જતી. આથી વાતાવરણમાં હરીફાઈ જન્મતી અને બીજાને પણ ઝપાટાભેર ચાલવાની પ્રેરણા મળતી. અહીં કેટલાંક કરુણાજનક દશ્યો પણ જોવા મળતાં. કેટલીક વૃદ્ધાઓ તો વારંવાર બેસીને પણ યાત્રા પૂર્ણ કરતી. અમારાથી બે કલાક આગળ નીકળનાર ડોશીમાને જ્યારે એક સ્થળે થાકીને બેઠેલાં જોતો ત્યારે મને થતું કે આ જાત્રા ડોશીમાએ

ન કરી હોત તો શું બગડી જાત? અને નક્કી કરેલે સ્થળે મારા પહોંચી ગયા પછી તે બે કલાક બાદ આવતાં અને મોં પહોળું કરી લાંબા થઈને પડતાં. અને બીજે જ દિવસે આનું આ દૃશ્ય ફરી જોવા મળતું. ડોળીવાળાની દશા કરુણાજનક હતી. જાડા ચાર મણિયા મુસાફરને છ કૂલી ડોળીમાં ઊંચકતા. રસ્તો સાંકડો, ઊંચું નીચું ખૂબ ચઢવાનું, વળી મારા જેવા અનેક મોડા નીકળી, આગળ જવા ડોળીવાળાને વટાવવા ડખલ કરતા. કોક ટટ્ટુ પણ કૂલીના હાથમાંથી છટકી દોડયું આવતું, ઘોડા કે ટટ્ટુના બેસવાવાળા પણ ઘોડાને આગળ ચલાવતા અને ડોળીવાળાને ખસવું પડતું. સામાન માટે રોકાયલા કેટલાક કૂલીઓ પણ ભીડમાં ઓછી જગ્યામાં ભાગ પડાવી હેરાન થતા અને કરતા. જે સ્થળે ચડતાં થાક લાગતો, ભલભલા નવજુવાન પણ હાંફી જતા તે સ્થળે આ કૂલીઓને સામાન લઈને ચઢતા જોવા એ દૃશ્ય કેટલું કરુણાજનક હતું? એ કૂલીના મોં પહોળાં થઈ જતાં અને શ્વાસ લેતાં પણ તેમને મુશ્કેલી પડતી હોય એટલો બધો થાક તેમના દેદાર પરથી દેખાતો.

ચંદનવાડી રાત ગાળી સવારે પાછું આગે કૂચ કરવાની હતી. ઊંઘ ખૂબ આવતી. ગરમ કામળા પાથરી બધા સીલ કર્યું હોય તેમ ઓઢીને સૂતા કે જેથી ટાઢ ન લાગે. જો આમાં તંબૂ ન હોય તો ભોગ મળી જાય. રાત્રે તો ખૂબ ઠંડી હોય છે. આખા હિન્દુસ્તાનમાં હિમાલયના પહાડો સિવાય આટલી બધી ઠંડી બીજે ક્યાંય પડતી નહિ હોય.

ચંદનવાડીથી શેષનાગ સાત માઈલ દૂર છે. આ સ્થળે જે ચઢાવ આવે છે તે સૌથી ઊંચામાં ઊંચો અને સીધો પાંચ માઈલનો છે. પહાડ દેખાય છે તો સામો પણ આ પિશુઘાટીનો ચઢાવ ચઢતાં છાતી અને પગ બંનેનો દમ નીકળી જાય છે.



(અમરનાથ જતાં) શેષ નદીની શરૂઆત

અહીં લગભગ અમે ૧૧,૫૦૦ ફીટની ઊંચાઈએ હતા. પોષાકમાં મેં બંડી, તેના પર પહેરણ, તેના પર બે ગરમ બંડી, અને ગરમ કોટપાટલૂન પહેર્યાં હતાં. ગરમ મફલર ગળે વીંટેલું હતું. આ બધું છતાં ઠંડી લાગતી હતી. અહીં આવતાં ઘણા સલાહકારો કહેતા કે હાથે પગે ગરમ મોજાં રાખજો, લોખંડની નાળવાળી લાકડી રાખજો, બૂટ લેજો, વગેરે. પ્રથમ દિવસે મેં ખૂબ જ ઝપાટામાં લાકડી વગર જ ચાલી નાંખ્યુ. નવા બૂટ હતા એટલે બીજે દિવસે તે ડંખ્યા અને પગની આંગળીને અને બૂટને તકરાર થઈ. બૂટે આંગળીને પ્રહાર કર્યો. આંગળીએ મનને ફરિયાદ કરી એટલે સજામાં બૂટને રુખસદ આપવામાં આવી. હવે મારે બૂટ કે ચંપલ વગર ચાલવું એ જ ઉપાય રહ્યો. રસ્તામાં બરફમાં બૂટ વગર કેમ ચાલવું તેની ચિંતા હતી જ. ઘણા મને ખુલ્લે પગે જોઈ ટોકતા કે તમારા પગ ખરાબ થઈ જશે. મારે તો હું બૂટ પહેરું તો દુઃખ હતું. ચાલવાની ઝડપ ગોકળ-ગાય જેવી બને અને દુઃખમાં દુઃખ વધે. મારા સાથીની પણ આ જ દશા હતી. અમે ચંપલ અને બૂટની અદલાબદલી કરી. પણ તેમના ચંપલ હું બરફ પર જ વાપરતો. બાકી ખુલ્લે પગે દોડયે જતો. ભયંકર ચઢાવમાં બીજે દિવસે લાકડીએ મને સારો ટેકો આપ્યો. ગૂજરાતની સ્ત્રીઓ કરતાં પંજાબ કે કાશ્મીરની સ્ત્રીઓ વધુ બહાદુર લાગી. તે પણ ચાલવામાં પાછળ ન પડતી. તેમને તે સ્વાભાવિક હતું. ઘોડેસ્વાર સ્ત્રીઓ પણ જોવા મળતી. મોટર આવ્યા પછી ઘોડાગાડી નામની જ ટકી રહેલી છે, અને સાયકલે ઘોડેસ્વારીને રૂંધી નાખી છે. ત્યારે અહીં આ મર્દ જેવી બહેનો આવે સ્થળે ઘોડા હંકારતી જોવામાં આવે છે. આવી જાત્રામાં જેને ઘણાં બાળકો છે તેમણે મહેરબાની કરીને ન આવવું. મારા સ્વાનુભવનો આ એક દાખલો છે. રસ્તો ખૂબ ઊંચે ચઢવાનો હતો. ચાર પાંચ ફીટની પગ દંડી હતી. નીચે પાણી અને ઊંડી ખાઈ હતી. એક મુલતાની અને તેમનું કુટુંબ જતું હતું. પત્ની ટટ્ટુ પર બેઠેલી. સાથે જ એક બાળક


આગળ અને બીજું પાછળ. ત્રીજું ટટ્ટુવાળાએ ઉપાડેલું. રસ્તો મુશ્કેલ હતો. ટટ્ટુ સંભાળનાર કોઈ ન હતું. પેલા સાહેબ (પતિ) તેમની પત્ની પાછળ જે બાળક ટટ્ટુ પર હતું તેને સંભાળી રહ્યા હતા. ટટ્ટુને કોણ દોરે ? આ સમયે તેમના પત્નીના મોં પર ગભરાટ અને ભય દેખાતો હતો. હું આમને વટાવતો દોડયે જતો હતો, ત્યાં મેં આ લોકોના મોં પર એમ વાચ્યું કે તેમને કોઈની જરૂર હતી. મેં મૌખિક વિવેક કર્યો, "May I help you?" મૌન અને ઇશારાથી હું સમજ્યો અને મેં પ્રથમ જ ટટ્ટુને દોર્યું. વિકટ પરિસ્થિતિ પસાર થઈ ગઈ અને મને 'Thanks very much' કહી પેલા ભાઈએ છૂટો કર્યો.

આ મુસાફરીમાં તંબૂ એક જ જાતના હતા. કોઈને કલ્પના પણ ન આવે કે પહાડોમાં મુંબાઈના આઝાદ મેદાન જેવાં કે તેની પણ સરસાઈ કરે એવાં વિશાળ મેદાનો હોઈ શકે છે. આવા રસ્તા પર રાજ્યના તંબૂની હારની હાર લાગી ગઈ હતી. અમે તો તંબૂ મેળવવાની કળા શીખી ગયા હતા. આગળ જઈ તંબૂ મેળવી જ લેતા. તંબૂ પર નંબર ન હતા, તેમ નિશાની રાખવા કામ આવે એવાં ઝાડ પણ ન હતાં, એટલે તંબૂ શોધવા મુશ્કેલ થઈ પડતા. વળી સવારના શ્રમ પછી આઠ દસ કલાક એકને એક સ્થળે રહેવાનું હતું, એટલે નદી, બરફ, ઝરણાં વગેરે જોવા થોડું ફરતા. જેમ જેમ ઊંચે જતા તેમ તેમ ન ધારેલી સહન કરવાની તાકાત આવી મળતી. ઠંડી ખૂબ હતી પણ ઊંચે ચઢતાં જે કસરત થતી તેથી અમારો પ્રાણ અને શરીર એટલાં બધાં સ્ફુર્તિમય બનતાં કે આ ઠંડી સહન કરવાની શકિત આવી જતી. હું પણ આ વખતે શેષનાગમાં ભૂલો પડયો. બે ચાર બીજા બીજા તંબૂમાં ઘૂસી ગયો, અને સાથીઓને બદલે બીજાં સ્ત્રીપુરૂષો બેઠેલાં જોયાં. ભોંઠો પડી, ભૂલ થઈ બોલી, ગમ્મત માનતો પાછો ફર્યો. ખરી મઝા તો ત્યારે આવતી કે જ્યારે હું મારા જેવા

બીજા ભૂલા પડેલાને જોતો. હજારો તંબૂઓ એક જ જાતના ત્યાં શું થાય? એક ડોશી શૌચ જઈ પાછાં ફર્યાં બાદ જ્યારે પોતાનો તંબૂ ન શોધી શક્યાં ત્યારે મોટેથી કલ્પાંત કરવા લાગ્યાં. આવે જાત્રાને સ્થળે પ્રસંગો એવા બનતા કે જેને પાપ કહેવાય કે નહિ! ઘણા પોતાના નાના બાળકને ઊંચકવા કૂલી રાખતા. બિચારા કૂલી આઘા પાછા થઈ જતા. રખેને બાળકને લઈને કૂલી ભાગી જશે એ ખ્યાલે તેના બાપ ચિંતામાં પડતા અને કૂલીની શોધાશોધ કરી મૂકતા. કૂલી જડતો તો તેને ગાળો અને પ્રસાદ મળતાં. ભયંકર ચઢાવ આવતો ત્યારે બિચારા ભારથી લદાયલા કૂલી થાકીને પાછળ પડતા, આથી તેમને પોતાના શેઠના ઠપકા અને ગાળો સહન કરવા પડતાં. એક ડોશી ડોળીમાંથી ભોંય ગબડી પડયાં હતાં. તેમની જાત્રા ખરેખરી થઈ હતી. આવે સ્થળે ડોળી કે ટટ્ટુ પર સ્વાર થવું એને હું વધુ જોખમકારક માનતો. કારણ કે આમાં બીજાની જાત પર વિશ્વાસ રાખવો પડતો હોય છે. જ્યારે જાતે મહેનત લેવાથી ટટ્ટુને આધારે રહેવું પડતું નથી.

મુસાફરો તંબૂ માટે અહીં પરસ્પર ઝગડતા. કેટલાક સાધુ બાવાઓ જેમની પાસે ઓઢવા પાથરવાનું નહોતું તેઓ આખે શરીરે રાખ ચોળી ધૂણી ધખાવી રાત દિવસ પડયા રહેતા. આથી આજુ-બાજુ ધૂણી ધૂણી થઈ જતી. થાકમાં આ ધૂણી હેરાન હેરાન કરી નાંખતી. આનો મારે લાભ લેવો હતો. આ મુસાફરીમાં ખાવાનું કચરાપટ્ટી મળતું. અહીં ફળ પણ ન મળતાં કારણ કે ઝાડો આ સ્થળે ટકવાં મુશ્કેલ. પૈસા ખર્ચવા છતાં ખાવાનું ન મળતું. મેં ચા પીવા એકવાર વિચાર કર્યો તો એવી ચા મળી કે થોડું ગરમ પાણી અને ચપટી ચા. દૂધનું તો નામ મળે. ઠંડીમાંથી બચવા આવી ચા પણ પીવી પડી. આ લોકો ચોખા એવા ખાતા કે જે જોવા પણ ન ગમે. આપણે ત્યાં જાડા ચોખા જે ખીચડીમાં વપરાય છે,

તેથી પણ ખરાબ. દાળ ખાવાનો રિવાજ ખૂબ ઓછો. ભાત લૂખો ખાવો પડે અને તેય ઓસાવેલો. દૂધ દસ આને શેર મળતું અને તે પણ દોડવાની હરીફાઈમાં આગળ જઈ શકે તેને જ. અમુક જ મણ દૂધ અને આવડો મોટો માનવ મેળો ભરાય એટલે બીજું થાય શું? આવે વખતે ગમે તે ખાવું પડતું. આવી મુસાફરીમાં જો ખાવાનું સંતોષકારક હોય તો શરીર બહુ સુંદર બને. બીજી મુશ્કેલી હતી શૌચની. પેટમાં પાણી બિલકુલ જતું નહિ. ઠંડું પાણી અને આવો ખોરાક. મેં રસ્તો કાઢયો. બાવાઓ ધૂણી ધખાવી તાપતા હોય ત્યાં જઈ ગરમ પાણી કરી તે પીવું એટલે શૌચની (બંધકોશની) ઉપાધિ ટળે. ગમે તેવો ખોરાક પચાવવા પાણી ખૂબ પીવું જોઈએ. ઠંડું પાણી પીતાં થથરાટ લાગતો. સાંજે એક તાપણીમાં મેં મારું પવાલું મૂકયું. તે જે બાવાની માલીકીની હતી તે આવ્યો અને પૂછવા લાગ્યો, "કોણે આ પ્યાલો મૂકયો છે? લઈ લો. મારી સંધ્યાનો વખત થયો છે." મેં પાંચ મિનિટ રોકાઈ જવા વિનંતી કરી, ત્યાં તો તેણે પ્યાલો ફેંકી દેવાની ધમકી આપી. 'મને કોઈની પડી નથી. મેં સંસાર છોડયો છે. હું સાધુ છું.' મને થયું કે વાહ! સંસાર છોડયા પછી આ તાપણી તેમાંય બાવાને પોતાની માલિકીની ગંધ રહી છે હજી! તો પછી સંસારમાં તમે શું ખોટા હતા! કોઈની પડી નથી એમ કહી ઘણા બાવાઓ ગમે તેવું સંભળાવે છે. સાધુની આંખ લાલ થતાં પ્યાલો મારે ઉઠાવવો પડયો. આવા આ સાધુઓ કે જેમનાથી ભૂલે ભૂલે પણ કોઈનું સારું થતું નથી તેના પર અંધ ભકતો મોટી આસ્થા અને મમતા રાખતા હોય છે. એમને પોષે છે આપણો જ સમાજ. આ સ્થળે મુસાફરી સફળ રીતે અને મોજથી કરવી હોય તો સાધુ બનવા જેવું ખરું. અમને પૈસા ખર્ચવા છતાં ખાવાનું સારું મળતું ન હતું, જ્યારે સાધુ બાવાઓને માટે જમવાની વ્યવસ્થા રાજ્ય તરફથી થતી હતી. પ્રથમ તંબૂ તેમને, પછી સ્ત્રીઓને અને વધે તો આગળ દોડી જતા કોક અમારા જેવાને મળતો.




બરફના પ્રદેશમાં.

શેષનાગથી ત્રીજો પડાવ કર્યો પંચતરણી. ચઢાવ ત્રણ માઈલ, ત્રણ માઈલ ઉતાર અને બે માઈલ સીધો રસ્તો છે. આમાં ચઢાવ અને ઉતાર બંને સખ્ત હતા! ખૂબ ઊંચે જઈ પાછા નીચે ઊતરવું પડતું. માણસોની લાંબી લાંબી હારમાળા દૂર સુધી ચઢતી ઊતરતી નજરે પડતી. વચમાં બરફ આવતો. કેટલાં ય ઝરણાં બરફમાંથી રૂપેરી લીટીઓ રૂપે અવતરી છૂટાંછૂટાં ફરી ભેગાં થઈ પહાડોમાં રાતદિન વહ્યે જતાં હતાં. આ ઝરણાં ભેગાં થતાં ત્યારે મુક્ત કંઠે હાસ્ય કરતાં હોય તેમ આનંદ વ્યકત કરતાં ઝપાટામાં ઘૂઘૂ કરતાં જોસથી વહેતાં હતાં. બરફ, બરફ, બરફ. હવા એટલી ઠંડી હતી કે આ બરફ પથ્થર જેટલો સખત બની ગયો હતો અને પરાણે ઓગળતો હતો. પંચ તરણીમાં પાંચ નદીઓનો સંગમ થાય છે. આ સ્થળે કુદરત એવી હતી કે જે મનુષ્યને પરાણે ટકવા દેતી હતી. ઊંચાઈ ખૂબ હતી—લગભગ ૧૨,૦૦૦ ફીટ. છતાં અમને ઊંચા જ પહાડો દેખાતા જે હજી કહેતા કે હવે આગળ આવો તો ખરા. પર્વતો અહીં નાગા કહેવાતા કારણ કે અહીં ઝાડ, પાન, જીવજંતું કંઈ ભાગ્યે જ ટકી શકતું. ત્યાં માણસનો તો શો હિસાબ? પણ અમારે આજની રાત જ અહીં રહેવાનું હતું. ખાવાપીવાનો તો એ જ ક્રમ ચાલતો. દૂધ ન મળતું. ઊંઘ સખ્ત આવતી. નાહવાના અપવાસ. રાત્રે બધા ઓછામાં ઓછી જગામાં સૂતા કે જેથી ટાઢ સામે રક્ષણ મળે.

પંચતરણીથી પાંચ માઈલે ૧૪,૦૦૦ ફીટ પર અમરનાથ આવે છે. અઢી માઈલ ચઢાવ, દોઢ માઈલ ઉતાર અને એક માઈલ સીધો રસ્તો આવે છે. અહીં દોઢ માઈલ સુધી બરફ પર જ ચાલવાનું હતું. કેટલાં યે નાનાં ઝરણાં ઓળંગવાં પડે છે; નદીઓ ઉપર બરફ રૂપી જે પુલ છવાઈ ગયો હોય છે તેના પર ચાલવું પડે છે. આ બરફ પથ્થર જેવો સખ્ત હોય છે. કોઈ લપસી ન પડે માટે આ બરફમાં રાજ્યના કૂલી લોકો પાવડાથી ખોદીને ચાલવા જેટલો રસ્તો

કરતા હોય છે. જો આ બરફ પોલો નીકળે તો! નીચે તો નદીઓ ધસારા બંધ વહી જતી હોય છે. ખરેખર કાશ્મીરમાં ગમે તેટલું ફરો પણ જો કુદરતનું ભવ્ય ને વિરાટ સ્વરૂપ જોવું હોય તો અમરનાથની યાત્રા કરવી રહી. સામેના ઊંચા પહાડો અમે ૧૪,૦૦૦ ફીટની ઊંચાઈએ હતા છતાં વિશેષ ઊંચા હતા. જાણે આકાશ તેના ઉપર તોળાઈ ન રહ્યું હોય. અજવાળી રાત્રે બરફ એવો લાગતો કે સારાએ ડુંગર પર રૂપેરી ઢાંકણુ ન છાઈ દીધું હોય! નાનકડાં ઝરણાં રૂપાનો રસ નર્યો વહ્યો જતો હોય તેવાં દેખાતાં હતાં. અમરનાથની યાત્રાનું વર્ણન કરવું એ મારા જેવા ઊડાં સુધી ભણેલા માટે કાદંબરી વાંચવા સમાન દુષ્કર છે. ભાવિક લોકો આજે પોતાના નિર્ણિત સ્થાને આવી પહોંચ્યા હતા. વચમાં બરફમાં હું પણ બે વાર લપસી પડયો હતો. માત્ર સહેજ હાથ જ બરફ પર પડેલો. છેવટે અમે અમરનાથ આવી પહોંચ્યા. આજે લોકોનો ઉત્સાહ માતો ન હતો. બાર મહિને શ્રાવણ સુદ ૧૫ને દિવસે વર્ષમાં એક જ વખત અહીં મહાદેવની પૂજા થાય છે. લોકો ધૂપ, દીપ, નૈવેદ્ય કરી ધરાવે છે. અહીં મહાદેવને ઠંડી ન લાગે માટે લોકો જાતજાતનાં વસ્ત્ર અર્પણ કરતા હતા. કેટલાક તો પશમીના પણ ભેટ કરતા. વસ્ત્રોનો મોટો ઢગ થઈ ગયો હતો. એક કાશ્મીરી બાઈ રડતી હતી. તેનો રૂ. ૪૦૦ નો પશમીનો આ ભીડમાં કોઈએ તફડાવી લીધો હતો. અહીં લોકો આત્મસંતોષ મેળવવા ગમે તેવા બ્રાહ્મણ કે અબ્રાહ્મણ જે અમરનાથ સ્વામી કી જે બોલતા તેને દાનમાં કાંઈક આપતા. આ લોકોએ સારી રકમ એકઠી કરેલી હતી.

અમરનાથની ગુફાએ પહોંચવા બીજા ૪૦૦ ફીટ ચઢવાના રહે છે. તેનું દ્વાર સો ફીટ ઊંચુ, ૯૦ ફીટ પહોળું અને સવાસો ફીટ લાંબું છે. અંદર બરફનું કુદરતી શિવલિંગ જોવા મળે છે. ચંદ્રના વધવા સાથે આ લિંગ વધે છે અને ઘટવા સાથે ઘટે છે. પૂનમ સુધીમાં સંપૂર્ણ બને છે અને અમાસે ઓગળી જાય છે. ત્રણસો



મહાદેવ, પાર્વતી અને ગણેશનાં શિખરો.

માણસો માય એવી આ ગુફા છે. પાણીનાં ટીપાં ગુફામાંથી ટપ ટપ પડતાં હોય છે. કહે છે કે અહીં શિવજીએ પાર્વતીને અમર થવાની કથા કહી હતી. આ ગુફા સમુદ્રની ઊંચાઈથી ૧૪.૦૦૦ ફીટ ઊંચા છે. પૂર્વમાં હાતિયાન પર્વત છે. તેની ઊંચાઈ ૨૬,૦૦૦ ફીટની છે. ચારેકોર ચળકતા બરફના ધવલરંગી પહાડોનું દશ્ય અહીં તેના પૂર બહારમાં જોવા મળે છે.

જે સ્થળ માટે કેટકેટલી મુસાફરીની મઝા છોડી, તે સ્થળ જોયા પછી કોણ જાણે બધા મુસાફરો ઝટ ઝટ પાછા ફરતા હતા. કોઈને એમ થતું ન હતું કે આટલે દૂરથી આટલે ઊંચે આટઆટલો શ્રમ વેઠી અને ધીરજ કેળવી જ્યારે આવ્યા છીએ ત્યારે ચારઆઠ દહાડા ગાળી નાંખીએ. ચારઆઠ દહાડા તો ઘેર ગયા પણ કોઈ ચાર કલાક પણ ગાળવા તૈયાર ન હતું. બપોરે તો આ સ્થળે કોઈ ન હતું, જ્યાં સવારે માણસો ઊભરાઈ રહ્યાં હતાં. આનું કારણ એ હતું કે અહીં વસવાટ કરવા જેવી જગા ન હતી, ખાધાપીધાનું કાંઈ સાધન મળતું નહતું. વળી પાંચ માઈલ પાછું પંચતરણી જવાનું હતું. બધા અમરનાથને છોડી પાછા ફરવા લાગ્યા. આટલા ઉમંગથી અને ઉત્સાહથી આવેલો હું પણ બધા ન થોભ્યા તેથી રોકાવાની હિંમત ન કરી શક્યો. કોઈ પણ સ્થળ એવું નહિ હોય કે જે જોવા માટે માણસો આટલા દિવસની મુસાફરી કરે અને ત્યાં નિરાંતે ન રહે. અમારે તો નિરાંત શ્રીનગરમાં જઈએ તો જ હતી. શ્રાવણ વદ પછી તો ઋતુ બદલાય છે અને બરફનાં તોફાનો થાય છે. એવી ભયજનક વાતો ચર્ચાતી એટલે આવા પહાડી પ્રદેશમાં જ્યાં દવા દારૂનું ઠેકાણું નહિ, નાહવાના ફાંફા, ખાવાનું પૂરું મળે નહિ, ત્યાં કોણ પડયું રહે? ઝટ ઝટ પંચતરણી પહોંચ્યા અને આવતાં જે મુસાફરી બે દિવસમાં કરેલી તે પાછા ફરતાં એક જ દિવસમાં પતાવી અમે પંચતરણીથી સીધા ચંદનવાડી આવ્યા. પંદર માઈલની મુસાફરી

જેમાં પાંચ માઈલનો ચઢાવ, આઠ માઈલનો ઢોળાવ અને બે માઈલ સીધા ચાલવાનું આ એક જ દિવસમાં કરી નાંખ્યું. થાક તો લાગેલો હતો જ પણ ઘેર ઝટ પાછા ફરવાની ચિંતામાં બધા જે કરતા તે અમારે કરવું પડતું. ચંદનવાડી આવ્યા એટલે શ્રીનગર નજીક આવ્યા એમ લાગતું. કારણ કે આગળનાં દૃશ્યો જે જોયાં તેના કરતાં અહીં તોફાનની ઓછી ધાસ્તી હતી. પહેલગામ બીજે દિવસે આવ્યા ત્યારે જીવને સહીસલામત પાછા ફર્યાની નિરાંત લાગી. ત્યાંથી મોટરમાં શ્રીનગર ઊપડયા.

બિચારો

ગુજરાતી એટલે માત્ર વેપારવાણિજ્ય કરનાર, પંજાબી એટલે મીઠી જબાન અને હાડે હાડ કપટી, બંગાળી એટલે અતિ સાહસિક અને વિલાસી, એવા સામાન્ય અભિપ્રાયોને નિરપવાદ સિદ્ધાંત માની લઈ આપણે તે તે પ્રાંતોને અને તેના વતનીઓને પણ ભારે અન્યાય કરીએ છીએ. અહીં જે એક ભાઈ વિષે લખું છું તે પરથી તેમના આખા પ્રાંત વિષે કોઈ અભિપ્રાય બાંધે એવું હું લગારે ઇચ્છતો નથી.

દરિયાની અને પહાડની મુસાફરીમાં જો ખરેખરી મોજ માણવી હોય તો ઉદરને સંપૂર્ણ ભરે એવી સંતોષજનક સામગ્રી સાથે રાખવી. એ વિના મન પ્રફુલિત રહેતું નથી. અમારી પાસે પૈસા હતા પણ જ્યાં અનાજ કે કાંઈ મળતું નથી ત્યાં ભૂખ લાગતાં એકલા પૈસા કામમાં આવતા નથી.

અમે હિમાલયમાં ૧૨,૦૦૦ ફીટ ચઢયા. ભારે ઠંડી અને સખ્ત ચઢાવ, વળી તંબૂ મેળવવા પૂરપાટ દોડતા સૌથી પહેલા જવાનો પ્રયત્ન. અહીં ભૂખ સખત લાગતી પણ ખાવાનું સંતોષકારક ન મળતું લગભગ એંસી માઈલ દૂરથી મંગાવાયલું, કૂલી કે ટટ્ટુની ખાંધે ચઢેલું જૂનું, હલકું અમુક જ પ્રકારનું

ખાણું મળતું. આ લોકો ઘઉંની જાડી રોટલીના ફૂલકા કરે છે. મેં આ શબ્દ સુધારી ભીમસેની ફૂલકા નામ પાડયું કારણ કે ગુજરાતની જે સાચે સાચ ફૂલકા જેવી રોટલી છે તેવી તો આ લોકો ચાર છ કોડી ખાઈ જાય. મહાભારતની કથા જાણનારા આ ભીમસેની ફૂલકા નામ સાંભળી હસતા. સુખે દુઃખે પેટની આગ હોલવવા આવા જ ફૂલકા ખાઈ અમે પેટને શાંત કરતા. દૂધ દસ આને શેર મળતું અને તે પણ દોડવાની અને શોધવાની કળામાં જે પારંગત હોય તેને જ.

અમારા ટટ્ટુવાળા કૂલીનું નામ હબીબર્ટ. ભલો, હસમુખો, સંતોષી અને ઓછાબોલો. અમે ચાર ગૂજરાતી સાથે પાંચમા દેવરાજને ટટ્ટુના પૈસાનો ઓછો ફાળો આવે માટે ભાગીદાર નહોતા બનાવેલા પણ એક નવા પંજાબી ભાઈ સાથે જ્યારે ઓળખાણ થયું છે તો શું વાંધો, કામમાં આવશે માની સાથે લીધા હતા તે પોતે શ્રીમંત છે એમ ઠસાવતા હતા. અમે તેમની મિલ્કત જોઈ ન હતી. મારે તે ગરીબ છે એમ કહી ઝગડો કરવાનું કાંઈ જ કારણ ન હતું. મને દૂધ પાઈ પોતે કામચલાઉ પૈસા આપી જ્યારે પંજાબી રેશન લેવા અતિ આગ્રહ કર્યો ત્યારે મને તેમની વૃત્તિમાં ભલાઈ અને મૈત્રિના ગુણો દેખાયા. મારે આ અભિપ્રાય તો ત્યારે બદલવો પડયો કે જ્યારે અમે તેમના ભોજનના પૈસા ન માગ્યા અને તેમણે દૂધનું બીલ મૂકયું. આમ છતાં આ એક જ વાત પર આ પ્રકરણ લખવા કે વિચારવા હું ન બેસત.

અમ ચાર ગુજરાતીઓમાં હું હતો ખજાનચી. ખજાનચી એટલે બધાના પૈસા મારી પાસે રહેતા અને મર્યાદિત પૈસા હતા માટે બજેટમાં કયાં કાપકૂપ કરવી તે પણ મારે જોવાનું હતું. આવે સ્થળે અમે એક દિવસ સ્થિર ન ટકતા અને ટપાલ તો બાર ચૌદ દિવસે ફરી વળે, ત્યાં પૈસા મંગાવવા અને થોભવું મુશ્કેલ લાગતું. હું અમરનાથ જતાં ઠેઠ સુધી મોખરે રહેલો તે હવે ખૂબ પાછળ હતો.

હબીબર્ટે સામાન બરાબર સાચવ્યો છે તેવી પહોંચ અમે સ્ટેટની ઓફિસમાં આપીએ તો જ તેને પૈસા મળે. પહોંચ મારી પાસે હતી એટલે સ્ટેટ તેને પૈસા ન જ આપે. અમારી પાસે ખાવાના પૈસા હતા જ્યારે હબીબર્ટ પાસે પૈસા જ ન હતા. તેણે શું ખાધું હશે તે પ્રશ્ન હતો. બરફ તો અમેય મફત મળતો, એટલે ખાધેલો. પણ આ બરફ તો ભૂખ વધારતો, શમાવતો નહિ. આ પંજાબી પાસે પૈસા હતા. થયું એવું કે ભૂખ્યો ડાંસ, થાકીને લોથ થયેલો હબીબર્ટ પહેલગામમાં પાછા ફરતાં લાંબો થઈને પડયો; તેને ભૂખે ચક્કર આવ્યાં અને થાકે ઊભો ન રહી શકતાં તે ભોંયે પટકાઈ પડયો.

સુખ અને દુઃખ એ જીવનનાં બે પાસાં છે. ચઢતી અને પડતી એ બે જીવનના સ્વાભાવિક ક્રમો છે. પહાડોમાં અમે ચઢયા અને ઊતર્યા. જો કે ઊતરતી વખતે પગની ગતિ કેટલીએ વાર ઢાળમાં પૂરપાટ ફેંકાતી અને ઘોડા જેવી બનતી. અમારી સાથે સમજથી કે અણસમજથી, ઉત્સાહથી કે નિરુત્સાહથી, સ્વેચ્છાએ કે નિરુપાયે રૂપિયા સાડા સાત માટે તેણે ટટ્ટુ સાથે ૧૪,૦૦૦ ફીટની મુસાફરી કરી હતી. ઘડિયાળને ચાવી ન આપતાં તે બંધ પડે છે. તેલ વિના હીંચકો કિચૂડ કિચૂડ બોલે છે. તો આ માનવદેહ, વગર ભોજને ક્યાં સુધી ટકે? તેને ત્રણ ચાર દિવસના લાંઘણ હતાં છતાં તેણે જાતને ઢસરડી હતી. ને એક અક્ષરે બોલ્યો ન હતો. તે ભાડૂતી માણસ હતો તેને અમારી સાથે તેના સાડા સાત રૂપિયા પૂરતો જ સંબંધ હતો એટલે તે સમજીને પણ હક્ક વગર માગતાં અચકાયો હોય. અમે જ એવા થાકી જતા, પૈસા છતાં અર્ધા ભૂખે રહેતા, બરફ ખાઈ સૃષ્ટિને ધરાઈને અવલોકયા કરતા ત્યાં હબીબર્ટની પંચાત કયાંથી કરીએ! મારા મિત્રોના પૈસા મારી પાસે હતા. હું દૂર દૂર હતો. આ પંજાબી પાસે પૈસા હતા છતાં તેણે તેને ન આપ્યા. ભાડાના પૈસા ઉપરાંત કંઈક હબીબર્ટને આપવાની મારા મિત્રોની ઇચ્છા હતી. પણ તેઓ

નિરુપાય હતા. થોડી ક્ષણ પછી હબીબર્ટને કળ વળી, તે ઊઠયો. આ વખતે આ પંજાબીએ તે ક્ષુધા–પીડિત પાસે હક્ક ન હોવા છતાં પોતાનો બિસ્ત્રો દૂર તંબૂમાં લઈ જઈ મુકાવ્યો. તેની આવી અમાનુષી આપખુદી મારા સાથી ભાઈ જયમલને ખૂબ સાલી. તે ક્ષણે તેમને ખૂબ દુઃખ થયું. પોતે હબીબર્ટને બદલે બિસ્ત્રો ઊંચકયો હોત તો સારું થાત; પણ આ વિચારમાં તે મોડા પડયા હતા. મારા મિત્રો ફરવા ગયા હતા. હબીબર્ટ ઊભો હતો. મેં આવીને તેને પાસ આપ્યો. પાસ મળતાં જ જાણે લોટરી લાગે અને માણસ ખૂશ થાય તેમ તે તો ચાલ્યો ગયો. શું નવાજૂની બનેલી તેની ખબર મારા મિત્રોએ આવીને મને કહી. ત્યારે હબીબર્ટ ત્યાં ન હતો. મને આથી આ બાજુની કંગાલિયતના દુઃખનો ખ્યાલ આવ્યો. રહેવાના અને કપડાંના ઠાઠ-માઠથી પેલો પંજાબી શ્રીમંત હોય તેમ લાગતું હતું. ભલે તેની પાસે લાખો રૂપિયા હોય પણ હું તો તેને ગરીબ જ માનવાનો છું. તેનું મન ગરીબ છે. જે પૈસા ખરે સમયે તક ન ઓળખે તે પૈસાને શું મધમાં ઘસીને ચાટવાના? ઉપરાંત તેણે જ્યારે વગર હકકે બિસ્ત્રો ઉપડાવ્યો ત્યારે તેની મૂડીવાદી તુંદ મિજાજી વૃત્તિ વિના બીજું કાંઈ તેનામાં ન લાગ્યું આ બિસ્ત્રો ઊંચકાવ્યો તેની મહેનતની એક આની સુદ્ધાં તે ન છોડી શકયો. મને આજે પ્રશ્ન થાય છે કે આ પ્રકરણનું મથાળું બિચારો કર્યું છે, તો તેમાં બિચારો હબીબર્ટને ગણવો કે દેવરાજને?

જ્યાં હું શરત મારું છું

શ્રીનગરમાં હવે બે જ દિવસનો હું મહેમાન છું. ખાદી ભંડારમાં અમને સારી સગવડ મળી ગઈ. નાહવાની, ખાવાની જે અગવડ મુસાફરીમાં વેઠી હતી તેમાંથી હવે અમને કાંઈ રાહત મળી. અહીં આ ઉનાળાની ઋતુ ગણાતી. ઠંડી જો કે આપણા શિયાળા જેટલી જ લાગતી. કહે છે કે અહીં શિયાળામાં લોકો ગાંગરી બાંધે છે.

ગરીબ લોકો નાના માટલાને કાણા પાડી તેમાં દેવતા નાખીને છાતીએ બાંધે છે તેને ગાંગરી કહે છે.

શ્રીનગર પ્રત્યે મને કોણ જાણે કેમ મમતા બંધાઈ હતી. એ સ્થાન છોડી જવું ગમતું નહોતું. પણ મારે હિન્દના બીજા પણ કેટલાક પ્રાંત જોવા હતા એટલે છોડયા વિના છૂટકો નહોતો. અહીંનાં હવાપાણી માફક આવી ગયાં હતાં. આ નગરને સાચું શ્રીનગર (શોભાયમાન શહેર) બનાવનાર જેલમ પાસે જ હતી. ફૂલવાડી ઠેર ઠેર હતી. પીચ, બદામ, દ્રાક્ષ, સફરજન, સ્ટ્રોબેરી વગેરે ફળોની રેલમછેલ હતી. સ્થળ રમણીય હતું અને આંખને આલ્હાદજનક લાગતું. આટલું સુન્દર દૃશ્ય હોઈ શકે ? પ્રથમ દ્રષ્ટિએ જ ચિત્તને આકર્ષી લે એવું આ સ્થળ જોયા પછી મને લાગ્યું કે જિંદગીમાં મેં કાંઈક જોયું !

શ્રીનગર છોડયું તેની આગલી રાતે અમે વાતવાતમાં શરતે ચઢયા. ગૂજરાત કરતાં કાઠિયાવાડના લોકો ઉદાર, શૂરવીર અને રસ્તે મળ્યા હોય તેટલા ખાતર વખત આવે સહન પણ કરે એવા. વળી ગાંધીજી પણ કાઠિયાવાડના. હું હતો ગૂજરાતનો. મારા સાથીઓ કાઠિયાવાડના. તેઓ કહે ગૂજરાતી તો ભાતખાઉ. આવી અનેક સરખામણી અને ચર્ચા પછી, જમ્યા પછી દોઢ શેર ગુલાબજાંબુ કોણ ખાય છે તેની શરત લાગી. આ શરતથી અમે જાણે, ગૂજરાત અને કાઠિયાવાડની શૂરવીરતાના પ્રશ્નનો નિર્ણય ન કરવાના હોઇએ ? અહીં જમીને દૂધ પીવાનો રિવાજ હોય છે. અમે પણ દૂધ પીને બેઠા હતા. મેં શરતનો આ પડકાર ઉપાડી લીધો. આ એટલા માટે લખું છું કે શ્રીનગરનાં હવાપાણી કેટલાંબધાં માફક આવી ગયાં હતાં તેનો વાંચકોને ખ્યાલ આવે.

બજાર અહીંથી સવા માઈલ દૂર હતું. ગાડીમાં જવાની જે દરખાસ્ત થઈ તે મેં એટલા માટે ન સ્વીકારી કે ચાલવાને કારણે

વખત જાય અને પેટમાં થોડી જગા પણ થાય. કૃષ્ણ જયંતી બીજે દિવસે હતી, એટલે દુકાનો રાત્રે દસ વાગે પણ ખુલ્લી હતી. દોઢ શેર ગુલાબજાંબુ એટલે નંગ–૧૬. બે ચાર તો રમતમાં ખાઈ ગયો પણ હજી તો પાશેરમાં પહેલી પૂણી હતી. મારા મિત્રો કહેતા કે હું માંદો પડીશ. હું પણ કંઈક ડરતો હતો. છતાં આ શરતમાં ન હારું એવી મારી ઇચ્છા હતી. સાથે ચટણી, શાક કે અથાણું કાંઈ જ લેવાનું ન હતું. મેં આઠ ગુલાબજાંબુ તો પૂરાં કર્યાં. પણ હજી તો હું અર્ધે આવ્યો હતો. પણ તે વખતે મને મારી તબિયત કરતાં પ્રતિષ્ઠાની, મારી એકલાની જ નહિ પણ સારા ગૂજરાતની પ્રતિષ્ઠાની ચિંતા હતી. એટલે એક શહીદની અદાથી બાકીનાં આઠ ગુલાબજાંબુ પણ મહામહેનતે ઉતારી ગયો. પાચનમાં મદદ થાય એવી આશાએ તૈયાર રખાવેલાં બે પાન ચાવી ગયો. ખાધાના પરિણામની ચિંતા સવારને સોંપી તે રાત પૂરતો તો ઘસઘસાટ ઊંઘી ગયો.

આ વાંચી કોઈએ મને મહેમાન તરીકે નોતરતાં ખંચાવાની જરૂર નથી. કારણકે આ મારો સામાન્ય ખોરાક નથી. આને લીધે મને બીજો પણ એક ફાયદો થયો. બીજે દિવસે જ જન્માષ્ટમી હતી એટલે અપવાસ પણ અનાયાસે થઈ ગયો અને એ પુણ્યકૃત્યથી મારું પેટશૂળ પણ શમી ગયું.

સંસ્કારનું બળ

રાજા રાણા અકકડ શાના, વિસાત શી તમ રાજ તણી,
કઈ સત્તા પર કૂદકા મારો લાખ કોટિના ભલે ધણી.
લાખ તો મૂઠી રાખ બરાબર, ક્રોડ છોડશે સરવાળે,
સત્તા સૂકા ઘાસ બરાબર, બળી આસપાસે બાળે.
ચક્રવર્તી મહારાજ ચાલિયા, કાળચક્રની ફેરીએ,
સગાં દીઠાં મેં શાહઆલમનાં, ભીખ માંગતાં શેરીએ.

મલબારી—

પૈસાદારના પુત્રો તો એમ જ માનતા હોય છે કે કપડાં હાથે ધોવાય નહિ, વાસણ સાફ થાય નહિ. એ કામ કરવા માટે તો ભાડૂતી માણસ જ જોઈએ, જેની પાસેથી પૈસાને જોરે કામ લઈ શકાય. પરંતુ તેમને ખબર નથી કે પૈસા જેવા ચંચળ છે તેવું નાનપણમાં કેળવેલું ખડતલપણું અને શક્તિ ચંચળ નથી. મુંબઈના કેટલાયે કોટયાધિપતિઓ જે ગાડી વગર બહાર પગ નથી મૂકતા, જેમની સ્ત્રીઓ અનેક નોકરો પર પૈસાને જોરે દોરદમામ ચલાવતી હોય છે, તેઓ કાળચક્રમાં આવી જઈ જ્યારે શ્રીમંતાઈ ખોઈ બેસે છે, ત્યારે આ સ્ત્રીઓને હાથે કામ કરવાનું આવતાં, પહેલાં કદી ન અનુભવેલું દુઃખ અનુભવવું પડે છે. પોતાનું કામ હાથે કરતાં જે નથી શરમાતો તે જ ખરો માણસ. નાનમ પોતાનું કામ હાથે કરવામાં નથી પણ હાથપગ સાબૂત હોવા છતાં પોતાનું કામ બીજા પાસે કરાવવામાં છે.

શ્રીનગરમાં લાંબો સમય જે ખાદીભંડારની શાખામાં રહ્યો હતો, તે સ્થળ એક રીતે તો આખા દેશનું ગરમ કપડાંની બાબતમાં પાવરહાઉસ જેવું છે. અહીંથી જ બધે ગરમ કામળા, લુઈ, પશમીના બહાર જાય છે. આ સ્થળે સ્નાનગ્રહમાં હું મારાં કપડાં ધોતો હતો. તેવામાં એક દસ વર્ષનો ગૂજરાતી છોકરો હાથમાં રેકેટ લઇને સ્નાનગ્રહ આગળ આવી પહોંચ્યો. હું જાતે કપડાં ધોતો હતો એટલે તેણે મને રામો માની લીધો અને શ્રીમંતોના પુત્રો રામાઓ સાથે જે જાતનું વર્તન રાખે છે તેવું વર્તન જ તેણે મારી સાથે રાખ્યું. આમાં મને કાંઈ અપમાન ન લાગ્યું. મને તો આથી રમૂજ થઈ. હું હસ્યો. આથી તેને પણ આશ્ચર્ય તો થયું જ. તેણે મને રામામાંથી ઊંચી પાયરીએ ચઢાવી, ભટ્ટ ધારી લીધો. મારે આમાં ય કાંઈ તકરાર નહોતી. જે માને તે. છતી બે આંખવાળાનેય જો કોઈ કાણો કહે તો જેમ તકરારનું કારણ નથી તેમ મારે પણ ન હતું. કપડાં માણસથી હાથે

ધોવાય જ નહિ, અને રામાથી કે ભટ્ટથીજ ધોઈ શકાય એ પૂર્વગ્રહ આ બાળકમાં બંધાઈ ગયો હતો.

આ મુસાફરીમાં મને બીજાં બાળકોનું સ્મરણ થાય છે. જેમનાં તરફ હું આકર્ષાયો છું. તેમની પણ વાત સરખામણીના ખ્યાલથી અહીં કરવી જરૂરી છે. આબુમાં એક આઠ વર્ષનો છોકરો મળેલો. તે હતો તો મજૂર વર્ગનો પણ તેનો કંઠ મીઠો હતો અને દિલ સાફ હતું. ચપળ પણ હતો. મને સલાહ સૂચના આપતો, રસ્તો બતાવતો, ક્યાં ખાવું, શું કરવું વગેરે સ્પષ્ટ બતાવતો. તેની મા મજૂરણ હતી. મેં તેને પૂછ્યું કે તારી મા બીમાર છે? તો તુરત કહે 'पागल हो गई थी. अब ठीक है. કોઈપણ કામની ના ન પાડતો. તેનો ઉત્સાહ ખૂબ હતો. પૈસાની તેને મારી પાસે આશા નહતી.


અજમેર પાસે મદાર સ્ટેશન છે. ત્યાં હું ઊતર્યો. માસ્તરથી અમારા જેવાને નારોળી તરફ જતા જોઈ પૂછ્યા વગર ન રહેવાયું, 'ત્યાં શું છે? બે ઘર છે, એમાં શું જોવાનું છે?' તેને શી ખબર કે ત્યાં તો અગ્નિ ભર્યો છે જે એક દિવસ પ્રગટશે અને ચોમેર દાવાનળ પ્રગટાવશે. નારોળીમાં આશ્રમ છે. ત્યાં કેટલાક ગાંધીવાદી, સમાજવાદી અને સામ્યવાદી વિચાર ધરાવતા મિત્રોનું એક સારું એવું જૂથ છે, જે ગામડાંની સેવા કરે છે. ત્યાંના કાર્યમાં તત્પરતા હતી, કોઈ કાંતતું તો કોઈ વાંચતું તો કોઈ સાફસૂફી કરતું. કોઈ નવરું બેઠું ન હતું. શ્રી રામનારાયણ ચૌધરી તેના મુખ્ય કાર્યકર્તા છે. જે બોલેલા કે આ દેશ આજે જે સ્થિતિમાં છે તેનું કારણ આપણા સેવકો છે. એ સ્થિતિ સુધારવી હોય તો વધુ સાચા સેવકો ઉત્પન્ન કરવા પડશે. તેમની સાથેની ચર્ચા પરથી તેમનું દૃષ્ટિબિંદુ સ્પષ્ટ અને બીજાને માર્ગદર્શક થઈ પડે એવું લાગેલું. અહીં હું જમવા બેઠો હતો. એક નાનકડો છોકરો પાસે બેઠો હતો. મેં તેને રોટલી ખાવા ધરી. તેણે કહ્યું मैं जूठा नहीं

खाता. મને થયું વાહ! પછી મેં ઊંચેથી પાણી પી તેને પીવા ધર્યું તો કહે, अब पानी जूठा नहीं मैं पी सकता हुं। હું તેના તરફ ખેંચાયો. આટલો નાનો છોકરો કેટલું બધું સમજે છે? આથી મેં તેને તેની ઉંમર પૂછી તો કહે કે मेरी मा को पूछ लो. બધા જ જો માને ઉંમર પૂછવા જાય તો માને તો તકલીફ પડી જાય. જો કે હું તો તેનું ઘર અને તેનાં માબાપ કેવાં હશે એ જાણવા ઉત્સુક હતો જ. રસ્તામાં તેણે ઘણી મીઠીમીઠી વાતો કરી. આ બાળકના પિતા પોતાની પત્ની જે ઘઉં વીણતા હતા તેમને ઘઉં વીણવામાં મદદ કરી રહ્યા હતા. મને તરત થયું કે આવા સંસ્કારી બાળકના પિતા પણ ખૂબ સુંદર અને આદર્શસેવી ઉચ્ચ ભાવનાવાળા જ હશે. મારી તે કલ્પના સાચી પડી. તેની માએ તેની ઉંમર ચાર વર્ષની કહી. આવો હોશિયાર અને ગંભીર આ ચાર વર્ષનો છોકરો મને ગજબ લાગ્યો. મારો તો તે મિત્ર બન્યો અને તેણે મને જમવા આમંત્રણ આપ્યું. અને વખતસર આવવા સૂચના પણ તેણે જ આપી.

જ્યારે આ બાળકથી છૂટા પડવાનું થયું ત્યારે મને દુઃખ થયું હતું.

શ્રીનગર છોડયું

આખરે શ્રીનગરને છેલ્લી સલામ કરવાનો વખત આવી પહોંચ્યો. આથી મને દુઃખ થયું પણ બીજો ઉપાય નહોતો. કારણ કે હિન્દના હજી તો ઘણા ઘણા ભાગો મારે જોવાના બાકી હતા. આ પ્રદેશની ભાષા તદ્દન જુદી હતી, છતાં તેણે અમારા પર મોહિની લગાડી હતી. હિન્દને દેશ કહેવા કરતા ખંડ જ કહેવો વધુ યોગ્ય છે. અહીં ૫૦ તો જુદીજુદી ભાષાઓ છે. આવો મોટો દેશ ટૂંક મુદતમાં મારે જોવો હતો એટલે આ ખોબા જેટલા સુન્દર પ્રદેશને વધુ દિવસો આપવા એ પરવડે એમ નહોતું.



શ્રીનગરમાં તરતાં ઘરો

વળી હિન્દના પાટનગર દિલ્હીને વળતાં મળવાનો વાયદો કરીને આવ્યો હતો. આગ્રામાં તાજમહાલનું વર્ષો જૂનું આકર્ષણ દબાવી રાખ્યું હતું. આ અને એથીય વિશેષ જોવાનું મળશે એમ આશ્વાસન મેળવી ખિન્ન હૃદયે રાવળપિંડીની મોટરમાં સવારે આઠ વાગે બેઠો.

મોટરમાં બેઠા પછી ખબર પડી કે તે દસ વાગે ઊપડવાની હતી. આ સ્થળ પ્રત્યેનું મમત્વ એટલું બધું બંધાયું હતું કે જવાનું મોડું થવાને લીધે જીવ ઉતાવળિયો કે લપલપિયો બનતો નહોતો; વાંકી ચૂંકી જેલમ જ્યારે હું મોટરમાં બેઠો ત્યારે મને ય વળાવવા આવી હતી. આ નગર પર તેનાં કેટલા બધા ઉપકારો હતા. પંદર દિવસ તેણે અમને ય તેના ખોળામાં સહેલ કરાવી હતી. અમારી તો તેને થોડા દિવસ, ખાતરબરદાસ્ત અને સુખદુ:ખની વ્યવસ્થા કરવી પડી હતી. પણ આ નગરના લોકોને તો તેના વગર એક ક્ષણ પણ ચાલતું નહતું. તેના પાણીમાં આ લોકોએ ખેતરો બનાવ્યાં હતાં, જમીન પર જગાના અભાવે તેમણે નદીમાં જ વસવાટ કર્યો હતો. આ લોકો હજી ય ધરાયા નહતા અને તેમણે જેલમ પર શાકભાજીનાં બજાર બનાવ્યાં હતાં. છતાં જેલમ માતા કાંઈ બોલી ન હતી. મા પણ પોતાના બાળકને મોટો થયા પછી સ્તનપાન કરાવતી નથી. જ્યારે આ તો વર્ષોથી એના એ જ ક્રમે વેઠ કરતી આવેલી છે. કયા શાપે, કયા પાપે તેને આ ગંદા, ગંધાતા, માનવોને સ્વચ્છ બનાવી તેમના ભારવાહી બનવું પડયું હતું ? જ્યારે મને તે ઠેઠ વાંકી વળી મીરાકાદલ સુધી 'આવજો' કહેતી આવી ત્યારે હું કેવો વિવેકશૂન્ય હતો એમ મને લાગ્યું. પોં પોં કરતી મોટર ચાલવા લાગી ત્યારે જ હું આ વિચારતંદ્રામાંથી જાગી પડયો. 'આગળ મળીશ' એમ કહી તે ચાલી ગઈ છતાં હું આટલા બધા દિવસો સુધી તેને આધારે, તેના ખોળામાં હતો એટલે મોટરમાં છતાં જેલમમાં જ છું એવો ભ્રમ સેવી રહ્યો હતો. આટલા બધા શ્રમ અને ઘસારા વેઠવા છતાં પારકા પર

અનેક ઉપકારો કરવા છતાં મનુષ્યે તેને બદલામાં કાંઈ જ આપ્યું ન હતું!

બારામુલ્લાં પણ આવી ગયું. અમરનાથ અને જમ્મુના માર્ગોનું કુદરતી સૌંદર્ય જોયા પછી આ દૃશ્યો સ્વાભાવિક જ લાગતાં હતાં. જોયેલું જોવા પૂરતો જ આનંદ થતો હતો. સોથી સવાસો ફીટ ઊંચા અને ૧૫ થી ૫૦ ફીટના ઘેરાવાવાળા વૃક્ષરાજો આ રસ્તે ય અમને પ્રવાસીઓને વિદાયમાન દેવા આવ્યા હતા કારણ કે બીજે કયાં ય અમારો ભેટો થઈ શકે તેમ નહતું. આટલું સુન્દર કાશ્મીર જે અમને વહાલું લાગ્યું હતું તે અમે છોડી શકયા, જ્યારે તે છોડવા એઓ તૈયાર ન હોઈ કાશ્મીરનો અતિથિસત્કાર કેવો છે તે દર્શાવી 'ફરી આવજો' કહી અમે તેમને અમારા પ્રદેશમાં કદાચ ઢસરડી જઈશું, એ બીકે ઝટ અદૃશ્ય થઈ ચાલ્યાં જતાં હતાં. જેલમે પણ કોહાલા સુધી આવી પોતાનું વચન પાળ્યું હતું, પછી તે પહાડોને આડા ધરી ક્યાંય સંતાઈ ગઈ તે અમે જાણવા ન પામ્યા.

આ રસ્તે અમારી મુસાફરી ૧૬ માઈલની થઈ હતી. ત્યાં દૂર દૂર ઊંચા આકાશમાં ઝાડની છાયામાં, સંતાયલાં મકાનો બરફનાં ચોસલાં જેવાં દેખાતાં હતાં. જેમ જેમ મોટર સામેનો છાતીપુર પહાડ ચઢતી ગઈ તેમ તેમ આ બરફનાં ચોસલાંઓ જેવાં લાગતાં છાપરાંઓ એક પછી એક વધતાં દેખાયાં. ત્યાં તો કોઈ બોલી ઊઠયું કે આ તો મરી આવ્યું.

રાવલપિંડીથી ૪૦ માઈલે મરી હિલસ્ટેશન છે. તેનું દૃશ્ય ખૂબ સુન્દર છે. તે જોયા પછી લાગ્યું કે મરીને ખાતર પણ અમે આ રસ્તે આવ્યા તે ઠીક જ કર્યું છે. ઉત્તમ સ્થળ હોવાથી અહીં અંગ્રેજોએ મોટા પ્રમાણમાં વસવાટ કરી પહેલગામ કે શ્રીનગર કરતાં ય તેને મોંઘું બનાવી મૂકયું છે. હવે તો અહીંથી સીધું નીચું ઊતરવાનું હતું એટલે વગર પેટ્રોલે મોટર જઈ શકે એમ હતું. અમે છેવટે રાવળપિંડી આવ્યા અને એ જ રાતે પેશાવર જવા ટ્રેનમાં બેઠા.

પેશાવરના પહાડોમાં

પેશાવર જેટલું ધારીએ છીએ તેટલું ભયંકર સ્થાન નથી. ત્યાં હિન્દુ, શીખ અને મુસલમાનોની વસ્તી છે. શીખ લોકો તો ઠેરઠેર વસેલા છે. તેઓ ખૂબ ઉદ્યમી છે. ધર્મઝનૂની અને સ્વભાવે માયાળુ છે. આવા અજાણ્યા સ્થળે કોને ત્યાં ઊતરવું એ એક પ્રશ્ન હતો ઊતરવા સંબંધમાં ક્યાં ય આ જાતની મુશ્કેલી અમને પડી ન હતી. અમરનાથમાં એક પેશાવરના બ્રાહ્મણ મુસાફર મળેલા અને તેમણે પેશાવરમાં અમારે તેમને ત્યાં રહેવું એમ આમંત્રણ તો આપી મૂકેલ હતું જ. પણ પેશાવર જતાં તેમણે આ નોતરૂં ઉડાવી દીધું. અમારો પહેરવેશ અને દેખાવ એવો હતો કે અમને બધા બંગાળી ધારી લેતા. બંગાળીઓની છાપ સરકાર ઉપર ક્રાન્તિકારી પ્રજા તરીકે પડેલી હોવાથી સરકાર ખાસ કરીને સરહદમાં બંગાળીઓ પર ભારે જાપ્તો રાખે છે. અમે સ્ટેશને ઊતર્યા કે બીક લાગે એવા પઠાણ પોલીસો કર્કશ અવાજે હિન્દીમાં પૂછવા લાગ્યા કે " कहां ठहरेंगे? कहां तक रहेंगे और यहां कहां आये हैं " અમરનાથમાં બાપ્પા જેવો લાગતો પેલો જુવાનિયો બ્રાહ્મણ પઠાણ મુસાફર પણ અહીં ટાઢો ટપ થઈ ગયો અને તેણે અમારી વ્યવસ્થા સીધી ધર્મશાળામાં કરવાની છે એમ જણાવી દીધું. અને અમે ય ખાલી મુસાફરો જ છીએ એમ જણાવી અહીંથી ભાગ્યા.

સામાન વગેરેની પણ તપાસ થઈ ગઈ. અમે આ લોકો પાસેથી છટકતાં 'હાશ' અનુભવી. પણ પેશાવરમાં અમારે નવા જ અનુભવો કરવાના હતા. સામાન્ય રીતે અગ્રવાલ આશ્રમમાં મુસાફરો રહેતા હોય છે. અમે ત્યાં તપાસ કરી તો તેનો ચોકીદાર નેકારામ કહે કે બધી ઓરડીઓ ભરાઈ ગઈ છે અને જગા બિલકુલ નથી. જગા હતી છતાં તેણે ના પાડી. ઘણી તપાસ, વાતચીત અને થોડી રકઝક પછી તેણે એક ઓરડી અમને ઉઘાડી આપી. આ ઓરડીની રચના એવી વિચિત્ર હતી કે રાત્રે ગરમી દુઃસહ થઈ પડતી હતી તેમ જ દિવસમાં ત્રણ વાર નાહવા છતાં શાન્તિ મળતી નહોતી શ્રીનગરમાં સાત દિવસે નાહનારને પંદર દિવસ બાદ દિવસમાં ત્રણ વખત નાહવાનો અનુભવ, કુદરતના ઝડપી ફેરફારોની અસર સમજાવતો હતો.

પેશાવરમાં જમવાની ભારે મુશ્કેલી પડી. આખો પ્રાંત માંસાહારી છે. વીશીવાળા શાકાહાર અને માંસાહાર બંને બનાવે છે. રસોઈમાં એકનાં એક વાસણો વપરાતાં હોઈ અમે એવી વીશીઓમાં જમવા તૈયાર ન હતા. ત્યાં તો લોકોને અમે માંસ નથી ખાતા તે જાણીને ભારે નવાઈ લાગતી. અમે કહેતા 'આખું ગૂજરાત માંસાહારથી મુક્ત છે' ત્યારે તે વધુ નવાઈ પામતા. પેશાવરમાં હજારો ઘેટાં બકરાં રોજ કપાઈ જાય છે. છેવટે મહામહેનતે એક વીશીવાળો એવો મળ્યો કે જેને ત્યાં ખાનાર બધા શાકાહારી હતા; પણ એક બે ટંક ખાધા પછી ત્યાં ખાવા જવા મન થતું નહિ. અમે તો ડબલરોટી અને દૂધ સારી પેઠે ખાતા. સોંઘી સારી લીલી દ્રાક્ષ શેરબશેર ખાઈને ચલાવી લેતા. અહીં સ્ત્રીઓ સારી પેઠે મલાજો પાળે છે. અત્યાર સુધી અમે જ્યાં જ્યાં ફર્યા હતા ત્યાં ત્યાં બધે સ્ત્રીઓ બહાર ફરતી દેખાતી. જ્યારે અહીં સ્ત્રીઓનાં દર્શન જવલ્લે જ થતાં. જાજરૂની વ્યવસ્થા પણ ત્રીજે માળ રાખવામાં આવેલી હોય છે; પુરુષ ભંગી જાજરૂ સાફ કરવા આવતા નજરે પડતા નથી. લાહોરમાં,

અમૃતસરમાં, પેશાવરમાં બધે સ્ત્રીઓને ભંગી તરીકે કામ કરતી જોઈ છે. અને તેને ઘણાં ઘરના દાદરા ચડવાના હોવાથી રોજ એક ડુંગર જેટલું ચડવું પડે છે. અમરનાથવાળા પેલા ભાઈએ અમને એક વાર જમવાનું આમંત્રણ આપ્યું. અમે તો પાંચ દિનમાં કંટાળી ગયા હતા એટલે ક્ષુધા શાંત કરવા ગમે ત્યાં જવા તૈયાર હતા. અહીંયાં પણ ભીમસેની ફૂલકા જ બનતા હતા. જમવા બેસવા માટે શેતરંજી કે પાટલા કાંઈ ઢાળ્યાં ન હતાં. એક ખાટલા પર બેઠા બેઠા અમે ભોજનની રાહ જોતા હતા. અમારા મનમાં એમ કે ક્યારે પાટલા નાંખે અને અમે બેસી જઈએ. પણ ત્યાં તો તે ખાટલા ઉપર જ પીરસેલી થાળીઓ આવી પહોંચી અને અમે ખૂબ સાચવી સાચવીને એક પણ છાંટો બહાર ન પડે એમ જમ્યા.

કાશ્મીર અને પેશાવર બે ભૂમિમાં પણ કેટલો ફેર છે! કાશ્મીરના લોકો બિચારા, જ્યારે પેશાવરના બહાદુર. કાશ્મીરના લોકોની આંખમાં ભારે કોમળતા રહેલી છે, જ્યારે પેશાવરના લોકોની આખમાં કરડાકી જોવા મળે છે. પેશાવરમાં ફરતાં જોયું કે દાંતના રોગીઓ ઘણા છે. ઠેરઠેર દાંતના ડૉકટરનાં પાટિયાં જોવા મળ્યાં. આનું કારણ માંસાહાર છે.

રાવળપિંડીથી પેશાવર આવતાં ટ્રેનમાં એક ભાઈ નમાજ પઢવાના વિચારમાં હતા. હું વચમાં ઊભો હતો. મને ફટ ધક્કો માર્યો અને નમાજ પઢવા લાગ્યા. શું થયું તે મને પછી સમજાયું. આવું વર્તન બીજા પડાણને ન ગમ્યું. તેણે આવા અસભ્ય વર્તન માટે ખુદાના નામ પર તે ભાઈને કંઈ કહ્યું. છેવટે પેલા ભાઈએ મારી માફી માંગી. સમજણ આવતાં આ પ્રજા નમ્રતા સારી પેઠે દાખવી શકે છે. વગર ઓળખાણે એક ભાઈએ મને પેશાવરમાં રખડવા સાઈકલ આપેલી અને મારે ઠેકાણેથી આવીને લઈ જવા કહેલું. મેં જ્યારે તેમને પૂછ્યું કે તમે સાયકલ પાછી ક્યાંથી મેળવશો તો કહે

मामूली बात है ! અને આ ભાઈ સાયકલ લેવા ન આવ્યા ત્યારે સાયકલ પહોંચાડવાની મને ચિંતા પેઠી. મેં તેમનું નામઠામ પૂછેલું હતું જ. હું તેમને સાયકલ પહોંચાડવાની વ્યવસ્થામાં હતો ત્યાં તેમનો માણસ આવી મળ્યો.

ડૉ. ખાનસાહેબને અમે બે ત્રણ વાર મળેલા. જ્યારે જઈએ ત્યારે તે ખૂબ કામમાં હોય. તેમને મળવા આખો દિવસ રાહ જોઈએ તોય તે નવરા થાય તેમ ન હતું. અમને ય થતું કે આવા માણસનો વખત કેમ લેવાય ? છતાં તેમના જેવાને ન મળીએ તો અમારી આ મુસાફરી સંપૂર્ણ ન કહેવાય. તેમની વાત કરવાની ઢબ એવી સરસ હતી કે જાણે વાતો કર્યા જ કરીએ, પણ તેમની રાહ જોનાર ઘણા હતા એટલે ઝટ રજા લઈ લેતા.

આ પ્રદેશમાં સલાહકારો ઘણા મળતા. કોઈની સલાહ મળતી આવતી નહતી. કોઈ આમ કહેતું તો વળી કોઈ તેમ કહેતું. કોનું માનવું, કોનું ન માનવું એ પ્રશ્ન અમને મૂંઝવણમાં નાખી દેતો. એક સાંજે અમે દૂધ પીતા હતા. સવારે ખૈબરઘાટ જવું એમ નક્કી કરેલું. ત્યાં એક જણ બોલ્યા, "તમે ક્યાંથી આવો છો ? બંગાળથી ?" આ પ્રશ્ન નવો ન હતો. તે ભાઈએ આગળ ચલાવ્યું, " તમે ત્યાં જશો કે કાંઈ પૂછયા વગર તમને પકડી લેશે અને છ આઠ માસ પૂરી દેશે. ભારે જામો છે. તમારા જેવા પર તો ખાસ નજર રખાય છે." સ્ટેશને મળેલા કદાવર, દાઢીવાળા, ચમકતી આંખવાળા પઠાણોનો કઠોર સ્વર યાદ આવ્યો. મુસાફરીમાં આ અનુભવ પ્રથમ હતો. અમને થએલું કે ગામડાં શું જોવાય ? આ લોકો ડગલું ય આગળ ભરવા દે તેમ નથી. જ્યાં જુઓ ત્યાં પોલીસ અને ફોજો. ફોજમાં ખૂબ હોશિયાર સી. આઇ. ડી. હોય છે. ખૈબરઘાટ જવું કે નહિ તે પ્રશ્ન વિચાર કરાવે તેવો થઈ પડયો. આખરે અમે નક્કી કર્યું કે ન જવું. બીજે દિવસે લાહોર જવાનું ગોઠવ્યું.

જતી વખતે ડૉ. ખાનસાહેબને મળવા ગયા. તેમણે પૂછ્યું, "ખૈબરઘાટ ક્યારે જઈ આવ્યા?" અમે કહ્યું 'જવું નથી.' "તમે આટલે સુધી આવ્યા અને ખૈબર ન જાઓ! તમે રહો અને જો જવાનું નક્કી ન કર્યું હોય તો જોયા પછી જાઓ." અમે થયેલો અનુભવ ડરતાં ડરતાં કહ્યો. તેમણે અમને ઉધડા લીધા: "Who are your advisers? મેં તમને નહોતું કહ્યું કે તમારે કાંઈ કામકાજ હોય તો મને કહેવું. અહીં તો બહુ સી. આઈ. ડી.ના માણસો ફરે છે અને વાતાવરણ જેમ અને તેમ ભયજનક બનાવે છે. હમણાં જ કમળાદેવી ચટ્ટોપાધ્યા પણ ત્યાં જઈ આવ્યાં." ફરી પાછા તે નવાઈથી બોલ્યા, "Who are your advisers!" અમે ચૂપ બન્યા. ડરપોકની છાપ પાડી. ડફોળ બન્યા એવી વાતો કરતા રસ્તે ચાલવા લાગ્યા. લાહોર જવાનું બંધ રાખ્યું. વહેલા ઊઠી ઉત્સાહભેર ઊપડયા. પેલા પોલીસ બિરાદરો તો હતા જ. તેમણે અમારા સામું જોઈ કંઈક ટપકાવ્યું.

પેશાવરથી જમરૂદ સુધી તો ટ્રેન સીધી ચાલી જાય છે. જમરૂદ વટાવ્યા પછી ટ્રેન પહાડોમાંથી પસાર થાય છે. લાંબી સુરંગ ફોડીને રસ્તા કરવામાં આવ્યા છે. પૂના જતાં બોગદા આવે છે. તેવા એક બોગદા પર બીજો બોગદો અહીં આવે છે અને ટ્રેન ઊંચી ચઢે છે. શ્રીનગર જતાં મોટર પહાડની આસપાસ ગોળ ફરતી. અહીં ટ્રેન ગોળ ફરતી જોઈ. બે એન્જીનનો વારાફરતી ઉપયોગ થતો. જે એન્જીન આગળ હતું તે પાછળ જાય અને પાછળ હતું તે આગળ આવે. આમ બેત્રણ વાર એન્જીન બદલાય. રસ્તામાં આફ્રિદીઓનાં મકાનો આવતાં. આજુબાજુ કોટ અને ઉપર એક ઊંચો બૂરજ. તેઓ બૂરજ પર ચઢે અને ત્યાંથી નિશાન તાકે. હજી ય કેટલાક બખોલ બનાવીને પ્રાણીઓની અવસ્થામાં રહે છે. આખો પ્રદેશ ડુંગરાળ છે. દહાડે દહાડે અંગ્રેજો આ રસ્તે આગળને આગળ કૂચકદમ કરે છે.

અને આવા આફ્રિદીઓને સડક સાચવવા રોકી રૂપિયા ૨૫)નો પગાર બાંધી આપે છે. અહીં ફરતાં આફ્રિદીઓ વિષે ઘણી અજબ ગજબ વાતો સાંભળવા મળતી. આફ્રિદીઓનું તો બંદૂક બનાવવાનું કારખાનું છે. કોઈ કહેતું દારૂગોળો ખૂટતાં કાબૂલના બાદશાહ તેમને મદદ કરે છે. એકલા અને નબળાપોચાનું ગજું નહિ એવે સ્થળે અમે આવી પહોંચ્યા. ખૂબીની વાત તો એ છે કે રેલ્વે લાઇનથી દસ ફીટ દૂર જો આફ્રિદી કોઈનું ખૂન કરે તો અંગ્રેજો જવાબદાર નથી. કારણકે અંગ્રેજી હદ ત્યાં પૂરી થઈ જાય છે. લંડીકોટા ઉત્તર હિન્દનું છેલ્લું સ્ટેશન. આજથી વર્ષો પહેલાં ત્યાં કેવળ ડુંગરા હતા. સમય જતાં આજે તો એક સારું એવું શહેર થઈ ગયું છે. ત્યાં સિનેમા, સ્કૂલ, વોટર વર્કસ છે. પેશાવરથી મોટર વારંવાર આવજા કરે છે.

ઊંચા ડુંગરા પર ઓરડીઓ બાંધીને ફોજના છૂટાછૂટા માણસો પથરાયલા પડયા છે. ઊંચે રહ્યા રહ્યા તેઓ જંગલી વસાહતની હિલચાલ જોતા હોય છે આમ સરહદનો ભયંકર પ્રદેશ જોઈ આવવાને લીધે અમારી નિર્ભયતા કંઈક વધુ કેળવાતી ગઈ.

હિન્દુસ્તાનની મુકિતને માટે કયા પ્રાંતે કેટલો પ્રયત્ન કર્યો છે તેનો વિચાર કરતાં ગૂજરાત અને સરહદ એ બેમાં ગૂજરાત જાગૃતિના હિસાબે દીપે, જ્યારે સરહદ જુસ્સાના હિસાબે. સરહદમાં જાગૃતિ નથી. ગૂજરાતમાં તેટલો જુસ્સો નથી. આ બે વસ્તુઓ ભેગી કયારે થાય? અહીંના લોકો રાજકારણમાં ભાગ લે છે, સમજે છે. અભણવર્ગ પણ રાજકારણના પ્રશ્નો પૂછે છે પણ કોઈ-પણ જાતના પ્રચારકાર્યને અભાવે રાજકીય પ્રવૃત્તિ લેશ માત્ર ટકી શકી નથી. સભા થવાની હોય તે પહેલાં પોલીસની ૧૦૦–૨૦૦ની પાર્ટી આવી જાય છે અને ત્યાર પહેલાં જ ૧૪૪મી કલમ લાગી જાય છે. લોકો શું થશે તે વિચાર નથી કરતા. ખુદાઈ ખિદમતગારના એકજ બોલને ખાતર કેટલાય ગોળીથી વીંધાઈ ગયા હતા. ખરી અહિંસા તો એ લોકોએ રગમાં ઉતારી છે.

પેશાવર શહેર અને કૅન્ટોનમેંટ એ જોતાં લાગે કે આ શું? શહેર ખૂબ ગંદુ અને કૅન્ટોનમેન્ટ ખૂબ સ્વચ્છ છે. પેશાવર કેન્ટ તો જાણે લંડનનું પરું. દુકાનો કેટલી સુંદર અને આલેશાન. વધુ અંગ્રેજ વસતા હોવાથી સ્થાન સુંદર રાખેલું છે. દુનિયાભરનાં નવા નવા લેખકોનાં તાજાં પ્રકાશનો અહીં આવી જાય છે. પેશાવર શહેર જોતાં ગંદુ લાગે છે. નાની સાંકડી ગલી, રસ્તા ગંધાય અને આજુબાજુ પાણીની બે ખુલ્લી ગટરો ચાલી જાય. પાનપટ્ટીના થૂંકના રસ્તામાં લાલ ડાઘા દેખાય. અને તેથી જ પેશાવરમાં દાંતના તબીબો વધુ હશે શું?

આપણે ત્યાં જેમ ઉનાળામાં કેરીઓના ઢગ ખડકાય છે તેમ પેશાવરમાં સવારમાં લીલી દ્રાક્ષ અને ફળોનું મોટું બજાર ભરાય છે. ગરીબ માણસ પણ લીલી દ્રાક્ષ ખાતો માલમ પડે છે. સેંકડો મણ ફળ બપોર સુધીમાં તો ખલાસ થઈ જાય છે. બીજે દિવસે બજારમાં પાછા ફળના ઢગ ખડકાય છે. ફળફળાદિની રેલમછેલ અને સરહદી પાણી એટલે આ લોકોનાં શરીર ખૂબ જામેલાં હોય છે.

કાશ્મીરમાં દ્રાક્ષની મોસમ માટે અમે જરા વહેલા હતા. એટલે આ દ્રાક્ષ માટે અમને પેશાવર ક્યારે આવે અને દ્રાક્ષ સારી પેઠે ખાઈએ એમ થયા કરતું હતું. પેશાવરમાં બજારમાં ભાવ પૂછ્યો તો કહે શેરના પાંચ આના. હું તો દ્રાક્ષ માટે પેશાવર પેશાવર કરી રહ્યો હતો. આ શું? મેં તેને કહ્યું કે આમ કેમ? બહુ મોંઘી. પછી દુકાન દારે મને શેર બતાવ્યો. જેવા લોકો શરીરે તંદુરસ્ત અને જાડા હતા તેવો આ શેર પણ તેમના જ જેવો પડાણી હતો. પૂરા ૧૦૫ તોલાનો. હવે ખૂબ દ્રાક્ષ ખાવાની મળવાની એમ માની હું આનંદ પામ્યો. અને દ્રાક્ષ લઈ ચણામમરાની જેમ તેના ફાકા મારવા લાગ્યો.

આ લોકો નાના બાળકોને કાકા કહીને બોલાવે છે. આથ એક સ્થળે હું છેતરાઈ ગયો. ૫૦ વર્ષના માણસના પાંચ વષના કાક પ્રત્યે મારે ય માન રાખી જોવું પડયું. તપાસ કરી તો કહે કાકા થત નથી અમે તો નાના બાળકોને માટે વિવેકભર્યા શબ્દ તરીકે જ કાકા શબ્દ વાપરીએ છીએ. પછી અમને પણ કાકા કહેવાની છૂટ થઈ ગઈ

લશ્કરમાં ચાર બી. એ. થયેલા રૂપિયા વીસની નોકરીમાં રહ છે એવું મેં જ્યારે સાંભળ્યું ત્યારે મને આ જુવાનો કરતાં ઠબા ઠબાક મહેનત કરતા કાશ્મીરના માંજીનું જીવન વધુ ગમ્યું.

ખૈબરઘાટ જતાં જમરૂદ પછી બ્રિટીશ હદ પૂરી થાય છે ૧૦૦–૧૫૦ આફ્રિદીઓને ખભે બંદૂક રાખી ઊભેલા જોઈ મ આશ્ચર્ય થયું. શું આ લોકો પલટણવાળા તો નહિ હોય ? મેં કોઈ પૂછયું કે તમે આ બંદૂક રાખી છે તે પલટણમાં નોકરી કરો છે તો કહે એ તો હમારા મુલક હૈ. આ લોકોને પોતાના વતન ઉપર જબરુ મમત્વ છે. તેમને ય અંગ્રેજોના આવ્યા પછી આ બધુ શું થઈ રહ્યું છે તેની સમજ નહિ પડતી હોય. અંગ્રેજોન ધાડાંનાં ધાડાં આવવા છતાં આ લોકો હજી ય સ્વાતંત્ર્યને જાળવ રહ્યા છે. બંદૂકોના લાયસન્સની તેમને જરૂર નથી. સો વર્ષનો જુવાન પણ બંદૂક રાખે છે. ગાડીમાં આ લોકો ટિકિટ પણ લેતા નથી. માસ્તર ટિકિટ માગે તો કહે યે હૈ ટિકિટ. એમ કહ બંદૂક બતાવે છે. અહીં રેલ્વે પૈસા કમાવાના હેતુથી નહિ પણ લશ્કરી હેતુથી ખોલવામાં આવેલી છે.

અહીંથી હવે આગળ અફઘાનીસ્તાનની હદ શરૂ થાય છે. અને 'બ્રિટીશ હદ પૂરી થાય છે' એવાં જે પાટિયાં લગાવેલાં છે તેન રક્ષણ કરતા પોલીસો બંદૂક લઈને આ હદને સાચવે છે. હવે તો આગળ જવાય તેમ ન હતું, એટલે હિન્દનું નાકું જોઈ પાછા ફર્યો.

લાહોર

પેશાવરથી લાહોર આવ્યો છું. આટલું બધું ફર્યો છતાં લાહોરમાં જે કોમકોમના મતભેદો અને અલગ અલગ વાડા જોયા તેવા બીજે કયાં ય નથી જોયા. નાનાં બાળકોને કુમળી વયે જ જુદીજુદી શાળાઓમાં ભણાવવાથી આવા સંસ્કારો તેમનામાં પણ દૃઢ થાય છે. જેમકે સનાતનીઓની નિશાળ જુદી. આર્યસમાજી એની જુદી. મુસ્લીમો પછી પોતાની જુદી નિશાળ કેમ ન કરે! શીખ લોકોનો તો મોટો ભાગ અહીં જ છે એટલે તેઓને તેમની તો જુદી નિશાળ જોઈએ જ. બાળકોને આથી શિશુવયે સામાન્ય એક નિશાળમાં ભણાવવામાં આવતાં ન હોવાથી તેમને હું હિન્દી છું કે હિન્દનો છું એ ખ્યાલ કરતાં હું શીખ છું કે હું સનાતની છું એ જ ખ્યાલ વધુ રહે છે. આથી અહીં જ્યારે કોમકોમની અથડામણો થાય છે ત્યારે તે ઉગ્ર સ્વરૂપ પકડયા વગર શમતી નથી. આમ લાહોર એ પંજાબનું એક એવું શહેર છે કે જ્યાં બળોની સમતુલા જાળવવા હરેક કોમે તૈયાર રહેવું પડે છે.

અહીં કોલેજો અને હાઈસ્કૂલો ઘણી છે; અને અનારકલી બજાર જે લાહોરનું મોટામાં મોટું બજાર ગણાય છે તેના વેપારનો મુખ્ય આધાર કોલેજિયનો પર જ છે. આ પણ મોટું શહેર છે

અને લાંબું પથરાયું છે. નવું દિલ્હી જેવું સુંદર બન્યું છે તેવું જ નવું લાહોર પણ છે.

સ્વ. લાલા લાજપતરાયના મૃત્યુ બાદ આજે તેમનું સ્થાન પૂરે, આ બધા પક્ષોને એકત્રિત કરી કાબૂમાં રાખી યોગ્ય માર્ગે દોરે એવો કોઈ નેતા લાહોરમાં નથી. દરેક કોમના જુદા જુદા આગેવાનો છે પણ તેઓને તો પોતાનો પક્ષ રહ્યો એટલે રાષ્ટ્રીયતાની દષ્ટિએ આખા પંજાબ પર જેની એકચક્રી આણ પ્રવર્તતી હોય એવા નેતાનું સ્થાન ત્યાં અણપૂરાયલું જ રહ્યું છે.

અહીં ઉનાળામાં સખ્ત તાપ અને શિયાળામાં અતિશય ઠંડી પડે છે. શરીરે આખી પ્રજા સશક્ત છે. ઘઉં એ મુખ્ય ખોરાક છે. ચાને બદલે અહીં દૂધ કે દહીંમાં બરફ નાંખી, ખાંડ ઉમેરી લસ્સી બનાવવામાં આવે છે. પેંડાની પણ લસ્સી બનાવે છે. પંજાબનાં ગામડાંમાં હજી ચાનો પ્રવેશ ગૂજરાત જેટલો થયો નથી.

મોગલ બાદશાહોમાં સૌથી વધુ વિલાસપ્રિય અને મોજીલો જહાંગીર ગણાય છે. જહાંગીરને નૂરજહાં ખૂબ જ વહાલી હતી. તે જહાંગીરથી અલગ નહોતી રહેતી. અને ન્યાયાસને બેસીને પણ બાદશાહને સલાહ આપ્યા કરતી હતી.

૩૪ વર્ષે પણ નૂરજહાં ખૂબ રૂપાળી હતી અને જહાંગીરે તેની જોડે લગ્ન કર્યું હતું. શેરઅફઘાનને મારી નંખાવ્યા બાદ કાજી મારફતે બોંતેર લાખ રૂપિયાની કીમતી પહેરામણી નક્કી કરી હતી. સોળ લાખની કીમતનો મોતીનો હાર જહાંગીરે નૂરજહાંને ભેટ આપ્યો હતો. જહાંગીરે તેને માટે નીચેના શબ્દો કહ્યા હતા: “ મારી કોઈપણ બાબતમાં જુદી ન પાડી શકાય એવી મારી સાથીદાર. ” એવા આ પ્રેમી યુગલની લાહોરમાં કબર છે. પણ મૃત્યુ બાદ તેમની દૂર દૂર કબર જોઈ, પ્રિયતમા નૂરજહાંને જહાંગીરના રોજાથી દૂર

દટાએલી જોઈ હૃદયને આઘાત થયો. મૃત્યુ બાદ તેમને અલગ રાખી આવું અયોગ્ય કાર્ય કર્યું એ જોઈ એક નિશ્વાસ નીકળી ગયો.

આ વખતે મોગલોના વંશનો પણ વિચાર આવ્યો. આ બધા મોગલ બાદશાહો કયાં કયાં દફનાવાયા છે? બાબર કાબૂલમાં સૂતો છે. હુમાયુ દિલ્હીમાં પડયો છે. અકબર સિકંદરામાં ઢંકાયો છે. જહાંગીર લાહોરમાં દટાયો છે. શાહજહાં આગ્રામાં પોઢયો છે. ઔરંગઝેબ ઔરંગાબાદ પાસે ખુલ્દાબાદમાં છે. આખો આ એક વંશ કયાં કયાં વેરવિખેર પડ્યો છે? કહે છે કે જહાંગીરે તો કાશ્મીરના વેરીનાગના ઠંડા ઝરણા પાસે મને દફનાવજો એમ મરતાં ઇચ્છા વ્યકત કરેલી, પણ એની પ્રિયતમા નૂરજહાંએ એને પોતે બંધાવેલા લાહોરથી પાંચ માઈલ દૂરના શાહદાર નામે બાગમાં દફનાવ્યો. આ બાગમાં જહાંગીરની મૃત્યુતિથિએ દર વર્ષે મેળો ભરાય છે. મોગલ જમાનાનો આ એક નમૂનેદાર બાગ છે.

લાહોરથી ત્રણ માઈલ પર આવેલો શાલીમાર બાગ શાહજહાને બનાવડાવેલો. નાદિરશાહ આ બાગની રચના અને સૌંદર્ય જોઈ આભો જ બની ગયેલો. ત્યાં વસંત ઋતુમાં દર વર્ષે મેળો ભરાય છે તેને ચિરાગનો મેળો કહે છે. આ બાગ કુશળ ઈજનેર અલિમર્દનખાને બંધાવેલો છે. તેમાં તેણે વહેતાં પાણીની ખૂબ સુંદર વ્યવસ્થા કરી છે.

લાહોરની બાદશાહી મસીદ નામે ઓળખાતી મસીદ આલમગીર ઔરંગઝેબે બંધાવેલી છે, અને હિંદની પ્રખ્યાત મસીદોમાં તેની ગણના થાય છે. એ સાદી છે પણ સુંદર છે. એની ચાર બાજુ ચાર મિનારા છે. એ મિનારા પરથી શહેરનો દેખાવ ખૂબ સુંદર લાગે છે.

બાદશાહી મસીદ અને લાહોર કિલ્લાની વચમાં હજૂરીબાગ આવેલો છે. તેની મધ્યમાં મહારાજા રણજીતસિંહની છત્રી છે.

અમૃતસર

ગૂજરાતમાં જે ઋતુઓ જોતાં બાર માસ લાગે તે પ્રવાસમાં ઝપાટાબંધ એક માસમાં જુદે જુદે સ્થળે જોવા મળી. અમરનાથને રસ્તે ભારે ઠંડી હતી. આ ઠંડી એટલી બધી સખ્ત હતી કે આખો દિવસ જાણે તાપ્યા જ કરીએ. ગૂજરાતની ઠંડી આના આગળ કાંઈ જ હિસાબમાં નહિ. આઠ દિવસ પછી પેશાવરમાં ગયો તો ત્યાં અસહ્ય તાપનો અનુભવ થયો. હિમાલયમાં આઠ આઠ દિવસ ન નાહનારને અહીં દિવસમાં ત્રણ વાર નાહવું પડયું હતું. છતાં ઊકળાટમાં શાંતિ મળતી નહતી. આ વખતે કાશ્મીર સારું એમ લાગ્યું. અમૃતસરમાં વરસાદની ઝડીઓ જોઈ. ચારે બાજુએ પાણી પાણી. કુદરતની કળા અને તેના ફેરફારોની ઝડપી અસર હું આથી જોઈ શકયો.

અમૃતસરમાં ખૂબ વરસાદ હતો અને આ વખતે ગૂજરાતમાં દુકાળ હતો. પંજાબીઓને દુકાળની નવાઈ હતી. તેમને તો ખ્યાલ પણ નહોતો કે વરસાદ ન પડે તેને દુકાળ કહેવાય. પંજાબમાં તો ઠેર ઠેર નહેરોની સારી સગવડ છે. રેલના પાટા જેવી સીધી લાંબી નહેરો સુન્દર લાગે છે. આપણે ત્યાં દરેક જિલ્લામાં નદી હોવા છતાં નહેરો બનાવવી શકય નથી; કારણ કે ઉનાળામાં નદીઓમાં પાણી થોડું રહે છે. જ્યારે ઉત્તર હિન્દમાં ઘણે સ્થળે બરફ ઓગળવાને કારણે નદીઓમાં પૂર ઉભરાતાં હોવાથી વરસાદની ગરજ કે તાણ ખેડૂતોને રહેતી નથી. આથી અહીં ધનધાનની રેલમછેલ છે. ભિખારીને કે ગરીબને રોટલો મેળવવો અહીં મુશ્કેલ નથી. ગૂજરાતમાં જેટલી ચાની દુકાનો છે તેટલી અહીં છાશની દુકાનો છે. અહીંના લોકો દૂધ અને છાશ ખૂબ પીએ છે. ઉનાળામાં કે શિયાળામાં પણ આ લોકો લસ્સી પીએ છે.

લાહોરથી અમૃતસર ૩૫ માઈલ દૂર છે. અહીં મોટર અને રેલ્વે વચ્ચે સખ્ત હરીફાઈ ચાલે છે. રેલ્વેવાળા આઠ આના લે છે

જ્યારે મોટરવાળા પાંચ આના. ઘોડાગાડી પણ અહીં સસ્તી છે. જોકે નવા આગંતુકને ત્રણચાર ઘણું ભાડું પ્રથમ કહે છે પણ રકઝક કરતાં, ન ધારેલ ભાડું પણ ગરજ વખતે આ ગાડીવાળા લે છે. અમે ચાર જણાએ સામાન સાથે એક ૦૪ આનામાં મુસાફરી કરી હતી. આમ ચાર વચ્ચે આખી ગાડી એક આનામાં કદી આવી શકે એમ માની શકાય ?

હું રાતે અમૃતસર આવેલો હતો એટલે સવારે જ સુવર્ણ-મંદિર જોવું એમ નક્કી કર્યું હતું. હું જ્યાં ઊતર્યો હતો ત્યાં બીજા વેપારીઓ હતા. તે સુવર્ણમંદિરનાં ખૂબ વખાણ કરતા હતા. આથી રાત ક્યારે પસાર થાય અને સવારે હું જલ્દી આ સોનાના મંદિરનાં દર્શન કરું એમ ઇચ્છા થતી હતી.

કોઈના કહેવા પર જ્યારે અમુક વસ્તુ જોવાય છે ત્યારે તે આપણને ગમશે કે નહિ ગમે તે પ્રશ્ન થાય છે. સુવર્ણ મંદિર મેં ધાર્યું હતું તેના કરતાં ય સુન્દર નીકળ્યું. હજારો સ્ત્રી–પુરુષ ત્યાં આવે છે. શીખ સ્ત્રીઓ અને નાનાં બાળકો પણ કિરપાણ રાખે છે અને સેંકડોની સંખ્યામાં મંદિરમાં વારંવાર જોવા મળે છે. રોજ સાંજે અને સવારે ફરવા જવાનું મન થાય એવું મનોહર એ સ્થળ છે. કવિઓને કાવ્ય સ્ફુરે, ડૉકટરને કોઈ દર્દીની ચિકિત્સામાં ફેરફાર કરવાના વિચારો સૂઝે, ભક્તને ઈશ્વર પ્રતિ સભાન બનાવે, હતાશ થયેલાને પુનઃ મહત્ત્વાકાંક્ષી બનાવે, એવું આ સ્થળ આજ સુધીમાં જોયેલાં અનેક મંદિરો કરતાં વિશેષ ગમ્યું. સંગીતના જાણકારો, ભજન પ્રેમીઓ, ઠેર ઠેર બેઠા બેઠા ભજનની ધૂન જમાવે છે. આ મંદિરમાં પ્રવેશ કરવા મેં ચંપલ ઉતાર્યાં ત્યારે જાણે મોચીની દુકાન ન હોય એટલાં બધાં ચંપલ અને બૂટ સાચવી રહેલ ભાવિક શીખો સ્વેચ્છાથી બેઠેલા જોયા. પાસે જ બરફનું પાણી પાતી કેટલાક ભાવિક સ્ત્રીઓ અને સુવર્ણમંદિરમાં આવેલાં સ્ત્રીપુરુષોના

જોડા સાફ કરતી શીખ બેનો જોવા મળી. મને આ ન જોગેલું જોવાનું મળ્યું. નવાઈમાં મારાથી પુછાઈ ગયું, "તમે કેમ આમ ગમે તે લોકોના જોડા સાફ કરો છો" ? તો મને કહે, "જે લોકો આ સ્થળે આવે છે તેમની નૈયત સાફ છે અને તેવાના ચરણની રજને સ્પર્શવું એમાં ધન્યતા છે." આવું જ બીજું પણ એક દશ્ય જોયું. પાસે એક પાણીનો નાનો કુંડ હતો. મંદિરમાં જતાં પહેલાં બધા તેમાં પગ ધોતા હતા. અને આ પગ ધોવાયલું મેલું, ગંદુ પાણી ચરણામૃતમાં વપરાતું હતું. મને મારા પગ આ કુંડમાં ધોવા ન ગમ્યા. રખેને મારા પગના ધોવાયેલા મેલને કોઈ ચરણામૃત તરીકે વાપરે તો ! આથી હું નાખુશ હતો, નારાજ હતો. કદાચ આથી માણસમાં નમ્રતા અને અદનાપણું આવે પણ આ જમાનામાં જ્યાં સ્વચ્છતાના અભાવે આરોગ્યનું ખૂન થઈ રહ્યું છે ત્યાં પગની ગંદી રજ, તેનું ચરણામૃત કરવું એ વિચાર જ ભયંકર અને ઘૃણાજનક છે. નમ્રતા કેળવવા આના કરતાં બીજા ઘણા સારા ઉપાયો યોજી શકાય.

પ્રવાસમાં અને આજે પણ હું ટોપી પહેરતો નથી. આથી ક્યાંય પ્રવેશ પામવામાં મુશ્કેલી નડી નહતી. બીજાને હું ટોપી પહેરું કે ન પહેરું તેમાં શું ? કોઈને શું કામ પરવા કે પડી હોય ! પણ અહીં સુવર્ણમંદિરમાં આ ન ચાલ્યું. અહીં તો જેણે મંદિર જોવું હોય તેણે મંદિરની શિસ્ત પાળવી જ જોઈએ. રાજા જ્યોર્જે પણ સુવર્ણમંદિર જોવા જોડા કાઢ્યા હતા અને ટોપો પહેરી રાખ્યો હતો. જ્યારે રાણી મેરીએ એમ કરવું પસંદ ન કર્યું એટલે તેને મંદિરની બહાર ઊભું રહેવું પડયું હતું. આ વાત શીખ સ્વયંસેવકે જ્યારે કરી ત્યારે મને થયું કે મારો તો હવે શો ધડો ? ટોપી ન પહેરવી એટલે ખુલ્લું માથું રાખ્યું કહેવાય. ખુલ્લું શરીર એટલે નાગું શરીર. તેવી રીતે મારું માથું નાગું ગણાયું. મંદિર જોવાની ઉતાવળ અને મારી તાલાવેલી ગઈ રાતની હતી; કાંઈક મંદિરનાં

ભવ્ય સ્વપ્નો આંખે ઊંઘમાં જોયાં અને ઉડાવ્યાં પણ હતાં. તે મંદિર જોવાનો વિલંબ એક ટોપીને કારણે મારે વેઠવો પડયો. આ એક જ સ્થળે ટોપીનું મહત્વ મને સમજાયું. મને બીજો એક પ્રસંગ-યાદ આવે છે. ૧૯૩૦માં સાબરમતી જેલમાં હું પહેલવહેલો જ્યારે જમવા બેઠો ત્યારે આમ જ મૂંઝાયો હતો. જેલમાં દાળ માટે તાંસળું અને પાણી પીવા ચંબુ એમ બે જ વાસણો મળે છે. દાળ તાંસળામાં રેડાવી, રોટલા કયાં મૂકવા તે પ્રશ્ન જાગેલો. ચંબુમાં તો પાણી લેવાય. છેવટે મેં મારા હાથની થાળી બનાવેલી. અને પછી તો રોજ હાથમાં રોટલા લઈ દાળમાં બોળી ખાધે રાખતો. ટોપી વગરનો હું ખિસ્સાં ફંફોસતાં રૂમાલ મેળવી શકયો એટલે મેં માથે રૂમાલ બાંધી દીધો. આથી મને રજા મળી ગઈ અને મારી બુદ્ધિ વાપરવાના કારણે મારો નંબર ઝટ લાગી ગયો.

પેસતાં જ સામેનું એક આરસપહાણનું અને સોનાના શિખર-વાળું મંદિર જોઈ હું સંતોષ પામ્યો; પણ આગળ જ્યાં જોઉં છું તો મારી આંખો અંજાઈ ગઈ. ૧૪૦ ફીટ સુધી આરસપહાણની લાદીઓ લાગી ગઈ છે, અને આખું મંદિર ઝળહળ થઈ રહ્યું છે. જાણે દૂરથી આગ લાગતી હોય એવો પ્રકાશ દેખાય છે. આ મંદિર એક જ સરોવરમાં આવેલું છે. તેને ચારે બાજુ ઓવારા છે. સૂર્યનો પ્રકાશ બધા પાણીને સુવર્ણરંગી બનાવે છે. અરીસામાં જેવું મોઢું સાફ દેખાય તેવું જ આ મંદિર, પાણીમાં દેખાય છે. મંદિરોમાં જ્યારે ભજનકીર્તન ચાલે છે ત્યારે કોઈ શીખ બચ્ચો ગમે તેમ બેસતો નથી, વાતચીત કરતો નથી. ભજનમાં બધા એકચિત્તે તલ્લીન બનેલા હોય છે. મંદિરના મધ્ય ભાગમાં ટિબેટના પશમીના પર ગ્રંથ સાહેબની ધર્મની મોટી ચોપડી સોનાના સુન્દર પગવાળા બાજઠ પર ગોઠવેલી હોય છે. શીરાનો પ્રસાદ વહેંચાય છે. પૈસાનો દૂરથી નાનકડા ડુંગર જેવો દેખાતો ઢગ થયો હોય છે. પાસે જ એક ઊંચું

ટાવર છે, સુવર્ણે મઢેલા બે મિનારા છે. પાણીમાં મંદિરની શોભા કેટલી અદ્‌ભુત રીતે કરેલી છે. ચારે પાસ આરસપહાણથી બાંધેલું મંદિર દરિયામાં બેટ જેવું લાગે છે.

જેમ મોગલ બાદશાહોને પોતાના મહેલો ઓછા પડેલા તેમ આપણા હિન્દુ લોકોને પણ અનેક મંદિરો છે છતાં દેખાદેખીથી બીજાં મંદિરો બાંધવાની વૃત્તિ જાગે છે. શીખોનું આટલું સુન્દર મંદિર જોઈ હિન્દુઓને પણ જુદું મંદિર બાંધવા ઇચ્છા થઈ. શું હિન્દુ અને શીખોના ભગવાન જુદા છે? આવો વિચાર ન કરી તેમણે પણ પોતાનું નવું જ મંદિર લક્ષ્મીનારાયણનું (દુર્ગ્યાણા) આ જ ઢબનું બાંધવું શરૂ કર્યું છે. ૨૦ લાખ તો ખર્ચાઈ ગયા છે. પણ આના જેવું બાંધતાં તો કરોડો રૂપિયા લાગશે કારણ કે આખું મંદિર બનાવી તેના પર સોનાનું ઢાંકણ કરતાં કેટલા બધા રૂપિયા થઈ જાય?

અમૃતસરમાં આવી જલિયાંવાલા બાગને ન જોઉં તો કેમ ચાલે! વર્ષોથી મને તેના પર મમતા બંધાઈ હતી. ત્યાંથી રાષ્ટ્રભાવનાની ચિનગારી પ્રગટી હતી. અમૃતસરમાં ગમે તેને પૂછો તો જલિયાંવાલા બાગ કયાં આવ્યો તે આબાલ વૃદ્ધ સ્ત્રી સૌ કહેશે. એમાં નવાઈ શું છે? આવા આ જલિયાંવાલા બાગમાં હું ભાવભીને હૃદયે પેઠો. મને અહીં હિંસા અને અહિંસાના અનેક વિચારો આવ્યા. હિન્દમાં તો જલિયાંવાલાથી કાંઇક ચેતન અને જાગૃતિ આવ્યાં છે જ્યાંરે જે સ્થળે હત્યાકાંડ થયો તે સ્થળે તો લોકો સાવ ડરપોક બની ગયા છે. હિન્દમાં આવા અનેક જલિયાંવાલા સામે એક અહિંસા જ એવો પંથ બતાવશે કે હથિયારો હેઠાં મૂકાવશે અને પાશવતામાંથી માનવતા પ્રગટશે.

મારાં વૃદ્ધ દાદીમાને હર્ષ થાય છે કે હું જાત્રા કરું છું. પણ તેમને શી ખબર કે હું કેવી જાત્રા કરું છુ અને જાત્રામાં ધર્મ વિષે

મને કેવા કેવા વિચારો આવે છે! મારું એવું માનવું છે કે ધર્મ માટેની ભાવના કરતાં રાષ્ટ્ર માટેની ભાવના પ્રગટે તે વધુ યોગ્ય છે. જે દેશ આઝાદ નથી તે દેશની ધાર્મિક ઉન્નતિ કદી થઈ શકવાની નથી. એટલે રાષ્ટ્રભાવના કેળવવાની વધુ જરૂર છે. હિન્દુ, મુસ્લીમ કે શીખ ધર્મ માટે માથાં ફોડે છે પણ દેશ માટે કાંઈ કરતા નથી. શીખોએ ધર્મનું રક્ષણ કરવા ૬૦,૦૦૦ અકાલીઓ કેળવ્યા છે. દેશ માટે કેમ કોઈ કરતું નહિ હોય? અમરનાથમાં હું વિકટ યાત્રા કરતી ઘણી વૃદ્ધાઓને પૂછતો કે તમે આ જાત્રા ન કરી હોત તો શું વાંધો હતો? કેમ અમરનાથ આવ્યાં છો? તો કહે સૌ ભેગી હું ય આવી છું, અમરનાથ શું છે તે તો ખબર નથી.

કોંગ્રેસે ચાર લાખ રૂપિયા આપી જલિયાંવાલા બાગ ખરીદી લીધો છે. પણ ત્યાં કીર્તિગાથાઓ લખવા દેવામાં નથી આવી. જ્યારે કાનપુરમાં નાના સાહેબે અંગ્રેજોને જે કૂવામાં નાંખી દીધેલા તેના ઉપર આજે ય હિન્દીઓના દુર્ગુણની યાદી મોટી કરતું અને અંગ્રેજોના મનમાં હિન્દીઓ પ્રત્યે રોષ અને વેર જગાડતું પૂતળું પોતાની પાદપીઠ ઉપર લેખ લઈને ઊભું છે. તે બનાવ કરતાં આ બનાવનું મહત્ત્વ હિન્દના ઇતિહાસમાં કાંઈ ઓછું નથી—બલ્કે અનેકગણું વધારે છે

નાનકાનાનો હત્યાકાંડ

આવો જ બીજો એક મહત્વનો પ્રસંગ આ બાજુ બનેલો છે કે જેની આપણા તરફ ઘણાને જાણ નથી. અમૃતસરથી બાર માઈલે આવેલા ગુરુકાબાગનો આ પ્રસંગ છે.

અસહકારની ચળવળને અને આ પ્રસંગને સીધો સંબંધ નથી, છતાં રાજકીય અને ધર્મ સાથે સંકળાયેલો પ્રસંગ પંજાબમાં બન્યો

તેને પરિણામે દોઢસો શીખ સેવકોના જાન શાથી ગયા તે જોવું જરૂરી છે.

૧૯૧૯માં આખા દેશમાં રાજકીય ચળવળથી જાગૃતિ અને ભાન આવતાં ગયાં. સુધારકો સુધારાના કામમાં આગળ વધવા લાગ્યા, સ્વદેશીમાં માનનારાવાળા તેની પૂંઠે લાગ્યા, ધર્મવાળા ધર્મના સડા દૂર કરવા લાગ્યા. આમ સારાએ દેશમાં એક જબરી હિલચાલ શરૂ થઈ. શીખ કોમે પણ આ વખતે ભેગાં મળી પોતાના કેટલાક હકોની માંગણી સરકાર પાસે મૂકી. ધારાસભામાં વધુ બેઠકો માંગી; કેળવણી અને મંદિરોના વહીવટમાં સુવ્યવસ્થા કરી યોગ્ય માથું મારવું એમ પણ નક્કી કર્યું. અસહકારના આ જુવાળ સમયે ૧૯૨૦ ના ઑકટોબરમાં મળેલી શીખ પરિષદે ઠરાવ કર્યો કે કેળવણી અને ધાર્મિક સંસ્થાઓમાં કદી સરકારે માથું ન મારવું.

૧૯૨૦માં આ મંડળને ગુરુદ્વારા પ્રબંધક અથવા શીખ સુધારક મંડળ કહેવામાં આવ્યું. બધા શીખ ગુરુદ્વારા અને ધર્મસ્થાનોની વ્યવસ્થા કરવાનું કાર્ય આરંભાયું. આ વખતે કેટલાક મહંતોએ કબજો આપવા ના પાડી. આ મહંતો દુરાચારી હતા. તેમણે દુરાચાર ચાલુ રાખવો હતો. કબજો આપવો નહોતો. આથી તેમણે તો આ સુધારકોની વિરુદ્ધ ઊલટી ફરિયાદો રજુ કરી; પણ દેશમાં તો જુવાળ ચઢ્યો હતો એટલે આ મહંતોને કોઈએ ટેકો ન આપ્યો. એટલે સુધારકોએ નાનકાનાના ગુરુદ્વારાનો કબજો લેવાની ઈચ્છા છડેચોક જાહેર કરી. આ ગુરુદ્વારાની આવક લાખોની હતી અને તેના તાબામાં ૩૨ ગામો હતાં.

આ વખતે લાહોરમાં નાનકાનાના મહંત નારાયણદાસના પ્રમુખપદે સનાતની શીખોની એક સભા મળી હતી; અને છૂપી રીતે આ અકાલીઓ સામે માણસોની અને લશ્કરની ભરતી કરવામાં આવી હતી.

ગુરુદ્વારા પ્રતિબંધક સમિતિના સેવકો (અકાલીઓ) મંદિરે મંદિરે ફરતા હતા અને સુધારાઓ કરવા ખૂબ પ્રચાર કરતા હતા.

અહીં મહંત નારાયણદાસે વારસાઈ ગાદી પર મરાતી ત્રાપ માટે ૫૦૦ પઠાણો અને મવાલીઓ સંતાડી રાખ્યા હતા. બે દિવસ પહેલાં નાનકાના સાહેબમાં પ્રવેશ કરવા અકાલીઓએ યત્ન કરેલો પણ દાખલ ન કર્યા. બીજી દોઢસો માણસની જે ટુકડી મંદિરમાં દાખલ થઈ તેણે ગ્રંથ સાહેબની પૂજા કરી. એટલામાં શું થયું તે એ ટુકડી પાછી જ ફરવા ન પામી.

મંદિરનાં બારણાં બંધ હતાં. અને જ્યારે તે ઉઘાડયાં ત્યારે કોઈ ત્યાં જીવતું ન હતું. નીચેનો અહેવાલ લાહોરના લાલા ગિરધારીલાલનો લખાવેલો છે.

સવારે સરદાર લછમણસિંહ આશરે દોઢસો માણસોની ટુકડી સાથે ગુરુદ્વારામાં આવ્યા અને ખાલસાની સભાને વંદન કર્યું ત્યાં તો મહંત નારાયણદાસે બધાં બારણાં બંધ કર્યાં અને તેના માણસોએ બંદુક, રાઇફલ વગેરે લઈને છાપરા નીચેથી નીકળી આવી આ લોકો પર જે આવ્યું તે મારવું શરૂ કર્યું. ઈંટોના તો સોળ ઢગલા કરી રાખ્યા હતા. આ વખતે સરદાર લછમણસિંહે કહ્યું કે હું તો સરૌલી જતાં ખાલસા સભાના દર્શને આવેલો છું, પણ અહીં કોઈ સાંભળવા જ તૈયાર ન હતું. આ હત્યાકાંડ ઝટ પૂરો થયો. કેટલીએ લાશોને ગુરુદ્વારાના દક્ષિણના ખૂણામાં ઢસરડો લઈ જઈ ગ્યાસતેલ છાંટી બાળી મૂકવામાં આવી. કપાયેલાં માથાનાં અને છૂટાછૂટા શરીરના ભાગોના પણ ઢગલા પડયા હતા. મંદિર લોહીલોહાણ થઈ ગયું. કોઈ ખબર કહેવા જનાર, નાસવા યત્ન કરનાર પણ બચવા ન પામ્યું.

મિલમાલિક સરદાર ઉત્તમસિંગે પોતાના બે માણસને સાચી શી હકીકત બની છે તે જોવા મોકલ્યા તો તેમને ય મારી નાંખવામાં આવ્યા.

ઝબ્બરના સરદાર કરતારસિંગ આ વખતે ૧,૦૦૦ સાથીઓ લઈ ગુરુદ્વારામાં આવી પહોંચ્યા. અને કબજો સોંપી દેવા મહંતને આગ્રહપૂર્વક જણાવ્યું. સરકારે પણ આનાકાની કરવા માંડી અને સામાન્ય ઢબે જ જાણે કાંઈ ન બન્યું હોય તેમ વાત કરી; પણ જ્યારે કરતારસિંગે કહ્યું કે અમે ગુરુદ્વારામાં ગયા વગર પાછા ફરવાના નથી, યુરોપિયન કે દેશી લશ્કર કે મહંતના માણસો જો રોકશે તો તેમનો પણ સામનો કરશું અને એકે એક મરી મટી જઈશું પણ ગુરુદ્વારાનો કબજો લીધા વગર જઈશું નહિ. આ નિર્ણયના જોરે તત્ક્ષણ જ સરકારે આ લોકોને ગુરુદ્વારાનો કબજો સોંપ્યો.

આ સમાચારથી દેશભરમાં ભયનું અને અપમાન થયું હોય તેવું વાતાવરણ સળગી ઊઠયું. ગામેગામથી તારો છૂટયા. ગાડીઓ વચમાં રોકાશે અને મોડા પહોંચાશે એ ડરે કેટલાય માણસો તાપમાં, ધૂળમાં હજારોની સંખ્યામાં નીકળ્યા. શીખ પુરુષો અને શીખ સ્ત્રીઓ હજારોના કાફલામાં આ પુનિત સ્થળે આવવા લાગ્યાં અકાલીઓનો હજારોનો જથ્થો, રાષ્ટ્રગીત ગાતી સ્ત્રીઓ અને સત્ શ્રી અકાલના ગગનભેદી જયઘોષ સાથે આ રસ્તે માણસોની સંખ્યા ઊભરાઈ ચાલી.

સરકારે પણ આ ધર્મનો જુસ્સો જોયો. હિન્દમાં રાજ્ય સહીસલામત રીતે કરવું હોય તો કદી ધર્મમાં ન પડવું એમ નક્કી કર્યું. મહંત નારાયણદાસને ફાંસી મળી.

આ બલીદાનથી પુનિત થયેલે રસ્તે હું પણ મોટરમાં ગયો અને આવ્યો અને ત્યારે જ ત્યાંનો આ પ્રસંગ જાણવા પામ્યો.

ગુરુકાબાગમાં

આ ૧૯૧૪ ના કાવતરામાં પકડાયલા અને દેશને માટે ભારે કષ્ટ સહન કર્યું છે એવા હિંસાવાદી બુઝર્ગો બાબા સોહનસિંહ અને બાબા

જ્વાલાસિંહનાં મને અહીં દર્શન થયાં આજે તો તેઓ હિંસાવાદી નથી રહ્યા, પણ શાંત સમાજવાદી બની ગયા છે. બોંતેર વર્ષની તેમની ઉંમર છતાં તેમનામાં શક્તિના ધોધ વહેતા હતા. તે નિરાશ થયા ન હતા. સારા દેશના લોકો વેપારમાં પડયા છે, પોતાના ધંધામાં મશગૂલ છે, હું એકલો શું કરવાનો છું એ વિચાર તેમને સ્પર્શી શકયો નહોતો. આવા આ બુઝર્ગોને મળવા બદલ હું મારી જાતને ધન્ય માનવા લાગ્યો.

ગુરુકાબાગમાં સાંજે જમ્યા પછી દૂધ પીવાનો કાર્યક્રમ ચાલતો હતો. આઠ દસ શીખો બેઠા હતા, બાબા જ્વાલાસિંહ પણ હતા. હું તેમનો મહેમાન હતો. દાળ, રોટી અને શાક ખાઈ ધરાઈને અમે બેઠા હતા. ત્યાં તો દૂધનો મોટો કટોરો આવ્યો મેં અર્ધોશેર દૂધ પીધું. પછી તેમણે ફરી દૂધ રેડવા કટોરો નમાવ્યો. મેં ના પાડી. બધા બેઠેલા નવાઈ પામ્યા. "બસ એક જ" "फीर आप काम क्या करोगे? दूध तो हम पाणी की तरह पीते हैं।" આ લોકો શેર બશેર પાકું દૂધ તો રમતાં રમતાં પી જતા હોય છે.

બીજા શીખ બિરાદરો સાથે પણ વાતોના તડાકા મારવાના પ્રસંગો મારે બન્યા હતા. વાતવાતમાં માંસાહારની ચર્ચા નીકળી. તેઓ કહે, "જુઓ, અમે માંસ ખાઈએ છીએ તો કેવા તગડા અને સશકત છીએ?" આની શારીરિક દૃષ્ટિએ લાંબી ચર્ચા ન કરતાં મેં એક જ જવાબ આપ્યો, "તમે માંસ ખાઓ કે ગમે તે ખાઓ તેની સાથે મારે કાંઈ જ નિસ્બત નથી. પણ જ્યારે માંસ ખાનારી પ્રજા પણ આજે તો શરીર વધારી કાયરની જેમ ગુલામી વેઠી લે છે ત્યારે માંસ ખાવાથી વિશેષ શું? શરીર તગડું બનાવવું તેના કરતાં મન મજબૂત બનાવવું એ વધુ ઉપયોગનું છે." સૌ લોકો રાષ્ટ્રપ્રેમી હતા એટલે આ ચર્ચા લાંબી ન ચાલી અને માંસ જ

ગુલામ રાષ્ટ્ર માટે ઉત્તમ અને ઉમદા ખાણું છે એવો જે તેમનો અભિપ્રાય હતો તે ડગમગી ગયો.

ગુરુકાબાગમાં રાત્રે હું સૂતો પણ મને ઊંઘ ન આવી. ખાટલામાં પડયા પડયા ખૂબ પાસાં ઘસતો, ઊંઘવા પ્રયત્ન કરતો તેમ તેમ ઊંઘ તો ઊલટી ભાગી જતી. આખી રાત મને એ વૃદ્ધોનો વિચાર આવ્યો. હિન્દના મુક્તિયજ્ઞના ભાગ્યવિધાતાઓમાંના તેઓ પણ હતા. તેમણે જાનની પણ પરવા કરી ન હતી. આંદામાનની જેલમાં તેમણે વર્ષો વિતાવ્યાં હતાં. બોંતેર વર્ષની ઉંમર છતાં તેમનામાં ભારે વિનય અને વિવેક હતાં. જ્યારે મારી પાસેથી તેમણે કાંઈક નવું જૂનું જાણવાની અપેક્ષા રાખી ત્યારે હું શરમાઈ ગયો અને મૂંઝાયો. તેમના વર્ષોના જેલવાસ આગળ, તેમના વિરલ દેશપ્રેમ આગળ મારો શો હિસાબ ? હું પણ તેમની જેમ હિંસાવાદી તરીકે નહિ પણ અહિંસક યુદ્ધમાં જેલમાં ગયો છું એમ તેમણે જ્યારે જાણ્યું ત્યારે મારા પરનો તેમનો પ્રેમ અને અનુરાગ, વધ્યો એમ હું જોઈ શકયો. આવા નીડર બુઝર્ગો પ્રત્યે મારાં માન અને મમતા ખૂબ વધ્યાં. સુવર્ણમંદિરમાં આવનાર હરકોઈના પગ પખાળી તે પાણીનો ચરણામૃત તરીકે ઉપયોગ થતો હતો તે વસ્તુ મને અસ્વચ્છ લાગેલી, પણ આ બુઝર્ગને જોઈ મને થયું કે ચરણામૃત જ લેવું હોય તો તે આવા મૃત્યુ સાથે ખેલનારા ભીષ્મપિતામહ સમા વૃદ્ધવીરોનું જ લેવું જોઈએ.

અમૃતસર એટલે પંજાબનું વેપારનું મથક. અહીં રંગનો વેપાર સારો ચાલે છે. શાલ દુશાલા માટે અમૃતસર પ્રખ્યાત છે. દિલ્હી તથા લાહોર કરતાં અહીં જકાત ઓછી છે.

અમૃતસરમાં ફરતાં લાગ્યું કે અહીંની મ્યુનિસિપાલિટી ઊંઘે છે. રસ્તા ખૂબ ખાડાવાળા અને સાંકડા. રસ્તેથી પસાર થતાં પાડા

જોડેલું ગાડું આવતું હોય તો રસ્તા પર ઊભા જ ન રહી શકાય. દુકાનને ઓટલે ચઢીએ તો જ પૈડાની ભીંસમાંથી બચવા પામીએ. ગૂજરાતીઓનો કાપડનો અને રંગનો વેપાર અહીં સારો ચાલતો લાગ્યો. અહી ગૂજરાતી સમાજ પણ છે. વાચનાલય પણ ત્યાં જ છે અને ગૂજરાતી માટે સારી વીશી છે.

અહીં પણ શાહજહાનનો બંધાવેલો કંપની બાગ છે. હિન્દુસ્તાનની ઈમારતોમાં શાહજહાંનનો જે ફાળો છે તેવો ભાગ્યે જ કોઈપણ બાદશાહનો હશે. કાશ્મીરમાં શાલીમાર બાગ તો કહે શાહજહાંનો, લાહોરનો શાલીમાર પણ તેણે બંધાવેલો, આગ્રા અને દિલ્હી સાથે પણ તેનું જ નામ જડાયેલું; અરે, ઠેઠ અમદાવાદમાં પણ તેની બંધાવેલ ઇમારતો પડી છે. રેલ્વે ન હતી ત્યારે ઘોડા પર આ બાદશાહો કેટકેટલી સફર કરતા હશે ? અમૃતસરની સાંકડી ગલીઓમાં કંટાળી ગયેલો હું જ્યારે આ બાગ જોવા પામ્યો ત્યારે તેની લંબાઈ પહોળાઈ જોઈ ખુશ થઈ ગયો. આ બાગ ઘણો મોટો છે અને તેમાં હિન્દુ, શીખ અને ગોરાઓની કબ્રો છે.

અહીંથી ૨૫૦ માઈલ દૂર જ્વાળામુખી સ્ટેશન છે. ત્યાં જમીનમાંથી જ્વાળા નીકળે છે. એક મોગલ બાદશાહે આ સ્થળે લોખંડ દબાવી દીધેલું છતાં આ લોખંડને ભેદીને પણ જ્યોત પ્રગટેલી. તેમાંથી હજીયે વ્યવસ્થિત અને અખંડ જ્યોત પ્રગટે છે.

પેશાવરથી લાહોરને રસ્તે પાછાં ફરતાં વચમાં સિંધવની ખાણો આવેલી. ત્યાં મકાનો પણ સિંધવનાં છે. મૂળા કે કાકડીમાં મીઠું ન નાંખતાં ભીંતે ઘસીએ તોય એમાંથી ખારો સ્વાદ મળી શકે. અહીંથી મારે એકલાને હરદ્વાર જવાનું થયું. બધા સાથીઓ છૂટા પડી ગયા.

★

હિમાલયના ખોળામાં

ગંગા અને હિમાલય જોવાની ઇચ્છા દરેક હિંદુમાં કયારે જન્મે હોય છે એમ પૂછીએ તો ખબર નહિ પડે. પણ જન્મ સાથે વસ્તુની પ્રબળ ઇચ્છા આવીને ભરાઈ ગએલી હોય છે. યુ. પી. અ બિહારમાં રહેતા લોકોને ગંગા કે જમનાની રોજની સગાઈ હોવા તેમને દરિયો જોવાની ઇચ્છા જાગે છે. ગુજરાતીને ગંગા જોવા ધન્યતા અનુભવ્યાનું ઉપરાંત ધર્મનું ભારે માહાત્મ્ય દેખાય છે. ખરેખ પતિતપાવની ભાગિરથીનું માહાત્મ્ય અનેક રીતે અદ્ભુત છે.

ગંગાનાં અનેક વર્ણનો સાંભળેલાં. ગંગા જાતે જોઈ ત્યારે હરખાઈ ગયો. ગંગા પર અનેક ગીતો લખાયાં છે. ગંગા જોયા પ એ બધાં ગીતો મારા મનમાં ઉભરાઈ આવ્યાં.

હરદ્વારની ગંગા દરેક હિંદીએ એકવાર જોવી જોઈએ. સાબરમ કે મહી નદી ઉપરાંત ઘણી યે નદીઓ જોયા પછી તેનું ઉત્પત્તિસ્થ કલ્પવા દૃષ્ટિ સમક્ષ કંઈ દેખાતું નથી. જ્યારે ગંગા સમક્ષ હિમાલ મોટો પથારો પાથરીને પડયો છે.

સેંકડો સ્ત્રીપુરુષો સવારસાંજ ગંગાતટ પર આવે છે. હરદ્વાર તો ખરું બજાર જ ગંગાતટ છે. સેંકડો માણસો સ્નાન કરવા આવ

હોવાથી એ સ્થાન વેપારનું મુખ્ય કેન્દ્ર બની ગયું છે. મેવા મીઠાઈવાળા, ચાલુ ફળફૂલવાળા, દવાવાળા, ફોટો પાડવાવાળા, રમકડાંવાળાથી માંડીને તાત્કાલિક તૈયાર કરેલી, હજામતની હેરકટિંગ સલૂનવાળા બધા આ સ્થળે ધંધો કરી કંઈ કમાવાની આશાએ રોજ નવા નવા આવતા લોકોને આકર્ષી ફેરી ફરી ફરંફરા કરતા માલમ પડે છે.

સાંજે દરરોજ કથાવાર્તા થાય છે. અનેક મહારાજો પોતાનું નાનકડું મંડળ જમાવી કેટલાક ઊભા ઊભા કે પલાંઠો મારી ગીત ગાઈ કથા કહેતા હોય છે. સ્નાનાદિથી પરવારેલા લોકો ભાવપૂર્વક કથા સાંભળે છે. સાધુઓ અને મંદિરો અહીં ઘણાં છે.

ગંગાની સીધી નહેર વહી જાય છે. બંને કિનારે ઝાડની ઘટા છવાઈ છે. ઝાડનાં ઝુંડ સમાન અને હારોહાર ઊભાં હોવાથી ભવ્ય લાગે છે; અને સામે જ હિમાલયના પહાડો ઊભા હોવાથી આ સ્થાનની ભવ્યતામાં વૃદ્ધિ કરી દે છે. શિયાળામાં ત્યાં બરફ છવાઈ રહે છે. તુષારાચ્છાદિત શિખરો જોવાની મઝા તો એટલે ઊંચે જઈ લેવી જોઈએ.

સદા ભીડ રહેતી હોય એવાં ધાર્મિક સ્થાનો હિંદમાં ઘણાં મળશે. છતાં અમૃતસરનું સુવર્ણમંદિર અને ગંગાતટનું હરદ્વાર મને ગમ્યું. પોતાના નવા માલની જાહેરાત કરતા બૂમો પાડતા કેટલાય ફેરિયાઓને લીધે ગંગાતટે ધમાલ, ઘોંઘાટ હોય છે. ભાવિક ભક્તો ઈશ્વરનાં અનેક નામ અહીં પોકારી પોકારીને દે છે. ઘૂઘવતી ગંગા પણ ધમાલિયા વાતાવરણને પ્રેરી અવાજ મોટો કરે છે. સુવર્ણમંદિરમાં ખૂબ શાંતિ છે, નિયમન છે, ભક્તિનું ભાવભર્યું વાતાવરણ છે. પણ ગંગાની આ બધી ધમાલ છતાં હિમાલયની વિશાળતા આગળ આંખ અને મનને આ દશ્ય એટલું મનોહર લાગે છે અને ઘોંઘાટ છતાં ચિત્તને શાંતિ એટલી બધી લાગે છે કે મનુષ્ય હરખાઈ જાય છે.

હરદ્વારમાં આઠ દિવસ રહ્યો પણ મારા આઠ દહાડા ન જણાયા. મને મુસાફરીમાં કેટલેય સ્થળે રહેવાનું મન થયા જ કર્યું છે. અને તેમાં તો હું કદી તૃપ્ત જ ન થાઉં. જ્યાં રહેવા માત્રથી જ મન તૃપ્ત થઈ જાય એવાં કેટલાંય સ્થળો હિંદમાં છે, તેમાં હરદ્વાર પણ ગણાય.

હરદ્વાર એટલે હિમાલયમાં પ્રવેશ પામવાનો દરવાજો. પાસે જ કાંગડી ગુરુકુળ છે. ધીમે વહેતી ગંગા છે. તમે કુદરત જોઈ ધરાઈ ગયા હો તો અભ્યાસ માટે ગુરુકુળની વિશાળ લાયબ્રેરી પડી છે. અભ્યાસી અને ચિંતક એવા કેટલાક અધ્યાપકો વસી રહેલા છે. શરીરે સમૃદ્ધ અને ભારતી સંસ્કૃતિની આહલેક પોકારતા સંસ્કૃતના જુવાન અભ્યાસીઓ ગંગા અને હિમાલયને સામે રાખી અભ્યાસ કરતા બેઠા છે. મિત્રો ફરવા જાય ત્યારે હરિકીપૌડીથી ઝંપલાવે અને ગંગામાં વહેતા વહેતા તે ગુરુકુળમાં નીકળે. ગંગાનો પ્રવાહ ગુરુકુળને અડીને જતો હોવાથી કેટલી યે વાર આ જુવાનિયાઓ ચાલવાનું માંડી વાળી ગંગાને આશરે પડી, સાહસ કરી જળના ગતિમાન વેગમાં શરીરને ફેંકી ઝપાટામાં ત્રણ માઈલ તરવાની મહેનત વગર સૂતાં સૂતાં પહોંચી જાય છે અને ઘર આંગણે નીકળી પડે છે.

કાશ્મીર જવાનું જોખમ વેઠવું ન હોય તો હરદ્વાર જઈ આવો. શ્રીનગરથી ૬૦ માઈલે પહેલગામ આવે છે. પહેલગામનું કુદરતી સૌંદર્ય ઘેલા કરી દે તેવું છે. પણ ત્યાંની ઠંડી એટલી સખ્ત છે કે એ સૌંદર્યાનુભવ મોંઘા પડી જાય. વળી પહાડોમાં મોટરોમાં જવાનું હોવાથી ત્રણ દિવસની મુસાફરી કરવી પડે છે. જ્યારે હરદ્વાર દિલ્હીથી નજીક ખરું.

પ્રથમવાર ગંગામાં નાહ્યો ત્યારે ખરી લહેર આવી. માથે બપોરનો તાપ અને નાહવામાં બરફનું પાણી. તાપથી સહેજ ઠંડક પામવા નાહવા પડ્યો તો અતિશય ઠંડી લાગી. નદીનો



બરફનાં શિખરો.

આશરો તાપમાંથી રાહત માટે લીધો તો ઊલટી સઘડીની જરૂર પાડે એવી ઠંડી તેમાં લાગી. જેને તરતાં આવડતું તે તો હાથપગ હલાવીને ઠંડી સામે ઝૂઝતા. પાણીનો પ્રવાહ અને ઊંડાઈનું ઠેકાણું નહિ એટલે હું તો સ્થિર ઊભો જ રહી શકતો; જ્યારે બીજા ઘણા ચળવળ કરતા. પણ આ દશા મૂંઝવે એવી તો ન જ કહેવાય. આમાંથી રસ્તો કાઢવા મેં વિચાર કર્યો અને વિચારમાં કાંઈ ન વળ્યું એટલે 'ખરી મઝા કરી' બહાર નીકળી કપડાંનો આશરો લીધો. સંગીતના સૂર સાંજે અહીં ખૂબ સાંભળવા મળે છે.

હરદ્વાર, કનખલ અને જ્વાલાપુર એ ત્રણ મળી હરદ્વાર થાય છે. હરદ્વારમાં પંડાઓ અને જાત્રાળુઓ ઘણા રહે છે. થોડા ધંધાદારીઓ પણ વસે છે. કનખલમાં ઘણાં ગુરુકુળો છે. કેટલાયે ધનપતિઓ પૈસા આપી પોતે એવા આશ્રમો ચલાવે છે અને સંસ્કૃતને ટકાવી રાખવા મફત અન્નદાન અને વિદ્યાદાન આપે છે. આવે સ્થળે શરીરસંપત્તિ અને સંસ્કૃત વિદ્યા એ બેનો મેળ મેળવવો સહેલો છે. જ્વાલાપુરમાં મોટે ભાગે મુસલમાનો વસે છે.

તમે અમરનાથ જાઓ અને કાશ્મીરનું ડાલ સરોવર જોવાનું માંડી વાળો તો ન ચાલે. આગ્રામાં તાજમહાલ, આગ્રા ફોર્ટ જોઈ બીજું જોવાનું માંડી વાળો તો તમને પૂછનાર દયાલબાગ ન જોયા બદલ ટોકશે. અમૃતસરનું સુવર્ણમંદિર જુઓ એટલે ન પતે. તમારે જલિયાંવાલા બાગ પણ જોવો રહ્યો. બનારસમાં જઈ ગંગાંમા નાહી સારનાથ અને હિન્દુ યુનિવર્સિટી જોઈ આવો અને નવું બંધાયેલું ભારતમાતાનું મંદિર ન જુઓ તો તમને એક જોવા જેવી વસ્તુ જોવાની રહી ગઈ એવું દુ:ખ રહી જશે, અને બીજા જોઈ આવેલા તેનાં વખાણ કરી જોવાની ઇચ્છા જાગૃત કરશે અને તમે રસિક હશો તો બીજો ફેરો ખાવો પડશે. આવું જ છે હરદ્વારમાં. હરદ્વાર

જાઓ એટલે હૃષિકેશ અને હૃષિકેશ પછી લક્ષ્મણ ઝુલા જોવું રહ્યું. ઘણું જોઈ જોઈ ધરાઈ ગએલો છતાં મારે આ હિસાબે જવું પડયું. તેમાં વળી મને એકલાને મારી જેમ રહેતા એક પંજાબી મિત્ર ગુરુકુળમાં મળ્યા. તેમણે પણ આગ્રહ કર્યો એટલે કંઈ ના પડાય? તેમની સાથે ઊપડયો

હૃષિકેશમાં સાધુઓ ઘણા રહે છે. ત્યાં કાળીકમળીવાળાનો આશ્રમ છે અને ત્યાં હજારો યાત્રાળુ રહી શકે છે. રહેવું હોય ત્યાં સુધી રહો. દાન આપવું હોય તો આપો. ખાવું હોય તો વેળા વખતે એ હાથ ધરો તો રોટી મળશે. પ્યાલું કે વાડકી હશે તો દાળ લેવાશે. કોઈ જાતની પૂછપરછ કે દખલગીરી નહિ. વગર બિસ્ત્રે હું ત્યાં ગયેલો. સૂવાની વ્યવસ્થા ત્યાંના નોકરો કરી દેતા. વિદ્યાર્થીઓ માટે શીરાનો પ્રસાદ આપવામાં આવે છે પણ હું તો બહાર વીશીમાં જમી લેતો. ત્યાં બધી જાતની સગવડ છે. બહારથી હજારોનું દાન આ સંસ્થામાં આવે છે. મોટું ખાતું છતાં સારી વ્યવસ્થા જળવાઈ રહે છે. હિંદમાં કાળીકમળીવાળાની ઘણી સંસ્થાઓ છે. ભિખારીથી માંડીને સાધુ, ફકીર, અમીરને ત્યાં ખાવાને રોટી અને રહેવાને આશરો મળે છે. માત્ર સમય થાય ત્યારે એ હાથ ધરી હારમાં ઊભા રહેવું જોઈએ.

હૃષિકેશમાં ઘણા મહાત્માએ રહે છે અને તેમની છૂટીછૂટી કુટીરો નિર્જન સ્થાનમાં પડી છે. જ્યારે ભૂખ લાગે ત્યારે ખાવાનું મળે તો ખાઈ લે અને સાધના કર્યા કરે. હરદ્વાર કરતાં કુદરત અહીં વધુ ખીલે છે. જેમ જેમ ઉપર જઈએ તેમ વધુ સુંદર દશ્યો મળે છે.

ચારે બાજુએ ઊંચા ઊંચા પહાડો વચ્ચે ગંગા નદી વહી જાય છે. વચમાં લક્ષ્મણઝુલાનો પુલ છે. દૂરથી તારના દોરડા જેવો લાગે છે. આ પુલ ખૂબ સુંદર છે અને ત્યાં નીચે વહી જતી ગંગા, ઋષિઓની કેટલીક કુટીરો, ઝાડ અને પહાડોની પરંપરા વગેરે દશ્ય

એટલું અદ્‌ભુત દેખાય છે કે એ સ્થાન છોડી જવું ગમતું નથી. વળી મૃત્યુ માટે લલચાવે એવું એ સ્થળ છે. મૃત્યુ આવે તો ભલે આવે. માનસિક શાંતિ અને આરામ પછી મનુષ્ય નિદ્રા મેળવે છે. આ પુલનું તૂટવું અને ચિર નિદ્રા મેળવવી એ કેટલું અદ્‌ભુત છે! ખરેખર લક્ષ્મણઝુલા પરથી પડતાં ગંગા ઝીલી લે એ ક્ષણ ધન્ય ગણવા જેવી તો છે જ. મનુષ્યની કુદરત સાથે એકતાનતા સાધતું એ મૃત્યુ મોહક છે.

નાનકડી ચંદ્રભાગા ઢીંચણપૂર પાણી છતાં ધસમસતા પ્રવાહને કારણે એક બીજાના હાથ ઝાલવાની ફરજ પાડે છે. મજૂરો સ્ત્રીઓને સામે કાંઠે મૂકી દઈ આનંદ કરતા ચાર પૈસા લઈ લે છે.

ઘોંઘાટ અને ધમાલિયા જીવન પછી થોડા સમયનો વસવાટ અહીં આવકારપાત્ર છે, કે જ્યાં નિસર્ગ છે, શરીર અને મનની તંદુરસ્તી સચવાય છે, જીવનમાં કાંઈ જોયું એવો સંતોષ પણ થાય છે.

હરદ્વારથી હૃષિકેશ આવ્યા પછી હિમાલયમાં વધુ આગળ એટલે બદ્રિનારાયણને રસ્તે જવું હોય તો અહીંથી જવાય છે. ત્યાં આથી પણ સુંદર કુદરતી લીલા જોવા મળે છે.

ઐતિહાસિક દિલ્હીમાં.

कीसकी बनी रही है ।
कीसकी बनी रहेगी ॥

દિલ્હીની કથા રોમાંચક છે. દિલ્હીએ શું શું નથી જોયું ? કેટલા યે શાસન ચલાવતા રાજવીઓને બીજી જ પળે રઝળતા જોયા છે. દોરદમામ અને હુકમ ચલાવતા સરદારોને મરતાં તરફડી રહેલા જોયા છે. ભાગતા કાયર જોયા છે. મરણને વધાવતા વીર જોયા છે. મહેલાતો પાધર થતી જોઈ છે. એક વખતના વેરાન બરબાદ મુલકને લીલોછમ હરિયાળો થતો જોયો છે. કોણ જાણે હજી યે તેને કેટલું જોવાનું હશે ?

કેટલા યે પરદેશી રાજાઓ દિલ્હીમાં આવ્યા. તેને લૂંટી, બાળી, નિર્લજ્જ હુમલા કરી, વૈભવ ભોગવી ચાલ્યા ગયા. એક જ કોમ એવી આવી કે જેણે પારકી ભૂમિને અદ્‌ભુત બનાવવા કૌશલ્યની વૃદ્ધિ કરી, તેની અજાયબીનો ડંકો દુનિયાભરમાં વગાડયો. સ્વદેશ પાછા જવાનું માંડી વાળી ધનધાન્યથી ભરપૂર હિન્દની ભૂમિમાં પોતાની જાતને સમાવી દઈ, મોગલોએ હિન્દી બનવા પ્રયત્ન કર્યો.

આજે તે કાળની આબાદી, સમૃદ્ધિ અને કારીગરીની સ્મૃતિ તાજી કરવી હોય તો દિલ્હી જોવું જોઈએ.

બબ્બેવાર દિલ્હીનો કિલ્લો જોઈ આવ્યો. દિલ્હી ફોર્ટ જોવાથી મને દુઃખ લાગ્યું. હું મૂંઝાઈ પડયો. આ કિલ્લામાં પેસતાં જ દરવાજાને ત્રીજે માળ લડાયક સામગ્રીનું પ્રદર્શન છે; અને કેટલાં ય ખૂનખાર જંગના બિહામણાં ચિત્રો છે. તોપગોળા છે. માનવીના નાશની કહોને કે અનેક સામગ્રી તેમાં છે. આ જોયા પછી દિલ્હીમાં હતો છતાં રાષ્ટ્રની મુક્તિ માટે કહેવત સાંભરી કે 'દિલ્હી દૂર છે.' હિંસાથી તો સ્વાતંત્ર્ય પ્રાપ્તિની મુરાદ કોઈ કાળે ય બર આવે તેમ લાગતું નથી. એટલે સહેલો લાગતો બીજો વિચાર અહિંસાનો કરવો પડે. અહિંસાનો પ્રબળ વિચાર કરતાં લાગ્યું કે આઝાદી માટે મરી જવું, ફના થઈ જવું એ વગર એકે હથિયાર આજે હિન્દ પાસે નથી.


આ કિલ્લામાં ફરી ફરીને મોતીમસ્જિદ, દીવાને આમ, દીવાને ખાસ, રંગમહેલ, તુલામંદિર, રાજારાણીનાં હમામખાનાં સઘળું જોઈ આવ્યો. મોગલ બાદશાહોને પાણીનો ભારે શોખ હતો. પાણીના ફૂવારા, પાણીની નહેરો, નાહવા માટે સુંદર સ્નાનાગાર અને મકાનોની પોતાની ખાસ બાંધણી. આ દરેક મહેલમાં જવાહર હતાં, સોનું રૂપું હતું. આજે બધું ઊપડી ગયું છે. મકાનો એટલાં મજબૂત, ભવ્ય અને રોનકદાર છે કે તેનું આયુષ્ય માપવું મુશ્કેલ. પાસે જ પહેલાં જમના વહેતી હતી. હવે તો જમના રિસાઈને દૂર ચાલી ગઈ છે. તે કહે છે, "મારો ભક્ત ભારત સમ્રાટ આજે ક્યાં છે ? હું કોની સહવાસી બની સહેલ કરાવવાની અપેક્ષા રાખું ?" જ્યારે એ બાદશાહ જીવતો જાગતો હશે, પાસે જ જમના વહી જતી હશે ત્યારે એ ઠાઠમાઠ કેટલો અપૂર્વ હશે ? આ દશ્ય તેના યૌવનમાં કેવું હશે ?

આજે તો મહેલાતો સૂની પડી છે, તેની કોઈ રખેવાળી કરનાર રહ્યું નથી. તેનું પોતાનું કોઈ સગું—ધણીધોરી નથી.

પાસે જ મોગલ બાદશાહનાં ચિત્રો, તેમનાં ભાગ્યાંતૂટયાં રાચરચીલાંનું સંગ્રહસ્થાન છે. છેલ્લી બેગમ જનતમહાલનાં વસ્ત્રાભૂષણ છે, પણ એ વસ્ત્રો તો કહે છે કે બનાવટી છે. એનું સોનું તો ક્યારનું ય ઊપડી ચૂકયું છે. અને મુસલમાનો પણ આ બધું જૂનું જોઈને રાચે છે. ભૂતકાળ ઉન્નત હતો એટલે તેનું આજે ય પડતી હાલતમાં ગૌરવ લેવું એ ઠીક નથી. છેલ્લા બાદશાહ બહાદુરશાહનું અહીં એક હૃદયદ્રાવક ચિત્ર છે. ઘરડે ઘડપણ તેને જેલમાં પૂરેલો છે. તેનું મોઢું જોઈ આપણને દયા આવી જાય છે. ચિત્રમાં લખ્યું છે. "છેલ્લો મોગલ બહાદુરશાહ જેલમાં." આ ચિત્ર જોઈ કેટલાક મુસલમાનો ઢીલા થઈ જાય છે. ત્યાં દરેક વસ્તુની માહિતી આપતા ભોમિયા હોય છે. તેમાંના કેટલાક તો એવું બોલે છે કે આપણને દુઃખ થાય. હવે તો ત્યાં કેટલાક ભાગમાં અંગ્રેજો રહે છે. અને બે આના ખર્ચી ભૂતકાળને સંભારી દુઃખી થઈ પાછા ફરવું પડે છે.

દિલ્હીમાં કબરોનો પાર નથી. ૫૦ માઈલના વિસ્તારમાં દટાયેલી આરામગાહો અહીં છે. અને તે ભૂતકાળ કેવો હશે તેની ઝાંખી કરાવે છે. હુમાયુની કબર ઘણી મોટી છે, જ્યારે ઘણી તો અર્ધખંડિયેર અવસ્થામાં છે. હુમાયુની કબર એ મોગલાઈ બાંધ-કામમાં સૌથી પ્રથમ બંધાવેલ છે. તેની પાછળ પંદર લાખનો ખર્ચ થયેલો અને ૨૮૦૦ કારીગરોએ સોળ વર્ષ કામ કરેલું.

કુતુબમિનાર જોવા જતાં વચમાં ઍસેમ્બલી, સેક્રેટરિયેટ અને વાઇસરીગલ લૉજ આવે છે. રોમન પદ્ધતિથી બંધાવેલ આપણું ધારાગૃહ જોવા જેવું છે. તેનો સંપૂર્ણ ફોટો એરોપ્લેનમાંથી જ લઈ શકાય છે. પાસે જ વેધશાળા છે તેને જંતરમંતર પણ કહે છે. તેમાં ગ્રહણ, ગ્રહોની ગતિ અને સૂર્યનું સ્થાન વગેરે નક્કી કરવા



મધ્યસ્થ ધારાગૃહ, નવી દિલ્હી.

તેના નિષ્ણાતો આવે છે. આ પણ જયપુરના રાજાએ બંધાવેલી છે. એ વિષયમાં મારો મુદ્દલે ચંચૂપ્રવેશ નહિ એટલે તેનો ભોમિયો જે કાંઈ ભાષણ કરતો તે ગ્રીક અને લેટિન જેવું લાગતું. છતાં તેને રીઝવવા સમજ્યો છું એવું મોં કરતો અને કહેતો 'ऐसा.' આમાં કેટલા વાગ્યા એટલું સમજાયું ખરું.

આગળ જતાં બેઠા ઘાટના અગાશીવાળા માળ વગરના અનેક બંગલા આવે છે. ગરમીમાં ધારાગૃહનું કામકાજ સીમલા ચાલતું હોવાથી તે બંગલા સૂના થઈ જાય છે. જૂના મોગલ બાદશાહોને ન્યાય આપવા માટે થોડે અંતરે તેમનાં નામનાં પાટિયાં રસ્તા ઉપર ખડાં કર્યાં છે. અકબર હોય કે ઔરંગઝેબ કે ફરૂખશિયર ગમે તેને ત્રીસ ત્રીસ ફીટ આપી દીધા છે. પછી ભલેને તેટલા ભાગમાં બે ચાર બંગલા હોય. અને તરત જ બીજા બાદશાહોનો રસ્તો શરૂ થાય. બધા વાઇસરોય અને ગવર્નરોને તો અંગ્રેજી રાજમાં ભુલાય જ કેમ ? ગાડીમાં ઝપાટાબંધ એક પછી એક પાટિયાં બદલાય—જાણે ચલચ્ચિત્ર. હિંદનો ઇતિહાસ, તેમનાં શુભ અશુભ કાર્યો, પરાક્રમો, અને અંગ્રેજી રાજ્ય સલામત થયું, કોણે કર્યું તે બધા પ્રસંગો જાણે નામવાળાં આ પાટિયાં હૃદયમાં કહી દેતાં લાગ્યાં.

દૂર દૂરથી એક ઊંચો મિનારો દેખાય છે. ટાંગો જેમ જેમ ચાલે તેમ તેમ નજીક આવતો દેખાય, પણ તેને જોવા ધીરજ ખૂટે. ઇતિહાસમાં કુતુબમિનાર વિષે ભણેલો તો હતો જ. એટલે દિલ્હી આવ્યો ને મન તો કુતુબને જોવા તલપાપડ થઈ ગયેલું. છેવટે અમે પણ આવી પહોંચ્યા. ઊંચું જોઈને જાણે ડોક એક નવું આસન કરતી હોય એટલે ઊંચે નજર નાખ્યાથી ડોક દુઃખી ગઈ. પહેલાં તો સાત માળ હતા. પૃથ્વીરાજ ચૌહાણની દીકરી ઉષાવતીને જમનાનાં દર્શન કરવાનો નિયમ હતો; પણ જમનાનો પ્રવાહ પુરાતન દિલ્હીથી દૂર ગયેલો હોવાથી તે સાત માળ ચઢી


જમનાનાં દર્શન કરતી. સાત માળમાં છેલ્લો લાકડાનો હતો પણ વીજળી પડતાં એ માળ નાશ પામ્યા. હવે તો વીજળીથી બચવા તાંબાનું પતરું પાંચમે માળે રાખ્યું છે.

ગગનને ચુંબન કરનાર કુતુબમિનાર એ હિન્દનો એક ચમત્કાર છે. દુનિયાની સાત અજાયબીમાંની એ એક અજાયબી છે. બાંધણીમાં, સૌંદર્યમાં, દેખાવમાં, કુતુબમિનારની તોલે દુનિયામાં કોઈ ઇમારત આવે તેમ નથી.

ઝપાટામાં હું ૩૭૫ પગથિયાં ચઢયો. ઠેઠ પાંચમો માળ લોખંડનો બનાવેલો છે. પવન ખૂબ આલ્હાદક લાગતો હોવાથી જાણે બેસી રહીએ એમ થાય છે; એટલે ઊંચે દૂરથી દિલ્હીનાં મકાનો નાનાં ગામડાં જેવા લાગતાં હતાં અને ચારેકોર પથરાયેલ રાજિયા ગાતી આરામગાહો જેવા મળતી. માણસો તો અહીંથી વેંતિયાં જેવાં લાગેલાં અને ઝાડો નાનકડા છોડવા જેવાં.

અનેક દિનના સ્નાનના જેને અપવાસ છે એવો એક મજૂર ફાટયાંતૂટયાં વસ્ત્ર પહેરી, કુતુબની ટોચે વાયુની ઝડીમાં નિદ્રાદેવીને ખોળે નિરાંતે મોજ કરતો હતો. દુનિયામાં ખાધાપાણીનું છોને ગમે તે થાય પણ અહીં તો તે ઘણો સુખી હતો. ઊતરવું ન ગમે તેવું તે સ્થળ; છતાં ચઢવું અને ઊતરવું એ તો સૃષ્ટિક્રમ છે. અમે ઊતર્યા. મારા સાથીઓ વેપારી હતા. તે કહેતા, " આજે આટલું ચઢયા; હવે કોને ચઢવું છે ? ફરીવાર આવશું તો નીચેથી નજર નાખીશું. થાકી ગયા. " મેં અમરનાથની વાત કરી. આવું તો ૭ દિવસ સુધી રોજ પાંચ કલાક હિમાલયમાં ચઢયા છીએ. તેઓ કહે, " તેથી જ તમને આ કઠણ ન લાગે. "

પાસે જ ચંદ્રગુપ્તના સમયનો લોહસ્તંભ છે. ઘણો ઊંચો છે. તેમાં એક પણ સાંધો નથી. અનેક ધાતુઓનું મિશ્રણ કરી બનાવ્યો



કુતુબમિનાર.

છે. જે આજે ય અડગ ઊભો છે. અજર છે, અમર છે, તેને આંગણે કટલા યે સમ્રાટો આવ્યા, કેટલાં યે મહાયુદ્ધો થતાં તેણે જોયાં. તે હજી કંઈ જીવન કાઢશે. આ યંત્રયુગમાં ય આવો સ્તંભ કરવો સહેલ નથી, કારણ કે તેમાં એકપણ સાંધો નથી.

જુમ્મા મસ્જિદ

આ મસ્જિદ શાહજહાંએ ઈ. સ. ૧૬૨૯ના અરસામાં બંધાવી હતી. ઈશ્વરની પૂજા નિમિત્તે જગતમાં બાંધવામાં આવેલ મકાનોમાં આ ઇમારત મહત્ત્વનું સ્થાન ભોગવે છે. દિલ્હીમાં સૌથી ઊંચામાં ઊંચું આ જ મકાન છે. ચાંદની ચોકની દક્ષિણ બાજુમાં આવનાર કોઈપણ મુસાફરનું સહેજે ધ્યાન ખેંચે એવી આ મસ્જિદ છે. ઈદને દિવસે અહીં નિમાજ પઢનારાઓની કેટલી મેદની જામે છે તે પણ એકવાર જોવા જેવી છે.

હિન્દુઓનો કોઈ એવો તહેવાર છે કે જ્યારે સર્વ હિન્દુ, ન્યાત, જાત, કોમ અને માન્યતાના અંતરને ફગાવી દઈ સર્વ એક સ્થળે ભેગા મળી બેસે. તાબૂતને દિવસે મુસ્લીમોની જેવી હાજરી જોવા મળે છે તેવી હાજરી હિન્દુઓના એકપણ તહેવારમાં દેખાતી નથી. આ મસ્જિદની આટલી મોટી રચના અને શુક્રવારની મુસ્લીમોની મોટી મેદની જોઈ હું આ વિચાર કર્યા વગર ન રહી શક્યો.

દિલ્હી અભ્યાસી માટે ખૂબ ઉત્તમ શહેર છે. વારંવાર અવલોકવાથી ત્યાંથી નવું નવું મળી રહેશે. કેટલાંય વર્ષોથી પાટનગર તરીકેનું તેનું મહત્ત્વ હજી ય સચવાઈ રહ્યું છે.

મથુરાથી વૃંદાવન

દિલ્હીથી કલકત્તા જતાં મથુરા વચમાં આવે છે. મથુરા એટલે હિન્દુઓનું મોટું તીર્થધામ. મથુરાને આગલે સ્ટેશનથી પંડાઓ અને વીશીવાળાઓ ગાડીમાં ચઢે છે અને આગંતુકોને પોતાને ત્યાં લઈ જવા માટે પરસ્પર ભૂંડું બોલવું શરૂ કરે છે. વીશીવાળો કહે આ પંડો તમને ધર્મશાળા અપાવે તો ૫૦૦ રૂપિયા આપું. અને પંડો કહે આને ત્યાં ખાશો તો માંદા જ પડશો. આમ ઝઘડા ચાલે. વચમાં મારો મરો. હું મૂંઝાઈ પડતો. કોઈ ઓળખાણ નહિ, સાથીઓ છૂટા પડેલા, ગૂજરાતીઓની વસ્તી વિરલ, જ્યાં જઈએ ત્યાં અલમસ્ત શરીરવાળા મથુરાના ચોબા. આ તો હજી મથુરા પહેલાં ચાલતું હતું. કોણ જાણે મથુરામાં શું થશે, એ વિચારે ય હું ગભરાયો. ગાડી સ્ટેશને અટકી. યાત્રીઓની સારી સંખ્યા હતી એટલે ગાડીવાળાઓ મોંઘા થયા હતા. મારે કાંઈ ઉતાવળ ન હતી એટલે હું સ્ટેશન બહાર રસ્તા ઉપર સામાન મૂકી ઊભો. એક પછી એક પંડાઓ ગામ, જાત અને ક્યાં ઊતરવાના તે પૂછવા લાગ્યા. શરૂ શરૂમાં તો આ પંડાઓને વિવેકને હિસાબે ય જવાબ આપતો પણ આથી આખરે કંટાળ્યો. સહેજ ખસ્યા કે કયું ગામ કેવા જો! વળી પાછા બધી ભાષા બોલી જાણે. આ ત્રાસમાંથી છૂટવા એક રસ્તો ખોળ્યો.

આ લોકો પોતાના ધંધા પ્રત્યે પ્રમાણિક હોય છે. આપણે અમુક પંડાનું નામ આપીએ તો પછી નામ ન લે. એક પંડાએ ગલ્લુ મોહન મેરા નામ કોઈને કહ્યું. આથી મેં કહ્યું, 'હમારા પંડા કા નામ હૈ ગલ્લુ મોહન.' પછી તો કોઈ નામ જ ન લે. હું હવે બચી ગયો અને ફાવ્યો એમ માની બીજાઓની રમૂજ જોતો ઊભો હતો. મારા એક ભાઈ કંટાળી ગયા હતા. વારાફરતી પંડાઓ પૂછાપૂછ કરતા. તેમણે કહ્યું 'મેરા ગામ વલ્લભીપુર.' આવું ગામ કોઈ પંડાએ નહિ સાંભળેલું એટલે ચાટ પડતા. આખરે ગાડીવાળા થાકયા એટલે નક્કી કરી રાખેલ ભાડુ ઠરાવી ગાડી હાંકી મૂકી. પાછા ગાડીમાં ય અવાજ સાંભળવા મળતા કે કયું ગામ? નામ તો કહો. પણ આટલા અનુભવ પછી મૌન રાખી ગાડીવાળાને હાંકે રાખવા કહેતો.

આટલી બધી મુસાફરી પછી મને પ્રવાસની કેળવણી કાંઈક તો મળી ગઈ હતી. ખાદીભંડાર શોધી ખાદીવાળો છું કહી કયાં ઊતરવું એમ પૂછી, એક ધર્મશાળા મેળવી લીધી. ખાવાને માટે તો ગમે તે લૉજ શોધી કાઢતો. અહીં મારો કોઈ ભાવ પૂછે એમ ન હતું. યજમાનવૃત્તિ કરી યાત્રીઓ પર જ આ શહેરનો મોટો ભાગ નભે છે.

મથુરા અને જમના માટે તો ઘણાં ગીતો લખાયાં છે. આ બધાં એક પછી એક મને યાદ આવ્યાં. જે ગીતો ગાઈ ગયો છું, સાંભળી ચૂકયો છું એ ગીતો જે ભૂમિમાંથી સરજાયાં છે તે ભૂમિમાં હું આવ્યો છું. ભાવિક લોકો તો દ્વારકાનાથજીની પતરાળી ખાઈ અપૂર્વ સંતોષ પ્રાપ્ત કરતા. સેંકડો સ્ત્રીપુરુષો જે જે સ્થળે કૃષ્ણે અનેક લીલાઓ કરેલી તે તે સ્થળે ૮૪ કોશની યાત્રા કરે છે. જે કુંડમાં કૃષ્ણ નાહેલા, જે ઝાડ પર ચઢેલા, ગોપીઓ સાથે રાસલીલા રમી જ્યાં બેસી બંસરી વગાડેલી, તે સર્વ સ્થળે લોકો

ભૂતકાળની કૃષ્ણની ક્રીડાઓને, ધાર્મિક માહાત્મ્ય આપી ભક્તિમાં લીન થઈ ધન્યતા અનુભવતા હતા.

મથુરા જેવા પવિત્ર ધામની સ્વચ્છતા વિષે બે બોલ કહેવા જરૂરી છે. દૂધ અને મીઠાઈની દુકાનવાળા ઘરાકને પોતાના માલને બીલકુલ અડવા દેતા નથી. બીજે સ્થળે ઘરાક હાથે લઈ ચાખી જુવે છે જ્યારે અહીં તો દૂર જ ઊભા રાખવામાં આવે છે. મથુરાનું દૂધ સ્વાદિષ્ટ લાગે છે અને તે પીવા માટીની લોટીઓ હોય છે, જે પછી ફેંકી દેવાય છે. પણ આ એક જ સ્વચ્છતાથી જે ઘણી અસ્વચ્છતા ભરપૂર પડી છે તે ઢંકાવાની નથી. કોણ જાણે કેમ આ લોકોએ મુતરડી ક્યાં ય બાંધી જ નથી. લોકો રસ્તામાં જ બેસી જાય છે. શૌચ માટે જાજરૂની વ્યવસ્થા પણ ખરાબ છે. મારી ધર્મશાળામાં ચાલીસ પચાસ માણસોનો ઉતારો અને જાજરૂ એક જ. તે ય ગંધાતું અને ડબ્બા વગરનું. આવે પવિત્ર સ્થળે જ્યાં સર્વત્ર ભગવાનનો વાસ છે ત્યાં જાજરૂની ગંદકીમાં ભગવાન કેમ ટકતા હશે? ઈશ્વર ક્યાં નથી એમ બધા કહે છે. તો પછી આ જાજરૂનું શું? ધર્મશાળામાં પ્રવેશતાં જ દુર્ગંધ મારતી એટલે મારે આનુંય વર્ણન કરવું પડ્યું. ધર્મશાળાઓ બંધાવવા કરતાં સ્વચ્છ જાજરૂ અને મુતરડી જો આ સ્થળે કોઈ બંધાવે તો તે લોકોને આરોગ્યપ્રદ અને આશીર્વાદ સમાન થઈ પડશે.

ધર્મશાળામાં મંદિરના મુખ્યાજી મારી સાથે હતા. પોતે ગોવર્ધન જવાના હોઈ મને ય ભક્ત ધારી જવા સલાહ આપી. મેં જવું એમ નક્કી કર્યું. લોકોની ભકિતઘેલછા કેવી છે તે જોવા મળશે તોય મારે તો ઘણું હતું.

મથુરાથી પંદર માઇલે 'ગોવરધન' છે. તરત જ ગીત યાદ આવ્યું. ટચલી આંગળીએ વહાલે ગોવર્ધન તોળ્યો! કહે છે કે પહેલાં

તો ૭ માઈલ ઊંચો અને તેટલો જ લાંબો હતો. કળિયુગ છે ને એટલે ઘટતો ઘટતો હવે ૩૦ ફીટ જ રહ્યો છે. ભકતજનો આમ કહેતા. લોકો ગોવર્ધનની ભારે મર્યાદા રાખે છે. તે તરફ પૂંઠ કરી બેસતા નથી. લાંબા પગ કરી સૂતા પણ નથી.

અહીં ઘણા ગૂજરાતીઓ આજે આવ્યા હતા. ધર્મશાળાઓ ચિકાર હતી. નાનકડી વ્રજભૂમિમાં લોકોનો ધસારો થતાં સંખ્યા વધી ગઈ હતી. અહીં કાંઈ હૃષિકેશની કાળીકમળીવાળાની ધર્મશાળાની જેમ મારો ભાવ પૂછે તેવું કોઈ ન હતું. ત્યાં તો ગોદડાં વગર ગયેલો છતાં સૂવા પથારી મળેલી, નોકરો આવી ગોળીમાં પાણી ભરી ગયેલા અને ખાવાની માગણી કર્યા વગર જમવાના એમ લોકે મને પૂછેલું પણ ખરું. આ સ્થળે મારો કોણ ભાવ પૂછે? બધા ભકિતમાં પડી ગયા હતા. રાત્રે સૂવાની પણ પંચાત હતી.


આખરે એક ધર્મશાળામાં લોકોની ભીડમાં જઈને પડયો. એક બીજાને અડયા વિના સૂઈ શકાય એટલી પણ જગા ન હતી. અહીં મવાલીની જેમ પડયો. કોઈના પગ આગળ તો કોઈના માથા આગળ. બધા જ જ્યાં ગમે તેમ પડયા હતા ત્યાં હું ય ઉમેરો કરતો પડયો. રાત્રે બે વાગે અન્નકૂટનાં દર્શન થવાનાં હતાં. જાણે ભગવાન ચાલ્યા જશે એમ માની લોકો ધકકામુકકી કરી ઊતાવળા દર્શન કરવા પડાપડી કરતા હતા. હું તો ગોવરધનથી મથુરા સવારે ભાગી આવ્યો.

મથુરામાં આવેલો જમના બાગ મને ગમ્યો. જમના કાંઠે અહીં એકાંતમાં શંકરની સુંદર મૂર્તિ છે. લીલી ઝાડની ઘટા છે. કેડ સમાણો ઊંડો હોજ પણ છે. એ જગામાં મથુરાની ધમાલ પછીની વિરલ શાંતિ મળે છે.

મથુરા જાઓ અને વૃંદાવન ન જાઓ તો તમને મારા મત મુજબ મથુરાનો ધક્કો થયો એમ જ લાગે. વૃંદાવન એટલે ઘેર ઘેર મંદિર. આ બધાં મંદિરમાં દર્શન કરનારને તેની ધીરજ, ભકિત અને અનેક ઈશ્વર ઉપરની આસ્થા માટે ઈનામ આપવું પડે. પાંચ છ મંદિરો મોટાં છે જે જોવા જેવાં છે. જયપુરના રાજાનું મંદિર સુંદર છે. કૃષ્ણની અષ્ટ સખિઓનું મંદિર છે. સૌથી મોટું મંદિર રંગજીનું છે. તેની વચમાં પાણીનો મોટો હોજ છે, ફરતી દિવાલ છે, અને સુવર્ણ સ્તંભ પણ છે. પુષ્કરજીમાં પણ સુવર્ણ સ્તંભ છે.

મથુરા અને વૃન્દાવનમાં રસ્તા પત્થરના છે. મથુરામાં ગૂજરાતીઓ મોટા પ્રમાણમાં જોવા મળે છે જ્યારે વૃન્દાવનમાં બંગાળીઓ. ભાષા-સમૃદ્ધ બંગાળી કથાકાર હાથનાં હલન ચલન અને મુખાકૃતિના ફેરફારથી શ્રોતાજનોને રસથી તરબોળ કરી મૂકતા જોયા.

વૃન્દાવનમાં ફરતાં ફરતાં અનેક મંદિરો દેખાતાં. હું કોક કોક મંદિરમાં જતો ખરો. આવા એક મંદિરમાં હું ગયો. ૪૦૦૦ મંદિરમાં તેનો નંબર કેટલામો આવે તે કેમ ખબર પડે? પણ ભકતો માટે તે ભારે મહત્ત્વવાળું લાગ્યું. મંદિરના પૂજારીને કોટ પાટલુન પહેરેલા મને જોઈને કાંઈ આસ્થા ઊપજી. જે ધૂળમાં (રજમાં) કૃષ્ણ રમેલા તે ત્યાં પાથરેલી હતી. ચરણસ્પર્શ, પ્રસાદ, રજ લઈ જવી વગેરેના તેણે પાંચ રૂપિયા બીલ મૂકયું. હું તેને મુદ્દલે ન સંતોષી શકયો. છેવટે તે પૂજારી સવા પાંચ આની સુધીમાં બધી વિધિ કરવા મારે માટે તત્પર બન્યો. પણ હું ભાગી છૂટયો. ત્યાં કેટલાંક જૂનાં આલેશાન મકાનો છે. રાજાઓએ તો જાણે તાજમહાલ જોયા પછી પોતાનાં મંદિરોમાંય તેનું અનુકરણ શરૂ કરી પછી માંડી વાળ્યું હોય એમ કેટલાંક મંદિરની શોભા અને રચના જોતાં લાગ્યું. અહીં ઘણાં સારાં મંદિરો છે. જ્યારે મથુરામાં એક દ્વારકાધીશનું મંદિર જ સારું છે.



વૃંદાવન.

શ્રી રંગજીનું મંદિર.

વૃંદાવનમાં પ્રેમમહાવિદ્યાલય એ પણ એક જોવા જેવી સંસ્થા છે. બીજું વૃંદાવન ગુરુકુળ એ આર્યસમાજી સંસ્થા છે. વૃંદાવન આટલું સુન્દર છતાં ત્યાં રહેવાની તથા જમવાની વ્યવસ્થા ક્યાંય સારી નથી. ગૂજરાતી વીશીઓ પણ નથી. જ્યારે મથુરામાં ગૂજરાતી વીશીઓ અને અનેક ધર્મશાળાઓ છે. વૃન્દાવનમાં રહેવાની વ્યવસ્થાના અભાવે મારે વૃન્દાવન છોડવું પડ્યું. આ એક જ એવું સ્થળ છે કે જ્યાંના લોકોને બીજો કાંઈ જ ધંધો નથી. પ્રવાસીઓ, ભક્તો, રાજાઓ આવે અને દાન આપે તે પર જ આખા શહેરના લોકોનો નિભાવ થાય છે. બધાં મંદિરો ઝટ જોઈ લેવાં હોય તો ઘોડાગાડી કરી ફરવું જોઈએ; તો પણ મંદિરો જોતાં, તેમાં ફરતાં થાક લાગે એટલાં બધાં મંદિરો અહીં છે. મથુરામાં મસ્જિદો છે. જ્યારે વૃંદાવનમાં મસ્જિદ નથી. દૂર ખૂણામાં આવેલું હોવાથી તે બચી ગયું લાગે છે. વૃંદાવનથી મથુરા છ માઈલ દૂર આવેલું છે. ભક્તિના આ ધામમાં ફરતાં મારા મનમાં કેટલાં ય ગીતો જે મથુરા, જમના અને વૃન્દાવન માટે લખાયાં છે તે ઊભરાઈ આવ્યાં. હરદ્વાર અને અમરનાથ, સુવર્ણમંદિર અને લાહોરનો શાલીમાર બાગ જોયા પછી મને મથુરામાં કાંઈ મઝા ન પડી. પણ વૃન્દાવન ગમ્યું. સીધી પહાડમાંથી ધસી આવતી ગંગા અને ચિનાબ, રાવી અને જેલમ જોયા પછી ઘણા પ્રદેશ જેણે વટાવ્યા છે, જે ગામ ગામનાં ઝાડ, પાન, પથ્થર, માટીને મળીને માતૃભૂમિ કે નજીકના પિયરના સગાથી દૂર દૂર જઈ પડી છે, એવી જમના મને કાંઈ આકર્ષી ન શકી. છતાં ભાવિક લોકો જમનાજીનું પાન કરતા અને દ્વારકાનાથજીની પાતળ ખાઈ અપૂર્વ સંતોષ પ્રાપ્ત કરતા. કેટલાએ લોકોને લોટીમાં સીલ કરાવી જમના મૈયાને સ્વગૃહે લઈ જતા જોયા. હરદ્વારમાં પણ ગંગાજીનું જળ આમ લઈ જવાતું હતું.

તાજમહાલ

જ્યોત્સ્ના રાતે નિભૃત મંદિરે
પ્રેયસીને
જે નામે બોલાવી ધીરે ધીરે
તે જ મૃદુમંદ વાણી મૂકી ગયો તું આ સ્થાને
અનન્તને કાને.
પ્રેમની કરુણ કોમલતા
ખીલી તે આ
સૌંદર્યના પુષ્પ પુંજે પ્રશાન્ત પાષાણે.
હે સમ્રાટ કવિ
આ તારા હૃદયની છવિ
આ તારું નવમેઘદૂત
અપૂર્વ અદ્ભુત
છન્દે ગીતે
ચડયું ઊંચે અલક્ષ્યની દિશે
જ્યહાં તવ વિરહિણી પ્રિયા
રહી છે મળી આ
પ્રભાતના અરુણ–આભાસે,

કલાંત–સંધ્યા દિગંતના કરુણ નિઃશ્વાસે,
પૂર્ણિમાએ દેહહીન ચંપેલીના લાવણ્ય–વિલાસે,
ભાષાને અતીત તીરે,
કંગાળ નયન જેને આંગણેથી થાકી પાછાં ફરે.
તારો એ સૌંદર્ય–દૂત થયાં યુગોયુગ
ચુકાવીને કાળકેરો પ્રહરી અચૂક
જાય ચાલ્યો વાણી હીણો વાર્તા લઈ આ
ભૂલ્યો નથી, ભૂલ્યો નથી, ભૂલ્યો નથી પ્રિયા.*

—રવીન્દ્રનાથ.

*આ ઉતારો રવીન્દ્રનાથના શાહજહાન નામના બંગાળી કાવ્યના મુ. શ્રી. નગીનભાઈના અનુવાદમાંથી લીધો છે. આખું કાવ્ય એટલું સુંદર છે કે તે આખું છાપી નાખવાની મારી ઇચ્છા હતી. પણ રખેને મારા લેખ કરતાં તે કાવ્ય લાંબું થઈ જાય એ બીકે આટલું જ લીધું છે.

મથુરાથી આગ્રા આવ્યો છું. આગ્રા એટલે દુનિયાભરમાં હિન્દનો ડંકા વગાડતું શહેર. કયો પરદેશી પ્રવાસી એવો હશે કે જેને હિન્દુસ્તાનમાં આવીને તાજમહાલ જોયા વગર પાછા જવાનું બન્યું હોય. ફોટો કે ચિત્ર મારફતે અથવા શબ્દોમાં કરેલાં ગમે એવાં લાંબાં અને વિગતવાર વર્ણનો મારફતે તાજમહાલની ભવ્યતાનો ખ્યાલ આવવો મુશ્કેલ છે. તેને માટે તો તે નજરે જ જોવો જોઈએ. છતાંય મારા જેવા નવા લખનાર અને બબ્બેવાર તાજમહાલ જોનારના બે શબ્દો જો કોઈને ય તે જોવા પ્રેરે તો હું મારું આ લખાણ સફળ માનીશ.

મુમતાજ રૂપાળી અને ખૂબસૂરત હતી. અને આથી શાહજહાનને તે ખૂબ ગમતી. આનું તેને ગૌરવ પણ હતું. અને વારંવાર એ કહેતો કે આહ! તને કાંઈ ખુદાએ રૂપ આપ્યું છે. આવી પ્રસંશા અને ગુણ-ગાન ચાલ્યાં કરતાં. એકવાર મુમતાજે સંભળાવ્યું કે “જો જો હું

મરી જાઉં અને તમે મને ભૂલી ન જાઓ. બાદશાહને શું? એક ગઈ તો બીજી." આ વખતે બાદશાહના મનમાં એક વાત વસી ગઈ હતી તેણે કહ્યું, "મને તું કેવી વહાલી છું તે માત્ર હું જ જાણું એમ નહિ પણ આખું જગત જાણે એવું હું કરી મૂકીશ." અને ખરેખર! આજે ૩૦૦ વર્ષે મુમતાજ આ સ્મૃતિના ભવ્ય પ્રતીકમાં અમર બની છે. આમાં દસ કરોડથી વધુ ખર્ચ થયું છે. અઢાર વર્ષ ૨૦,૦૦૦ કારીગરોએ ત્યાં કામ કર્યું છે. એમાં જડેલાં હીરા, માણેક, મોતી આજે ત્યાં નથી. બ્રિટિશ સરકારે તે ઉખેડી લીધાં છે. પણ ત્યાં જે પ્રેમ જડાયો છે તેને તે નથી ઉખાડી શકી. અને એ પ્રેમનું કાંઈ મૂલ્યાંકન થઈ શક્યું છે! આજે આ તાજમહાલ એ કેવળ મુમતાજ કે શાહજહાંના સ્નેહની પ્રતિમા નથી; દેશદેશના કાળકાળના કે મનુષ્ય મનુષ્યના અંતરને ભેદી સઘળા પ્રેમીઓને એકત્રિત કરતી એ તો એક અદ્ભુત સમાધિ છે. ગોદમાં વહી જતી યમુનાની નીરવ ભાષામાં એ શીરીંફરહાદ, લયલામજનુ કે સુહિણીમેહારથી માંડીને કોઈ ગરીબ અણજાણ પ્રેમી યુગલને આ કરુણરસ ભરપૂર વાત, એ અનેક રંગી સંધ્યા કે ચાંદનીના રૂપેરી પ્રવાહમાં આવનાર દરેક પ્રવાસીને કહ્યા કરે છે. કહે છે કે જે દિવસે મુમતાજ મરી ગઈ તે આખી રાત બાદશાહે અપાર વેદનામાં ગાળી હતી. તેના માથાના કાળા વાળા એક રાતમાં જ સફેદ થઈ ગયા હતા. આ સમ્રાટ શાહજહાંના અંગે અંગમાં જે વેદના લાગેલી તે વેદના આ તાજમહાલ જોતાં જાણે પથ્થરના અંગે અંગમાં લાગી ગઈ ન હોય એમ લાગે છે. તેણે તો આ સરજીને વિશ્વમાં ચિરકાલને માટે એક દર્દભર્યું કાવ્ય મૂકી દીધું છે. પૂર્ણિમાઓ તો અનેક જોઈ છે પણ આટલી ઊજળી પૂર્ણિમા પ્રથમ જોઈ અને એ એક જ પૂર્ણિમા દિલમાં વસી ગઈ. પહેલી જ વાર આટલી ચમકતી ચાંદની જોઈ. અજવાળી રાતે ચાંદનીમાં તાજ જોવો એ ઘડી સ્વર્ગને પણ ભુલાવે એવી છે. સોનું સુગંધવાળું મળ્યું. આથી વધુ મઝા સ્વર્ગમાં શું હશે? તાજમહાલ એટલે ચાંદની રાતે જમના પર તરતું રાજભવન.

શાહજહાંના સ્વપ્નામાં કલ્પાયેલું સૌન્દર્ય. પાસે જ ઊભો હતો છતાં તાજમહાલ ખરેખાત સ્વપ્નવત્ ભાસ્યો. આ જન્મમાં સ્વર્ગ-પ્રાપ્તિ જોવી હોય તો તમારે તે અનુભવવા અજવાળિયામાં આગ્રા આવવું જોઈએ. આગ્રામાં એક કવિ છે. એને તાજનો પડછાયો છોડી જવું નથી ગમતું અને તાજનો પડછાયો તો આખા આગ્રામાં પડે છે. ચંદ્ર કિરણમાં હિમાલય સમો તાજમહાલ ચાંદની રાતે પ્રકાશે છે. ખરતા તારાનો પ્રકાશ જોતા હોય એમ લોકો ભેગા મળી અજવાળી રાતે તાજનો ચળકાટ જોવા આંખો ફાડી, આઘાપાછા થઈ, સાથીને આંગળી વડે બતાવી, ખૂણે ખૂણે ફરી વળે છે. બારશે આગ્રામાં આવેલા મહેમાનને પૂર્ણિમાએ તાજ જોઈ જવા રોકાવાનો આગ્રહ કરવામાં આવે છે. અને દિવસે જોયેલો એ જ તાજ રાત્રે જુદા જ સ્વરૂપમાં ભાસે છે.

ચાર વર્ષે બીજીવાર હું તાજ જોઈ આવ્યો. દુનિયાએ આ ચાર વર્ષમાં શા શા પલટા જોયા. ૨૫ વર્ષનો આશાભર્યો કોડીલો જુવાન ચાર વર્ષ પછી મંદ અને શિથિલ લાગે છે. જ્યારે મને બીજી વારને દર્શને તાજ વિશેષ ગમ્યો, અલૌકિક લાગ્યો. પોતાની વહાલી પ્રિયતમાને સ્મરણાંજલિ આપવા રચેલો, વિરહાશ્રુનાં મોતીથી ભરેલો તાજ છોડી મને પાછા ફરવું ન ગમ્યું. પૂંઠ ફેરવતાં ફેરવતાં જોઈ લઉં, ફરી કયારે આ જગશ્રેષ્ઠ ઇમારત જોવા પામીશ એમ થયા જ કરતું. ખિન્ન હૃદયે એ મુમતાજને, એ શાહજહાંને, તેના વિરલ પ્રેમ અને કળાની ભકિતને મનમાં સંઘરી રાખતો પાછો ફર્યો. મોડી રાત્રે ચાંદની ખીલી હતી. રસ્તો બધો અરીસા જેવો સાફ હતો પણ આજે તે મને ફિક્કો લાગ્યો.

શાહજહાં આજે અમર છે. તેની છાયારૂપી તાજ આજે અણનમ ઊભો છે. આખી દુનિયાના સર્વ દેશોને પડકાર દઈને કહે છે કે આવા પ્રેમી જીવડા કયા દેશમાં થઈ ગયેલા જોયા જાણ્યા છે! કયા

દેશમાં આવી કળા છે? આજે ૩૦૦ વર્ષનો જૂનો છતાં તાજ, પર્વતમાંથી પડતા ધોધ જેવો નૂતન છે, નવીન છે. તેનાં પગથિયાં કેટલીએ સલ્તનત ચઢી ઊતરી, કેટલાએ દુઃખી, સુખી, ત્યાગી, વૈરાગી સર્વને તેણે આશ્વાસનના બે બોલ કહેલા છે. પ્રેમનાં ગમે તેટલાં પુસ્તકો વાંચવાથી પણ ચિત્તપર જે અસર નથી થતી તે આ તાજમહાલ જોતાં થાય છે.

જમના અને તાજ એક બીજાની શોભારૂપ છે. તેના પરથી માનવો કેમ ધડો લેતા નથી? હિન્દુમુસ્લીમ પ્રશ્નનો આજે એ જવાબ દે છે. જમના એ હિન્દુઓની પવિત્ર નદી છે અને તાજ-મહાલ એ મોગલ શહેનશાહની પ્રેમસમાધિ છે. આમ છતાં એ બંને આ જગ્યાએ એક બીજાના સૌંદર્ય અને પ્રભાવમાં પૂર્તિ કરે છે. તાજમહાલ જોનાર ગેરમુસ્લીમ વ્યક્તિના મનમાં હું કોઈ વિધર્મીની કબર જોઉં છું એવો ખ્યાલ સુદ્ધાં આવતો નહિ હોય. દિલ્હી જેવા શહેનશાહતના પાયતખ્તથી મોં મરડી જનાર જમનાને વિશુદ્ધ પ્રેમના મંદિર સમા તાજને છોડી જવું ગમતું નથી; અને સૈકાઓ થયાં તે પોતાના ધીરગંભીર પ્રવાહની લહરીએ એ અમરપ્રેમની ગાથા ગાતી આવી છે.

ઓ જમના! ઓ તાજ! તમે સાથે રહી અમારા દેશનું ગૌરવ સદા સમૃદ્ધ કરજો. આગ્રાવાસીઓ તમે કેટલા સદ્ભાગી છો તમને કળાની તરસ છીપાવવાની, પ્રેમની મસ્તી અનુભવવાની પ્રેરણા, જ્યારે જોઈએ ત્યારે આ અખૂટ મૂક ખજાનો ગમે ત્યારે આપી દે છે. આને મૂક ખજાનો કહેવો કે મુખર કહેવો કે જે મૂંગાને વાચા આપે છે, કંટાળેલાને નૂતન જીવન બક્ષે છે.

હજી હું આગ્રામાં જ હતો. એટલે મારા એક નવા મિત્ર સાથે ફરીથી તાજમહાલ જોવા જવું એમ નક્કી થયું. મને તો તાજમહાલે

અજબ આકર્ષ્યો હતો, એટલે હું તો તૈયાર જ હતો. એક બે વાર તાજમહાલ જોતાં ધરાઈ શકાતું જ નથી. કોણ જાણે અંદર પેસતાં જ હૃદયના તારો એવા તો હાલી જાય છે કે તાજમહાલની આસપાસ ૪૦૦ ફીટ દૂર પ્રવાસીને મુગ્ધ કરે એવી જે ઇમારતો ખડી કરેલી છે તે તરફ નજર ન પડતાં તાજમહાલ તરફ જ મન અને આંખ દોડી જાય છે. પણ ફરીવાર આ વખતે હું આવ્યો ત્યારે આજુબાજુનાં ઉદ્યાનોમાંનાં સુન્દર વૃક્ષો, તાજના સુંદર સફેદ ઘૂમટ પરનો ઝગઝગતો સોનાનો કળશ, હોજમાં સવારસાંજ ખીલતાં કમળનાં ફૂલો, 'મને જો.' 'મને જો,' કહી રહ્યાં હતાં. શાહજહાંનો કલારસિક આત્મા પ્રત્યેક સ્થળે વિદ્યમાન હોય એમ ભાસ થયો; છતાં આજુબાજુનાં દશ્યોને ઇન્સાફ આપવા ય બાદશાહ જે ઊંચા ચોતરાપર સૂતો હતો તેનાં અઢાર પગથિયાં ચઢી જઈ ત્યાંથી જ આ દશ્યો જોવાં એમ મેં સ્વીકારી લીધું હતું.

આ ચોતરાને ચારે ખૂણે ૧૩૭ ફીટ ઊંચા મિનારા તાજની ચોકી કરતા ચાર પહેરેગીરો સમા ઊભા છે. બીજી બાજુ સામેના ૩૦૦ ફીટ લાંબા હોજમાં તાજનું પ્રતિબિંબ દેખાતું હતું. બાગની હરિયાળી જે વૃક્ષોની લીલી ઘટા સાથે ભળી જતી તે પરથી આઘા પાછા થતા માણસો જુદી જુદી દિશામાંથી તાજનો ફોટો લેવા યત્ન કરી રહ્યા હતા.

આરસના સુંવાળા ચોતરા પર તાજ બાંધેલો છે. એ મકાનની આગળની કમાન સો ફીટ ઊંચી છે. આ કમાન પર ફૂલવેલનું કોતરકામ કલાથી ભરપૂર છે. જાતજાતની ફૂલવેલોમાં તરેહતરેહની કોતરણી અને ફૂલોને અનુરૂપ રંગો. આ અને આજુબાજુનાં સઘળાં દશ્યો જોયા બાદ મુમતાજ અને બાદશાહ પોઢયાં છે તે દશ્ય જોવા મન ઉતાવળું થયું. જાણે બાદશાહ કહેતો હતોઃ મોટા સમ્રાટનું આ સ્મશાન જુઓ. મરેલો આ બાદશાહ મૃત્યુનું મૃત્યુંજય ગીત ગાતો

લાગ્યો કે, 'મૃત્યુ મરી ગયું રે લોલ;' અને આ ગીતના સ્વરો આ ભોંયરામાં પડઘા પાડી ઝપાટામાં શમી જતા હતા.


ભોંયરામાં આ કબર પર અસલ અકીક, પરવાળાં, નીલમ વગેરે જાતજાતનાં લાલ, કાળાં, ભૂરાં કીંમતી જવાહિરથી જડેલ ફૂલવેલો જોવા મળે છે. પથ્થરની આ કબરના ભોંયરાના ઉપરના ભાગમાં ઔરંગઝેબે અતિશય નાજુક જાળીઓ કરાવેલી છે જે આ કબર પર પુષ્પમાળા જેવી લાગે છે.

આગ્રાનો કિલ્લો

આગ્રા ફોર્ટ સ્ટેશનની સામે જ આ કિલ્લો આવેલો છે પાંચ જ મિનિટ ચાલવાથી આ કિલ્લામાં જઈ શકાય છે. આમાં પ્રવેશવા ચાર આના આપવા પડે છે. આમાં એટલું બધું જોવાનું છે કે નવા આગંતુકોએ ભોમિયો લેવો જરૂરી છે. તે આ કિલ્લાની સંપૂર્ણ માહિતી આપે છે.

આમાં આવેલા મહેલો, ન્યાયના દરબારો, મસ્જિદો, બાગો, સ્નાનાગારો વગેરે જોતાં આખું આ આરસનું નગર તેના પૂર્ણ સ્વાંગમાં તેના બાદશાહ, તેના પ્રધાનો, તેના સલાહકારો, તેના ગાયકો, તેના કવિઓ, તેની બેગમો વગેરેની હાજરીમાં કેવું રમણીય અને ચેતનવંતું લાગતું હશે તેની કંઈક કલ્પના આવે છે.

વાર્તાઓ કે પરિકથાઓમાં આપણે જે કિલ્લાઓનાં વર્ણનો સાંભળીએ છીએ તેના કરતાં પણ આ કિલ્લો અદ્દભુત છે. એમાં કેટલેક સ્થળે તો એવી રચના કરી છે કે જ્યાં સૂર્યનો પ્રખર તાપ પડવા છતાં આરસની ગોઠવણને લીધે ગરમી લાગતી નથી. વળી અંધારી અમાસ જેવી રાતને એક જ બત્તીથી સામેની ભીંતોમાં



આગ્રાનો કિલ્લો.

કાચ જડાવી પ્રતિબિંબોની કરામત કરી ઝગહળતી કરવાની યોજના કરી છે.

તાજપરથી જોતાં આગ્રાફોર્ટ જમનાને બરાબર સામે કાંઠે જ આવ્યો હોય એમ લાગે છે. અંતર ઘણું છે, છતાં બે માઈલના ઘેરાવામાં બંધાયલો આ કિલ્લો સામો જ ઊભો હોય એવો ભાસે છે. નવા જન્મેલા બાળકને પંદર વર્ષ પછી એમ કહેવામાં આવે કે આ કિલ્લો તારા જન્મ સાથે જ થયો તો તેને એ વાત જૂઠી માનવાનું કારણ નથી. ઈતિહાસનાં પાનાં ન ઉથલાવ્યાં હોય તો કોઈપણ એવું ચિહ્ન નથી કે તે એમ કહે કે નહિ આ કિલ્લાને તો ૩૭૫ વર્ષ થયાં હશે.

આ કિલ્લામાં પેસતાં બે દિવાલો આવે છે. જેમાંની એક દમામદાર દેખાતી ૭૦ ફીટની અને અંદરની બીજી તેથી નાની ૪૦ ફીટની. ચારે બાજુએ ખાઈ આવેલી છે. તે એ બતાવે છે કે દુશ્મનો કિલ્લા પર ચઢી આવવા માગે તો ખાઈ ઉપર થઈને દરવાજામાં પેસવાનો જે પૂલ બનાવેલો છે તેને ઊંચકી પણ લઈ શકાય, અને નહેરો ખોલતાં ચારે બાજુ પાણી ભરાઈ જાય જેથી દુશ્મનો અંદર આવવા ન પામે. દિલ્હી ફોર્ટને ભૂલીએ એવો આગ્રા ફોર્ટ છે. બહારથી તો કલ્પના પણ ન આવે કે અંદર આટલાં બધાં મકાનો હશે. મોગલોના વખતમાં આ કિલ્લો કેવો હશે ? આજે તો માત્ર તેની કલ્પના જ કરીને બેસવાનું છે. છતાં આ કિલ્લો જોતાં તેની કાંઈક કલ્પના આવે છે. આ રાજવીઓ કેવા રસિયા, કેવા કળા પ્રિય અને કેટલા સૌંદર્ય તરસ્યા હતા તેનો ખ્યાલ જેમ જેમ કિલ્લામાં ફરતા જઈએ છીએ તેમ તેમ આવે છે.

જહાંગીરી મહેલમાં જતાં એક પથ્થરમાંથી કોતરી કાઢેલી એક કુંડી આવે છે. તેનો ઘેરાવો ૨૫ ફીટ, પહોળાઈ આઠ ફીટ

અને ઊંચાઈ ૫ ફીટની છે. કહે છે કે આમાં ગુલાબનાં અત્તરો નાંખી આ કુંડીને જમીનમાં દટાવી નૂરજહાં નાહતી હતી.

જોધબાઈના મહેલમાં હિન્દુ પદ્ધતિની મંદિરની મૂર્તિઓ હતી–રંગુનના પેગોડાને કાંઈક મળતી. વળી શિલ્પ અને સ્થાપત્યમાં પણ હિન્દુ કારીગરી દેખા દે છે. પછી ઔરંગઝેબે આ મૂર્તિઓને કાઢી નંખાવી હતી. જાટ લોકોએ પણ કાંઈક ભાંગફોડ કરેલી.

માંદો હતો છતાં શાહજહાં તેની ભયંકર માંદગીમાં નગીના મસ્જિદમાં રહેતો હતો. ત્યાંથી સમન બૂરજમાં આવી તેણે મરતાં મરતાં ય તાજમહાલ જોઈ લીધો હતો. આટલો બધો તેને તાજ પ્રત્યે ભાવ હતો. કારણ કે તાજ એટલે મરેલી મુમતાજનું જીવંત પ્રતીક. આથી પણ આગળ જઈને તેણે નજર સામે જ તાજ હતો છતાં ભીંતમાંય તાજ જોવાની ઇચ્છા કરી. એનું ચાલત તો મુમતાજની મૂર્તિ જગતના દરેક પદાર્થમાં અંકિત કરવા તે શું શું ન કરત?

શીશ મહાલની ભીંતોમાં હજારો કાચ જડેલા છે. અને ત્યાં અંધારું ખૂબ રહે છે. આને માટે વાત એવી છે કે ઘણીવાર મુમતાજને પોતાના રૂપનું અભિમાન થતું. ત્યારે બાદશાહ તેને આ સ્થળે લાવીને કહેતો, જો તારા જેવી તો મારે કેટલીએ ખૂબસૂરત બેગમો છે કે જેને મેં કાચમાં પૂરી રાખી છે. ફૂલકણી કે દિવાસળી સળગાવવાથી અહીં ઝળકાટ મારતો પ્રકાશ જોવા મળે અને આપણા સેંકડો ફોટાઓ દેખાય છે. અહીં તેય ખાનું આવે છે. તેની નીચે વાવ છે. તે સીધી જમના નદીમાં જાય છે. રાણીઓ અહીં થઈને નાહવા જતી. વળી કેટલીક બદચાલ અને ગુનેગાર સ્ત્રીઓને અહીંથી સીધી ફેંકી દેતા અને લાશ જમનામાં વિદાય થઈ જતી, અને આમ મૃત્યુ ઢંકાઈ જતું. આજ સ્થળેથી રોશનઆરાએ તેના વહાલા શિવાજીને ખાનગી રીતે ભગાડી મૂક્યો હતો.

મોતી મસ્જિદ શાહજહાંએ બંધાવેલી. ત્રણ લાખ રૂપિયા અને સાત વર્ષ તેને બાંધતાં થયેલાં. અહીં બાદશાહનો, રાણીઓનો તથા નોકરવર્ગનો એમ નિમાજ પઢવા આવવાના ત્રણ રસ્તા છે. આ મસ્જિદના ઘુંમટો શ્વેત પુષ્પની કળીઓ જેવા લાગે છે. પ્રાર્થનાગૃહ માટેનું અણિશુદ્ધ વાતાવરણ આ વિના બીજે કયાંય શોધ્યું જડવાનું નથી. અહીં મ્યુઝિક ગેલેરી છે. અને વિશાળ છતાં આ મસ્જિદની આકૃતિ નાજુક અને રમ્ય દેખાવ આપે છે.

શ્વેત સંગેમરમરના પથ્થર વડે બાંધેલ આ દીવાને આમ દુનિયા-ભરમાં અદ્દ્ભુત છે. ત્રણે દિશાઓથી ખુલ્લું હોઈ થાંભલાઓથી ચિકાર છે. ૧૮૭૬માં શહેનશાહ સાતમા એડવર્ડે અહીં જ રાજાઓનો દરબાર ભર્યો હતો.

કિલ્લામાં પેસતાં જ અમરસિંહ દરવાજો આવે છે. એ શાહજહાંનો મુખ્ય સેનાપતિ હતો. તે સાત દિવસની રજા પર ગયો હતો. આવતાં વિશેષ મોડું થયું એટલે સલાબતખાંએ રાજાને ભંભેરણી કરી, પોતે તે સ્થાન લઈ તેને પદભ્રષ્ટ કરાવ્યો. આથી ચીડાઈ અમરસિંહે તેને મારી નાંખ્યો અને પોતે કિલ્લામાંથી ભાગી છૂટયો. જે ઘોડાપર બેસીને તે નાસી ગયેલો તે તેનો ઘોડો ખાઈ કૂદી ગયા બાદ તરત મરણ પામ્યો. દરવાજામાં પેસતાં ડાબે હાથે આ ઘોડાનું પણ સ્મારક કરેલું છે.

સોમનાથનું કમાડઃ—અહીં એક કમાડ છે. મહમદ ગીજની સોમનાથપાટણનાં સુખડનાં કમાડ પોતાની સાથે ગીઝની લઈ ગયો હતો, તેમાંનું આ એક છે એમ ભોમિયા કહે છે. પણ સાચી વાત તો એ છે કે મૂળ કમાડ તો મહમદના મરણ પછી તેની કબર પર મૂકવામાં આવેલાં અને જતે દહાડે ત્યાં જ નાશ પામેલાં. આ કમાડ તો દેવદારનાં બનાવેલાં છે.

ગોલ્ડન પેવીલીઅન [સુવર્ણમંડપ]—એ મંડપની આખી છત સોનાની હતી. આજે તો ત્યાં પિતળ જ દેખાય છે. અહીં રોશન-

આરા રહેતી હતી. તે આ જગ્યાએ બેસીને જુમ્માને દહાડે ફકીરોને ખેરાત કરતી હતી. અહીંથી તાજ રમ્ય લાગે છે. (ચિત્ર જુઓ.)

કાલતખ્ત—આ એક કાળું સિંહાસન છે. એ જહાંગીર અલાહાબાદથી લાવ્યો હતો. કિલ્લાની બહાર નીચે મેદાનમાં હાથી વાઘની સાઠમારી થતી હતી. બાદશાહ આ તખ્ત પર બેસી એ સાઠમારી જોતો હતો.

અંગુરી બાગ–અંગુરી બાગ એટલે દ્રાક્ષનો બગીચો. અહીંની ભૂમિમાં દ્રાક્ષ સારી થઈ શકે નહિ એટલે ખાસ કાશ્મીરથી માટી મંગાવીને તે વડે આખો બાગ પાથરેલો છે. આ બાદશાહો પોતાનો શોખ પૂરો કરવાની બાબતમાં કેવા બેહિસાબ હતા તેનો આ ઉપરથી ખ્યાલ આવી શકશે.

મારો ભોમિયો મને બધી વસ્તુ બતાવવાની ઠીક ઠીક કાળજી રાખતો હતો. અહીં આગળ ૭ ફીટ ઊભો આરસનો પથ્થર ઢળતો ઊભો કર્યો હતો. તેના ઉપર આડા પડી મારા ભોમિયાએ કહ્યું કે બાદશાહ અહીં આમ પડી રહેતો હતો. પણ મારા મોં ઉપર મૂંઝવણ જોઈ તેણે કહ્યું, એની મઝા તમને ન સમજાઇ કેમ ? મેં કહ્યું, એમાં બાદશાહને શી મઝા પડતી ? એટલે ભોમિયો મને કહે, તમે જાતે બાદશાહ બની જાઓ અને આના પર શરીર નાંખી દો. પછી જુઓ કે કેવી મઝા બાદશાહને પડતી હશે. હું જઈ ને તે પથ્થરને અઢેલીને ઊભો રહ્યો. આ ગોઠવણી એટલી અદ્‌ભુત હતી કે હું ઊભો હતો છતાં સૂતો હોઉં એવી તૃપ્તિ થતી હતી. અને તે વખતે અહીંથી ગુલાબ, ચંપો વગેરે સુગંધી અત્તરોની મહેકવાળો પાણીનો ધોધ બાદશાહના શરીર પર થઇને વહી જતો હતો. આવાં તો કંઈક સ્નાનાગારો અહીં હતાં.

આ કિલ્લો પાંચ મોગલ સમ્રાટોની વિવિધ ચડતીપડતીની નોંધરૂપ છે. તેઓની રહેણીકરણી કેવી હતી તેનું કંઈક ભાન આજે આથી થાય છે.

ઇતિમુદ્દૌલ્લા

નૂરજહાંને ભરતગૂંથણનો ભારે શોખ હતો. તેણે પોતાને હાથે એક ભરતકામ કરેલું. જહાંગીરને તેણે કહ્યું કે મારા બાપની કબરમાં આ વેલ ભરાવી આપો. જહાંગીર તો ચાંદીની કબર (મકબરો) કરાવવા તૈયાર હતો. પણ લૂંટ કે ચોરીને લીધે તેનો નાશ થાય એટલા માટે આના પર ખૂબ બારીક કામ કરી, જાણે કાગળ પર ન ચીતર્યું હોય એવી આ ઇતિમુદ્દૌલ્લાની કબર બનાવેલી છે. આ પણ જમના કાંઠે છે. આ કબર નાનકડા તાજ જેવી છે. ઘણાને તો કળા અને કારીગરીમાં આ તાજમહાલથી પણ સુંદર લાગે છે. પણ તાજમહાલ જોતાં મન ઉપર જે અસર થાય છે તે અહીં થતી નથી. આથી એટલું જ લાગે છે કે મોગલો જીવનની જેમ મૃત્યુને પણ વધાવી લેતા અને તેનું સ્મારક કરતા. આની ભીંતની ઇંચે ઇંચ જગામાં નકશીકામ કરવામાં આવ્યું છે. અને ચાંદીનો બનાવતાં જે ખર્ચ થાત તેટલું જ ખર્ચ આમાં થયેલું છે. આ એકવાર જહાંગીરના મુખ્ય પ્રધાન બનેલા. એમનું નામ મીરઝા ગ્યાસુદ્દીન મહમદ હતું.

સિકંદરા

જી. આઈ. પી. રેલ્વેની મેઈન લાઈન પર આગ્રાથી પાંચ માઇલ દૂર સિકંદરા સ્ટેશન આવેલું છે. સિકંદર લોદી સાથે લઢી અકબરે જીત મેળવી હતી. પાસે જ સિકંદરા ગામ પણ છે. સિકંદરા સુંદર હશે એવો ખ્યાલ મને નહિ. કેટલાએ મુસાફરો

આગ્રામાં આવી તાજ અને કિલ્લો જોઇ ઝટ ચાલ્યા જાય છે. અકબરની કબરનું આ સ્થાન જોયા વગર કેમ જવાય ? ૩૮ ચોરસ વારના અંધારા, ઠંડા, ભોંયરામાં તે સદાને માટે સૂતો છે. બાદશાહોમાં શ્રેષ્ઠ, કવિઓમાં શેકસપિયર જેવો અકબર ફત્તેહપુરસિક્રી જેવું વિરાટ સ્થળ બાંધી, જહાંગીરને દક્ષિણથી હિમાલય અને બરમા સુધીનો મુલક હવાલે કરી, આટલું મોટું સામ્રાજ્ય છોડી, સદાને માટે અહીં પોઢયો છે.

સિકંદરામાં બૌદ્ધ તથા મુસલમાન કારીગરીનું સંમેલન દેખા દે છે. અઢાર લાખને ખર્ચે તૈયાર કરાયેલ આ અકબરની કબર જોવા જેવી છે. એ કબર પર ૩૦૦ રૂપિયાની શાલ ઓઢાડેલી છે. અને ૧૦૦૦ રૂપિયાનો દીવો બરદ્વાનના રાજાએ ભેટ આપેલો છે. એ રાતદિન બળે છે. અહીં બધું બંધ હોવાથી અવાજના પડઘા ઘણા લાંબા સમય સુધી પડે છે.

દયાલબાગ

મને હિન્દના પ્રવાસીને દયાલબાગ જોવા ઘણા વણમાગી ભલામણ કરતા હતા. આથી ય તે તરફ મને ખેંચાણ હતું. દયાલબાગ આગ્રાના રાજા કી મંડી સ્ટેશનથી બે માઇલ પર વસ્યું છે. હિન્દુસ્તાનમાં જુદા જુદા કેટલાય ધર્મના વિવિધ પંથો છે તેમાં રાધાસ્વામીનો પણ એક પંથ છે. તેમાં પણ બે ભાગલા છે. એક માને છે ભકિતમાં અને બીજો માને છે કાર્યમાં. દયાલબાગ એ કાર્યમાં માનનારાઓએ જમાવેલી એક સંસ્થા છે. સર સાહેબજી મહારાજ તેના મુખ્ય કર્તા છે. હિન્દના મોટા મોટા ઇલ્કાબધારીઓ, ખિતાબધારીઓ તેમાં સારો રસ લે છે. વાઇસરોયનું પણ તેમાં નામ જોડાયેલું છે. એટલી બધી લાગવગ અને પ્રતિષ્ઠા દયાલબાગે મેળવી લીધી છે.

અહીં ગ્રામોફોન, ઈન્ડીપેન, ઘડિયાળ, વીજળીના પંખા, કામળા, લોખંડનો કેટલોક સામાન, ચામડાની બેગો અને નકશીકામ પણ થાય છે. તે લોકોની પોતાની પોલીસ છે. ટેકનીકલ કૉલેજ છે. આર્ટ્સ કૉલેજ છે. દૂધની મોટી ડેરી છે. સડકની બંને બાજુએ છૂટા છૂટા બંગલા છે અને સત્સંગીઓ, કર્મચારીઓ, વિદ્વાનો બધા અહીં રહે છે. યુવતીઓની જુદી કૉલેજ છે. બહુ લાંબું પથરાયેલું આ સ્થળ અને તેનાં જુદાંજુદાં ખાતાં જોતાં ઠીક સમય લાગે છે. સ્વચ્છતા ઘણી સારી છે.

આ બધું છતાં મને દયાલબાગમાં સાંકડાપણાની ગંધ વધુ આવી. દૂર દૂરથી જાણવાની આશા રાખી આવનારનો ઉત્સાહ અહીં આવ્યા પછી શમી જાય છે. કારણ કે અહીં બરાબર જવાબ મળતો નથી. ઑફિસમાંથી તુરત પાસ કે રજાચિઠ્ઠી નથી મળતી; મુસાફરને થાક લાગે એટલી રાહ જોવી પડે છે. કોઈ સંસ્થા બતાવવા પણ આવતું નથી. આના કરતાં મને આર્યસમાજીઓ વધુ વ્યવહારુ લાગ્યા. સંસ્થામાં ગમે તે કોઈ જાય તેનું સારું સ્વાગત થાય. ત્યાં રહેવાની પણ સગવડ મળે. અને જાતે ફરીને સંસ્થા દેખાડવા શિક્ષકો કે અગ્રગણ્ય વિદ્યાર્થીઓ આવે. આ બધું ગમે તે હો પણ દયાલબાગ એ હિન્દની એક જ એવી સંસ્થા છે કે જેમાં કંઈ ઉદ્યોગીકરણ કરવામાં આવેલું છે. દરેક ધર્મના આગેવાનો જો પોતાના પંથની આવી વ્યવસ્થા કરી દે તો દેશમાં ઉદ્યોગો પગભર થાય, જુવાનો ઠેકાણે પડે અને દેશનો પૈસો દેશમાં રહે.

અહીં એક મંદિર બાંધવાની શરૂઆત આજ કેટલાંય વર્ષોથી થઈ છે. તાજમહાલ જેવી અદ્દ્ભુત કારીગરી કરવાની અપેક્ષા તેના રચયિતાઓ રાખે છે. આરસપહાણનું આ બારીક કામ ક્યારે પૂરું થશે તે સમજાતું નથી.

દયાલબાગ જોયા પછી મને થાય છે કે ગૂજરાતમાં આટલા આટલા ધનિકો છે છતાં કેમ કોઈ આવી સંસ્થા શરૂ કરતું નથી? ગૂજરાતનો કેટલો બધો પૈસો પરપ્રાંતમાં જાય છે! બિહારમાં ધરતીકંપ થયો તો ગૂજરાતે ધન આપ્યું. કવેટામાં પણ ગૂજરાત. મલબાર રેલસંકટમાં પણ ગૂજરાતના પૈસા અને આસામમાં રેલસંકટ આવ્યું તો ય ગૂજરાતના પૈસા. જો આપણા ધનિકો ધારે તો ગૂજરાતમાં દયાલબાગ જેવી સંસ્થા ઊભી કરવી એ રમત વાત છે. પૈસાનો સારો ઉપયોગ થશે, ગૂજરાતની કીર્તિ વધશે અને ગૂજરાતના યુવાનોને પોતાનાં જ્ઞાન અને શક્તિ અજમાવવાની વિરલ તક મળશે.

ફત્તેહપુર સિક્રી

એ રંક ભોમ! તવ ખંડિત ગૌરવો સૌ,
આજે ઢળ્યા ગઢ; હતા તવ ગર્વ પૂર્વે;
ઢૂકે અહીં સરપ ઘૂવડ સૂર્ય બીકે;
ને ધાડપાડુ સજતા અહીં રાત્રિ કાજે.

—ગુલે પોલાંડમાંથી.

કહે છે કે માણસના અને ધરતીના વારાફેરા થયા જ કરે છે. ખાવાનાં પણ જેને સાંસાં છે તેવા માણસ વખત બદલાતાં કોટયાધિપતિ થાય છે અને કોટયાધિપતિને ય પેટને ખાતર નોકરી જવું પડે છે. રોમ જેવું મહાન શહેર ભસ્મીભૂત થઈ ગયું તો આ દુનિયામાં અમરપટો લઇને કોણ આવ્યું છે? જ્યાં ચોરાસી બંદરના વાવટા ઊડતા હતા એવું સૂરત જેવું મોટું બંદર આજે નામશેષ થઈ ગયું અને માછીમારોનાં જ્યાં ઝૂપડાં હતાં તે મુંબઈ મોટું શહેર બન્યું. ફત્તેહપુરસિક્રી જોતાં આવા જ કંઈક વિચારો મનમાં આવ્યા.

હિન્દુસ્તાનાં ગમે ત્યાં ફરો પણ જો ખંડેરોને મોંએ તેની હાયવરાળ સાંભળવી હોય તો સિક્રીમાં જવું; આ એ શહેર છે કે


જેમાં બાદશાહ અકબરનો વસવાટ હતો. તેના મોટા મોટા રાજ ધુરીણ વઝીરો હતા; પણ આજે આ મહેલો સૂના પડેલા છે અને ખાવા ધાતા ભાસે છે. આટલી વિશાળ જગા અને તેમાં આવેલા મહેલો, અગાશીઓ, ઝરૂખા, ઘોડારો, પાણીના હોજો બધું ય આજે વેરાન પડયું છે. સ્ટેશને ઊતર્યા કે આના પર ગુજારો કરતા આઠ દસ ભોમિયા મુસાફરને ઘેરી વળે છે અને નવા મુસાફરોને જૂની વાતો કહી આઠ દસ આના મેળવી લઈ, અકબર બાદશાહ અને તેના ગુરુ ચિસ્તીની દૂઆ માંગતા જીવન નભાવે છે. આ ખંડિયેરો જોતાં અકબરના સમયમાં કેવી અદ્‌ભુત વ્યવસ્થા અને વહિવટી કામકાજ આ ભૂમિમાં ચાલતાં હતાં તેની પ્રતીતિ થાય છે.

આગ્રાથી ચોવીસ માઈલ દૂર સિક્રી આવેલું છે. અહીં આવી એક ઊંચા ટેકરા પર પહોંચ્યા પછી લગભગ ૭૪ પગથિયાં ચઢીએ એટલે એક મોટો દરવાજો આવે છે. જેને બુલંદ દરવાજો કહે છે. તેના ઉપર ઘોડાની નાળો ખૂબ ઠોકેલી છે. એમ કહેવાય છે કે જેનો ઘોડો માંદો પડતો તે આ દરવાજે આવી નાળ ઠોકી જતો અને શેખ સલીમ ચિસ્તીની બાધા રાખતો. આથી ઘોડો સાજો થઈ જતો. અકબરના ગુરુ શેખ સલીમ ચિસ્તીની અહીં કબર છે. કબરમાં સુખડ પર ઝગમગતી છીપોનું કામ છે. કહે છે કે એક તૂટેલા (૬ થી આઠ ફીટના) થાંભલાની મરામત માટે લૉર્ડ કર્ઝને રૂપિયા ૧૦,૦૦૦ ખર્ચેલા. જેની વાસના અતૃપ્ત રહી હોય તે શેખ સલીમ ચિસ્તીની બાધા રાખે છે. જેમ કે કોઇને સંતાન ન હોય, ધંધારોજગારમાં આફતો આવતી હોય, કોઈ બીમારી આવી પડી હોય, તેઓ અહીંની ફૂલની માળા જેવી દેખાતી પથ્થરની જાળીમાં દોરી બાંધી સાકરીઆ-ચણાનો મુસલમાનના હાથનો પ્રસાદ ખાય તો તેની આશા ફળીભૂત થાય છે. આ માન્યતાના કારણરૂપ સત્ય હકીકત બની ગયેલી છે.

અકબરનો મુકામ પહેલાં અજમેરમાં હતો. ફરતાં ફરતાં તેને શેખ સલીમ ચિસ્તીનો ભેટો થયો. અકબરને એમના પર આસ્થા ઊપજી અને તેમને ગુરુ તરીકે માન્યા. ગુરુએ અકબરને પુત્ર આપ્યો. આ પુત્ર તે જોધબાઇથી થયેલ સલીમ. અને ગુરુના નામ પરથી તેનું નામ સલીમ રખાયું. થોડા વર્ષના વસવાટ બાદ ગુરુએ જ અકબરને આગ્રા જવા સલાહ આપી હતી. આજે પણ ગુરુના વંશજોને ત્યાં દાટવામાં આવે છે. છેલ્લા વંશજ ને હમણાં જ બાર માસ પર દાટવામાં આવેલા. આ છીપોની કબરનું કામ એટલું બધું અદ્‌ભુત રીતે કરેલું છે કે એનો નમૂનો હિન્દભરમાં જડવો મુશ્કેલ છે. ૧૭૫ ફીટ ઊંચા બુલંદ દરવાજામાં પેસતાં સામે જ સફાઇદાર સંગેમરમરના ઓરડા વચ્ચે આવેલી આ મુસ્લીમ જોગીની કબરનાં દર્શન થાય છે.

અહીં એક પથ્થર છે જેનો અવાજ ઢોલ જેવો થાય છે. બાદશાહ જ્યારે આવતા ત્યારે તેમનું આગમન સૂચવવા આ પથ્થર વગાડવામાં આવતો.

અહીં ઊંટ અને ઘોડાના કેટલા બધા તબેલા છે! તેમાં પથ્થરને કાણાં કરેલાં છે જેથી ઘોડા કે ઊંટોને બાંધી શકાય. ઘાસ નીરવા પથ્થરના ઊંચા ઓટલા કરેલા છે. આહા! આ મહેલમાં બીરબલ રહેતો હતો, ફૈજી અને અબુલફજલ રહેતા હતા, રાજા કલ્યાણમલની દીકરી રહેતી હતી. ખજાના, મહેલ, દીવાને આમ, દીવાને ખાસ વગેરે અનેક આલેશાન ઇમારતો માણસોના કલરવથી ગાજી રહેતી. પણ આજે તો માણસો વગરના આ સ્થાનમાં કોઇક પશુપક્ષી આવીને રહે છે. અમારો ભોમિયો કહે, 'જુઓ, આ જોધબાઈનો હવામહેલ. ચારેબાજુ જાળીવાળાં બારણાં છે. જેથી તાપ ન લાગે.' એક સ્થળે કહે, 'જુઓ, અહીં બાદશાહ પથારી કરતો અને નીચે પાણી રહેતું એટલે અસહ્ય ગરમીમાં રાહત મળતી ' આગ્રાના કિલ્લાની જેમ અહીં પણ હોજમાં



મસ્જીદ, [illegible]



શેખ સલીમ ચિસ્તીની કબર.

ગોખલામાં દીવા રાખતા અને પાણીમાં દીવાનાં પ્રતિબિંબો પડવાથી સુંદર દશ્ય જોવા મળતું હતું. અહીં હાથીનું પણ સ્મારક છે. જે હિરણમિનાર નામે ઓળખાય છે. બાદશાહ જ્યારે ન્યાય કરતો ત્યારે દીવાને આમમાં બેસતો. જે ગુનેગાર ઠરે તેને ભૂખ્યા હાથી સમક્ષ રજૂ કરતા. જો તે નિર્દોષ હોય તો હાથી તેને ન મારતો. હાથી તો શું પણ કબૂતરોને પણ પાળતા હતા અને સંદેશવાહક તરીકે ઉપયોગ કરતા હતા. જેમાંથી કબૂતરો ચિઠ્ઠીઓ લઈ જતા તે કબૂતરખાનું જોયું. આગ્રાનો કિલ્લો અને આ બેમાં ફેર એટલો જ છે કે આગ્રાનો કિલ્લો જોતાં દુઃખ નથી થતું. જ્યારે આ જોતાં મન ઉદાસીન થાય છે. અકબર બાદશાહ–દુનિયાના મહાન પુરુષોમાં જેની ગણના થાય છે એવા પુરુષની આ નગરી આજે સ્મશાનસમ ભાસે છે. પેલો ભોમિયો કહે, 'અહીં બેસી બાદશાહ પ્રજાને દર્શન આપતો. આને જરૂખાદર્શન કહે છે.' આ ખંડેરોના મૃતપ્રાય દેહ તરફ જોતો હું વિચારમાં એકધ્યાન બની રહ્યો હતો, ત્યાં તેનાં જરૂખાદર્શન કે પંચમહેલ, પાણીની લહેરો જતી હોય તેવી ભીંતોના દેખાવો, એક એકની જુદી કારીગરી એવા ૫૬ થાંભલા વગેરેને જોઈને મારે વધુ ખિન્ન થવું ન હતું. પણ બીજો ઉપાય શો? મારું ચાલે તો હું આજે ત્યાં એક વસાહત ઊભી કરી દઉં.

પાછો આવી બુલંદ દરવાજાની ઊંચામાં ઊંચી અગાશી પર ચઢ્યો. પાંચ માઈલના કિલ્લાના વિસ્તારમાં આવેલું આ ગામડું બે ચાર છાપરાં દર્શાવી આટલા મોટા પ્રદેશની જનશૂન્યતામાં ઉમેરો કરતું હતું. કુતુબની ટોચે ચઢ્યો ત્યારે દૂર દૂર દિલ્હીનાં મકાનો અને આજુબાજુની આરામગાહો દિલ્હીનાં ખૂનખાર જંગનું સ્મરણ કરાવતાં હતાં. જુમ્મામસ્જિદ પરથી જોયું તો પાટનગર દિલ્હી લાંબું પથરાયેલું પડયું હતું. તાજમહાલના મિનારા પરથી જોયું તો આગ્રા રમ્ય લાગતું હતું. સિક્રીની ઊંચી અગાશીમાંથી જોયું તો હૃદય

ધબકતું અને કાળની ગતિનો મહિમા કહેતું ભાસતું હતું. ૫૦ ફીટ ઊંડા કૂવામાં આજે પાણી પણ બેકાર પડયું હતું. ચાર ગરીબ તરનારા નાના છોકરાઓ મુસાફરોને આશ્ચર્યથી ખુશ કરતા ચાર પૈસા લઈ આટલે ઊંચેથી ઊંડા કૂવામાં ધબાધબ ભુસ્કા મારી રહ્યા હતા. મને તો ઊલટું આ દશ્યે પણ ખુશ કરવાને બદલે દુઃખ જ આપ્યું.

એક વખતનો રંગરાગ સાથેનો શોરબકોર–કોલાહલ, વગેરે આજે બાદશાહ અકબર સાથે દફનાવાઈ હંમેશની શાંતિ પકડતો ભાસ્યો. અને પાછા ફરતાં આ પાંચ માઈલના ઊંચી દીવાલ-વાળા કિલ્લાની પણ જર્જરિત હાલત જોઈ ખિન્ન થયો.

મોગલોના ઐશ્વર્યની ઝળહળતી જ્યોત આજે તો કાળચક્રના ભ્રમણમાં વિલીન પણ થઈ ગઈ છે.

લખનૌ

અંગ્રેજોને મન લખનૌ એ એક વીર અને પવિત્ર ભૂમિસમ છે. કેટલા ય અંગ્રેજો અહીં આવે છે અને અંગ્રેજોની દટાયેલી, અનેક કબરોની આ ભૂમિ જોઈ ચાલ્યા જાય છે. મુખ્ય કબર હેન્રી લોરેન્સની છે. ૨,૦૦૦ અંગ્રેજો અહીં ૧૮૫૭માં મૃત્યુ પામેલા. ૧૮૫૭ના સ્વાતંત્ર્ય સંગ્રામનું મહત્ત્વનું એક સ્થળ તે લખનૌ; એ જોયા વગર કેમ આગળ જવાય ?

જેને ત્યાં ઊતરવાની ભલામણચિઠ્ઠી લાવ્યો હતો તે ભાઈ અત્રે ન હતા. એટલે એક અજાણ્યા ગૂજરાતી ભાઈએ મને મહેમાન બનાવ્યો હતો. આ મુસાફરીમાં હું ઘણા અજાણ્યા અને નવીન સજ્જનોનો મહેમાન બનતો હતો. આવા અનુભવથી વિશેષ ટેવાયો હોવાથી મારે ગમે ત્યાં ભૂલા પડી રખડવા કરતાં આ ઓછું તકલીફભર્યું થતું હતું. ગમે તે માણસ શા માટે મને મહેમાન બનાવે ? આમાં કંઈક દૈવનો હાથ માની કુદરત પર આવા પ્રસંગો છોડી હું કોઈનું અપમાન કરવા તૈયાર ન હતો. એટલું તો સાચું હતું કે તેઓ બધા સજ્જન હતા. અને હું તેવો જ વિશ્વાસ મૂકવા જેવો હતો. આમ સમાધાન કરી જેમણે મને વિવેકથી આવકાર્યો હતો તેમનો કદી વિરોધ કરવો મેં પસંદ કર્યો જ નહોતો.

એક વખતનું મુસ્લીમોની રાજધાનીનું આ જૂનું શહેર ગોમતી નદી પર આવેલું છે. જેમ દિલ્હીમાં અને આગ્રામાં ઈમારતો છે તેવી જ જૂની ઈમારતો લખનૌમાં પણ છે. છોટા અને બડા ઈમામવાડા જોવા જેવા છે. દિલ્હી અને આગ્રાની ઈમારતોમાં આરસ અને પથ્થરનું કામ છે, જ્યારે આમાં માટીચૂનાનું કામ છે. મોટા ચાર આયના અને ઉપર ભૂલભૂલામણીછે. મહમદઅલી શાહે બંધાવેલો નાનો ઈમામવાડો ખાસ જોવા જેવો છે. વચમાં પાણીનો લાંબો અને ઊંડો હોજ છે અને આજુબાજુ સુશોભિત ઈમારતો છે. પાસે એક તસ્વીરઘર છે. તેમાં અનેક બાદશાહોની છબીઓ છે. અમારો ભોમિયો કહેતો હતો કે જુઓ આ ફોટો કેટલો સુન્દર છે? એમ કહી તેણે એક વાત કહી. એક બુઢ્ઢો અંગ્રેજ અને તેની યુવાન પત્ની આ જોવા આવેલાં. આ અંગ્રેજ બાઈ તે છબી સામે ઘણો સમય સુધી જોઈ રહી. જેમ જેમ તે જોતી ગઈ તેમ તેમ તેને આ છબી તરફ ખેંચાણ વધતું ગયું. અને તેણે એવી ઈચ્છા વ્યક્ત કરી કે આ માણસ જો જીવતો હોત તો હું તેને જરૂર પરણત.

આ મુસાફરીમાં મેં ઘણાં ઘણાં સંગ્રહસ્થાનો જોયાં હતાં. પણ બધે સહેજસાજ ફેરફાર જોવા મળતા ને ખાસ નોધવા જેવાં ન લાગતાં. અહીં લખનૌમાં મેં એક સિંહને ખુલ્લામાં બેઠેલો દીઠો. ન પાંજરું હતું, ન તેને બાંધ્યો હતો. સિંહો તો મેં ઘણા જોયા હતા. પણ સળિયા વગરનો કદી ખુલ્લામાં બેઠેલો સિંહ જોયો ન હતો. આ જોઈ હું તો મૂંઝાયો. શું સિંહ શિયાળ થઈ ગયો! આ જમાનાએ માનવોને કેવી પરાધીનતામાં જકડ્યા હતા? પણ તેના કરતાં ય વિશેષ મને સિંહ માટે લાગ્યું. કારણ કે સિંહ તો વનનો રાજા. આમ કેમ! છતાં હું આગળ ચાલ્યો. લોકો કાંઈ મૂર્ખા ન હતા. કોઈ આ સિંહથી ગભરાતા ન હતા. સિંહ આવો ખુલ્લામાં બેઠેલો દેખાય ત્યારે તો લોકો નાસભાગ અને બૂમાબૂમ કરે. પણ અહીં તો લોકો હતા

છતાં શાંત હતા. આથી લોકો ટેવાયેલા લાગ્યા. મારે અને આ સિંહને પચીસ ફીટનું છેટું હતું. બહુ થોડી જગામાં આ સિંહ હતો. ચારે બાજુ પાણીની એક ઊંડી ખાઈ હતી. કૂદવા માટે સિંહને લાંબું દોડવા જેટલી જગા ન હતી. એટલે તે બકરીની જેમ લાચાર પડયો રહ્યો હતો. આખા સંગ્રહસ્થાનમાં મને આ રચના ખૂબ ગમી ગઈ. તેના રચયિતાની કલ્પના ઘણી સારી હતી.

લખનૌમાં નાનાં નાનાં તળાવ ઠેર ઠેર હોય છે. બાગ પણ તેટલા જ. ગુલાબનાં સુંદર અને સુગંધીદાર ફૂલો ખૂબ મોટાં થાય છે. નારંગી પણ સસ્તી અને સારી હોય છે. અત્તર અને સોનેરી ઝીકના કામ માટે લખનૌ આખા હિન્દમાં જાણીતું છે. સોળમા સૈકામાં ઝવેરાતના સુન્દર કામ માટે જાણીતું હતું. લોખંડનાં હથિયારો બનાવવામાં પણ તે અરસામાં મશહૂર હતું.

લખનૌથી મારે બનારસ જવાનું હતું. આમંત્રણ વગર જેમનો મહેમાન ગોઠવાઈ ગયો હતો તેમણે મને રહેવા તો કહ્યું પણ મારું મન ન માન્યું એટલે રજા લીધી અને ગઈ ગુજરી યાદ કરતો આ જૂના ભવ્ય બાદશાહી શહેરની આજે પડતી દશા જોતો આલેશાન સ્ટેશને આવી પહોંચ્યો. આ બાજુનાં સ્ટેશનો પર પણ મોગલાઈની કળાની મહેરબાની હતી અને ઘુમ્મટો દૂરથી તેની સાક્ષી પૂરતા હતા.

બનારસ

કાશી એ હિન્દુઓનું જૂનામાં જૂનું તીર્થસ્થાન છે. જે વખતે રોમ એક નાનું ગામડું હતું ત્યારે ય આ નગરી હિન્દુ સંસ્કૃતિના કેન્દ્ર તરીકે જગતભરમાં જાણીતી હતી. તમારે આજથી બે હજાર વર્ષ પર હિન્દમાં કેવા રીતરિવાજ હતા તે જાણવું હોય તો આજે ય તમારે કાશી જોવું. યુરોપમાં ભાગ્યે જ કોઈ દેશ એવો મળશે કે જેણે પૂર્વની પોતાની સંસ્કૃતિને ઝળહળતી રાખી હોય. ત્યાં તો બધું ભસ્મીભૂત અને કાળના ગર્ભમાં દટાઈ ગયેલું જ મળશે.

મોટામાં મોટા સંત, મહાત્મા અને મોટા મોટા ધૂર્તો અહીં જ મળશે. અસંખ્ય મંદિરો અને ઠેરઠેર મૂર્તિઓ પણ અહીં જ જોવા મળશે. વિદ્યામાં તે હિન્દનું ઓક્સફર્ડ જેવું અને ધર્મમાં તે જેરૂસલેમ જેટલું પવિત્ર છે. કેટલા ય રાજા મહારાજાઓએ ગંગાઘાટે પોતાના મહેલો બાંધેલા છે. અને સદા ય કાશીમાં વસવાટ કરી જીવનનો અંત સમય અહીં જ ગાળી અહીંના આ પુણ્યક્ષેત્રમાં મૃત્યુ થાય એવી ભાવના સેવી છે. હિન્દુઓના આત્માસમ કાશી પરાપૂર્વથી તેના ચાલ્યા આવતા યમ, નિયમ, વ્રત, સ્નાન વગેરેમાં પહેલાં હતું તે જ અવસ્થામાં આજે ય પડેલું છે.

શાક્યમુનિએ વર્ષો પહેલાં અહીંથી જ ધર્મનો પ્રચાર આદર્યો હતો. તુલસીદાસજીએ અહીં જ રામાયણની કથા કહી રામાયણના દુહા લખ્યા હતા. કબીરજીએ અહીંથી જ મૂર્તિપૂજાનો વિરોધ કર્યો હતો અને હિન્દુ મુસ્લીમ ઐક્ય માટે ઘોષણા કરી હતી. આજે ય કબીર, તુલસીદાસ, નામદેવ અને રામકૃષ્ણ પરમહંસના મઠો અહીં મોજુદ છે. જૂની વાતો શા માટે? હજી ગઈ કાલે જ એની બેસંટે બ્રહ્મવિદ્યાની ઘોષણા કરવા પોતાના અનુયાયીઓને મોકલ્યા ત્યારે તેમણે કાશીને જ પ્રથમ સ્થાન બનાવી અહીંથી જ શરૂઆત કરી હતી.

કાશીમાં સાંકડી ગલીઓમાં ફરતાં સેંકડો સાધુઓ જોવા મળે છે. આ સાધુઓમાં ય ઘણા પ્રકારો હોય છે. આ લોકો ભીખ માંગતા, દારૂ પીતા, ભટકતા ભૂંડ જેવા ગમે ત્યાં પડી રહેતા, લોકોને આશરે જ નભતા હોય છે. જીવનયુદ્ધમાં કંટાળીને પણ સાધુ થઈ જાય છે. છતાં કેટલાક સારા સાધુઓ પણ હોય છે, જેમણે કુદરત સાથે એકતાનતા સાધવા જાતને ઓગાળી, સંયમ પાળી ઇચ્છાશક્તિ પ્રબળ કરી, અશક્ય ને શક્ય બનાવી રાતદિન ધ્યેય પ્રાપ્તિ માટે મંડી પડી, સ્ત્રીપુત્રાદિને ત્યજી, ધન-દોલત-માલ છોડી, ઈશ્વરના સાક્ષાત્કાર માટે જેને તલપ લાગી છે તેવાઓ પણ આ જ પ્રદેશમાં, ભૂખ્યા છતાં ધરાયેલા, દીન દુઃખીનું ભલું કરતા સતત જાગૃત અહીં જ પડેલા છે.

ગંગાકાંઠે હજારો યાત્રીઓ પ્રાતઃકાળથી તે સૂર્યાસ્ત સુધી જોવા મળે છે. દર વર્ષે હિન્દના ખૂણે ખૂણામાંથી લાખો યાત્રીઓ અહીં આવે છે. આવા આ હિન્દના હૃદય જેવા પવિત્ર કાશી ક્ષેત્રમાં કેટલાયે ધર્માંધ રાજાઓ આવ્યા અને ગયા. મહમદઘોરીના કાકા અલ્લાએ બનારસ પર હુમલો કર્યો ત્યારે તેણે હિન્દુઓને મુસલમાન ધર્મ અંગીકાર કરવા ફરજ પાડેલી અને એ વખતે જે લૂંટ

ચલાવેલી તેમાંથી તેણે ૪૦૦ ઊંટો ભરીને કીંમતી માલ લીધો હતો. છેલ્લે છેલ્લે ઔરંગજેબે પણ અહીંનાં સેંકડો મંદિરોનો નાશ કર્યો હતો. અને ત્યાં મંદિરો પર જાતે બે મોટી મસ્જિદો બંધાવી હતી. જે આજે પણ હિન્દુઓની કાયરતાની અને મુસલમાનોની ધર્મઘેલછાની ધજા ફરકાવતી ઊભી છે.

મને પોતાને બનારસ કરતાં હરદ્વાર વિશેષ ગમ્યું. ગંગામૈયાનું મુગ્ધ સ્વરુપ જે હરદ્વારમાં જોવા મળે છે તે કાશીમાં નથી મળતું. હરદ્વારમાં ગંગામૈયાનું સ્વચ્છ પાણી છે. જ્યારે બનારસમાં ડહોળું પાણી છે. હરદ્વારમાં ગંગામૈયા આખા જગતના કોલાહલને શાંત કરવા, ઘૂ ઘૂ ઘૂઘવી, મોટો અવાજ કરી સર્વ ધમાલોને પોતામાં સમાવી દઈ શાંતિ પાથરે છે. બનારસમાં ગંગામૈયા શાંત વહી જાય છે અને માઈલોના માઈલો સુધી હિમાલયથી નીકળી વચ્ચે આવતા તમામ લોકોને પોતાના અંકમાં બેસાડી, નહવાડી, સ્વચ્છ કરી, પોતે બધાનો મેલ લઈ અહીં આવે છે. વળી હરદ્વારમાં હિમાલયના પહાડોનું દશ્ય કેટલું ભવ્ય લાગે છે. જ્યારે કાશીમાં જુવાન છોકરીઓ રૂપાળી દેખાવાનો ડોળ કરતી, પુરુષોને પોતા તરફ આકર્ષવા ફાંફા મારતી, તે સ્થળનું પવિત્ર વાતાવરણ ગંદુ કરતી ઠેર ઠેર જોવા મળે છે. કાશી જેવું પવિત્ર જાત્રાનું ધામ આ દૂષણ કેમ નભાવી રહ્યું હશે? કાશી વિદ્યાપીઠથી ગંગાઘાટે જવા જે રસ્તે થઈને જવું પડતું તે જ રસ્તે આ દશ્ય હું જોવા પામ્યો ત્યારે કાશી માટે ઉન્નત બનેલું મારું મસ્તક શરમથી નીચું નમી ગયું. આ રસ્તો છડેચોક કાશીની પવિત્રતા પર હથોડા મારી મારીને કહેતો કે મને પણ જોતો જા. કાશીમાં આ સંભવી જ કેમ શકે? જ્યાં મનુષ્ય ઈશ્વર ભક્તિ માટે આવે છે, જ્યાં મનુષ્ય કુદરત અને ભક્તિમાં એકતાનતા સાધવા આવે છે, ત્યાં આ દૂષણ કેમ નભાવી લઈ શકાય? જે ભાગ મેં જોયો એ તો બહુ નાનો હતો. પણ

કાશીમાં તો વેશ્યાઓનો તોટો જ નથી. ધર્મના કયા ઉપાસકે આને માટે અપવાસ કર્યા ? કયા ધર્મગુરુએ આ લોકોને ય ઈશ્વર તરફ વાળવા પ્રયત્નો કર્યા ? ઘરબાર, સ્ત્રી પુત્રાદિ સર્વ ત્યજી માણસ બાકીનું જીવન ઈશ્વર ભજનમાં વિતાવવા જે સ્થળોએ આવે છે, તે તો આવી રીતે કલુષિત ન જ થવા દેવાં એવું આપણો સમાજ ક્યારે સમજશે ?

અહીંથી થોડે દૂર સારનાથ આવેલું છે. ૧૯૩૫માં ત્યાં મોટો મેળો ભરાયો હતો. ચીન, જાપાન, તિબેટ અને લંકા જેવે દૂર દૂરને સ્થળેથી બૌદ્ધ યાત્રાળુઓ આવેલા હતા. આવો મેળો હવે બીજા સૈકામાં ભરાશે. આ સ્થાન મને ગમ્યું. મંદિર સાદું છે અને શાંત સ્થળે બાંધેલું છે. અંદર ગૌતમબુદ્ધનાં વિવિધ ચિત્રો જાપાની ચિત્રકારે દોરેલાં છે, ગૌતમબુદ્ધની સુંદર પ્રતિમા, ગૌતમ જન્મ, દેવોના આશીર્વાદ, દીનદુ:ખી દર્શન, વૈરાગ, યશોધરાને છોડી ચાલ્યા જવું, લોકોનો વિરોધ, બાપ અને સ્ત્રી પણ શિષ્ય બન્યાં વગેરે. આ ચિત્રોમાં ભાવ સારો ઊઠે છે. જાણે હમણાં જ બોલી ઊઠશે. આજુબાજુનાં લીલાંછમ ઝાડોમાં સ્થાન રમ્ય લાગે છે. પેટીમાં ગૌતમબુદ્ધનાં અસ્થિ પણ છે. બાજુમાં શિષ્યોનો મઠ છે. પાસે જ બિરલાની ધર્મશાળા છે.

કાશી વિદ્યાપીઠની બાજુમાં ભારતમાતાનું નવું મંદિર છે જે તે વખતે બંધાતું હતું તે જોયું. એની ઉદ્‌ઘાટન ક્રિયા પૂ. ગાંધીજીએ કરી હતી. અશોકકાલીન હિન્દના કેટલાક નકશાઓ ભીંતમાં ચીતરેલા છે. રૂપિયા પચાસ હજાર ખરચી જમીનપર ભારતવર્ષનો સુન્દર નકશો તૈયાર કરેલો છે જે જોવા જેવો છે.

યુરોપિયન ક્વાર્ટર્સ આગળ આવેલી હિન્દુ યુનિવરસિટી બનારસમાં આવીને જેણે ન જોઈ તેણે કંઈ ન જોયું કહેવાય. લગભગ

બે માઈલ તો તે લાંબી છે. જાણે એક નગર વસ્યું હોય એમ લાગે છે. હિન્દના દરેક પ્રાંતના વિદ્યાર્થીઓ અહીં ભણવા આવે છે. દરેક વિદ્યાર્થીનું નામ અને તેના પ્રાંતનું નામ જો કે દરેક ઓરડી પર લખ્યું હોય છે તોય શોધવાનું કામ મુસીબતભર્યું લાગે છે. હું એક મારા બાલ ગોઠિયાની શોધમાં હતો. તેના નામ સિવાય મને વિશેષ કંઈ ખબર નહતી. આ ભાઈને શોધવાય કોઈ ગમે તે ગૂજરાતીને શોધવા જોઈએ. છેવટે એક ગૂજરાતી પટેલની ઓરડી પાસે ગયો. પટેલને મેં મારા મિત્રની માહિતી પૂછી. પટેલ કહે, મારા ય એક મહેમાન બે દિવસથી આવ્યા છે પણ જડતા નથી. મેં કહ્યું, ચાલો હું તમારા મહેમાનના અવેજમાં આવ્યો એમ માનો. છેવટે મને મારો મિત્ર મળી ગયો.

કરોડો રૂપિયાની કિંમત ઊપજે એટલી મિલ્કત અને સામગ્રી અહીં છે. વળી ત્યાં કેટલાંક મશીનો પણ બને છે. સાબુ, તેલ, માટીના રકાબીપ્યાલા, સુન્દર રમકડાં વગેરે બને છે. મોટી લાયબ્રેરી છે. મકાનો મોટાં અને સુન્દર છે—જાણે નવું દિલ્હી. વનસ્પતિનાં, પ્રાણીનાં, ફૂલઝાડનાં, વગરેનાં પ્રદર્શનો છે કે જે એક સારા સંગ્રહસ્થાનને શોભાવે તેવાં છે. આર્ટ્સ કૉલેજથી લગભગ પોણો માઈલ દૂર એન્જીનિયરિંગ કૉલેજ છે. લીલીછમ ઝાડની ઘટાઓમાં આવેલાં છૂટાં છૂટાં મકાનો સુંદર લાગે છે. જેવું દયાલબાગ વસ્યું છે તેવું જ આ છે. યુવતીઓની જુદી કૉલેજ અને હોસ્ટેલ છે.

આ હોસ્ટેલની ઘણી ઓરડીઓમાં હું ફર્યો છું. બીજાઓ કરતાં મારે આ સહજ થઈ પડયું હતું કારણ કે હું પ્રવાસી હતો. હિન્દી સારું જાણતો અને જે જે પ્રાંતના કોઈ મળે તેને તેના પ્રાંતની કાંઈ અસરકારક વાત કહી, કાંઈ પૂછી મારી સાથે ગમે તેને વાતે વળગાડતો. મને અહીં એક વસ્તુ નજરે ચઢ્યા વગર ન રહી. જે ઓરડીમાં જાઉં ત્યાં ફોટા જ ફોટા. ફોટા સામે મારે વાંધો નહોતો

પણ મારો વાંધો તો પસંદગી સામે હતો. આજના કૉલેજિયનોને કયા ફોટા પસંદ કરવા તે માટે બહુ દૂર જવું નથી પડતું. મને કૉલેજિયનો સિનેમા–સ્ટારના ભક્ત લાગ્યા. સારી સારી ફ્રેમોમાં જમના, સુલોચના, ગૌહર, સવિતાદેવી, ઉમાશશી અને બીજી ઘણી ઘણી. દુનિયાનાં ઘણાં રાષ્ટ્રો આઝાદીની લડત લડયાં છે. એ મહા પુરુષોના ફોટા રાખે તો ! અરે પરદેશ જવાની કયાં જરૂર છે ! જવાહર, ગાંધીજી, ટાગોર, અરવિંદ વગેરે જે જગતભરમાં પ્રખ્યાત છે તેમને શું કામ નથી મૂકતા ? આમાં તો મુશ્કેલી એવી આવે કે કોઈ પોતાની બેનનો, સ્ત્રીનો, કે માનો ફોટો રાખશે તો તરત જ કોઈ સિનેમા સ્ટાર જ હશે એમ કોઈ પણ માની બેસશે.

મૂર્તિનું કે ફોટાનું મહત્ત્વ હોય તો તે એટલા પૂરતું છે કે એમાંથી આપણને કાંઈ ઉચ્ચ પ્રેરણા મળે. આમ ગમે તેનાં ચિત્રો રાખવાનો કશો અર્થ નથી. પણ આ ફોટાઓની પસંગી અર્થશૂન્ય છે એમ હું માનતો નથી. આપણા જુવાન કૉલેજિયનોના અભ્યાસગૃહોમાં લટકતા આ સિનેમાસ્ટારોના ફોટાઓ આપણો તરુણવર્ગ કેવા આદર્શો સેવી રહ્યો છે તેનાં સૂચક છે. અને શિક્ષણશાસ્ત્રીઓ અને સમાજધુરીણોને વિચાર કરવાને પડકારી રહ્યા છે.

પટણા

બિહારનું પટણા શહેર જોયું ત્યારે પેશાવર યાદ આવ્યું. પટણા જંકશન અને પેશાવર કેન્ટ બંને સ્વચ્છ અને સુઘડ લાગ્યાં. છૂટાં મકાનો બાંધેલાં અને આજુબાજુ ઝાડની ઘટાઓ. આટલા સુન્દર બંગલાઓ જોઈ મને થયું પટણા તો બિહારમાં આવ્યું અને અહીં તો બધા બંગલા છે. અને આ લોકો તો શ્રીમંત લાગે છે. જ્યારે બિહારની છાપ તો તે ખૂબ જ ગરીબ છે એવી હતી. તો આ આમ કેમ? પણ જ્યાં વધુ ગરીબી છે ત્યાં જ વધુ શોષણ છે અને ત્યાં જ મૂડીદારો વધુ માલદાર છે. હિંદના ગરીબખાના સમા બિહારની રાજધાની પટણાના સ્ટેશનની મેં જે કલ્પના કરી હતી તે આ પટણા જંકશન સ્ટેશન જોતાં ખોટી પડી.

પટણા જંકશનમાં જૂના સમયનું એક સંગ્રહસ્થાન છે અને તેમાં વૈશાલી નગરીના જાતજાતના ઘણા અવશેષો પણ છે. આ સંગ્રહસ્થાન દેવનાગરીલિપીના વાંચકો અને જૂના જમાનાની શોધ-ખોળો કરવાવાળાને અતિ ઉપયોગનું છે.

પાસે જ એક ગોલઘર છે. તેને ૧૪૦ પગથિયાં છે. ઉપર ગયા પછી પટણા ઘણું સુન્દર લાગે છે. સામે જાણે દરિયો દેખાતો

હોય એવો વિશાળ ગંગાનો બે માઈલ પહોળો પટ મનોહર લાગે છે. આ ગોલઘરની રચના એવી છે કે દૂરથી ઘૂમટ છે એમ લાગે છે. જો કે ઉપર જવા માટે ચાર પાંચ ફીટનો રસ્તો છે. બાકી બધો ભાગ ઘૂમટ જેવો છે. પટણા જંકશનથી પટણા શહેર સાત માઈલ દૂર છે. તે પણ લાંબું વસ્યું છે. પટણા કેવું છે તેનો થોડા સમયમાં અનુભવ કરવો હોય તો પટણા જંકશનથી ઘોડાગાડીમાં બેસવું એટલે સાત માઈલમાં બધું ઉપરટપકે જોવાઈ જાય.

અત્યારસુધી હું જે પ્રાંતમાં જતો તે પ્રાંતના લોકોનો મહેમાન થવાનો મોકો ભાગ્યે જ મેળવી શકતો. બધે જ ગૂજરાતી મળી રહેતા. પણ અહીં એક બિહારના ભાઈને ત્યાં મહેમાન થવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું. આથી આ લોકો સ્વભાવે કેવા છે, કેવો ખોરાક ખાય છે, તેમના આચારવિચાર કેવા છે વગેરે જાણવાની તક મળી. અહીં હું જમવા બેઠો. થાળીમાં ખૂબ જાડા ચોખા હતા. શાક અને દાળ એ જ થાળીમાં પીરસવામાં આવ્યાં. એક જ થાળીમાં ત્રણે ભેગાં ખાવાનાં હતાં. દાળ તદ્દન સાદી હતી. શાક બટાકાનું હતું. મુસાફરીમાં જ્યાં જ્યાં હું ગયો છું ત્યાં ત્યાં બધે બટાકા તો ખરા જ. આ બટાકા ન હોત તો શું થાત! જ્યાં જાઓ ત્યાં બટાકા! બટાકા વિના બીજી વાત નહિ. ભાતમાં કાંકરી હતી. મૂળ પીરસેલા ભાતનો ત્રીજો ભાગ જ થાળીમાં રાખેલો અને તેનો પણ અર્ધો ભાગ છાંડયો. પણ હું જે જમ્યો તેના કરતાં ક્યાંય ખરાબ ખોરાક બિહારના કિસાન લોકો ખાય છે.

બિહારની ગરીબ સ્ત્રીઓ અને વિધવાઓ જોઈ ત્યારે મને કાશ્મીરની સ્ત્રીઓ સાંભરી આવી. એક તો ગરીબાઈ તેમાં વળી વૈધવ્યનું દુઃખ, પેટની ચિંતા, અસ્વચ્છ શરીર, માંથે ટૂંકા ટૂંકા વાળ, કપડામાં લીરા નીકળેલી, ફાટી તૂટી મેલી સાડી જ માત્ર. જો કે ઊજળી ચામડી બાદ કરતાં કાશ્મીરની સ્ત્રીઓ પણ કુદરતને ખોળે

છે એટલે જ શોભે છે. બાકી ગંદી, ન નાહનારી, મેલાં વસ્ત્રવાળી આ કાશ્મીરી સ્ત્રીઓ અને બિહારની સ્ત્રીઓમાં રૂપ અને રંગના ભેદને બાદ કરતાં કાંઈ જ ફરક નથી. કેવળ રૂપ શા કામનું? રૂપ તો સંસ્કારિતા, સુઘડતા અને ચારિત્ર્ય હોય તો જ શોભે.

ગુરુ ગોવિંદસિંહનું જન્મ સ્થાન પટણામાં છે. તે સ્થળ પણ જોઈ આવ્યો. આજે તો શીખોનું એક મોટું ગુરુદ્વારા છે.

કોલસાની ખાણોમાં

પટણા જોયા પછી હું સીધો કલકત્તા જવાનો હતો, પણ દિલ્હીમાં પૂ. ઠક્કરબાપાને ત્યાં મદ્રાસના આગેવાન હરિજન કાર્યકર્તા આવેલા તેમણે મને આસનસોલ ખાસ ઊતરવા કહ્યું. તેમણે વધુમાં જણાવ્યું કે ત્યાં કોલસાની ખાણો છે અને એક સંસ્થા જોવા જેવી છે. તે સંસ્થા તે ઉષાગ્રામ (Dawn of Village). સ્ટેશનેથી ઊતર્યા પછી બે માઈલ દૂર છતાં નાના મોટા ગમે તેને પૂછવાથી બધા જ સંસ્થાથી પરિચિત હોય એમ લાગ્યું. સંસ્થા વિષે લોકોને સારો ખ્યાલ છે તે હું તેમના બોલવા ચાલવા પરથી જોઈ શક્યો. મને આથી સંતોષ થયો કે હું કોઈ હાલીમવાલી સંસ્થા જોવા નથી ઊતરી પડ્યો.

હું આ પાદરીઓની સંસ્થા ઉષાગ્રામના મોટા કમ્પાઉન્ડમાં દાખલ થયો. એક પરદેશી બાઈ કૂવાનો પંપ હલાવી રહી હતી અને મજૂરણને હિન્દીમાં કંઈક સૂચના આપી રહી હતી. હું તેને મળ્યો. પછી તેના પતિને તેણે કહ્યું, 'We have got a visitor.' તેના પતિ પણ શારીરિક શ્રમનું કંઈક ખોદવા કરવાનું કાર્ય કરી રહ્યા હતા. મને તેમણે બીજા એક ભાઈને સોંપ્યો અને સંસ્થા બતાવવા જણાવ્યું. 'પૂજા'ની રજાઓ હતી એટલે મને સંસ્થાનાં કેટલાંક ખાતાં બંધ બારણે જોવા મળ્યાં. ત્યાં વણાટ, સુથારી,

સીવણ, પ્રેસ, ચિત્રકળા, સંગીત વગેરે ઉદ્યોગના તેમજ કળાના વર્ગો ચાલે છે. જે કન્યાઓ રજામાં હાજર હતી તે કોઈ વાંચતી, તો કોઈ બાગને પાણી પાતી, કોઈના હાથમાં વળી ઝાડુ હતું. એમ બધી કન્યાઓ કંઈ ને કંઈ કામમાં ગૂંથાયેલી હતી. ત્યાંના મકાનની વ્યવસ્થા સાદી અને નૈસર્ગિક લાગે છે. નાની નાની કુટીરો અને માટીનું ચણતરકામ. લીલીછમ ઝાડની ઘટાઓ હતી. પાસે એક તળાવ (પુકુર). એક નાના ઘરમાં પાંચ છ કન્યાઓ નીચે રહે છે અને ઉપર શિક્ષિકા. લગભગ ૬૦ કન્યાઓ છાત્રાલયમાં રહે છે. પાસે જ કન્યાઓનાં પ્રિન્સિપાલ મીસ 'વુડ'નો નાનકડો બંગલો છે. પછી વિદ્યાર્થીઓની હદ શરૂ થાય છે. તેમનું પણ નાહવાનું તળાવ દૂર દૂર છે. કન્યા અને કુમારોનાં તળાવ બંને ઉત્તર દક્ષિણ. ગૂજરાતના યુવાનો કરતાં પંજાબ, યુક્ત પ્રાંત તેમ જ બિહાર, કાશ્મીર, બંગાળના યુવાનોને તરવાની કળા હસ્તગત છે. સ્ત્રીઓ પણ તરી શકે છે. નદી હોવાથી, નદી અને નહેરો ઘણી નજીક અને કમર સુધી જ પાણી આવે એટલી હોવાથી પાણીમાં ગમે ત્યાં પડે તો ય ડૂબવાની ચિંતા કરવાની રહેતી જ નથી. આ તળાવમાં કેટલાયે યુવાનો નાહી રહ્યા હતા. ત્યાંના મુખ્ય આચાર્ય અને તેમનાં પત્ની એક દિશામાંથી બીજી દિશામાં ઝટપટ ફરી વળે. કોઈ કાગળનો ટુકડો ભૂલો પડયો હોય તો તેને ટોપલીમાં નાખી દે. ઝીણું ઝીણું કામ કર્યા કરે, અને સતત ફરંફરા અને બારીક નિરીક્ષણ કરી, નાના તેમ જ પુખ્ત યુવકોના તેમ જ બાળાઓના માનસને સદા ઉદ્યોગી થવાની પ્રેરણા પાઈ, ભવિષ્યના જીવનનું સાચું સદ્ધર ઘડતર અનેક ઝીણી મોટી વ્યવસ્થામાં જાતે માથું મારી યોગ્ય સૂચનદ્વારા ટોકણી કરી શિક્ષકોના કામ પર ખાસ ધ્યાન રાખી, પોતે સતત પરિશ્રમ કરી બાળકોનાં મન વિકસિત કરવા મહેનત કરી રહ્યાં હતાં. જે સંસ્થાના વડા આખો દિવસ વૈતરું કરે તે સંસ્થાના ગૌરવની તો વાત જ શી કરવી ? કન્યાઓનાં પ્રિન્સિપાલ મીસ 'વુડ'ને હું મળ્યો. તેમણે

સીવતાં સીવતાં મારી સાથે ઘણા વિનયથી વાતો કરી. તે કહેતાં, અમેરિકામાં આટલું બધું અજ્ઞાન નથી. ત્યાં તો સ્ત્રી પુરુષો પોતે કેમ રહેવું તે જાણે છે. પોતાની બાબતમાં પ્રજા દરકારવાળી છે. જ્યાં જ્યાં ગરીબ અને અભણ પ્રજા છે ત્યાં જઈ અમે સેવાનું કાર્ય કરીએ છીએ. યુનાઈટેડ સ્ટેટ્સ અમને પગાર આપે છે. ઘણા પૈસા ખર્ચે છે. ચીનમાં પણ મિશનરી સંસ્થાઓ છે. માનવીના કલ્યાણ માટે અમારી સંસ્થાઓ કાર્ય કરે છે.

રજાઓ હતી એટલે ઘણી મોટી સંખ્યા ગેરહાજર હતી. ટૂંક સમયનો મારો સંસ્થાનો પરિચય છતાં આ સંસ્થાની મોહિનીએ મને આકર્ષ્યો. વાતાવરણ જ ચેતન અને પ્રેરણા મળે એવું મને લાગ્યું.

ઉષાગ્રામથી લગભગ એક માઈલ દૂર કોલસાની એક નાની ખાણ છે. આમ તો આસનસોલમાં ૩૦૦ ખાણો છે. હું એકલો હતો એટલે મારે જે ખાણવાળા બતાવતા હોય તેમની પાસે જ જવું રહ્યું. હું ખાણના મેનેજરને મળ્યો. થોડા વખતમાં જ તેમણે બતાવવાનું બંધ કર્યું હતું. ખાણમાં રૂફ્સ (Roofs) પડતાં હોવાથી કેટલીકવાર જાન જોખમમાં હોય છે. મેં તેમને વીનવણી કરી કહ્યું કે હું હિંદનો પ્રવાસી છું. ખાણ જોવા જ ઊતર્યો છું. મારે તો જીવના જોખમે પણ ખાણ જોવી એવી ઇચ્છા છે. મેં તેમને મને નિરાશ ન કરવા કહ્યું. મારી ચોંટણનીતિ અને વિનંતીથી તે ભાઈ જરા પલળ્યા. શરૂઆતમાં તેમણે બહારની રચના સમજાવી. ચારે દિશાઓ બતાવી કહે, "પેલા ઝાડ સુધી ખાણ છે, દૂર દૂર પેલાં ઘેટાં ચરે છે ત્યાં સુધી, એ દિશામાં, આ બાજુ આ પાટા દેખાય ત્યાં સુધી અને ખાણમાં હવા જાય માટે પંપથી અંદરની હવા કાઢી લે છે. અને પછી નવી હવા દાખલ થાય છે. મુંબઈમાં દાદરને બદલે લિફ્ટમાં બેઠેલો, પણ અહીં તો ઊંચે જવાને બદલે જમીનમાં જવાનું હતું. અમે કેઇજમાં ઊભા. બે મિનિટમાં તો અમે પાંચપચીસ

પચાસ, સો, બસો અને બસોદશ ફીટ નીચે ઊતર્યા. જેમ જેમ નીચે જઈએ તેમ તેમ હવા ગરમ થતી જાય અને અંધારું વધતું જાય—જાણે સાંકડી અંધારી ગલી, સીધી નહેર જેવી. ધાર્યા કરતાં વધુ ભયંકર. આગ્રામાં આગ્રા ફોર્ટ જોયા પછી કોઈએ કહેલું કે જેવા રસ્તા ઉપર છે તેવા અંદર ભોંયમાં છે. અને મહેલો પણ ઉપરના જેવા જ છે. ઘડીક તો સાહસ કરી હું અંધારિયાં પગથિયાં ઊતર્યો, પણ નાક કહ્યું ન કરે. મરેલાં ઢોરનું કબ્રસ્તાન હોય એવી ભયંકર બદબો અંદરથી ધસી આવતી હતી. માથું દુઃખવા લાગ્યું અને તરત જ હું જમનાને કાંઠે પવનની લહેરો ખાવા દોડી ગયો અને નાકમાં પેસી ગયેલી સૈકાજૂની બદબોને વારંવાર પ્રયત્નથી જોર કરી કાઢી નાંખી નવી તાજી સૌરભવાળી હવા ભરવા બેઠો. આ ખાણમાં મને એ પ્રસંગ સાંભરી આવ્યો. પાછા જવાનું મન થયું. મેનેજર આગળ કરેલાં મારી સાહસિક જીજ્ઞાસાવૃત્તિનાં વખાણ અને હિન્દના પ્રવાસીની મારી ઉપાધિનું શું? મેનેજરને કંઈ ન થાય અને હું સહેજમાં થાકી જાઉં? મને મૂંઝાવા ન દેવો એમ વિચારી મને પારખી જઈ મેનેજરે મારો હાથ પકડી ડરશો નહિ એમ કહ્યું. અમે ચાલ્યા. મારી ઊંચાઈ પાંચ ફીટ કરતાં વધુ છે. અહીં રસ્તો છ ફીટ પહોળો અને ચાર સાડાચાર ફીટ જ ઊંચો. મારે ડોશીમા બની જવું પડયું. કેટલાક ભાગમાં તરાડો પડેલી તેથી લાકડાના ટેકા મૂકવામાં આવેલા હતા. હમણાં તૂટી પડશે એવું લાગતું હતું. મૂળ ઓછી ઊંચાઈ તેમાં આ લાકડાના ટેકાને લીધે ઊંચાઈ ઘટી જતી. જાણે અંગૂઠા પકડી ઊભા રહેવાની સજા કરી ન હોય? "આ પડે તો અકસ્માતનું કંઈ કહેવાય કે!" પેલા મેનેજરે કહ્યું.

ગરમ ગરમ હવાથી હું ગૂંગળાતો હોઉં એવું મને લાગ્યું. માથું ગૂમ થઈ ગયું. છતાં મારે ખાણનો છેડો જોવો હતો. અમે ચાલ્યા જ જતા હતા. મજૂરો થાક ખાતા બેઠા હતા. સાંકડા પાટા

હતા. અંધારામાં નાની નાની બત્તીઓ હતી. પાટા પર વારંવાર લારીઓ જતી આવતી હતી. અમારે લારી સાથે ભેટી ન પડાય તે ખાસ સાચવવાનું હતું. દરેક ફેરે પ૬ મણ કોલસો આ લારીમાં ઉપર જતો. આગળ જતા તેમ રસ્તો સાંકડો, નીચો અને અંધારાવાળો આવતો હતો. છેવટે છેડો આવ્યો. રસ્તો બંધ થયો. ત્યાં એક મજૂર માટી ખોદતો હોય તેવી રીતે પાવડો ભરી ભરી કોલસા લારીમાં ઠાલવી રહ્યો હતો. તે પરસેવે રેબઝેબ થઈ ગયો હતો. મને વગર મહેનતે પરસેવો થઈ રહ્યો હતો, તો આ મજૂરોની શી વીતકકથા? હું તો હજી પંદર મિનિટ જ ખાણમાં રહ્યો હતો, જ્યારે આ મજૂરોને તો છ આઠ કલાક મહેનત કરવાની હતી. મને એ વિચારે કમકમાં આવ્યાં. મારી ધીરજ ખૂટી. હું ઉતાવળો થઈ ગયો. આ મેનેજરના એસિસ્ટન્ટ પણ ખાણમાં આમતેમ ઘૂમતા હતા. તેમની સાથે વાત કરવામાં, કંઈ સૂચન કરવા માટે મારા સાથી મેનેજરે પંદર મિનિટ લીધી. મારી અકળામણ વધી. ક્ષણે ક્ષણે માથું હમણાં ખલાસ થઈ જશે, ભોંયે પટકાઈ પડીશ એમ લાગ્યા કરતું. પેલો વેડિયો મજૂર યાદ આવ્યો. તેને શું? તે કેમ રહેતો હશે? શું મારાથી સ્થિર ન રહેવાય? ન કેમ ટકાય? અને આ વિચારે મને પ્રેરણા મળી. એવા તો કેટલાયે મજૂરો અને કેટલીયે જુવાન મજૂરણો આ અંધારામાં, આ ગૂંગળામણમાં શરીરને સદા નીચોવે છે. ઉપર જવા માટે કેઈજમાં બેઠો ત્યારે મારો ઊડી ગયેલો જીવ પાછો આવ્યો હોય એમ લાગ્યું.

ચાંદની રાતે જમનાને કાંઠે તાજમહાલમાં હું આનંદસાગરમાં નાચ્યો હતો. સ્વર્ગસુખ આથી વધુ શું હોઈ શકે એમ મને લાગેલું. આ ભવમાં પણ સ્વર્ગ માણી શકાય છે. એવી કેટલીક ધન્ય પળો જીવનમાં કોકવાર જ સાંપડે છે. તાજમહાલનાં દર્શન પછી કોલસાની આ ભયંકર ઘોર ખાણો મને નર્ક જેવી લાગી. તાજમહાલ,

અમૃતસરનું સુવર્ણ મંદિર, હિમાલયના હિમાચ્છાદિત શિખરો, લક્ષ્મણ ઝુલા નીચે વહી જતી ગંગા અને આજુબાજુનાં કુદરતી દશ્યો, ડાલ સરોવર એ બધું જોયા પછી મને થયું કે મેં અંતિમ સુખ અને આત્યંતિક દુઃખ બંને કેટલીક ક્ષણો માટે અનુભવી લીધાં. આ ભવમાં જ એકને સ્વર્ગસુખ મળે છે જ્યારે બીજાને નર્કદુઃખ અનુભવવું પડે છે. બીજા ભવની કે પરલોકની શી વાત કરવી? આજ જિંદગીમાં કેટલાયે માણસોને દુઃખના ડુંગરા ઓળંગવા પડે છે અને કેટલાઓને સુખના સાગરમાં નાચવાનું પણ મળે છે. હું નર્કમાંથી સ્વર્ગમાં આવ્યો એવું મને બહાર નીકળતાં લાગ્યું. અંદર કંઈ અકસ્માત થઈ ગયો હોત તો? આટલી બીક મને ક્યાં ય કદી લાગી નથી.

આટલા આટલા યંત્રવાદ પછી દુનિયાની વધતી જતી કળિયુગની હિમાયત પછી, મજૂરને બદલે ખાણમાં કેમ મશીન ગોઠવી ન શકાય? જમીનની અંદર અને જમીન ઉપર ખૂબ ઊંચે મશીનનો પત્તો ય ખાતો નથી. હિમાલયમાં અમરનાથ જતાં શ્રીનગરથી ૬૦ માઈલ સુધી જ મોટરો જઈ શકે છે. પછી માઈલોના માઈલો સુધી મશીનનું ટટ્ટુ અટકી પડે છે; તેવું જ છે ખાણોમાં. અને આ ખાણોના માલિક! તે તો ખાણના પ્રદેશની હવા ખાવા પણ નથી રહેતા. તે રહે છે દરિયા કિનારે, નદી કાંઠે કે કોઈ હિલ સ્ટેશને. તે મેનેજર રોકી શકે છે. જૂજ મજૂરીએ એ મજૂર રોકી શકે છે. આવા કબ્રસ્તાનમાં મજૂરને મળે છે ચાર, છ કે આઠ આના.

હું આસનસોલમાં ફરતો હતો. મેં ખૂબ કાળા માણસો જોયા. મેલાં કપડાં, નિસ્તેજ શરીર, અકાળે વૃદ્ધ જેવું મોઢું. આવા ભયંકર સ્થળે કામ કર્યા પછી એ મજૂર રંગમાં કોલસાની હરીફાઈ કરતો થઈ જાય છે. તેના જીવતરમાં શો દમ? તે રાત્રે શોચતો હશે કે મારે તો સવાર પડશે અને ફરી ખાણોમાં જવું પડશે. એ વિચારે કંપી ઊઠતો હશે. બીજે ક્યાંય નોકરી ન મળે ત્યારે જ માણસ ન છૂટકે આ ખાણની નોકરી સ્વીકારે છે.

શાંતિનિકેતન

એક પરદેશી મુસાફરે ગાંધીજીને પૂછ્યું, "મારે ઝટ હિન્દુસ્તાન જોઈ પાછા ફરવું છે. તો ખાસ શું જોવું જોઈએ?" ગાંધીજીએ કહ્યું, "તાજમહાલ, ટાગોર અને અરવિંદ–એ ત્રણની મુલાકાત લો એટલે આખો હિન્દુસ્તાન આવી ગયો ગણાય."

ઈસ્ટ ઈંડિયા રેલ્વેના બોલપુર સ્ટેશનથી એક માઈલ દૂર શાંતિનિકેતન આવેલું છે. બોલપુરથી શાંતિનિકેતન જવા વિશ્વભારતી મોટર બસ સર્વીસ ચાલુ છે.

આ આશ્રમની સ્થાપનાની પાછળ રમૂજી ઇતિહાસ છે. કવિ શ્રી. રવીન્દ્રનાથના સદ્ગત પિતા દેવેન્દ્રનાથ ટાગોર એક વખત રાયપુરથી આ તરફ આવતા હતા. હાલ જે સ્થળે આશ્રમ છે તે સ્થળે તેમને લૂંટારાઓનો ભેટો થયો હતો. તેમણે લૂંટારાઓને સદ્બોધ આપ્યો અને તેઓનો આત્મા પવિત્ર બન્યો. આથી તેમને આ સ્થળ પરત્વે મમત્વ બંધાયું. તેમણે ત્યાં આશ્રમ બાંધવાનો નિશ્ચય કર્યો. તેમના મૃત્યુ બાદ આશ્રમની જ સરહદમાં તેમની સમાધિ ચણવામાં આવી છે અને તેના પર બંગાળીમાં નીચેના શબ્દો કોતરેલા છે:—

" તિનિ આમાર પ્રાણેર આરામ
મનેર આનંદ
આત્માર શાંતિ."

મનને આનંદ હશે તો જ આત્માને શાંતિ છે.

આ આશ્રમની હદ લગભગ અર્ધો માઇલ લાંબી તથા તેટલી જ પહોળી છે. તેમાં આવેલાં સુંદર ભવનો, નાનાં મોટાં ઝાડપાન, અને સાંજના સમયનો પક્ષીઓનો મધુર કલરવ મનને આનંદ આપે છે. અહીં આવનાર મુસાફરો માટે રહેવાની સગવડ પૈસા લઇને કરી આપવામાં આવે છે. અલાયદા રૂમો પણ વધુ ચાર્જ ભરવાથી મળે છે. મુસાફરો પાસેથી એક વખત જમવાના છ આના લેવામાં આવે છે.

કળાવિભાગમાં માટીનાં, ઘાસનાં છાપરાંવાળાં ઠંડાં ઝૂંપડાં આવેલાં છે. આની ભીંતોમાં પણ બંગાળના મશહૂર ચિત્રકાર નંદબાબુના હાથ નીચે, એકાંતમાં, શાંત વાતાવરણમાં તાલીમ લઈ રહેલા કલાકારોએ પોતાની કલા પ્રદર્શિત કરી છે.

આશ્રમના ચોગાનની મધ્યમાં પુસ્તકાલય આવેલું છે. તેમાં હિન્દુસ્તાનની લગભગ દરેક ભાષાનાં વર્તમાનપત્રો આવે છે અને આશરે ૮૦ હજાર જેટલાં પુસ્તકો તેમાં છે અને દરવર્ષે તેમાં વધારો થાય છે. જૂનાં પુસ્તકોમાંથી નવી નવી શોધખોળો કરતા સાક્ષરો અહીં આપણને જોવા મળે છે.

અહીં ખુલ્લા મેદાનમાં, પક્ષીઓના મધુર કલરવ વચ્ચે, ઘટાદાર ઝાડ નીચે, તેની છાયામાં અધ્યાપકો વિદ્યાર્થીઓને વિદ્યાદાન કરે છે. અધ્યાપકો પણ ટેબલ કે ખુરશી પર ન બેસતાં જમીન પર સીમેંટના બનાવેલા સિંહાસન જેવા આકારના એકાદ આસન પર બેસે


છે. સામે ગોળાકારમાં સિમેંટની પાટલીઓ પર વિદ્યાર્થિનીઓ તથા વિદ્યાર્થીઓ બેસે છે. અહીં સહશિક્ષણ (કો–એજ્યુકેશન) આપવામાં આવે છે. ભણવાનો સમય સવારે ૬॥ થી ૧૦॥ અને બપોરે ૨॥ થી ૬॥ નો છે.

અહીં દેશદેશના વિદ્યાર્થીઓ આવે છે. જેઓમાં મુખ્યત્વે ચીના, જાપાની, અમેરીકન, બર્મી, સિલોની, મદ્રાસી, બંગાળી, પરબિયા અને ગૂજરાતી હોય છે.

આ આશ્રમની ખરી કીંમત તો ત્યારે સમજાય છે કે જ્યારે દૂર દૂરથી હિન્દ જોવા આવનાર પરદેશી પ્રવાસી પણ કવિવર ટાગોરની મુલાકાતે આવે છે. દુનિયાના કેટલાક મહાન પુરુષો પણ અહીં આવે છે ત્યારે અત્રે ભણતા વિદ્યાર્થીઓને પોતાનો રસાસ્વાદ કરાવે છે. આથી આ સંસ્થા તો આખી દુનિયા સાથે સંકળાયેલી હોય એમ લાગે છે. અને આ આશ્રમનો વિદ્યાર્થી જ્યારે સ્નાતક થઈને બહાર જાય છે ત્યારે તેના તરફ દરેક માનની નજરે જુએ છે.

શ્રી. ટાગોરને વિદ્યાર્થીઓ ગુરુદેવને નામે સંબોધે છે. તેઓ વૃદ્ધાવસ્થાને કારણે હાલમાં ભણાવવા કરવાની પ્રવૃત્તિમાં સક્રિય ભાગ લેતા નથી; પણ દરેક નવા વિદ્યાર્થીને દાખલ થાય ત્યારે પાંચ મિનિટ મુલાકાત આપે છે. અહીં ઊજવાતા ઉત્સવો વસંતોત્સવ, શરદોત્સવ, ગ્રીષ્મોત્સવ, પૂજાઉત્સવ વગેરે સમયે ગુરુદેવ અચૂક હાજર રહે છે. મહેમાનોને પણ તેઓ સારી તંદુરસ્તીમાં પાંચ મિનિટ મુલાકાત આપે છે.

ગુરુદેવ આશ્રમની બહાર સામેના ચોગાનમાં ઉત્તરાયણ બંગલામાં રહે છે. પાસે જ સ્વ. એન્ડ્રૂઝની બંગલી છે. તેની પાછળ પૂ. મહાત્માજી માટે પણ કુટીર બાંધેલી છે. એકાદ વર્ષ પર ગાંધીજી ત્યાં જ ઊતરેલા.



કવિવર રવીન્દ્રનાથ ટાગોર.

ગુરુદેવે આશ્રમની સ્થાપના કરી તેવામાં કવિપત્ની વિદ્યાર્થીઓ માટે પોતાને હાથે રસોઈ બનાવતાં હતાં; પણ આ વધુ સમય ન નભ્યું. તરત જ તેઓ બીમાર પડયાં. આ બીમારીમાં કવિએ નર્સો વગેરે પાસેથી ભાડૂતી સારવાર ન કરાવતાં પ્રેમથી જાતે જ સારવાર કરી હતી. ભાગ્યવતી મૃણાલિની દેવી ભરયૌવનમાં, ૨૯ વર્ષની ઉંમરે, કવિને આગાધ દુઃખમાં મૂકી દઈ, ૨૩ મી નવેમ્બર, ૧૯૦૨ માં ગૂજરી ગયાં. તે આખી રાત કવિશ્રીએ અપાર વેદનામાં, અગાશીમાં ઊભા રહી કાઢેલી. આ દુઃખ એટલું બધું હૃદયવેધક હતું કે એક આંસુ પણ તેઓ નહિ કાઢી શકેલા.

તેમના પિતા મહર્ષિ દેવેન્દ્રનાથ તે વખતે હયાત હતા. તેમણે કહેલું કે "રવિને માટે મને કાંઈ દુઃખ નથી. તે તો લેખન વ્યવસાયમાં પોતાનું દુઃખ ભૂલી જશે. પણ છોકરાંઓનું શું?" ત્યાર પછી કવિ આશ્રમમાં અને લેખન કાર્યમાં મંડયા રહ્યા છે.

શાંતિનિકેતન એ શિક્ષણની સંસ્થા છે. જ્યારે કવિવરના હસ્તક ચાલતી બીજી જોવા જેવી સંસ્થા તે શ્રીનિકેતન. શ્રીનિકેતન ગાંધીજીના ગ્રામોદ્ધારના સિદ્ધાંત પર રચાયલી સંસ્થા છે. આના આચાર્ય કવિ રવીન્દ્રનાથ છે. તેનો હેતુ ખેતીવાડી તથા કારખાનાંનો વિકાસ કરવાનો છે.

થોડાં વર્ષો પહેલાં એક અંગ્રેજ અહીંની મુલાકાતે આવેલા. તેમને આ સંસ્થા અને ગુરુદેવ પ્રત્યે ખૂબ માન હતું. તેમણે પોતાનાથી ૨૦ વર્ષ મોટી એવી એક બુઢ્ઢી અમેરિકન કરોડપતિ બાઈ સાથે લગ્ન કર્યું. થોડા વર્ષ પછી આ બાઈ મરણ પામી અને તેનો બધો પૈસો વ્યાજે મૂકી દરવર્ષે રૂા. ૪૫,૦૦૦ ની નિયમિત મદદ આ સંસ્થાને કરવામાં આવે છે.

અહીં નીચેના ઉદ્યોગોને સ્થાન છે.

(૧) ચામડાનાં સાદાં તથા ફેન્સી પાકીટો.

(૨) કલાકારોને હાથે જુદી જુદી ડીઝાઈનો તથા સુન્દર સુશોભિત આકારનું માટીકામ.

(૩) કાપડ. અહિંયાના કારખાનામાં તૈયાર થતું ખાદીનું કામ, સાડીઓ ધોતિયાં વગેરે.

ઉપરાંત અહીં દૂધની ડેરી પણ છે. શાંતિનિકેતનમાં આ દૂધ વપરાય છે. ગાયોની તંદુરસ્તી તથા ઓલાદ સારી કેમ થાય તેની ખાસ કાળજી અને ખંત રખાય છે.

એક સારી હૉસ્પિટલ પણ અહીં છે. આશ્રમમાં જે માંદા થાય છે તેમની અહીં જ સારવાર કરવામાં આવે છે નિષ્ણાત ડૉક્ટરો અહીં સેવાભાવે કામ કરતા હોવાથી કલકત્તાના દરદીઓ પણ કેટલીકવાર અહીં આવે છે.

કલકત્તામાં

કલકત્તામાં વાહનો અનેક છે પણ એક નવું વાહન જોવા મળ્યું. તે છે રિક્ષા. આમાં માણસ ઘોડાનું સ્થાન લે છે અને બે ત્રણ માણસોને ખેંચે છે. આ રિક્ષા સસ્તી છે એટલે ઘણા માણસો તેમાં જ બેસવું પસંદ કરે છે.

રાત્રે હું અને નવા ત્રણ મિત્રો દુર્ગાપૂજા જોવા નીકળ્યા. તેમણે હમેશ મુજબ આજે પણ રિક્ષામાં જ બેસી જવું એવા ખ્યાલથી રિક્ષાવાળા જોડે ભાડું ઠરાવ્યું. તેઓ તો બેસવા જતા હતા ત્યાં મેં સાફ શબ્દોમાં કહ્યું કે, "હું આમાં નથી બેસવાનો. માણસ માણસને ખેંચે એ કેમ ચલાવી લેવાય?" ત્યાં એક ભાઈ બોલ્યા, "અમે તેને રોજી આપીએ છીએ ને! નહિ તો એ બિચારા ધંધો પણ શું કરે? તમે તો તેમનો ધંધો અટકાવી દેશો. ચાલો આવી જાઓ." પણ હું મક્કમ રહ્યો. આથી તેમનાથી પણ ન બેસાયું. હું હતો તેમનો મહેમાન એટલે તેમણે મારું માન તો રાખવું જ જોઈએ ને?

પૈસાવાળા એમ માનતા હોય છે કે અમે તો તેમને રોજી આપી જિવાડીએ છીએ. હું કહું છું કે માણસ જેવા માણસને આમ ભારવાહી પશુ થવું પડે એ કેટલું ભયંકર છે. સ્વમાની માણસ

કદી આ પસંદ નહિ કરે. વિરોધ તરીકે પણ સમજુ માણસોએ આવી રિક્ષાઓનો ત્યાગ કરવો જોઈએ. જે માણસોની પૈસા ખર્ચવાની શક્તિ છે તેઓ તો કદી માણસોને ઘોડાની જગ્યાએ ન જ જોડી શકે. આ એક હિન્દનું મોટામાં મોટું કલંક છે. આખી સમાજ રચના જ્યારે ફરશે, પલટો લેશે ત્યારે આવાં કેટલાંયે કલંકો ઝટ દૂર કરી શકાશે.

દુર્ગાપૂજા વખતે જેવી ભીડ કલકત્તામાં જોઈ છે તેવી ભીડ ક્યાંય નથી જોઈ. જમીનદારો પોતાના મકાનમાં દેવીની સ્થાપના કરે છે અને ભારે ધામધૂમથી મુસલમાનો જેમ તાબૂતને બુડાડે છે તેમ તેઓ દેવીને ગંગામાં પધરાવે છે. આવી તો સેંકડો દેવીઓનાં સરઘસ રાત્રે નીકળે છે અને જમીનદારો ભારે ઉત્સાહથી સરઘસમાં નાચતા નાચતા, મોં મલકાવતા ખુશ મિજાજમાં પસાર થાય છે. આ વખતે ટ્રામો, મોટરો, ગાડીઓ, રિક્ષાઓ બધાં જ અટકી જાય છે. અને લાંબી બબ્બે માઈલની હાર ઊભી હોય છે. લોકોનો સમુદાય એકબીજાને ધક્કા મારતો, ભીડમાંથી માર્ગ કાઢવા યત્ન કરતો જોવા મળે છે. જ્યારે ચાલવાની છૂટ મળે છે ત્યારે એવા ધક્કા આવતા હોય છે કે જો કોઈ સ્થિર થઈ જાય અને ચાલવાની અનુકૂળ દિશા તરફ ફરી જાય તો બે ત્રણ માઈલ સુધી આ ધક્કા ગમે તેને મોકલી આપી શકે. બંગાળમાં ધર્મનું કેવું ઝનૂન છે તે આ પ્રસંગે જોવા મળ્યું.

જૈનોનો વરઘોડો કારતક સુદ પૂર્ણિમાએ નીકળે છે ત્યારે પણ ખૂબ મોટી ધામધૂમ થાય છે. તે વખતે ટ્રામના તાર કાપી નાખવામાં આવે છે. આ બદલ ટ્રામ્વે કંપનીને રૂ. ૨૫,૦૦૦ આપવા પડે છે. જૈનોનું મોટું મંદિર કલકત્તામાં જોવા જેવું છે. ચાંદની રાતે તેનો ઝળહળતો પ્રકાશ અદ્ભુત લાગે છે. તાજ અને સુવર્ણમંદિર પછી તેનો પણ જોવા જેવી વસ્તુની ગણતરીમાં નંબર આવે ખરો.

કલકત્તા શહેર ઘણું મોટું છે. તેના અમુક લત્તા અને દુકાનોનો ઠાઠ ભારે છે; પણ દસ માઈલ દૂર જે લોકો વસે છે તેમનાં ઝૂંપડાં જોયાં હોય તો આપણને લાગે કે આમ કેમ? આટલી બધી અસમાનતા છે? એકનું મકાન એટલું મોટું કે તેમાં કોઈ રહેનાર નથી જ્યારે બીજાને ત્યાં સૂવાની પણ પૂરતી જગા નથી. અરે! દસ માઈલ શા માટે? કલકત્તામાં એક ગલીમાં અમે ગયા. અમારે એક બંગાળી સજ્જનને ત્યાં જવું હતું. આ ગલી એટલી બધી ગંદી અને સાંકડી હતી કે નાક દાબવું પડે અને માથું કહ્યું ન કરે. આની પાસે જ રાજમાર્ગ અને ઠાઠવાળી દુકાનો, ટ્રામ, મોટર, વગેરેની અવરજવર. અમે જેમ તેમ આ ગલીમાં ગયા, અને તે ભાઈના ઘરમાં પ્રવેશ કર્યો. આ ભાઈએ બંગાળની ખાસ મિઠાઈ રસગુલ્લાંથી અમારું સ્વાગત કર્યું. ગંદી ગલી અને રસ્તાની ચીડ પછી અસ્વસ્થ બનેલું મગજ ગુલાબજાંબુ ખાઈ કંઈક ઠેકાણે આવી ગયું. પાસે જ સતાર ટાંગેલી હતી. ૬૦ વર્ષના બુઢ્ઢાએ મારી વિનંતી પછી સતાર સંભળાવી. અને સંગીતે તો મનને આનંદિત કરી નાંખ્યું.

બંગાળીઓ વિજ્ઞાન અને સાહિત્યમાં આગળ વધેલી પ્રજા છે. પણ તેમનો પોતાનો ખાસ કોઈ ધંધો નથી. પ્રજાનો મોટો ભાગ કારકૂનો જ છે. બંગાળમાં ખાસ કરીને ગૂજરાતી અને મારવાડીઓએ ધંધામાં અડ્ડા જમાવેલા છે. રસોઈયા તો ગઢવાલના બ્રાહ્મણો છે. ડ્રાઈવરો મોટે ભાગે બધા જ શિખો છે. કૂલીઓ બધા ઓરિસ્સાના છે. આમ બંગાળના લોકો સાહસિક છે છતાં તેમનો પોતાનો ખાસ કોઈ ધંધો નથી. મોટી મોટી ઑફિસોમાં ભણેલાઓ કારકૂનો કે કોક મેનેજરો છે. બાકી ધંધામાં બંગાળીઓ ઘણા જ પછાત છે. મોટે ભાગે જમીનદારો છે તે તો ખાઈ પીને લહેર જ કરતા હોય છે.

કલકત્તા ઘણું મોટું છે. અહીં ટ્રામમાં આખો દિવસ ફરવાની ટિકિટો મળે છે. ઉપર ઉપરથી જો ઝટ કલકત્તામાં ફરી વળવું હોય તો ટ્રામનો દરેક છેડો જોઈ લેવો.

કાળીના મંદિરમાં

કલકત્તા હુગલીના (ગંગા) કિનારા પર આવેલું છે. અહીં જે મોટો પુલ છે તે પુલ હોડીઓ પર બનાવેલો છે. આ પુલ વારંવાર ઉપાડી લેવામાં આવે છે. પાણી પર હોડીઓને આધારે જ ટકી રહેલો આ પુલ જોવા જેવો છે.

કલકત્તામાં હજી ય આ સુધારાવાળા જમાનામાં પણ પશુવધ થાય છે એમ જ્યારે મેં સાંભળ્યું ત્યારે આ હકીકત સત્ય હોવા વિષે મને શંકા આવી. જેમને ત્યાં હું ઊતર્યો હતો તે લોકોને મેં કહ્યું કે મારી સાથે કોઈ આવશો કે? તો કહે, "કલકત્તામાં ગમે ત્યાં તમારા ભોમિયા તરીકે આવીએ પણ આ મંદિરમાં તો નહિ જ." એટલે મારે એકલાને જ જવું પડયું. ન મનાય એવી વાતો જ્યારે પ્રત્યક્ષ જોવા મળે ત્યારે તો જવું જ જોઈએ. દશેરાનો તહેવાર હોવાથી આજે રસ્તામાં, મોટરોમાં, ટ્રામોમાં માણસો ચિકાર હતાં. મને અજાણ્યાને આથી શોધખોળની બહુ પંચાતમાં પડવાનું ન રહ્યું. બધા જે રસ્તે જાય તે રસ્તે જવાથી આજે તો વગર પૂછયે કાળીમાના મંદિરમાં જવું સુલભ બની ગયું હતું.

મંદિરમાં પેસતાં પહેલાં શરૂઆતમાં સેંકડો ભિખારીઓ ભીખ માગતા બેઠા હતા. પછી હારબંધ બ્રાહ્મણો ગીતાપાઠનું પારાયણ કરી રહ્યા હતા. દરવાજે પોલીસોનો પહેરો પણ હતો. અજ્ઞાની, મૂર્ખ અંધભકત લોકોની હાજરી વિશેષ હતી. કેટલાકના હાથમાં બકરીને ગળે વીંટાળેલી દોરી હતી. અહીં બકરાંઓનો આર્તનાદ સંભળાતો હતો. બે લાકડાના ઠોયા ઊભા કર્યા હતા. (જુઓ લાકડાના ઠોયા વાળું ચિત્ર) તેમાં બે કાણાં હતાં. તેમાં બકરાનાં બોચાં ઝાલી તેના ઉપર લોખંડનો સળીઓ મૂકવામાં આવતો હતો. કુમળાં બકરીનાં બચ્ચાં ચીસેચીસ પાડી ઊઠતાં હતાં. આજ બે ક્ષણ પછી તેઓ આ



કાળીનું મંદિર. કલકત્તા.

દુનિયામાં રહેવાનાં નથી, અને આ મૃત્યુદંડ ઈશ્વરે ફરમાવેલો નથી હોતો. જો ઈશ્વર એવી સજા કરે છે એમ આપણે માનીએ તો મને લાગે છે કે આપણો ઈશ્વર વિષેનો ખ્યાલ ખોટો છે, સમજ ઊંધી છે અને તે બદલવો જોઈએ.

આમ હું વિચારી રહ્યો હતો ત્યાં તો મંદિરનો પૂજારી હાથમાં મોટો છરો લઈને ઊભેલો જોયો. બે ત્રણ સ્ત્રીઓ પથ્થર પર છરાની ધાર ઘસી રહી હતી. આજે સેંકડો બકરાંની કતલ થવાની હતી એટલે છરા વધુ તેજદાર અને ઘણા જોઈએ. આ દૃશ્ય જોવું એ મારા જેવા અહિંસામાં માનવાવાળા માટે ભયંકર હતું. બે જ મિનિટમાં મનુષ્ય કુમળા બકરીના દેહને હતો ન હતો કરી નાંખતો. સિનેમાના શોખીનો ટિકિટ લેવા જેમ હારબંધ ઊભા રહે છે તેમ અહીં કેટલાયે માનવો બિચારા બકરીના બચ્ચાને ઝબ્બે કરવા હારમાં ઊભા રહ્યા હતા. આવાં મૂંગાં પ્રાણીઓ ઈશ્વરમાં માનતાં હશે કે માનવો જ આ કાર્યને ઈશ્વરને નામે ચઢાવી દેતા હશે? ભોગ જો આપવો જ હોય તો પારકાનો શા માટે? પારકાને ભોગે દેવીને પ્રસન્ન કરવી? દેવી તો કાંઈ પ્રસન્ન નથી થતી. એમ માનનાર ધર્મ ન કરતાં અધર્મ આચરે છે. બીજાના દુઃખને સારી હાલતમાંય ન ફેડી શકનારા આપણે નિર્બળ માનવીઓ છીએ. આપણે કોઈનાં દુઃખ મિટાવવા કદી પ્રયત્ન કર્યો છે? જ્યારે મૂંગા પ્રાણી પાસે આપણે કેવળ આપણી મૂર્ખાઈમાં કેટલી બધી માંગણી કરી ક્રૂરતા આચરીએ છીએ? બીજાના દુઃખે દુઃખી થવું, પારકા માટે ઘસાવું એ તત્ત્વજ્ઞાનમાં માનવાવાળા કેમ હજી આ પાખંડ નભાવી રહ્યા છે? આ પ્રાણીઓએ આપણું કાંઈ બગાડ્યું છે? તેઓ તો સદા માનવજાતિના લાભ માટે જીવે જ છે.

આજે તો આખા જગતમાં બળિયાના બે ભાગ એ જ નીતિ ચાલી રહી છે, ત્યાં શી રીતે આ અટકે? મનમાં થતું, શું

આ ધર્મ છે? કોઈ પણ કેળવાયેલને આ ન ગમતું. ઘણા આથી વિરુદ્ધ છે એમ મને લાગ્યું. પણ ચમત્કાર વગર કોણ નમે?

આવે સ્થળે તો લાખો જુવાનોનાં જૂથનાં જૂથ ભેગાં મળી જાય, મંદિરને તાળું મારી દે, પૂજારીને અને બકરીનાં બચ્ચાંઓને ઊંચકી ભાગી જાય, છરા ફેંકી દે તો કેવું? બિહારમાં ધરતીકંપ થયો. ત્યાં જ વળી પૂર આવ્યું, કવેટામાં ધરતીકંપ થયો, કંઈ મકાનો અને ઇમારતો ભસ્મીભૂત થઈ ગયાં તો આ મંદિર થાય તો? વાચન, વિચાર કે ચિંતનથી જો સમજણ ન આવે તો બળથી પણ કામ લેવાવું જોઇએ. આ તો ભયંકર બદી છે.

હું આ જોતાં જોતાં મારા મનમાં ઝપાટાબંધ વિચાર હેલે ચઢયો હતો. ત્યાં તો એક નાનકડું શ્વેત બકરીનું બાળ આવ્યું. તેને પ-તું ખવડાવ્યું, ફૂલ ચઢાવ્યું અને ગળાની વચ્ચે સળિયો ગોઠવ્યો. ડોકું અને આખા શરીરનો તેનો દેખાવ કેવો ભયત્રસ્ત અને દયાજનક લાગતો હતો. શરૂઆતની તેની ચીસો અને તેનું રુદન જ્યારે માથાપર સળિયો પડયો ત્યારે માણસને જેમ ફાંસીને માંચડે લટકાવે છે ત્યારે તે શૂન્યમનસ્ક બની જાય છે તેમ આ પણ સ્તબ્ધ બની ગયું. દરેક વધે ઢોલ પિટાતું, અને કતલ કરનારનો જમણો હાથ ઊંચો થતો. એ દશ્ય મેં જોયું ત્યારે મારા માથામાં જાણે કોઈ હથોડા મારતું ન હોય એવો આભાસ થયો. ત્યાં જ ડોકું અને ધડ બે સામસામી દિશામાં પડયાં. ધડમાંથી લોહીની ધારા છૂટતી હતી, છતાં તે કાંઈક હાલ્યા કરતું હતું. આનું લોહીનું ખાબડું ભરાયું અને તે સ્હેજ હલન કરી બીજી જ ક્ષણમાં નિશ્ચેષ્ટ બની ગયું. આ લોહીના ધોધમાં લોકો હાથ બોળતા અને કપાળે લગાવતા. એક બાઈ તો કપડાંને જેમ પાણીમાં ધોયા પછી નિતારે છે તેમ પોતાનો રૂમાલ આ રક્તધારામાં બોળી રહી હતી.

આ જમાનામાં મોટા દેશનેતાના હસ્તાક્ષરોનો સંગ્રહ કરવામાં આવે છે. ભાવિક લોકો દૂર દૂરથી ગંગાજળ લઈ જાય છે. મુશ્કેલીઓ અને અનેક કષ્ટો વેઠીને પણ વૃદ્ધ સ્ત્રીઓ અમરનાથની ભભૂતની ઇચ્છાથી હિમાલય જેવો પહાડ ચઢે છે. વૃંદાવનમાંથી કૃષ્ણ જે સ્થળે રમેલા તે સ્થળની ધૂળ (રજ) આજે પણ લોકો પ્રેમથી મોંઘે દામે ખરીદે છે અને તેનો સંગ્રહ બરાબર જતનથી કરે છે. ગૌતમ બુદ્ધ કે મહાવીરના કેશ આજે પણ જોવા મળે છે. તેમ આ વૃદ્ધ સ્ત્રી આ રૂમાલને રુધિરમાં રગદોળી દશેરાના પૂજા–પર્વના બલિદાનની પ્રસાદી તરીકે સંગ્રહી રાખશે. બીજાના બલિદાનમાં રાચનાર અને સંતોષ માનનાર લોક રાક્ષસ કરતાં ય નપાવટ છે. અને એ દેવી? આવા પ્રસંગો જ્યારે જ્યારે મેં જોયા છે ત્યારે ત્યારે મને પ્રશ્નો થયા છે કે આ દુનિયામાં ઇશ્વર જેવું કોઈ હશે? જો હોય તો તે કરુણાસાગરને આ ગમતું હશે? ગમતું હોય તો તે અનાથનાથ કહેવાય? તો પછી તે સર્વેશ્વર આ બંધ કેમ નહિ કરતો હોય?

બકરીને વધસ્તંભ પર ચઢાવતાં પહેલાં માનવી તેને ગંગાજળ છાંટે છે. ગંગાજળથી દરેક પવિત્ર થાય છે શું? તો પછી ગંગાજળનો છાંટનાર કેમ હિંસા કરી શકે છે? આ બધાં ધતિંગો ચલાવનાર ધર્મગુરુનું શું?

કેટલાય જુવાનો એક ઘા અને બે ટુકડા થતા બકરીના દેહને જોઈ હાયની અરેરાટી નાખતા હતા. ધર્મની અંધશ્રદ્ધા જ તેમને આ જોઈ શકવાની, જોઈને તે નભાવી લેવાની શક્તિ આપતી હતી. મારું તો મગજ આ જોયા પછી કશું જ કરતું ન હતું. હું તો મગજ ગુમાવી બેઠો. મારી એકવાર તો ઇચ્છા થઈ ગઈ કે છરો ફેંકી દઉં અને બૂમ પાડી પોકારી પોકારીને કહું કે એ સચ્ચા ધર્મ નહિ હૈ, એ તો બડા ભારી અધર્મ હૈ. અહીં બોલવાની સખ્ત

મનાઈ હતી. મારી ભાષા જુદી હતી. હું અજાણ્યો અને એકલો હતો. હવે તો એક પળ પણ આ સહન કરાતું ન હતું. હું ઝટ કૅનિંગ સ્ટ્રીટની ટ્રામ માટે દોડયો.

અહીં ધર્મને નામે કેવું ધતિંગ ચાલે છે તે જો જોયું હોય તો તે હૃદયને કંપાવી મૂકશે, મગજને ડોલાવી મૂકશે, બુદ્ધિને કુંઠિત કરી દેશે.

★

હિન્દમાં ભરાતા મેળાના દિવસોની નોંધ

હરદ્વાર—કુંભ, અર્ધકુંભ, ગંગાદશેરા (જેઠ સુદી ૧૦) દરેક માસની અમાસે અને સૂર્યગ્રહણને દિવસે તથા વૈશાખ અને શ્રાવણમાં.

ઋષિકેશ—મહા અને શ્રાવણ માસમાં.

જવાળામુખી—ચૈત્ર સુદી ૯ અને આસો સુદી ૯ની નવરાત્રીઓમાં.

પશુપતિનાથજી—મહાશિવરાત્રી (મહા વદ ૧૪)

અમરનાથ—શ્રાવણ સુદી ૧૫

કુરુક્ષેત્ર—સૂર્યગ્રહણમાં મોટો મેળો.

વંદ્રાવન—શ્રાવણ સુદી ૧ થી ૧૫ મોટો મેળો.

મથુરાં—કાર્તિક સુદી ૨ અને અષાડ વદીમાં ૧ થી ૦))

ગોકુળ—શ્રાવણ વદ આઠમ (જન્માષ્ટમી)

અયોધ્યા—ચૈત્ર સુદ ૯ (રામનવમી)

પ્રયોગરાજ—મહા માસમાં તથા કુંભમાં.

કાશી—શ્રાવણ માસમાં.

ગયા—ભાદરવા માસના શ્રાદ્ધના દિવસોમાં.

જગન્નાથ—અષાડ સુદી ૨ (રથયાત્રા.)

ગંગાસર—પોષ માસમાં સંક્રાન્તીને દિવસે કલકત્તાથી ૬૦ માઈલ [કલકત્તા] દૂર સ્ટીમરમાં બેસી જવાય છે. મેળા ઉપર સ્ટીમરો આવજા કરે છે.

હરિહરક્ષેત્ર—કારતક મહિનાની પુનમથી એક મહિનાનો બાર ગાઉનો મોટો મેળો શરૂ થાય છે. ગયાની પાસે આ સ્થાન સોનભદ્ર નદીમાં આવેલું છે.

નૈમીષારણ્ય—ફાગણ માસમાં એક માસનો મેળો ભરાય છે.

પારસનાથ—ભાદરવા મહિનામાં પર્યુષણમાં બી. એન. અને ઈ. આઈ. રેલ્વેના ઇસરી સ્ટેશનેથી નવ માઈલ દૂર આ સ્થાન આવેલું છે.

બ્રહ્માવર્ત—શ્રાવણ માસમાં (કાનપુરથી ૭ માઇલ દૂર) આવેલું છે.

ચિત્રકૂટ—ચૈત્ર માસમાં (અલ્હાબાદથી ૫૨ માઈલે માણેકપુર અને ત્યાંથી ૨૦ માઈલે કરવી સ્ટેશન પાસે ત્રણ માઈલ ઉપર.)

પુષ્કરજી—કારતક મહિનામાં (અજમેરથી સાત માઈલ.)

શ્રીનાથદ્વારા—કારતક સુદ ૧ અન્નકૂટનો મોટો મેળો (ચિતોડગઢથી ૪૫ માઇલે **નાથદ્વારા** રોડ રેલ્વે સ્ટેશન છે.)

વૈજનાથ ધામ—શ્રાવણ માસમાં (ઈ. આઈ. રેલ્વે જસડીની પાસે.)

વિષ્ણુકાંચી—વૈશાખ માસમાં (એસ. આઇ. રેલ્વે આરકોણમથી ૧૮ માઇલ દૂર.)

લાહોર—શાલીમાર બાગમાં માર્ચ મહિનાના છેલ્લા રવિવારે દર વર્ષે ચિરાગનો મેળો ભરાય છે. (બત્તીઓ)

હિંદમાં જોવા લાયક સ્થળો

આબુઃ—રજપૂતાના હોટેલ : રાજા મહારાજા તથા અતિ શ્રીમંતો આમાં ઊતરે છે. યુરોપિયન ઢબે આગતાસ્વાગતા થાય છે.

કેસરબાઇની વીશીઃ—મધ્યમ સ્થિતિના માણસો માટે ઊતરવાની તેમાં સાધારણ સોઈ છે. ગૂજરાતીઓને અનુકૂળ પડે તેવી રસોઇ સવારસાંજ અત્રે બનતી હોય છે.

આબુમાં ઊતરવા માટેનાં સ્થળો.

નખી તળાવના કિનારા ઉપર રઘુનાથજીનું મંદિર છે ત્યાં મહાત્મા પ્રયાગદાસજીના સ્મણાર્થે એક ધર્મશાળા બંધાવવામાં આવેલી છે.

રામકુંડઃ—એકાંત અને શાંત સ્થળ છે. એક મોટું મકાન બંધાયું છે. આના ટ્રસ્ટીઓ મોટે ભાગે નડિયાદના છે.

જૈન ધર્મશાળાઃ—જૈન યાત્રીઓ માટે દેલવાડા અને અચળગઢમાં ધર્મશાળાઓ છે. અહીં જૈનોને જ રહેવા દે છે.

આ ઉપરાંત શેઠ હરજીવનદાસ પુરુષોત્તમદાસ હિંદુ વિશ્રામભુવન છે તેમાં ટ્રસ્ટીઓની લેખી પરવાનગી સિવાય કોઈને ચાર દિવસથી વધુ સમય મુકામ કરવા દેવામાં આવતો નથી. અહીં રોજનો એક રૂપિયો ભાડું છે. પણ જો કોઈ સખ્સ ભાડું આપવા અશક્ત જણાશે તો અનામતની રકમ લઇ કાંઇ પણ ભાડું લીધા સિવાય રહેવાની સગવડ કરી આપવાની ટ્રસ્ટીઓને સત્તા છે. દાખલ થતાં અનામતના રૂપિયા પાંચ લેવામાં આવે છે.

ટ્રસ્ટી.
શાહ મોતીલાલ ગોવિંદલાલ
હરિભક્તિની પોળ : સાંકડી શેરી
અમદાવાદ

અહીં સંપૂર્ણ વાસણો ફરનીચર, ખાટલા અને ઉપયોગી ચીજો મળે છે જેને માટે કાંઈ લેવાતું નથી.

આબુમાં જોવાં જેવાં સ્થળો.

દેલવાડાનાં દહેરાં, વસિષ્ઠાશ્રમ, અર્બુદાદેવી, અચળગઢ, ગુરુ-શિખર, નખી તળાવ, સનસેટ પોઇન્ટ, ટોડરોક.

આબુ જવા માટે માર્ચની પંદરમીથી મે સુધીનો સમય ઋતુ મધુર હોતાં અનુકૂળ છે.

અજમેર:—અજમેર હોટલ શ્રીનગર રોડ પર છે. હિન્દુ હોટલ ટાવરની સામે છે. એમ્પાયર હૉટેલમાં રહેવા જમવાનું એક રૂમનું ભાડું ૭ રૂ. છે. ધર્મશાળા અત્રેના વકીલ ઘાશીરામની છે જે સ્ટેશનથી નજીક છે. બીજી ધર્મશાળા મુંબઇના ભાટીઆ ગૃહસ્થ મરહૂમ ઓધવજીની છે.

જોવાનાં સ્થળો:—અકબરનો જૂનો મહેલ, (બાદશાહી બિલ્ડીંગ, નયા બજારમાં) આન્નાસાગરનું સરોવર જે શાહજહાંએ બંધાવેલું, દૌલતાબાગ, ખ્વાજાસાહેબની દરગાહ, મેયો કૉલેજ, તારાગઢનો કિલ્લો, પુષ્કરજી અને સાવિત્રીનું દહેરું વગેરે.

જયપુર:—કૈસરે હિન્દ હૉટલ, સ્ટેશન પાસે, જયપુર હોટલ; મહારાજાનો મહેલ, વેધશાળા, અંબરનો કિલ્લો, સંગ્રહ-સ્થાન, ગલ્તો, હવા મહેલ.

દિલ્હી:—શ્રી. ગૂજરાતી સમાજ છે. (સ્ટેશનથી થોડે દૂર બાગ-દિવારની પાસે) ઉપરાંત ઇમ્પીરીઅલ હૉટેલ રોજ રૂ. ૧૨-૦-૦ લે છે. હોટેલ ઇંડિયા કોનોટ પ્લેઇસ ન્યુ દિલ્હી રૂ. ૫-૦-૦ લે છે. લક્ષ્મી હોટેલ ચાંદની ચોકમાં છે તે ૪-૮-૦ લે છે.

દિલ્હીનો કિલ્લો, કુતુબમિનાર, વેધશાળા, હુમાયુની કબર, ધારાગૃહ, પુરાણો કિલ્લો, શેરશાહની કબર, જુમ્મા મસીદ,

રોશન–ઉદ્‌–દૌલાની સોનેરી મસીદ, મહમદશાહની કબર, બીરલાનું મંદિર, હરિજન આશ્રમ વગેરે.

લાહોર:—ગૂજરાતી સમાજ છે. સિનેમા લાઇનમાં ગૂજરાતીઓનો અહીં ઠીક અડ્ડો છે. આર્યસમાજ મંદિર પણ અહીં છે; જ્યાં ઊતરી શકાય છે.

કિલ્લો, રાજા રણજીતસિંહની કબર, જહાંગીરની કબર, મિન્ટો પાર્ક, મ્યુઝીઅમ, ઝૂ, શાલીમારબાગ, બાદશાહી મસીદ, અનારકલીની કબર, મોતી મસ્જીદ, ગુલાબી બાગ, પબ્લીક લાયબ્રેરી.

શ્રીનગર:—આર્યસમાજ મંદિર, કૉલેજ રોડ હજુરીબાગ; શીખ ધર્મશાળા અને સનાતન ધર્મપ્રતાપ ભવન, પહેલા પુલ પર છે. શ્રીનગરમાં સાત પુલ છે. કાશ્મીર હિન્દુ હોટલ પણ છે.

જોવા જેવાં સ્થળો:—પહેલગામ, અમરનાથ, ગુલમર્ગ, સુનમર્ગ, ગાંધારબલ, અનંતનાગ, વુલર સરોવર એ બધાં સ્થળો દૂર છે. શંકરાચાર્યનું મંદિર, દલ સરોવર, નિશાતબાગ, શાલીમારબાગ, ચશ્મેશાહી, હરિવન, ક્ષીરભવાની, ખીલનમર્ગ, વેરીનાગ, વગેરે સ્થળો છે. શ્રીનગરમાં મ્યુઝીઅમ પણ છે. શ્રીનગરથી ૬૦ થી ૭૦ માઇલ પર આવેલા લાલપુર અને થાણામંડી ગામની સ્રીઓ ખરેખર સ્વર્ગની પરીઓ જેવી છે.

પેશાવર—અગ્રવાલ આશ્રમ છે. સદર રોડ પર ડાક બંગલો છે. ફોજનું કામકાજ અને રહેઠાણ જોવા પેશાવર કેન્ટ તરફ આંટો મારવો. આગળ ખૈબર પાસ જવાય છે.

હરદ્વાર:—સ્ટેશન પાસે જ ડાક બંગલો છે. હૉટલ નથી. મંદિરો વિશેષ છે. તેવી રીતે ધર્મશાળાઓ અને ગુરુકુળો, આશ્રમો

ઘણા ઘણા છે. ગુરુકુળ કાંગડીમાં ધર્મશાળા છે અને રહેવું હોય તો મફત રહેવાની અને ચાર્જ લઈને જમાડવાની વ્યવસ્થા છે. પહેલા ત્રણ દિવસ મહેમાનોને મફત જમાડે છે.

હરિકી પૈરી, ભીમગોડા, ગંગાની નહેર ,ઋષિકુલ, મંસાદેવી, ધાકેશ્વર, મહાદેવી, રાજાકી છત્રી વગેરે જોવા માટે છે.

આગળ ઋષિકેશ જવાય છે. ત્યાં કાળીકમળીવાળાની ધર્મશાળા છે. ત્યાં સેંકડો માણસોની સુંદર રહેવાની વ્યવસ્થા થાય છે. સ્થળ સુન્દર છે. જીંદગીમાં એકવાર જવા જેવું.

અમૃતસર:—ઇમ્પીરીઅલ હોટલ છે. રોજના રૂપિયા ૭ થી ૧૨ હોય છે. ગૂજરાતી સમાજ છે. મજીડમંડીમાં ગૂજરાતીઓની રંગની ઘણી દુકાનો છે. ગૂજરાતી વીશી બહુ સારી છે.

સુવર્ણ મંદિર, અકાલ તખ્ત, બાબા અતાલ, દુર્ગ્યાણાનું મંદિર, કંપની બાગ, વગેરે.

મથુરાં:—ગોકુલદાસ તેજપાળની ધર્મશાળા ઘણી સારી બંગલા જેવી છે. બીજી તો અહીં ઘણી ઘણી ધર્મશાળા છે.

મથુરામાં મ્યુઝીઅમ છે. દ્વારકાધીશનું મંદિર મોટું છે. અહીંથી ચારે બાજુ ભાવિક લોકો જાત્રાએ જાય છે. મથુરામાં જ જમનાબાગ છે. એકાંતમાં સ્થળ આવેલું હોઈ રમણીય છે. શંકરની અહીં ભવ્યમૂર્તિ છે. ગૂજરાતી વીશીઓ છે.

વૃંદાવન:—ધર્મશાળાઓ ઘણી છે. મ્યુનિસિપલ ઓફીસ પાસે મુસાફરો માટે બંગલો છે, હોટેલ છે જ નહિ. વૃંદાવનમાં આર્યસમાજીઓનું ગુરુકુળ છે. ત્યાં પણ ઊતરી શકાય છે.

અહીં અસંખ્ય મંદિરો છે. ચાર ગલીઓ છે; માનગલી, દાનગલી, કુંજગલી અને જમનાગલી. કુંજગલીમાં રાધા રીસાઈ ગયાં અને માન માગ્યું, અને ભગવાન પાસે દાન માંગ્યું છે તથા રાસ કર્યો છે ત્યાં રાધાનો રાસ ચોતરો છે. મંદિરોમાં જયપુરના રાજાનું મંદિર, ગોવિંદદેવનું મંદિર, ગોપીનાથનું મંદિર, રંગજીનું મંદિર, રાધારમણનું મંદિર, અષ્ટસખિનું મંદિર વગેરે મંદિરો ખાસ જોવા જેવાં છે.

આગ્રા:—ધર્મશાળા તથા સરાયા અહીં સ્ટેશન પાસે જ છે. હોટેલ સીસીલ અને મેટ્રોપોલીમાં રોજના રૂ. ૧૨ લે છે. આગ્રા હોટેલ સસ્તી છે. અહીં આર્યસમાજ મંદિર પણ છે.

લખનૌ:—મુસાફરખાનાં છે, સૂર્ય હોટેલ, ઈમ્પીરિયલ અને રોયલ હોટેલો છે.

જોવા જેવાં સ્થળો:—છતરમંજિલ, ત્રણ કરોડને ખર્ચે બંધાવેલ બડા ઇમમ્બરા કે જ્યાં મહોરમ ટાણે એનાં કીંમતી ઝુમ્મરો ઝગમગી ઊઠે છે. હુસેનાબાદ ઇમિમ્બરા, કૈસરબાગ મહાલ કે જેની પાછળ ૮૦ લાખ રુપિયાનુ ખર્ચ થયું કહેવાય છે. સાદતઅલીનો મકબરો, મોતીમહાલ જોવા લાયક છે.

બનારસ:—યાત્રીઓ માટે અહીં પણ ઘણી ધર્મશાળાઓ છે. તેમાં ગૂજરાતીઓ માટે રેવાબાઇની ધર્મશાળા છે. બીજી વસનજી મોરારજીની છે. કાશ્મીરી હોટેલ, કલાકર્સ હોટેલ, ગ્રાન્ડ હોટલ છે જે મોંઘી છે.

જોવા જેવાં સ્થળો:-વિશ્વનાથજીનું મંદિર, કાળભૈરવનાં દર્શન, ગોલ્ડન ટેમ્પલ, રામનગરનો કિલ્લો, નંદેશ્વર કોઠી, મનમંદિર જેમાં

જયસિંગની વેધશાળા પણ છે. ભારતમાતાનું મંદિર, વિક્ટોરીઆ-ગાર્ડન, બનારસવિદ્યાપીઠ, કાશીવિદ્યાપીઠ, સારનાથ, ટાઉન હૉલ વગેરે જોવા જેવાં સ્થળો છે. ઔરંગઝેબની કબર અહીં છે.

પટણા:—ડીસ્ટ્રીકટબોર્ડ ડાકબંગલો રોડ પર છે. ડાયસ હોટેલમાં રહેવા જમવાના પાંચ રૂપિયા છે.

ગોલઘર, મ્યુઝીઅમ, પટની દેવીનું મંદિર, સુલતાન અહમદનો મહેલ, ગુરુ ગોવિંદસિંહનું જન્મસ્થાન વગેરે. ભગવાન બુદ્ધની આ વિહારભૂમિ છે. ગંગાનો પહોળો પટ જોવા જેવો છે.

કલકત્તા—સત્યનારાયણ ધર્મશાળા મારવાડી શિવબક્ષ બાંગલાની છે. મોંઘી હોટેલો–ગ્રાન્ડ હોટેલ જે ચૌરંગી રોડ પર આવેલી છે. બીજી ગ્રેટ ઇસ્ટર્ન હોટેલ ઓલ્ડ કોર્ટ હાઉસ સ્ટ્રીટ પર આવેલ છે. ગૂજરાતીઓ કેનિંગ સ્ટ્રીટમાં કેટલાક રહે છે.

જોવા જેવાં સ્થળો:—વિક્ટોરીઆ મેમોરીઅલ જેનું બાંધકામ ૭૬ લાખનું. દર સોમવારે તદ્દન બંધ રહે છે. રવિવારે અને રજાને દહાડે મફત જોવા જવા દે છે. બાકી આઠ આના ચાર્જ લે છે. આમાં ઐતિહાસિક દસ્તાવેજો, ચિત્રોનો સંગ્રહ જાત જાતના શણગારો અને પૂતળાં છે. મારબલ પેલેઇસ, જૈનોનું મંદિર, સંગ્રહસ્થાન, ઝૂઓલોજીકલ ગાર્ડન, કાલીનું મંદિર, નાનું મોટું ચિડિયાખાનું, ધી રોયલ બોટેલનીકલ ગાર્ડન, ડાયમંડ હાર્બર, બેલુડ મઠ વગેરે જોવા જેવાં સ્થળો છે. હાવરા સ્ટેશનેથી બેલુડ ચાર જ માઇલે છે. જૈનોના મંદિરનો વરઘોડો જોવા જેવો હોય છે. જે કારતક સુદ પૂર્ણિમાએ ભરાય છે તે વખતે ટ્રામના તાર કાપી નાંખવા પડે છે અને તે બદલ ટ્રામ્વે કંપનીને ૨૫૦૦ રૂા આપવામાં આવે છે.

કલકત્તાના વર્ણનમાં જે ૨૫૦૦૦ રૂ. છપાયું છે તેને બદલે ૨૫૦૦ વાંચવું.

મુંબઈમાં ક્યાં ઊતરશો ?

હિરાબાગની ધર્મશાળા, **સી.**
માધવબાગની ધર્મશાળા, **પી.**
સુખાનંદની ધર્મશાળા ટેંક.

માથેરાનમાં ક્યાં ઊતરશો ?

રોયલ હિન્દુ હોટલ
(દયારામ દામોદર મીઠાઈવાલાનું)

રહેવા જમવા માટે
આર્ય નિવાસ,
ભારતીય નિવાસ,
નેશનલ હિન્દુ લોજ,


DRAKSHASAV
CHEMICAL WORKS
BOMBAY 2
ન્યુમો
લઈને આમ
ન્યુમો કેમિકલ
કાલબાદેવી રોડ,


DRAKSHASAV
CHEMICAL WORKS
BOMBAY
ન્યુમો
લઈને આમ કરો.
ન્યુમો કેમિકલ વર્કસ
કાલબાદેવી રોડ, મુંબઈ-૨

નલિની પ્રિન્ટરી મુંબઈ ૨